CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

Reela 4/8/23

॥ માનસસાર ॥

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

માનસસાર

ચયન

શ્રી રામચરિતમાનસ

સમચ્છંદી - સમપંક્તિ પદ્યાનુવાદ

અનુવાદક
વિલાસરાય હ. વૈષ્ણવ

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

પ્રકાશક
વિલાસરાય હ. વૈષ્ણવ

પ્રાપ્તિસ્થાન
' સુગંધ '
૬૫ (નોથી), હરિનગર સોસાયટી
ગોત્રીરોડ,
વડોદરા - ૩૯૦ ૦૦૭

પ્રથમ આવૃત્તિ : પ્રત ૧૦૦૦, ૧૯૯૪

મૂલ્ય :રૂ. ૨૫.૦૦

મુદ્રક
'ગ્રાફટેક '
બેઝમેન્ટ, મંગલમય કોમ્પલેક્ષ
સ્ટેશન રોડ, મણીનગર,
અમદાવાદ-૮.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

પ્રસ્તાવના

● રામાયણ-મહાકાવ્યનું સ્થાન ભારતમાંજ નહિ બલ્કે વિશ્વના સાહિત્ય ક્ષેત્રમાં પણ અનોખું રહ્યું છે. તેની કોટીનું કાવ્ય વિશ્વની અન્ય ભાષામાં રચાયું નથી એમ કહેવામાં અતિશયોક્તિ નથી. તેથી તેના અનુવાદ વિદેશી ભાષાઓમાં પણ થયા છે.

● ભારતની વિવિધ ભાષાઓના કવિઓએ રામાયણને પોતાપોતાની પ્રાદેશિક ભાષા તેમજ કાવ્ય શૈલીમાં ઉતાર્યું છે. છતાંય તુલસી કૃત 'રામાચરિતમાનસે' તો કામણજ કર્યું છે તેમ નિઃસંદેહ કહી શકાય. આજે પણ તેનું વાંચન/ગાયન પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર ભારતમાં અનન્ય શ્રદ્ધા અને ભક્તિભાવે થતું રહ્યું છે, તે તેની લોકપ્રિયતાનું જ્વલંત ઉદાહરણ છે.

● રામાચરિતમાનસ ઉત્તરપ્રદેશના એક ખંડમાં બોલાતી અવધી બોલીમાં આજથી લગભગ ૪૦૦ વર્ષ પૂર્વે લખાયેલ કાવ્ય છે. આધુનિક હિન્દી ભાષી માટે પણ તેને સમજવામાં વિશેષ પ્રયાસ કરવો પડે છે ત્યારે ગુર્જરભાષી માટે તેને સમજી માણવાનું કેટલું કઠણ થાય તે સહેજે સમજી શકાય તેવું છે.

● તુલસીએ કાવ્ય માધ્યમ માટે ચોપાઈ-દોહા, સોરઠા અને છંદનું માધ્યમ અપનાવ્યું છે. જેની વિશિષ્ઠતા એ છે કે તે શાસ્ત્રીય, ઉપશાસ્ત્રીય રાગોમાં પણ સરળતાથી ગાઈ શકાય છે. તેથીજ તે આજ દિન લગી લોક જીભે જીવંત રહી શક્યું છે. વળી તુલસીએ વિવિધ પ્રસંગોમાં ઈતિહાસ સાથે જ્ઞાન-ભક્તિ-કર્તવ્યને સાહિત્યના વિવિધ રસોમાં એવાં સુંદર-વણી લીધાં છે. કે તેનું વાંચન/ગાયન સદાય રસયુક્ત રહે છે, કદીય કંટાળો ઉપજાવતું નથી.

● અન્ય ભારતીય ભાષાની જેમ ગુજરાતના મધ્યકાલીન કવિઓએ રામાયણની કાવ્ય રચનાઓ કરી છે. પરંતુ તે મુખ્યત્વે કડવાં-ઢાળ-વલણ-દેશી ઈત્યાદિ લોકગીતમાં રચાયેલ હોવાથી તે તેજ ઢબમાં ગાઈ શકાય છે અને આખ્યાન પધ્ધતિ તરફ વધુ ઢળે છે. તેથી તે રચનાઓ 'માનસ' જેવી ચિરસ્થાયી લોકપ્રિય નથી રહી શકી.

● આમ 'રામચરિતમાનસ'ની લોકપ્રિયતા-ભાવવહનતા-ગેયતાને જોઈ આ મહાકાવ્યને તેના અસલ સ્વરૂપને અકબંધ રાખી માત્ર અવધીના ખાસ શબ્દો અને ક્રિયાપદોના ગુજરાતી પર્યાયોનો પ્રયોગ કરી મુળ 'માનસ'નું સમાજપુર્વક રસપાન કરવાના પ્રથમ સોપાન રૂપ સમચ્છંદી/સમશ્લોકી અનુવાદ કરવાનો પ્રયાસ હાથ ધર્યો છે. જેને રામાયણ રસીકોએજ નહી પરંતુ ભાષાશાસ્ત્રીઓએ પણ સરાહ્યો છે એ મારે માટે પરમ સંતોષની વાત છે.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

● આવા મહાકાવ્યનો ગુજરાતી પદ્યાનુવાદ કર્યા પછી લાગ્યું કે પ્રતિદિન એક કલાકનું વાંચન કરતાં પણ પારાયણ પુરું કરતાં સહેજે એક માસ થાય. આજના અતિવ્યસ્ત અને ધાંધલિયા જીવનમાં શાંતિનો એક કલાક પણ કાઢવો કઠણ નહીં બલ્કે અસંભવ છે. તેથી 'માનસ'માંથી બોધપ્રદ સાર તારવી મુમુક્ષુઓ સમક્ષ મૂકવાની પ્રેરણા જાગી.

● શ્રીરામચરિતમાનસ જેવા ભક્તિરસ સભર મહાકાવ્યમાંથી શું લેવું શું મૂકવું એ નિર્ણય સ્વાભાવિક દુષ્કર હતો. તેવામાં સ્વ. મુકેશને કંઠે ગવાયેલ રામચરિતમાનસની એલ.પી. રેકોર્ડનો સેટ સાંભળતાં સંકેત મળ્યો અને કાર્ય કંઈક અંશે સરળ થયું. સીમિત સમયમાં વિસ્તૃત કથા સમાવવાની હોઈ ઘણા બોધદાયક પ્રસંગો/સંવાદો છોડી દેવા પડયા છે તેમ જણાયું. તેથી તે પંક્તિ ચયનનું પુનરાવલોકન કરી, ખૂટતા અગત્યના પ્રસંગો/સંવાદો સમાવી, સંક્ષિપ્ત છતાં સંપૂર્ણ વસ્તુ ઉપસાવવાના પ્રયાસ રૂપે આ લઘુપુસ્તિકા **'માનસસાર'** પ્રસ્તુત કરતાં આનંદ અનુભવું છું.

● જેઓ શ્રીરામચરિતમાનસની અવધી સમજી શકે છે, તેમને માટે ભાષાંતર ઉપયોગી નથી. તેમજ જેઓ અવધી બોલીથી અજ્ઞ છે, તેમને માટે મૂળ ચોપાઈ/દોહા/છંદ ઈત્યાદિત નિરઉપયોગી છે. તેથી અનુવાદિત પંક્તિ સામે મૂળ પંક્તિ આપવાથી ગ્રંથભાર સાથે મૂલ્યભાર વધારવા સિવાય કોઈ અર્થપૂર્ણ હેતુ સરતો નથી. છતાં આ લઘુપુસ્તિકામાં તેમ કર્યું છે તેથી સાહિત્ય પ્રેમી અનુવાદની મૂળ સાથે તુલના કરી તેની શુદ્ધતા, ભાવવહનતા, સરળતા સાથે ગેયતાનો સાચો આંક માંડી શકે.

● રામચરિતમાનસ મુખ્યત્વે કરી ચોપાઈમાં રચાયેલ કાવ્ય છે. પરંતુ આઠ/દસ ચોપાઈઓની પંક્તિ પછી તુલસીએ દોહા-સોરઠા-છંદ કે સ્તુતિ ગોઠવી સાહિત્ય સાથે સંગીત ક્ષેત્રે પણ લાલિત્ય સાથે વૈવિધ્ય આઅયું છે. ચયનમાં તેવીજ વ્યવસ્થા જાળવી રાખવા કેટલેક સ્થળે મૂળ ચોપાઈનું દોહામાં કે મૂળ દોહાનું ચોપાઈમાં પરિવર્તન કર્યું છે. ઉદેશ્ય ગાયન/વાંચન એકધારું શુષ્ક ન બની જાય તેજ માત્ર છે.

● આમ તો લંકા પર વિજય પ્રાપ્ત કરી ત્યાં સુવ્યવસ્થા સ્થાપી સીતાજી સમેત અયોધ્યા પાછા ફર્યે રામકથા પૂર્ણ થઈ ગણાય. ઘણા કથાકારો કથાની સમાપ્તિ લંકાકાંડે કરે છે. સાતમાં સોપાન ઉત્તરકાંડના પૂર્વાર્ધમાં તુલસીએ રામરાજ્યાભિષેક, રાજ્ય વ્યવસ્થા, રાજા પ્રજાનો પરસ્પર પ્રેમ, આદર, કર્તવ્યપાલન આદિ વર્ણ્યું છે. શિવજીએ ઉમાને કહેલ રામકથાને અહીં અયોધ્યાવાસીઓને ભરપૂર ભાગ્યશાળી તેમજ શ્રીરામજીને શ્રેષ્ઠ નરભૂપ બિરદાવી સમાપન કર્યું છે.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

● પરંતુ ઉત્તરકાંડના ઉત્તરાર્ધમાં તુલસીએ ભક્તિ, અને જ્ઞાનમાર્ગનો ભેદ, સંત-અસંતના ગુણદોષ, મનુષ્ય સ્વભાવનું વિશ્લેષણ, માનસરોગ ઈત્યાદિનું કાગભુશુંડિ મુખે ગરુડ શંકા નિવારણ રૂપે જે બોધપ્રદ વિધાનો કરી સમજાવ્યું છે તે આજે પણ એટલુંજ સત્ય સિદ્ધ થાય છે. આવા સુંદર સંવાદો છોડી દેવા ઉચિત ન લાગતાં ઉત્તરકાંડના ઉત્તરાર્ધને એક અલાયદો અધ્યાય આપી સમાવેલ છે.

● આ પ્રયત્નમાં કેટલે અંશે સફળ થયો છું તે તો સુજ્ઞ પાઠકજ કહી શકે. તેથી પ્રિય પાઠક આ ચયનમાં જણાવેલ ઊણપો/ક્ષતિઓનો નિર્દેશ કરી સૂચનો આપશે તો આગામી આવૃત્તિઓને વધુ રોચક બનાવવામાં સહાયભૂત થશે જેને માટે હું તેઓનો સદા ઋણી રહીશ.

● સંપૂર્ણ અનુવાદની જેમ આ ચયનમાં પણ મારા મુરબ્બી બાલુકાકા (ગજેન્દ્રપ્રસાદ પ. વૈષ્ણવ) એ યોગ્ય પંક્તિઓની પસંદગીમાં સહાય કરી છે. આજે મારા દુર્ભાગ્ય વશ તેઓશ્રી અમારી વચ્ચે નથી પરંતુ તેમની સ્મૃતિ આ સંકલન સાથે સદાય સજીવન રહેશે.

દોહા : **સુરભિ શ્યામ પણ પય ધવલ, ગુણદ ગણીં કરે પાન,**
સુજ્ઞ - ગિરા ગુર્જર છતાં, કરે રામ યશ ગાન - (૧/૧૦)

ભવદીય,

વિલાસરાય હ. વૈષ્ણવ

ગુરૂ પૂર્ણિમા
૨૦૫૦

૨૨-૦૭-૧૯૯૪

- **સુગંધ** -
૬૫ (નોર્થ) હરિનગર સોસાયટી,
ગોત્રી રોડ,
વડોદરા (૩૯૦ ૦૦૭)
દૂરભાષ - ૩૨ ૧૦ ૭૧.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

(અનુવાદ અંગે સાંપડેલ આશીર્વાદ અને અભિપ્રાયોના અંશ)

ૐ

સ્વામી સચ્ચિદાનંદ,
પો.બો.નંબર ૧૯,
પેટલાદ - ૩૮૮ ૪૫૦.

પ્રભુપરાયણ શ્રી વિલાસરાયજી,

સપ્રેમ હરિ સ્મરણ,

આપે મોકલાવેલ બન્ને હસ્તપ્રતો જોઈ ગયો. હૃદય નાચી ઊઠયું. સુંદર અને અદ્‌ભુત ભાષાંતર થયું છે. સમચ્છંદી સાથે જરૂર પડે ત્યાંજ ગુજરાતી શબ્દો કે ક્રિયાઓ યોજીને મૂળ રામાયણના પ્રવાહનેજ જાણે નવો ઘાટ મળ્યો હોય તેવું લાગે છે. આ પુસ્તક છપાવવુંજ જોઈએ..... માનસ પ્રેમી ગુજરાતીઓ માટે આ પુસ્તક જરૂર આકર્ષક થશે..... આપ પ્રયત્ન કરતા રહેશો. હારશો કે થાકશો નહિ. પરમાત્મા આપની સાથે રહે.

શેષ હરિ કૃપા,

સહી : **સચ્ચિદાનંદ**

તા. ૨૭-૦૭-૧૯૯૦

'મધુવન'
એલિસબ્રિજ
અમદાવાદ - ૬.

મહામહિમોપાધ્યાય,
અધ્યા. કેશવરામ કા. શાસ્ત્રી,
વિદ્યાવાચસ્પતિ - ડી. લિટ્.

- સત્કાર બોલ -

... શ્રી વિલાસરાય વૈષ્ણવે પોતાની નિવૃત્તિની ઉત્તરાવસ્થામાં આ 'રામચરિતમાનસ' એજ છંદોમાં ગુજરાતીમાં ઉતારવાનો પ્રયત્ન કર્યો છે. આ અનુવાદ મારા જોવામાં આવ્યો ત્યારે સાશ્ચર્ય આનંદ થયો. શ્રી વૈષ્ણવની અવધી બોલી ઉપરની પકડનો એમના આ સમશ્લોકી-સમચ્છંદી અનુવાદમાં અનુભવ થાય છે...

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

શ્રી વૈષ્ણવનો અનુવાદ હાથમાં લેતાં અને ચોપાઈઓનો તથા દોહા-સોરઠાઓનો પાઠ કરતાં એ અનુવાદ છે એવો અનુભવ થતો નથી. એમણે મૂળનો ભાવ જાળવતાં ગુજરાતી ભાષાને પણ જાળવી લીધી છે. એ આ અનુવાદની લાક્ષણિકતા છે...

રામચરિતમાનસના અસલ સ્વરૂપનું વાંચન-મનન કરનારા ગુજરાતી પાઠકોને શ્રી વૈષ્ણવના આ ગુજરાતી અનુવાદમાં અસલના જેવો આસ્વાદ મળશે એનો મને વિશ્વાસ છે. આ પ્રબળ પ્રયત્નને અભિનંદન સાથે આશીર્વાદ આપી સંતોષ અનુભવું છું.

તા. ૨૦-૦૮-૧૯૯૩ સહી : **કે. કા. શાસ્ત્રી**

डो. अम्बा शंकर नागर

अवकाश प्राप्त आचार्य अवं अद्यक्ष, हिन्दी विभाग

तथा निदेशक, भाषा साहित्य भवन, गुजरात युनिवर्सिटी,

अमदावाद - ९.

संप्रति :

अध्यक्ष, भारतीय संस्कृती केन्द्र,

हिन्दीभवन-गुजरातविद्यापीठ,

अमदावाद - १४.

'शिवम्' - ३७६

सरस्वती नगर

अमदावाद - १५.

मैंने श्री विलासराय हरसुखराय वैष्णव द्वारा संत तुलसीदास कृत रामचरितमानस के गुजराती अनुवाद का अवलोकन किया। अनुवाद का काम परकाया प्रवेश के जैसा कठिन कार्य होता है । इसी लिये बहुत कम अनुवाद अच्छे होते है । यदि कोई अनुवाद प्रामाणिक होता है तो सुंदर नहीं होता और यदि सुंदर होता है तो प्रामाणिक नहीं होता - इससे पहले ' मानस ' के अन्य दो अनुवाद भी मेरे देखने में आये हैं - मैं निश्चयपूर्वक कह सकता हूँ कि श्री वैष्णव द्वारा किया गया यह अनुवाद पूर्ववर्ती अनुवादो से श्रेष्ठ, सुंदर और प्रमाणिक है-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

इस अनुवाद की पहली ध्यानपात्र विशेषता यह है कि यह 'मानस' का समश्लोकी अनुवाद है । अनुवादकने छन्दों का यथाशक्ति उचित निर्वाह किया है - दूसरी विशेषता भाषा शैली है । अवधी भाषाकी अर्थछटाओं, भावभंगिमाओं को ज्यों का त्यों गुजराती में उतारने में अनुवादक को पूरी सफलता मिली है । इस अनुवाद की तीसरी विशेषता यह है कि यह अनुवाद प्रसिद्धि पाने की लालसा से प्रेरित हो कर किया गया अनुवाद नहीं है । यह भक्ति भावना से प्रेरित होकर किया गया स्वांतः सुखाय अनुवाद है ।

मुझे विश्वास है कि इस के प्रकाश में आने से गुजराती भाषा के गौरव में वृद्धि होगी ।

दिनांक : २८-०८-१९९३

द.ख. : अम्बा शंकर नागर

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

• मानससार •

- बालकांड -

सोरठाः • जो सुमिरत सिधि होइ, गणनायक करिवरवदन,
करउ अनुग्रह सोई, बुद्धि रासि-सुभगुन सदन-
• नील सरोरुह स्याम, तरुन अरुन वारिज नयन,
करउ सो मम उर धाम, सदा छीरसागर सयन-
• कुन्द इन्दु सम देह, उमारमण-करुना अयन,
जाहि दीन पर नेह, करउ कृपा मर्दन मयन-
• वंदउँ मुनि पद कंजु, रामायन, जेहि निरमयउ,
सखर-सुकोमल मंजु, दोष रहित-दूषन सहित-
• प्रनवउँ पवनकुमार, खल वन पावक-ग्यानघन,
जासु हृदय आगार, बसहिं राम शर चाप धर-

●

वंदउँ गुर पद पदुम परागा • सुरुचि सुवास स-रस अनुरागा-
श्री गुरपद नख मानिगन जोती • सुमरित दिव्य द्रष्टि हियँ होती-
उधरहिं विमल विलोचन ही के • मिटहिं दोष दुख भवरजनी के-
सूझहिं रामचरित मनिमानिक गुपत • प्रगट जहँ जो जेहि खानिक- ४

दोहा : जथा सुअंजन अंजि दृग, साधक सिद्ध सुजान,
कौतुक देखत सैल वन, भूतल भूरि निधान - १/१

●

संवत सोरहसै एकतीसा • करउँ कथा हरिपद धरि सीसा-
नौभी भोमवार मधुमासा • अवधपुरीं यह चरित प्रकासा-
रामचरितमानस, मुनि भावन • विरचेउ संभु सुहावन पावन-
रचि महेस निज मानस राखा • पाइ सुसमउ सिवा सन भाषा-
कहउँ कथा सोइ सुखद सुहाई • सादर सुनहु सुजन मन लाई- ५

दोहा : जस मानस जेहि विधि भयउ, जग प्रचार जेहि हेतु,
अब सोइ कहउँ प्रसंग सब, सुमिरि उमा वृषकेतु- १/३५

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

• માનસસાર •

- બાલકાંડ -

સોરઠા : સ્મરતાં સિદ્ધિ થાય, ગણનાયક-કરિવર વદન,
કૃપા કરો ગણરાય, બુદ્ધિ રાશિ-શુભગુણ સદન-

- નીલ સરોરુહ શ્યામ, બાળ અરુણ-વારિજનયન,
કરો ઉરે મમ ધામ, કર્તા ક્ષીરાબ્ધિ શયન -
- કુન્દ-ઈન્દુ સમ દેહ, ઉમા રમણ-કરુણા અયન,
જેને દીને નેહ, કરો કૃપા મન્મથ હરણ -
- વંદું ગુરુપદ કંજ, રામાયણ જેણે રચ્યું,
સ-'ખર' છતાં મૃદુ મંજુ, દોષ રહિત 'દૂષણ' છતાં -
- વંદું પવનકુમાર, ખળ વન પાવક-જ્ઞાન ઘન,
જેને ઉર આગાર, વસે રામ-શર-ચાપ ધર -

●

વંદું ગુરુ પદ પંકજ ધૂલિ • સુરુચિ સુવાસ - સુરતિ રસ ભૂરિ -
ગુરુપદનખ મણિજ્યોતિ ધ્યાયે • દિવ્ય દૃષ્ટિ હૈયામાં થાયે-
ખૂલે નિર્મળ નેત્રો મનનાં • મટે દોષ દુખ ભવરજનીનાં -
રામચરિત મણિમાણિક દેખે • પ્રગટ પડ્યાં વા દાટ્યાં હેઠે - ૪

દોહા : સિદ્ધાંજનને આંજી જ્યમ, સાધક સિદ્ધ સુજાણ,
સ્હેજ દેખે શૈલ વન, ભૂતળમણિની ખાણ - ૧/૧

●

સંવત સોળસો એકતરીસે • કહું કથા હરિપદ નત શીશે -
ભોમવાર નવમી મધુમાસે • આવ્યું અવધે ચરિત પ્રકાશે -
'રામચરિતમાનસ' મુનિભાવન • રચ્યું શિવે સુંદર, અતિ પાવન -
રચી શિવે નિજ મનમાં રાખ્યું • શુભ સમયે ગિરિજાને ભાખ્યું -
કથા કહું તે સુખદ સુહાણી • સુણો સુજન મન આદરઆણી - ૫

દોહા : 'માનસ' પ્રગટ્યું જે રીતે, ફેલ્યું જગ જે હેતુ,
પ્રસંગ તે સૌ કહું હવે, સ્મરી ઉમા વૃષકેતુ- ૧/૨

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

परमरम्य गिरिवर कैलासु • सदा जहाँ सिव. उमा निवासू -
तेहि गिरि पर वट विटप विसाला • नित नूतन सुंदर सब काला -
एक बार तेहि पर प्रभु गयऊ • तरु विलोकि उर, अति सुख भयऊ -
निज कर डासि नागरिपु छाला • बैठे सहजहिं संभु कृपाला -
पारवती भल अवसर जानी • गई संभु पहिं मातु भवानी -
जानि प्रिया आदरु अति किन्हा • वाम भाग आसनु हर दीन्हा -
पति हियँ हेतु अधिक अनुमानी • बिहसि उमा बोलीं प्रिय वानी -
जौं मो पर प्रसन्न सुखरासी • जानिअ सत्य मोहि निज दासी -
तौ प्रभु हरहु मोर अग्याना • कहि रघुनाथ कथा विधि नाना - ९

दोहा : जौं नृप तनय त ब्रह्म किमि, नारि विरहँ मति भोरि,
देख चरित महिमा सुनत, भ्रमति बुद्धि अति मोरि. १/१०८

प्रस्न उमा कै सहज सुहाई • छल विहीन सुनि सिव मन भाई -
हरहिय रामचरित सब आए • प्रेम पुलक लोचन जल छाए -
झूठेउ सत्य जाहि बिनु जानें • जिमि भुजंग बिनु रजु पहिचानें -
जेहि जानें जग जाइ हेराई • जागें जथा सपन भ्रम जाई -
वंदउँ बालरूप सोई रामू • सब सिधि सुलभ जपत जिसु नाम् -
मंगल भवन - अमंगलहारी • द्रवहु सो दसरथ अजिर विहारी
करि प्रनाम रामहि त्रिपुरारी • हरषि सुधा सम गिरा उचारी -
धन्य धन्य गिरिराजकुमारी • तुम्ह समान नहिं कोउ उपकारी -
पूँछेहु रधुपति कथा प्रसंगा • सकल लोक जग पावनि गंगा - ९

●

सोरठा : हरि गुन नाम अपार, कथा.रूप अगनित-अमित,
मैं निजमति अनुसार, कहउँ उमा सादर सुनहु- १/१२०

सुनु गिरिजा हरिचरित सुहाए • विपुल विसद निगमागम गाए -
हरि अवतार हेतु जेहि होई • इदमित्थं कहि जाइ न सोई -
जब जब होइ धरम कै हानी • बाढहिं असुर अधम अभिमानो -
करहिं अनीति जाइ नहिं बरनी • सीदहिं विप्र.धेनु. सुर.धरनी -
तब तब प्रभु धरि विविध सरीरा • हरहिं कृपानिधि सज्जन पीरा - ५

दोहा : असुर मारि-थापहिं सुरन्ह, राखहिं निज श्रुति सेतु,
जग विस्तारहिं विसद जस, राम जन्म कर हेतु - १/१२१

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

બાલકાંડ

પરમ રમ્ય ગિરિવર કૈલાસે • જ્યાં 'હર-હિમજા' સંગ નિવાસે -
તે ગિરિપર વડવૃક્ષ બિરાજે • વિસ્તૃત-નિત નૂતન સૌ કાળે -
એકવાર શિવ તરુ તળ આવ્યા • વૃક્ષ વિલોકી પરમ સુખ પામ્યા -
વ્યાઘાંબર નિજ હાથ બિછાવી • બેઠા અમથા આસન વાળી -
સુંદર અવસર છે ત્યમ જાણી • ગયાં. નિકટ શિવ-માત ભવાની -
માન પ્રિયા જાણીને કીધું • આસન વામે હરખી દીધું -
અતિ પ્રસન્ન પતિ છે અનુમાની • મંદ હસી બોલ્યાં પ્રિય વાણી -
હો પ્રસન્ન મુજ પર સુખરાશિ • ગણો ખરે મુજને નિજ દાસી -
હરો અજ્ઞતા સ્વામી મારી • રામ કથા કહી વિવિધ પુરારિ - ૯

દોહા : હોય નૃપતિ સુત બ્રહ્મ ક્યમ, નારી વિરહે ચિત ભ્રમ,
જોઈ ચરિત-મહિમા સુણી, ઉર ઊપજે મતિ ભ્રમ - ૧/૩

પ્રશ્ન ઉમાનો સરળ મનોહર • લાગ્યો શિવને મન અતિ સુંદર -
રામચરિત સઘળું હિય આવ્યું • તન પુલક્યું-નયને જળ છાયું -
અસત ન જાય-વિના સત જાણ્યે • જ્યમ્ દોરીને સર્પ પિછાણ્યે -
જાણ્યે જેને જગ લોપાએ • જાગ્યે જ્યમ્ ભ્રમસ્વપ્ન ભુસાએ -
બાળરૂપ વંદું રઘુવીરા • નામ જપ્યે સિધિ સુલભ રુચિરા -
મંગળ ભવન-અમંગળ હારી • દ્રવો તે દશરથ અજિર વિહારી -
પ્રણમીને રઘુપતિ ત્રિપુરારિ • હરખી સુધા સમ્ વાણી ઉચારી -
ધન્ય ધન્ય ગિરિરાજ કુમારી • તમ સમ કોઈ નહિ ઉપકારી -
પૂછી રઘુપતિ કથા સુહાણી • જ્યમ જગ પાવન ગંગ વખાણી - ૯

સોરઠા : હરિ ગુણ નામ અપાર, કથા-રૂપ અગણિત-અમિત,
હું મુજ મતિ અનુસાર, ઉમા કહું-સાદર સુણો - ૧/૪

ચરિત હરિનાં વિમળ સુહાણાં • વેદ પુરાણે વિપુલ વખાણ્યાં -
હરિ અવતાર જે હેતુ થાએ • કારણ નિશ્ચિત કહી ન શકાએ -
જ્યારે થાય ધરમની હાનિ • વધે અધમ દાનવ અભિમાની -
કરે અનીતિ. જાય ન વરણી • દૂભે દ્વિજ-સુર-ધેનુ-ધરણી -
ત્યારે ધરી પ્રભુ વિવિધ શરીરો • હરે કૃપાળ સુજનની પીડો - ૫

દોહા : અસુર મારી સ્થાપે સુરો, રક્ષે નિજ શ્રુતિ સેતુ,
ફેલાવે યશ વિમળ જગ, રામ જન્મનો હેતુ - ૧/૫

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

राम जन्म कर हेतु अनेका • परम विचित्र एक तें एका -
जनम एक दुइ कहउँ बखानी • सावधान सुनु सुमति भवानी -
द्वारपाल हरि के प्रिय दोऊ • जय अरु विजय जान सब कोऊ -
विप्र साप तें दूनउ भाई • तामस असुर देह तिन्ह पाई -
कनककसिपु अरु हाटकलोचन • जगत विदित सुरपति मदमोचन -
विजई समर वीर विख्याता • धरि बराह वपु एक निपाता -
होइ नरहरि दूसर पुनि मारा • जन प्रहलाद सुजस विस्तारा - ७

दोहा : भए निसाचर जाइ तेइ, महाबीर बलवान,
कुंभकरन-रावन सुभट, सुर बिजई जग जान - १/१२२

●

स्वायंभू मनु अरु सतरूपा • जिन्ह तें भै नरसृष्टि अनूपा -
तेहिं मनु राज कीन्ह बहु काला • प्रभु आयसु सब विधि प्रतिपाला - २

सोरठा : होइ न विषय विराग, भवन वसत भा चौथेपन,
हृदयँ बहुत दुख लाग, जनम गयउ हरिभगति बिनु - १/१४२

बरबस राज सुतहि तब दीन्हा • नारि समेत गवन वन कीन्हा -
पुनि हरि हेतु करन तप लागे • वारि अधार-मूल-फल त्यागे -
उर अभिलाष निरंतर होई • देखिअ नयन परम प्रभु सोई -
प्रभु सर्वग्य-दास निज जानी • गति अनन्य तापस नृप रानी -
मागु मागु वरु भै नभबानी • परम गभीर कृपामृत सानी - ५

दोहा : दानि सिरोमनि-कृपानिधि, नाथ कहउँ सतिभाउ,
चाहउँ तुम्हहि समान सुत, प्रभु सन कवन दुराउ - १/१४९

जो कछु रुचि तुम्हरे मनमाहीं • मैं सो दीन्ह सब संसय नाहीं -
अब तुम्ह मम अनुसासन मानी • बसहु जाइ सुरपति रजधानी - २

सोरठा : तहँ करि भोग विसाल, तात गएँ कछु काल पुनि,
होइहहु अवध भुआल, तब मैं होब तुम्हार सुत - १/१५१

इच्छामय नरबैष सँवारें • होइहउँ प्रगट निकेत तुम्हारें -
आदिसक्ति जेहिं जग उपजाया • सोउ अवतरिहि मोरि यह माया -
दंपति उर धरि भगत कृपाला • तेहिं आश्रम निवसे कछु काला -
समय पाइ तनु तजि अनयासा • जाइ कीन्ह अमरावति बासा - ४

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

બાલકાંડ

રામ જન્મના હેતુ ઘણેરા • અદભુત એકથી એક અનેરા -
જન્મ એક બે કહું વખાણી • સાવધાન થઈ સુણો ભવાની -
દ્વારપાળ હરિના પ્રિય તેઓ • જગે 'વિજય-જય' જાણ્યા જેઓ -
વિપ્ર શાપથી બેઉ ભાઈ • પામીં અસુર તન જાયા આહીં -
'હિરણ્યકછપ' ને 'હાટકલોચન' • જગ જાણ્યા સુરપતિ મદમોચન -
વિદિત વીર-વિજયી-રણશૂરો • થઈ 'વરાહ' ઈક કીધો પૂરો -
થઈ 'નરહરિ' બીજાને માર્યો • યશ 'પ્રહલાદ' જગે વિસ્તાર્યો - ૭

દોહા : થયા નિશાચર બેઉ ફરી, મહાવીર બળવાન,
કુંભકરણ-રાવણ, સુભટ, સુર વિજયી જગ જાણ - ૧/૬

●

'સ્વાયંભુવ મનુ' ને 'શતરૂપા' • જે નરસૃષ્ટિ તણા પિતુ-માતા-
દીર્ઘકાળ કર્યું મનુએ શાસન • કરી સદા પ્રભુ આજ્ઞા પાલન -
ઘેર રહીને ઘડપણ આવ્યું • તોય રહ્યું મન વિષયે રાચ્યું -
ખેદ થયો ઉર ભારી આનો • ગયો જન્મ હરિભક્તિ વિનાનો -
રાજ પરાણે સુતને દીધું • વન પ્રયાણ પત્ની સહ કીધું -
તપ કરવાને હરિનું લાગ્યાં • જળભર-કંદાદિક ફળ ત્યાગ્યાં -
ઉર એકજ અભિલાષ સદાએ • નિજ નયને હરિ દરશન થાએ -
પ્રભુ સર્વજ્ઞે આ નૃપ-રાણી • અન્ય શરણ ન જનારાં જાણી -
કરી નભેથી અમૃત વાણી • માગો વર-હે ભૂપતિ રાણી - ૯

દોહા : કૃપા સિન્ધુ-દાનેશ્વરી, સત્ય કહું છું, નાથ,
ઈચ્છું આપ સમાન સુત, પ્રભુ, શું ઢાંકું વાત - ૧/૭

છે ઈચ્છા જે કંઈ મનમાહીં • પૂર્ણ થશે સૌ સંશય નાહીં -
હવે અમારી આજ્ઞા માની, વસો જઈ સુરપતિ રજધાની -
તાત-ભોગવી ભોગો ભૂરિ • કરી કંઈ અવધિ સ્વર્ગે પૂરી -
થાશો નરપતિ અવધે જ્યારે • જન્મીશ પુત્ર થઈને ત્યારે -
ઈચ્છામય નરરૂપ ધરીને • પ્રગટ થઈશ હું ઘર નૃપતિને -
આદ્ય શક્તિ જે જગની માતા • અવતરશે તે પણ મુજ માયા - ૮

દોહા : દંપતિ ઉર રાખી પ્રભુ, રહી આશ્રમ કંઈ કાળ,
તન અનુકૂળ સમયે તજી, કીધો સુરપુર વાસ - ૧/૮

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

अवधपुरीं रघुकलमनि राऊ • वेद विदित तेहि दसरथ नाऊँ-
धरम धुरंधर.गुननिधि.ग्यानी • हृदयँ भगति-मति सारंगपानी - २

दोहा : •कौसल्यादि नारि प्रिय, सब आचरन पुनीत,
पति अनुकूल-प्रेम द्रढ, हरिपद कमल विनीत - १/१८८

एकवार भूपति मनमाहीं • भै गलानि मोरें सुत नाहीं -
गुर गृह गयउ तुरत महिपाला • चरन लागि करि विनय विसाला -
निज सुख दुख सब गुरहि सुनायउ • कहि वसिष्ठ बहु विधि समजायउ -
धरहु धीर होइहहिं सुत चारी • त्रिभुवन विदित भगत भयहारी -
सृंगीं रिषिहि वसिष्ठ बोलावा • पुत्रकाम सुभजग्य करावा -
भगति सहित मुनि आहुति दीन्हें • प्रगटे अगिनि चरु कर लीन्हें -
जो वसिष्ठ कछु हृदय विचारा • सकल काजु भा सिध्ध तुम्हारा -
यह हवि बाँटि देहु नृप जाई • जथा जोग जेहि भाग बटाई -
एहि विधि गर्भ सहित सबनारी • भईं-हृदय हरषित सुख भारी -
जा दिन तें हरि गर्भहि आए • सकल लोक सुख. संपति छाए - १०

दोहा : जोग.लग्न.ग्रह.वार.तिथि, सकल भए अनुकूल,
चर अरु अचर हर्ष जुत, राम जनम सुखमूल - १/१९०

नौमी तिथि.मधुमास पुनीता • सुकल पच्छ.अभिजित.हरिप्रीता -
मध्य दिवस.अति सीत न घामा • पावन काल लोग विश्रामा -
सीतल.मंद.सुरभि वह बाऊ • हरषित सुर संतन्ह मन चाऊ -
वन कुसुमित.गिरिगन मनिआरा • स्रवहिं सकल सरिताऽमृत धारा -
सो अवसर बिरंचि जब जाना • चले सकल सुर साजि विमाना -
वरषहिं सुमन सुअंजुलि साजी • गहगहि गगन दुंदुभी बाजी - ६

छंद : भए प्रगट कृपाला-दीन दयाला, कौसल्या हितकारी,
हरषित महतारी, मुनि मन हारी, अद्‌भुत रूप विचारी-
कह दुइ कर जोरी, अस्तुति तोरी, केहि विधि करौं अनंता,
माया.गुन ग्यानातीत.अमाना, वेद पुरान भनंता-
ब्रह्मांड निकाया निर्मित माया, रोम रोम प्रति वेद कहै,
मम उर सो वासी-यह उपहासी, सुनत धीर मति थिर न रहै-
सुनि वचन सुजाना-रोदन ठाना, होइ बालक सुर भूपा,
यह चरित जे गावहिं-हरिपद पावहिं, ते न परहिं भव कूपा- ८

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

બાલકાંડ

અવધે રઘુકુળ ભૂષણ રાયા • વેદ વિદિત દશરથ કહેવાયા -
ધર્મ ધુરંધર, ગુણનિધિ જ્ઞાની • ભક્તિ હૃદે-રત સારંગપાણિ -
કૌશલ્યાદિ પુનિત સૌ રાણી • પતિ અનુકૂળ નૃપતિ પ્રિય શાણી -
પ્રભુ ચરણે રાખે દઢ પ્રીતિ • સર્વ સ્વભાવે સૌમ્ય અમિતિ -
એકવાર ભૂપતિના મનમાં • થઈ ગ્લાનિ જે પુત્ર ન ઘરમાં -
ગુરુ ગૃહ તરત જઈ નરરાયે • કરી વિનતી બહુ પડીને પાયે - ૬

દોહા : દઈ સાંત્વન મુનિએ કહ્યું, નૃપ ધરો ધીર લગાર,
જન્ન ભયહર-ત્રિભુવન વિદિત, થશે સુપુત્રો ચાર - ૧/૯

ગુરુએ 'શૃંગી'ઋષિ તેડાવ્યા • પુત્રકામ શુભ યજ્ઞ કરાવ્યા -
આહુતિ આપી મુનિએ ભાવે • પ્રગટયા અગ્નિ ચરુ લઈ હાથે -
નૃપ, કુળગુરુએ જે મન ધાર્યું • સિધ્ધ થયું તે કાર્ય તમારું -
હવિષ હવે આ જઈ દો બાટી • યથા યોગ્ય કરી ભાગ બટાઈ -
આમ સગર્ભા થઈ પટરાણી • હરખાણી મન - અતિ શુભ જાણી -
જે દિનથી હરિ ગર્ભે આવ્યા • સુખ.સંપતિ સર્વત્ર છવાયા - ૬

દોહા : યોગ.લગ્ન.ગ્રહ.વાર.તિથિ, સર્વ થયાં અનુકૂળ,
જડચેતન હર્ષિત થયાં, રામ જન્મ સુખ મૂળ - ૧/૧૦

નવમી તિથિ.મધુમાસ પુનીતે • શુકલ પક્ષ. હરિપ્રિય અભિજિતે -
મધ્ય દિવસ-ઋતુ સમ સૌ વાતે • સમય સુખદ પાવન જન કાજે -
મંદ સમીર સુગંધિત વાએ • સુર સંતો મન હર્ષ ન માએ -
વન કુસુમિત-ગિરિ રત્ને ભ્રાજે • વહે સકળ સરિતામૃત ધારે -
અવસર વિધિએ જ્યારે જાણ્યો • ચાલ્યા સુર સહ સજી વિમાનો -
પુષ્પ વૃષ્ટિ વરસાવે દેવો • દુંદુભિ રવ નભ ભેટે એવો - ૬

છંદ: થયા પ્રગટ કૃપાળા, દીન દયાળા, કૌશલ્યા હિતકારી,
હરખ્યાં માતાજી, મુનિ મન રાજી, અદભુત રૂપ વિચારી-
જોડી કર માતા, કહે અનંતા, ક્યમ કરું સ્તુતિ તમારી,
અકળિત ગુણ-જ્ઞાન, અમાય-અમાન, વદે વેદ અવિકારી-
બ્રહ્માંડો અગણિત, માયા નિર્મિત, રોમ રોમ પ્રતિ વેદ કહે,
તે ઉદર નિવાસી, કેવી હાંસી, સુણી ધીર મતિ સ્થિર ન રહે-
સુણી વિનીત વચન, શરુ કીધું રુદન, થઈ બાળક સુરભૂપે,
જે ચરિત આ ગાએ, હરિપદ જાએ, પડે ન ફરી ભવ કૂપે- ૮

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

दोहा : गृह गृह बाज बधाव सुभ, प्रगटे सुषमा कंद,
हर्षवंत सब जहँ तहँ, नगर नारिनर वृंद - १/१९४

कैकय सुता-सुमित्रा दोऊ • सुंदर सुत जनमत भै ओऊ -
वह सुख संपत समय समाजा • कहि न सकइ सारद-अहिराजा -
अवधपुरी सोहइ एहि भाँती • प्रभुहि मिलन आइ जनु राती -
देखि भानु जनु मनु सकुचानी • तदपि बनी संध्या अनुमानी -
अगर.धूप बहु जनु अँधिआरी • उडइ अबीर मनहुँ अरुनाई -
कौतुक देखि पतंग भुलाना • एक मास तेइँ जान न जाना - ६

दोहा : मास दिवस कर दिवस भा, मरम न जानइ कोइ,
रथ समेत रवि थाकेउ, निसा कवन विधि होइ - १/१९५

कछुक दिवस बीते एहि भाँती • जात न जानिअ दिन अरु राती -
नाम करन कर अवसर जानी • भूप बोलि पठए मुनि ग्यानी -
करि पूजा भूपति अस भाषा • धरिअ नाम जो मुनि गुनि राखा -
जो आनंद सिंधु सुखरासी • सीकर तें तैलोक सुपासी -
सो सुखधाम.राम अस नामा • अखिल लोक दायक विश्रामा -
विश्व भरन.पोषग कर जोई • ताकर नाम भरत अस होई -
जाके सुमिरन ते रिपु नासा • नाम सत्रुहन वेद प्रकासा - ७

दोहा : लच्छनधाम-रामप्रिय, सकल जगत आधार,
गुर बसिष्ठ तेहि राखा, लछिमन नाम उदार - १/१९७

बाल चरित अति सरल सुहाए • सादर, सेष. संभु. श्रुति गाए -
भए कुमार जबहिं सबभ्राता • दौन्ह जनेऊ गुरु पितु. माता -
गुर गृहँ गए पढ़न रघुराई • अलप काल विद्या सब आई -
विद्या विनय निपुन गुन सीला • खेलहिं खेल सकल नृपलीला -
करतल बान धनुष अति सोहा • देखत रूप चराचर मोहा - ५

दोहा : कोसलपुर बासी नर, नारि.वृद्ध अरु बाल,
प्रानहु ते प्रिय लागत, सब कहुँ राम कृपाल - १/२०४

●

विस्वामित्र महामुनि ग्यानी • वसहिं बिपिन सुभ आश्रम मानी -
जहँ जप.जग्य.जोग मुनी करहीं • अति मारीच. सुबाहुहि डरहीं -
गाधितनय मन चिंता व्यापी • हरि विनु मरहिं न निसिचर पापी -

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

બાલકાંડ

દોહા : **વાગે વાદ્ય વધાઈનાં, પ્રગટયે શોભા કંદ,**
દીસે સર્વ પ્રસન્ન મન, પુર નરનારી વૃંદ - ૧/૧૧

રાણી કૈકઈ સંગ સુમિત્રા • થઈ સું દર પુત્રો ની માતા -
તે સુખ સંપતિ સમય સમુદાઈ • કહી ન શકે શારદ-અહિરાઈ -
અવધપુરી શોભે છે આવી • પ્રભુ મળવા જયમ રાત્રિ આવી -
પણ દિનકર દેખી શરમાણી • કરી વિચાર થઈ સં ધ્યા રાણી -
ધૂપ ધૂમ્ર.તેની કાલિમા • ઊડી ગુલાલ ભરે લાલિમા -
દેખી કૌતુક ભાનુ ભૂલ્યા • સરત માસ વીત્યાની ચૂક્યા - ૬

દોહા : **માસ થયો ઈક દિવસ સમ, મર્મ ન મન સમજાય,**
રવિ થોભ્યા જે રથ સહિત, રાત્રિ ક્યમ કરી થાય - ૧/૧૨

વીત્યા કંઈક દિવસ આ ભાઁતિ • જણાય નહિ જાતાં દિન રાત્રી -
નામ કરણનો અવસર જાણી • તેડાવ્યા ભૂપે મુનિ જ્ઞાની -
પૂજીને પદ-વચન ઉચાર્યા • રાખો નામ મુનિ-જે ધાર્યાં -
સુખ.આનંદ તણા જે સિંધુ • કરે ત્રિલોક મુદ એકજ બિન્દુ -
'રામ' નામ સુખધરનું રહેશે • શાંતિ સકળ જગતને દેશે -
પાલક-પોષક જગના જેઓ • 'ભરત' નામ કહેવાશે તેઓ -
સ્મરણ માત્ર જેનું રિપુ નાશે • તે સુત 'શત્રુહન' કહેવાશે - ૭

દોહા : **લક્ષણ નિધિ-પ્રિય રામને, સકળ જગત આધાર,**
નામ સુભગ ગુરુએ દીધું, 'લક્ષ્મણ' વીર ઉદાર - ૧/૧૩

બાળ ચરિત અતિ સરળ સુહાણાં • સાદર શિવ.શ્રુતિ.શેષ વખાણ્યાં -
થયા કુમાર જ્યારે સૌ ભ્રાતા • આપ્યું ઉપર્વીત-ગુરુ.પિતુ.માતા -
ભ્રાત સહિત જઈ ઘર ગુરુ જ્ઞાની • અલ્પ કાળ વિદ્યા સૌ જાણી -
વિદ્યા.વિનય નિપુણ ગુણવંતા • કરે ચરિત નૃપનાં ભગવંતા -
ધનુષ.બાણ હાથોમાં સોહે • નિરખી રૂપ ચરાચર મોહે - ૫

દોહા : **કોશલપુર નિવાસી નર, નારી.વૃદ્ધો.બાળ,**
સૌને લાગે પ્રાણપ્રિય, શ્રીરઘુવીર કૃપાળ- ૧/૧૪

મા

વિશ્વામિત્ર મહામુનિ જ્ઞાની • વસે વને-શુભ આશ્રમ મની -
જ્યાં જ્ય-તપ-યગ મુનિઓ કરતા • 'મારીચ.સુભુજ' થકી બહુ ડરતા -
ગાધિતનય મન ચિંતા વ્યાપી • હરિ વિણ મરશે નહિ આ પાપી -

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

तब मुनिवर मन कीन्ह विचारा • प्रभु अवतरेउ हरन महि भारा-
एहूँ मिस देखौं पद जाई • करि विनती आनौं दोउ भाई- ५

दोहा : बहुविधि करत मनोरथ, जात न लागी बार,
करि मज्जन सरऊ जल, गए भूप दरबार- १/२०६

तबमन हरषि वचन कह राऊ • मुनि अस कृपा न कीन्हिहु काऊ-
केहि कारन आगमन तुम्हारा • कहहु सो करत न लावउं वारा-
असुर समूह सतावहिं मोही • मैं जाचन आयउँ नृप तोही-
अनुज समेत देहु रघुनाथा • निसिचर वध मैं होब सनाथा- ४

दोहा : • देहु भूप मन हरषित, तजहु मोह.अज्ञान,
धर्म.सुजस प्रभु तुम्ह कहँ, इन्ह कहुँ अति कल्यान - १/२०७
सौंपे भूप रिषिहि सुत, बहुविधि देइ असीस,
जननी भवन गए प्रभु, चले नाइ पद सीस- १/२०८

अरुन नयन-उर-बाहु विसाला • नील जलज तनु स्याम तमाला-
कटिपट-कसें वर भाथा • रुचिर चाप सायक दुहुँ हाथा-
चले जात मुनि दीन्हि देखाई • सुनि ताडका क्रोध करि धाई-
एकहिं बान प्रान हरि लीन्हा • दीन जानि तेहि निज पद दीन्हा-
तब रिषि निज नाथहिं जियँ चीन्ही • विद्या निधि कहुँ विद्या दीन्ही-
जाते लाग न सुधा-पियासा • अतुलित बल तनु तेज प्रकासा- ६

दोहा : आयुष सर्व समर्पि कै, प्रभु निज आश्रम आनि,
कंदमूल, फल भोजन, दीन्ह भगति हित जानि- १/२०९

प्रात कहा मुनि सन रघुराई • निर्भय जग्य करहु तुम्ह जाई-
सुनि मारीच निसाचर क्रोही • लै सहाय धावा मुनिद्रोही-
बिनु फर बान राम तेहि मारा • सत जोजन गा सागर पारा-
पावक सर सुबाहु पुनि मारा • अनुज निसाचर कटक सँधारा
मारि असुर-द्विज निर्भय कारी • अस्तुति करहिं देव मुनि झारी-
तहँ पुनि कछुक दिवस रघुराया • रहे कीन्ही विप्रन्ह पर दाया-
तब मुनि सादर कहा बुझाई • चरित एक प्रभु देखिअ जाई-
धनुष जग्य सुनि रघुकुल नाथा • हरषि चले मुनिवर के साथा-

आश्रम एक दीख मगमाहीं • खग-मृग-जीव-जंतु तहँ नाहीं-
पूछा मुनिहि सिला प्रभु देखी • सकल कथा मुनि कहा विसेषी- १०

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ત્યારે મુનિએ હ્રદય વિચાર્યું • તન મહિ ભાર હરણ હરિ ધાર્યું-
દરશન તે મશ કરું જઈને • બંધુ બેઉ આણું વીનવીને- ૫

દોહા : કરે મનોરથ બહુ મને, જતાં ન લાગી વાર,
સ્નાન કરી સર્યૂ જળે, ગયા ભૂપ દરબાર- ૧/૧૫

મન હરખીને કહ્યું મહીશે • કૃપા ન કરીં કદીં આવી મુનીશે-
થયું આગમન કેમ તમારું • કહો - ન કરતાં વાર લગાડું-
અસુર સમૂહ સતાવે અમને • આવ્યો કરવા વિનતી તમને-
આપો રામ અનુજની સાથે • થાઉં સુરક્ષિત અસુર વિનાશે-
દેજો મહિપ પ્રસન્ન થઈને • મોહ જનિત અજ્ઞાન તજીને-
પ્રાપ્ત થશે યશ - ધર્મ તમોને • નીવડશે શુભકર તેઓને- ૮

દોહા : સુત બેઉ સોંપ્યા નૃપે, બહુબહુ દઈ આશિષ,
માતાને મહેલે જઈ, ચાલ્યા નામી શીશ- ૧/૧૬

લંબ ભુજઓ - નયન ગુલાબી • નીલ કમલ તન વિસ્તૃત છાતી-
પીતાંબર વર - કટિ કસી ભાથે • ધાર્યાં ધનુ સાયક બેઉ હાથે-
જાતાં મારગમાંજ બતાવી • શબ્દ 'તાડકા' સુણીને ધાઈ-
પ્રાણ હર્યા પ્રભુ એકજ બાણે • દીન ગણી પઠવી નિજ ધામે-
જાણ્યે છતે વિદ્યાનિધિ સ્વામી • દીધી વિદ્યા મુનિએ જ્ઞાની-
ભૂખ પ્યાસ જેથી ના લાગે • અતુલિત બળ-તન તેજે ભ્રાજે- ૯

દોહા : આયુધ સર્વ સમર્પીને, પ્રભુ નિજ આશ્રમ આણી,
ફળ આદિ ભોજન દીધું, ભક્ત હિતૈષી જાણી- ૧/૧૭

કહ્યું મુનિને રામે પ્રભાતે • કરો યજ્ઞ જઈ તમે નિરાંતે-
સુણી મારીચ નિશાચર-ક્રોધી • લઈ સેના ધાયો મુનિ દ્રોહી-
ફેંક્યો દઈ થોથાના મારે • જોજન શત સાગરને પારે-
સુબાહુને અગ્નિશર માર્યું • અનુજે નિશિચર સૈન્ય સંહાર્યું-
દૈત્ય હણી-દ્વિજનો ભય ટાળ્યો • સુર, મુનિગણ સ્તુતિ કરવા લાગ્યો-
કંઈક સમય રહી ત્યાં રઘુનાથે • કરી કૃપા વિપ્રોને માથે-
ત્યારે કહ્યું મુનિએ સમજાવી • જાવ પ્રભુ એક ચરિત નિહાળી-
ધનુષ યજ્ઞ સુણી રઘુકુળનાથે • કર્યું ગમન હરખી મુનિ સાથે-

દીઠો ઈક આશ્રમ પથમાહીં • ખગ-મૃગ-જીવ-જંતુ નહિ કયાંઈ-
પૂછયું મુનિને શિલા વિલોકી • સકળ કથા કહી મુનિ ગૌતમી- ૧૦

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

दोहा : गौतम नारि स्राप बस, उपल देह धरि धीर,
चरनकमल रज चाहति, कृपा करहु रघुबीर- १/२१०

छंद : परसत पदपावन, सोक नसावन, प्रगट भई तप्पुंज सही,
देखत रघुनायक, जनसुखदायक, सनमुख होइ कर जोरि रही-
अति प्रेम अधीरा, पुलक सरीरा, मुख नहिं आवइ बचन कही,
अतिसय बड़भागी, चरनन्हि लागी, जुगल नयन जलधार, बही-
जेहिं पद सुर सरिता, परम पुनीता, प्रगट भइ.सिव सीसधरी,
सोइ पदपंकज, जेहि पूजत अज, मम सिर धरेउ कृपाल हरी-
एहि भाँति सिधारी, गौतम नारी, बार बार हरिचरन परी,
जो अति मन भावा, सो बर पावा, गै पतिलोक अनंद भरी- ८

●

चले राम-लछिमन मुनि संगा • गए जहाँ जग पावनि गंगा-
हराषे चले मुनिवृंद सहाया • वेगि विदेहनगर निअरावा-
पुर रम्यता राम जब देखी • हरखे अनुज समेत विसेषी- ३

दोहा : •सुमन बाटिका.बाग.बन, बिपुल बिहंग निवास,
फुलत.फलत.सुपल्लवत, सोहत पुर चहुं पास- १/२१२

विस्वामित्र महामुनि आए • समाचार मिथिलापति पाए-

दोहा : संग सचिव सुचि.भूरि भट, भूसुर, गुर-ग्याति,
चले मिलन मुनि नायकहि, मुदित राउ एहि भाँति- १/२१४

सुंदर सदनु सुखद सब काला • तहाँ वासु लै दीन्ह भुआला-
करि पूजा सब विधि सेवकाई • गयउ राउ गृह विदा कराई-
लखन हृदयँ लालसा विसेषी • जाइ जनकपुर आइअ देखी-
राम-अनुज मनकी गति जानी • भगत वछलता हियँ हुलसानी-
नाथ-लखनु पुर देखन चहहीं • प्रभु सकोच-डर प्रगट न कहहीं-
जौं राउर आयसु मैं पावौं • नगर देखाइ तुरत लै आवौं- ६

दोहा : जाइ-देखि आवहु नगरु, सुख निधान दोउ भाइ,
करहु सुकुल सब के नयन, सुंदर बदन देखाइ- १/२१८

देखन बाग कुअँर दुइ आए • समाचार पुरवासिन्ह पाअे-
धाए काम धाम सब त्यागी • मनहुँ रंक निधि लूटन लागी-
कहहिं परस्पर वचन सप्रीती • सखि इन्ह कोटि काम छबि जीती-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

બાલકાંડ

દોહા : ગૌતમ નારી શાપવશ, શિલા દેહ ધરી ધીર,
ચાહે છે પદકમલ રજ, કૃપા કરો રઘુવીર-

છંદ : પદ સ્પર્શ સુપાવન, શોક નસાવન.. પ્રગટ થઈ તપ પુંજ સમી,
દેખી રઘુનાયક, જન સુખદાયક, જોડી ઊભી કર-મૂર્તિ સમી-
અતિ પ્રેમ અધીર, રોમાંચ શરીર, મુખ શબ્દ ન આવે સ્તબ્ધ રહી,
અતિશય બડભાગી, પાયે લાગી, યુગલ નયન જળધાર વહી-
સુરસરી જે પદથી, પાવન પ્રગટી, જે શંભુએ શીશ ધરી,
તેવા પદ પંકજ, પૂજે નિત અજ, ધર્યા શિરે મુજ આજ હરિ-
કહી આમ સિધારી, ગૌતમ નારી, વાર વાર હરિચરણ પડી,
ઈચ્છા મન કામી,-તે વર પામી, ગઈ પતિ લોક ઉમંગ ભરી- ૮

●

રામ-લખણ મુનિ સંગે સિધારે • આવ્યા પાવન ગંગ કિનારે-
મુનિઓ પણ હરખી જોડાયા • તુરત જનકપુર પાસે આવ્યા-
નગર રમ્યતા જોઈ જ્યારે • મોઘા રામ અનુજ સહ ત્યારે-
વન-ઉપવન, સુંદર ફૂલવારી • વસે વિહંગ વિપુલ ખગચારી-
નવપલ્લવ તરુ ફૂલે-ફાલે • શોભા પુર મનહર ચોપાસે-
વિશ્વામિત્ર મહામુનિ આવ્યા • સમાચાર મિથિલાપતિ પામ્યા- ૯

દોહા : સચિવ સુભટ ભૂસુર-ગુરુ, જ્ઞાતિજનો લઈ સાથ,
મળવા મુનિવરને ગયા, તુરંત મિથિલાનાથ- ૧/૧૯

સુંદર સદન સુખદ સૌ કાળે • લઈ ત્યાં વાસ દીધો નરપાળે-
પૂજી - સેવી સર્વ પ્રકારે • ગયા વિદા લઈ નૃપ આગારે-
ઈચ્છા પ્રબળ લખણના મનમાં • જોવા ફરીફરી જનક નગરમાં-
વાત અનુજ મન પ્રભુએ પકડી • જન વત્સલતા ઉરમાં ઉમડી-
નાથ-લખણ પુર જોવા ચાહે • પણ લજ્જા ડર વશ ન ઉચારે-
જો મુનિવરની આજ્ઞા પામું • નગર બતાવી તુરત લઈ આવું- ૯

દોહા : જઈ-જોઈ આવો નગર, સુખનિધિ બેઉ ભાઈ,
કરો સફળ સૌનાં નયન, સુંદર વદન બતાવી- ૧/૨૦

જોવા નગર નૃપતિ સુત આવ્યા • સમાચાર પુરવાસી પામ્યા-
કામ-ધામ છોડી સૌ જાએ • જ્યમ નિર્ધન નિધિ લૂટવા ધાએ-
કહે પરસ્પર, વાતો મીઠી • કોટિ કામ છબિ આણે જીતી-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ए दोऊ दसरथ के ढोटा • बाल मरालन्हि के कल जोटा-
मुनि कौशिक मख के रखवारे • जिन्ह रन अजिर निसाचर मारे-
पुर पूरब दिसि गे दोउ भाई • जहँ धनुमख हित भूमि बनाई-
कौतुक देखि चले गुर पाहीं • जानि विलंबु त्रास उरमाहीं- ७

दोहा : सभय-सप्रेम-विनीत अति, सकुच सहित दोउ भाइ,
गुर पदपंकज नाई सिर, बैठे आयसु पाइ- १/२२५

निसि प्रवेस मुनि आयसु दीन्हा • सबहिं संध्या बंदनु कीन्हा-
मुनिवर सयन कीन्हि तब जाई • लगे चरन चापन दोउ भाई-
बारबार गुर आज्ञा दीन्ही • रघुवर जाइ सयन तब कीन्ही-
चापत चरन लखन उर लाएँ • सभय सप्रेम परम सुचु पाएँ-
पुनि पुनि प्रभु कह सोवहु ताता • पौढे धरि उर पद जलजाता- ५

दोहा : • उठे लखन निसि विगत सुनि, अरुन सिखा सुनि कान,
गुर तें पहिलेहि जगतपति, जागे रामु सुजान- १/२२६

सकल सौच करि जाइ नहाए • नित्य निबाहि मुनिहि सिर नाए-
समय जानि गुर आयसु पाई • लेन प्रसून चले दोउ भाई-
भूप बाग बर देखेउ जाई • जहँ बसंत रितु रही लोभाई-
मध्य बाग सरू सोह सुहावा • मनि सोपान विचित्र बनावा- ४

दोहा : • बागु- तडागु बिलोकि प्रभु, हरषे बन्धु समेत,
परम रम्य आरामु यहु, जो रामहि सुख देत- १/२२७

चहुँ दिसि चितइ-पूँछि मालीगन • लगे लेन दल-फूल मुदित मन-
तेहि अवसर सीता तहँ आई • गिरिजा पूजन जननि पठाई-
संग सखी सब सुभग सयानी • गावहिं गीत मनोहर वानी-
एक सखी सिय संगु बिहाई • गई - रही देखन फुलवाई-
तेहिं दोउ बंधु बिलोके जाई • प्रेम बिबस सीता पहिं आई- ५

दोहा : तासु दसा देखी सखिन्ह, पुलक गात-जलु नैन,
कहु कारनु निज हरष कर, पूछहिं सब मृदु बैन- १/२२८

देखन बाग कुअँर दुइ आए • बय किसोर सब भाँति सुहाए-
स्याम गौर किमि कहौं वखानी • गिरा अनयन, नयन बिनु बानी-
सुनि हरषी सब सखी सयानी • सिय हियँ अति उतकंठा जानी-
बरनत छबि जहँ तहँ सब लोगू • अवसि देखिअहि देखन जोगू-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

બાલકાંડ

એ બે છે દશરથના બેટા • બાળ હંસના સુંદર જોટા-
મુનિ કૌશિક યગના રખવાળા • રણે નિશાચર જેણે રોળ્યા-
ગયા નગર પૂર્વે બેઉ ભાઈ • જ્યાં ધનુયગની ભૂમિ બનાવી-
ચાલ્યા જોઈ નગર ગુરુ પાસે • ઉર પહોંચીશું મોડા વાસે- ૭

દોહા : પ્રેમ, વિનય, ભય, લાજવશ, આવી બેઉ ભ્રાત,
શીશ નામી - આજ્ઞા લઈ, બેઠા ગુરુની પાસ- ૧/૨૧

સંધ્યા સમયે આજ્ઞા દીધી • સૌએ મળીને સંધ્યા કીધી-
સૂતા મુનિવર જ્યારે જઈને • ચાંપે પગ - બેઉ ભાઈ લઈને-
કહ્યું મુનીશે બહુબહુ જ્યારે • શયન કાજ ઊઠ્યા પ્રભુ ત્યારે-
ચાંપે ચરણ અનુજ ઉર લાવી • સભય-સપ્રીત પરમ સુખ પામી-
પુનિપુનિ પ્રભુ કહે પોઢો ભાઈ • સૂતા ઉર ધરી પદ રઘુરાઈ-
ઊઠ્યા લક્ષ્મણ વીતી રાતે • સુણી કુક્કડની બાંગ પ્રભાતે-
જાગ્યા ગુરુ પહેલાં રઘુવીરા • સુજ્ઞ-સુશીલ-સુહૃદ- મતિધીરા-
શૌચાદિક પરવારી ન્હાયા • નિત્ય કર્મ કરી ગુરુપદ વાંધા-
આજ્ઞા લઈ પૂજાને કાજે • લેવા ફૂલ ગયા બેઉ સાથે- ૯

દોહા : જોયો બાગ નૃપતિ તણો, જ્યાં વસંતની આણ,
સરવર સોહે મધ્ય ઈક, જે પર મણિ સોપાન- ૧/૨૨

બાગ-સરોવર જોઈ સુંદર • હરખ્યા બેઉ મનની અંદર-
પરમ રમ્ય શાંતિપ્રદ એવો • દે સુખ અમિત પ્રભુને તેવો-
શોધી ચોદિશિ માળી-પૂછી • પત્ર-પુષ્પ લીધાં મુદ ચૂંટી-
તેજ સમય સીતા ત્યાં આવી • ઉમા પૂજવા માત પઠાવી-
સંગ સખીઓ સુંદર શાણી • ગાતી ગીત મનોહર વાણી-
એક સખી સીતાથી નોખી • પડી - વાટિકા જોવા થોભી-
દીઠા ત્યાં તેણે બે ભાઈ • પ્રેમ વિવશ સિય પાસે ધાઈ- ૭

દોહા : દેખી દશા નિજ સખી તણી, પુલક અંગ - જળ નેણ,
કહે અલિ કારણ હરખ, પૂછે સૌ મૃદુ વેણ- ૧/૨૩

જોવા બાગ કુંવર બે આવ્યા • વય કિશોર અતિ સુંદર લાગ્યા-
શ્યામ.ગૌર ક્યમ કહું વખાણી • વાણી અનેત્ર, નયન વિણ વાણી-
સુણી હરખી સૌ સખીઓ શાણી • સિયં મનની ઉત્કંઠા જાણી-
રૂપ વખાણે જેનાં લોકો • ચાલો જઈએ જોવા જોગો-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

तासु वचन अति सियहि सोहाने • दरस लागि लोचन अकुलाने-
चली अग्र करि प्रिय सखि सोई • प्रीति पुरातन लखई न कोई- ६

दोहा : सुमरि सीय नारद वचन, उपजी प्रीति पुनीत,
चक्ति बिलोकति सकल दिसि, जनु सिसु मृगी सभीत- १/२२९

कंकन कंकिनि नूपुर धुनि सुनि • कहत लखन सन रामु हृदयँ गुनि-
मानहुँ मदन दुंदुभी दीन्ही • मनसा विस्व विजय कहँ कीन्ही-
अस कहि फिरि चितअे तेहि ओरा • सिय मुख ससि भअे नयन चकोरा-
भअे विलोचन चारु अचंचल • मनहुँ सकुचि निमि तजे दिगंचल-
देखि सीय सोभा सुखु पावा • हृदय सराहत बचनु न आवा-
सुंदरता कहुँ सुंदर करई • छबिगृह दीपसिखा जनु बरई- ६

दोहा : सिय सोभा हियँ बरनि प्रभु, आपनि दसा बिचारि,
बोले सुचि मन अनुज सन, बचन समय अनुसारि- १/२३०

तात - जनकतनया यह सोई • धनुषजग्य जेहि कारन होई-
पूजन गौरि सखीं लै आई • करत प्रकास फिरहि फुलवाई-
जासु विलोकि अलौकिक सोभा • सहज पुनीत मोर मनु छोभा-
सो सबु कारन जान विधाता • फरकहिं सुभद अंग सुनु भ्राता-
रघुवंसिन्ह कर सहज सुभाऊ • मनु कुपंथ पगु धरई न काऊ-
मोहि अतिसय प्रतीति मन केरी • जेहिं सपनेहुँ परनारि न हेरी- ६

दोहा : करत बतकही अनुज सन, मन सिय रूप लोभान,
मुख सरोज मकरंद छबि, करइ मधुप इव पान- १/२३१

चितवति चक्ति चहूँ दिसि सीता • कहँ गए नृपकिसोर मन चिंता-
जहँ विलोक मृगसावक नैनी • जनु तहँ बरिस कमल सित श्रेनी-
लता ओट तब सखिन्ह लखाए • स्यामल.गौर किसोर सुहाए-
देखि रूप लोचन ललचाने • हरषे जनु निज निधि पहिचाने-
थके नयन रघुमति छबि देखें • पलकन्हिहूँ परिहरी निमेषें-
लोचन मगु रामहि उर आनी • दीन्हे पलक कपाट सयानी- ६

दोहा : लताभवन तें प्रगट भे, तेहि अवसर दोउ भाइ,
निकसे जनु जुग विमल विधु, जलद पटल बिलगाइ- १/२३२

धरि धीरजु एक आलि सयानी • सीता सन बोली गहि पानी-
बहुरि गौरि कर ध्यान करेहू • भूप कसोर देखि किन लेहू-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

બાલકાંડ

વાત તેની સિયને પ્રિય લાગી • દરશન કાજ થઈ ચખ પ્યાસી-
ચાલી સખી આગળ કરી સીતા • પૂર્વ પ્રીતનો નહિ કોઈ જ્ઞાતા-

દોહા : સંભારી નારદ વચન, ઊપજી પ્રીત પુનીત,
ચોદિશિ નિરખે ચકિત ચિત, જ્યમ મૃગબાળ સભીત- ૧/૨૪

સુણી ઝાંઝર-કંકણ ઝણકારો • કહ્યું અનુજને કરી વિચારો-
લાગે દુંદુભિ મદન બજાની • વિશ્વ વિજય કરવા રઢ લાવી-
કહી ત્યમ સિય ગમ જોયું રામે • નયન ચકોર-સિયમુખ શશિ જાણે-
સીય રૂપ દેખી સુખ પામ્યા • હૃદય સરાહે, શબ્દ ન આવ્યા-
થઈ સુંદર ચખ સ્થિર તે ટાણે • લાજી, પલક તજી 'નિમિ'એ જાણે-
સુંદરતાને સુંદર કરતી • રૂપગૃહે જ્યમ જ્યોતિ ઝળળતી- ૬

દોહા : સિય શોભા વરણી પ્રભુ, કરી નિજ દશા વિચાર,
કહી અનુજને શુદ્ધ મન, વાત સમય અનુસાર- ૧/૨૫

તાત-તેજ છે જનક દુહીતા • નૃપ ધનુયગ જે કારણ કરતા-
ઉમા પૂજવા સખીઓ લાવી • ફરે વાટિકે તેજ પ્રસારી-
રૂપ અલૌકિક જોઈ ન્યારું • ક્ષોભ્યું સહજ પુનિત મન મારું-
થાય કેમ ત્યમ વિદિત વિધાતા • પણ ફરકે જમણું તન ભ્રાતા-
જન્મજાત રઘુવંશી સ્વભાવે • જાય ન મન કદી જેનું કુભાવે-
છે પૂરણ પ્રતીતિ ઉર એવી • જોઈ ન કદી પરનારી હેરી- ૬

દોહા : વાત અનુજ સંગે કરે, સીય રૂપ મન ધ્યાન,
મુખ સરોજ છબિ મધુ તજું, કરે ભ્રમર સમ પાન- ૧/૨૬

જુએ ચકિત થઈ ચોદિશિ સીતા • ભૂપકુંવર ક્યાં તે મન ચિંતા-
જ્યાં દેખે મૃગશાવક નૈની • વરસે શ્વેત કમળ દળ શ્રેણી-
ત્યારે સખી લતિકાની આડે • શ્યામલ ગૌર કિશોર બતાડે-
જોઈ રૂપ લોચન લલચાયાં • હરખ્યાં નિજ નિધિ જાણે પામ્યાં-
જુએ રામ છબિ નયનો ખોડી • દીધાં પલકે મટકાં છોડી-
રામ નયન પંથે ઉર આણી • વાસ્યાં પલક કપાટો શાણી- ૬

દોહા : લતા ભવનથી નીસર્યા, તેજ સમય બેઉ ભાઈ,
વિમળ નીકળે વિધુ યુગલ, જ્યમ વાદળ વિખરાઈ- ૧/૨૭

ધૈર્ય ધરી એક ચતુર સહેલી • પકડી હાથ કહે અલબેલી-
ધ્યાન પછી ગૌરીનું ધરજો • હમણાં તો નૃપ કુંવરો નિરખો-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

सकुचि सीयँ तबनयन उधारे • सनमुख दोउ रघुसिंध निहारे-
परबस सखिन्ह लखी जब सीता • भयउ गहरु सब कहहिं सभीता-
पुनि आउब एहि बेरिआँ काली • अस कहि मन बिहसी एक आली-
धरि बडि धीर रामु उर आने • फिरि अपनपउ पितु बस जाने- ६

दोहा : देखन मिस मृग-बिहग-तरु, फिरइ बहोरि बहोरि,
निरखि निरखि रघुबीर छबि, बाढ़इ प्रीति न थोरि- १/१३४

गई भवानी भवन बहोरी • बंदि चरन बोली कर जोडी-
जय जय गिरिवरराज किसोरी • जय महेस मुखचंद चकोरी-
जय गजवदन.षडानन माता • जगत जननि दुति दामिनि गाता-
मोर मनोरथु जानहु नीकें • बसहु सदा उर पुर सबही कें-
विनय प्रेम वस भई भवानी • खसी माल मूरति मुसकानी-
सादर सिय प्रसाद सिर धरेऊ • बोली गौरि हरषु हियँ भरेऊ-
सुनु सिय सत्य असीस हमारी • पूजिहि मन कामना तुम्हारी - ७

छंद : मनु जाहिं राचेउ, मिलिहि सो बरु, सहज सुंदर साँवरो,
करुना निधान सुजान सीलु, सनेह जानत रावरो-
एहि भाँति गौरि असीस सुनि, सिय सहित हियँ हरषी अली,
तुलसी-भवानिहि पूजि पुनि, मुदित मन-मंदिर चली-

हृदयँ सराहत सीय लोनाई • गुर समीप गवने दोउ भाई-
सुमन पाइ मुनि पूजा कीन्ही • पुनि असीस दुहु भाइन्ह दीन्ही-
सुफल मनोरथ होहुँ तुम्हारे • रामु लखनु सुनि भए सुखारे-
सतानंदु तब जनक बोलाए • कौसिक मुनि पहिं तुरत पठाए-
जनक बिनय तिन्ह आइ सुनाई • हरषि बोलि लिए होउ भाई- ५

दोहा : सतानंद पद बंदि प्रभु, बैठे गुर पहिं आइ,
चलहु तात मुनि कहेउ तब, पठवा जनक बोलाइ- १/२३९

सीय स्वयंवरु देखिअ जाई • ईसु काहि धौं देइ बड़ाई-
पुनि मुनि वृंद समेत कृपाला • देखन चले धनुष मख साला-
रंगभूमि आए दोउ भाई • असि सुधि जब पुरवासिन्ह पाई-
चले सकल गृह-काज विसारी • बाल-जुवान-जरठ नरनारी- ४

दोहा : • सब मंचन्ह तें मंचु एक, सुंदर बिसद बिसाल,
मुनि समेत दोउ बंधु तहँ, बैठारे महिपाल- १/२४४

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

બાલકાંડ

લાજી સિય - લોચન પટ ખોલ્યા • સન્મુખ બે રઘુસિંહો જોયા-
જોઈ વિવશ સખીઓએ સીતા • વાર થઈ કહે સકલ સભીતા-
કાલ અટાણે આવશું આહીં • બોલી ઈક મરકી મનમાહીં-
ધૈર્ય ધરી રઘુવર ઉર આણી • વળી-પિતુ વશ નિજને જાણી- ૬

દોહા : જોવા મશ ખગ-મૃગ-તરુ, આવે વારંવાર,
ફરીં ફરીં નિરખે રામને, ઘટે ન પ્રીતિ લગાર- ૧/૨૮

ગઈ પાર્વતી મંદિર દોડી • વંદી પદ બોલી કર જોડી-
જય જય ગિરિવરરાજ કિશોરી • જય મહેશ મુખ ચન્દ્ર ચકોરી-
જય ગજવદન ષડાનન માતા • જગ જનની દામિની દ્યુતિ ગાતા-
જાણો મા, અભિલાષા મારી • વસે સર્વ ઉર મૂર્તિ તમારી-
પ્રેમ વિનય વશ થઈ ભવાની • ખરી માળ-મૂર્તિ મલકાણી-
સાદર સીયે શીશ ચઢાવી • બોલી ગદગદ ગિરા શિવાની-
આશિષ સિય અંતરની મારી • મનોકામના ફળશે તારી- ૭

છંદ : મન જે વસ્યો વર-તેજ મળશે, સહજ સુંદર સાઁવરો,
કરુણાનિધાન સુજાણ જાણે, સ્નેહ સિય તારો ખરો-
ગૌરી તણી આશિષ સુણી, સિય સહિત હરખી સૌ અલિ,
'તુલસી' ઉમા પૂજી ફરી ફરી, મુદિત મન ઘર ગઈ ભલી-

સરાહતા મન સિય સુંદરતા • ગયા ગુરુ પાસે બેઉ ભ્રાતા-
પુષ્પ આવતાં પૂજા કીધી • શુભ આશિષ બેઉને દીધી-
સફળ મનોરથ થાવ તમારા • રામ, લખણ સુણી થયા સુખાળા-
'શતાનંદ' જનકે બોલાવ્યા • કૌશિક પાસ તુરંત પઠાવ્યા-
આવી જનકની વિનતી સુણાવી • બોલાવ્યા હરખી બેઉ ભાઈ- ૫

દોહા : શતાનંદ પદ વંદીને, બેઠા ગુરુ સમીપ,
ચાલો તાત કહે મુનિ, તેડે જનક મહીપ. ૧/૨૯

સીય સ્વયંવર જોઈએ ભાઈ • દે છે કોને ઈશ વડાઈ-
પછી મુનિવૃંદ સમેત કૃપાળા • ચાલ્યા જોવા ધનુયગ શાળા-
રંગભૂમિ આવ્યા બેઉ ભાઈ • પામ્યા પુરજન એવી વધાઈ-
ધાયા સૌ ઘર-કામ વિસારી • બાળ-યુવા-ઘરડાં નરનારી-
મંચ એક સઘળામાં ઊંચો • સ્વચ્છ વિશાળ અને અતિ રૂડો-
તે પર બન્નેને મુનિ સાથે • બેસાડ્યા સાદર નરનાથે- ૬

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

दोहा : जानि सुअवसु सीय तब, पठइ जनक बोलाइ,
चतुर सखीं सुंदर सकल, सादर चलीं लेवाइ - १/२४६

चलीं संग लै सखीं सयानी • गावत गीत मनोहर वानी -
रंगभूमि जब सिय पगु धारी • देखि रूप मोहे नर नारी -
पानि सरोज सोह जयमाला • अवचट चितए सकल भुआला -
सीय चक्ति चित रामहि चाहा • भए मोहवस सब नरनाहा -
मुनि समीप देखे दोउ भाई • लगे ललकि लोचन निधि पाई -
तब बंदीजन जनक बोलाए • बिरिदावलि कहत चलि आए -
कह नृप, जाइ कहहु पन मोरा • चले भाट-हियँ हरषु न थोरा - ७

दोहा : बोले बंदी बचन बर, सुनहु सकल महिपाल,
पन बिदेह कर कहहिं हम, भुजा उठाई बिसाल - १/२४९

नृप भुजबलु विधु, सिय धनु राहू • गुरुअ-कठोर विहित सब काहू -
रावनु.बानु.महाभट भारे • देखि सरासन गवँहिं सिधारे -
सोइ पुरारि कोदंडु कठोरा • राज समाज आजु जोइ तोरा -
त्रिभुवन जय समेत बैदेही • बिनहिं विचार वरइ हठि तेही -
सुनि पन सकल भूप अभिलाषे • भट मानी अतिसय मन माखे -
परिकर बाँधि उठे अकुलाई • चले इष्ट देवन्ह सिर नाई - ६

दोहा : तमकि धरहिं धनु मूढ नृप, उठइ न चलहिं लजाइ,
मनहुँ पाई भट बाहुबल, अधिकु अधिकु गुरुआइ -

श्रीहत भए हारि हियँ राजा • बैठे निजनिज जाइ समाजा -
नृपन्ह बिलोकि जनकु अकुलाने • बोले बचन रोष जनु साने -
दीप दीप के भूपति नाना • आए-सुनि हम जो पनु ठाना - ३

दोहा : •कुअँरि मनोहर विज्य बड़ि, कीरति अति कमनीय,
पावनिहार बिरंचि जनु, रचेउ न धनु दमनीय - १/२५१

अब जनि कोउ माखै भट मानी • वीर विहीन मही मैं जानी -
तजहु आस निज निज गृह जाहू • लिखा न विधि बैदेहि बिवाहू -
सुकृतु जाइ-जौं पनु परिहरऊँ • कुअँरि कुमारि रहउ का करऊँ -
जौं जनतेउँ बिनु भट भुवि भाई • तौ पनु करि होतेउँ न हँसाई -
जनक बचन सुनि सब नरनारी • देखि जानकिहि भए दुखारी -
माखे लखनु कुटिल भईं भौंहें • रदपट फरकत नयन रिसौहें -

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

બાલકાંડ

દોહા : શુભ ઘડી જનકે જોઈને, તેડી સીય મગાવી,
સાદર સુભગ-ચતુર સખી, લેવા સઘળી ચાલી- ૧/૩૦

લઈ સંગે ચાલી સખી શાણી • ગાતી ગીત-મનોહર વાણી-
રંગભૂમિ સિય આવી જ્યારે • મોહ્યાં સૌ નરનારી ત્યારે -
કર કમળે સોહે વરમાળા • ચકિત ચિતે નિરખે મહિપાળા -
સીય-ચકિત ચિત, રામ નિહાળે • થયા મોહવશ નૃપ તે કાળે -
મુનિ સમીપ દેખી બેઉ ભાઈ • ગયાં નયન નિધિ જોઈ જડાઈ -
જનકે બંદીજન બોલાવ્યા • બિરુદ બોલતા હરખી આવ્યા -
કહો-કહ્યું જઈને પ્રણ મારું • ગયા ભાટ મન મોદે ન માતું - ૭

દોહા : બોલ્યા બંદી જન જઈ, સુણો સકળ મહિપાળ,
પ્રણ કહીએ મિથિલેશનું, ભુજા ઉઠાવી વિશાળ - ૧/૩૧

નૃપ, શશી સમ છે તવ બળબાહુ • અતિ કઠોર શિવધનુ છે રાહુ -
'રાવણ'-'બાણાસુર' ભટ ભારી • જોઈ શરાસન ગયા સિધારી -
તેજ પુરારિ ધનુષ જે આજે • અહીં ભાંગશે ભૂપ સમાજે -
ત્રિભુવન વિજય સહિત આ સીતા • વરી અવશ્ય થશે પરણીતા -
સુણીને પ્રણ નૃપતિ લલચાયા • અભિમાનીના અહમ ઘવાયા -
ઊઠ્યા કમર કસી અકળાઈ • ગયા ઈષ્ટને શીશ નમાવી - ૮

દોહા : ખીજી ખેંચે મૂઢ નૃપ, ચસે ન - લાજી જાય,
જાણે ભટ બળ પામી ધનુ, વધુ વધુ ભારી થાય- ૧/૩૨

થઈ હતપ્રભ - હારી હિય રાજા • જઈ બેઠા નિજ આસન પાછા-
નૃપ સ્થિતિ જોઈ જનક અકળાયા • બોલ્યા જાણે કોધે બાળ્યા-
દ્વીપ દ્વીપના ભૂપ અનેકો • આવ્યા છો અહીં સુણી પ્રણ સૌ કો-
કુંવરી મનોર વિજય આ મોટો • કીર્તિ જગે, નહિ જેનો જોટો-
ધનુ ભાંગી ઊતરે જે પૂરો • ઘડ્યો ન લાગે વિધિએ શૂરો -
કૃધ્ધ થશો ન હવે ભટ માની • વીર વિહીન મહી મેં જાણી - ૯

દોહા : • આશ તજી ઘર જાવ નિજ, દીસે ન અન્ય ઉપાય,
કુંવરી કુંવારી છો રહે, પૂણ્ય - તજ્યે પ્રણ જાય- ૧/૩૩

જો જાણત ભટ વિણ ભુવિ ભાઈ • લઈ પ્રણ કરત ન જગત હસાઈ -
જનક વચન સુણીને નરનારી • જોઈ જાનકી દૂભ્યાં ભારી -
ખીજ્યા લખણ-ભૃકુટિ થઈ ત્રાંસી • ફરક્યા હોઠ, થઈ ચખ રાતી -

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

दोहा : जानि सुअवसरु सीय तब, पठइ जनक बोलाइ,
चतुर सखीं सुंदर सकल, सादर चलीं लेवाइ - १/२४६

चलीं संग लै सखीं सयानी • गावत गीत मनोहर वानी -
रंगभूमि जब सिय पगु धारी • देखि रूप मोहे नर नारी -
पानि सरोज सोह जयमाला • अवचट चितए सकल भुआला -
सीय चक्ति चित रामहि चाहा • भए मोहवस सब नरनाहा -
मुनि समीप देखे दोउ भाई • लगे ललकि लोचन निधि पाई -
तब बंदीजन जनक बोलाए • बिरिदावलि कहत चलि आए -
कह नृप, जाइ कहहु पन मोरा • चले भाट-हियँ हरषु न थोरा - ७

दोहा : बोले बंदी बचन बर, सुनहु सकल महिपाल,
पन बिदेह कर कहहिं हम, भुजा उठाई बिसाल - १/२४९

नृप भुजबलु विधु, सिय धनु राहू • गुरुअ-कठोर विहित सब काहू -
रावनु.बानु.महाभट भारे • देखि सरासन गवँहिं सिधारे -
सोइ पुरारि कोदंडु कठोरा • राज समाज आजु जोइ तोरा -
त्रिभुवन जय समेत बैदेही • बिनहिं विचार वरइ हठि तेही -
सुनि पन सकल भूप अभिलाषे • भट मानी अतिसय मन माखे -
परिकर बाँधि उठे अकुलाई • चले इष्ट देवन्ह सिर नाई - ६

दोहा : तमकि धरहिं धनु मूढ़ नृप, उठइ न चलहिं लजाइ,
मनहुँ पाई भट बाहुबल, अधिकु अधिकु गुरुआइ -

श्रीहत भए हारि हियँ राजा • बैठे निजनिज जाइ समाजा -
नृपन्ह बिलोकि जनकु अकुलाने • बोले बचन रोष जनु साने -
दीप दीप के भूपति नाना • आए-सुनि हम जो पनु ठाना - ३

दोहा : •कुअँरि मनोहर बिज्य बड़ि, कीरति अति कमनीय,
पावनिहार बिरंचि जनु, रचेउ न धनु दमनीय - १/२५१

अब जनि कोउ माखै भट मानी • वीर विहीन मही मैं जानी -
तजहु आस निज निज गृह जाहू • लिखा न विधि वैदेहि बिवाहू -
सुकृतु जाइ-जौं पनु परिहरऊँ • कुअँरि कुमारि रहउ का करऊँ -
जौं जनतेउँ बिनु भट भुवि भाई • तौ पनु करि होतेउँ न हँसाई -
जनक बचन सुनि सब नरनारी • देखि जानकिहि भए दुखारी -
माखे लखनु कुटिल भईं भौहें • रदपट फरकत नयन रिसौहें -

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

બાલકાંડ

દોહા : શુભ ઘડી જનકે જોઈને, તેડી સીય મગાવી,
સાદર સુભગ-ચતુર સખી, લેવા સઘળી ચાલી- ૧/૩૦

લઈ સંગે ચાલી સખી શાણી • ગાતી ગીત-મનોહર વાણી-
રંગભૂમિ સિય આવી જ્યારે • મોહ્યાં સૌ નરનારી ત્યારે -
કર કમળે સોહે વરમાળા • ચકિત ચિતે નિરખે મહિપાળા -
સીય-ચકિત ચિત, રામ નિહાળે • થયા મોહવશ નૃપ તે કાળે -
મુનિ સમીપ દેખી બેઉ ભાઈ • ગયાં નયન નિધિ જોઈ જડાઈ -
જનકે બંદીજન બોલાવ્યા • બિરુદ બોલતા હરખી આવ્યા -
કહો-કહ્યું જઈને પ્રણ મારું • ગયા ભાટ મન મોદે ન માતું - ૭

દોહા : બોલ્યા બંદી જન જઈ, સુણો સકળ મહિપાળ,
પ્રણ કહીએ મિથિલેશનું, ભુજા ઉઠાવી વિશાળ - ૧/૩૧

નૃપ, શશી સમ છે તવ બળબાહુ • અતિ કઠોર શિવધનુ છે રાહુ -
'રાવણ'-'બાણાસુર' ભટ ભારી • જોઈ શરાસન ગયા સિધારી -
તેજ પુરારિ ધનુષ જે આજે • અહીં ભાંગશે ભૂપ સમાજે -
ત્રિભુવન વિજય સહિત આ સીતા • વરી અવશ્ય થશે પરણીતા -
સુણીને પ્રણ નૃપતિ લલચાયા • અભિમાનીના અહમ ઘવાયા -
ઊઠ્યા કમર કસી અકળાઈ • ગયા ઈષ્ટને શીશ નમાવી - ૮

દોહા : ખીજી ખેંચે મૂઢ નૃપ, ચસે ન - લાજી જાય,
જાણે ભટ બળ પામી ધનુ, વધુ વધુ ભારી થાય- ૧/૩૨

થઈ હતપ્રભ - હારી હિય રાજા • જઈ બેઠા નિજ આસન પાછા-
નૃપ સ્થિતિ જોઈ જનક અકળાયા • બોલ્યા જાણે કોધે બાળ્યા-
દ્વીપ દ્વીપના ભૂપ અનેકો • આવ્યા છો અહીં સુણી પ્રણ સૌ કો-
કુંવરી મનોર વિજય આ મોટો • કીર્તિ જગે, નહિ જેનો જોટો-
ધનુ ભાંગી ઊતરે જે પૂરો • ઘડ્યો ન લાગે વિધિએ શૂરો -
કૃધ્ધ થશો ન હવે ભટ માની • વીર વિહીન મહી મેં જાણી - ૯

દોહા : • આશ તજી ઘર જાવ નિજ, દીસે ન અન્ય ઉપાય,
કુંવરી કુંવારી છો રહે, પૂણ્ય - તજ્યે પ્રણ જાય- ૧/૩૩

જો જાણત ભટ વિણ ભુવિ ભાઈ • લઈ પ્રણ કરત ન જગત હસાઈ -
જનક વચન સુણીને નરનારી • જોઈ જાનકી દૂભ્યાં ભારી -
ખીજ્યા લખણ-ભૃકુટિ થઈ ત્રાંસી • ફરક્યા હોઠ, થઈ ચખ રાતી -

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

रघुवंसिन्ह महुँ जहँ कोउ होई • तेहिं समाज अस कहइ न कोई-
सुनहु भानुकुल पंकज भानू • कहउँ सुभाव न कछु अभिमानू-
जौं तुम्हरि अनुसासन पावौं • कंदुक इव ब्रह्मांड उठावौं
तव प्रताप महिमा - भगवाना • को बापुरो पिनाक पुराना- १०

दोहा : तोरौं छत्रक दंड जिमि, तव प्रताप बल नाथ,
जौं न करौं प्रभुपद सपथ, कर न धरौं धनु भाथ- १/२५३

विस्वामित्र समय सुभ जानी • बोले अति सनेहमय बानी-
उठहु राम भंजहु भव चापा • मेटहु तात जनक परितापा-
सुनि गुर बचन चरन सिरु नावा • हरषु विषादु - न कछु उर आवा-
ठाढे भए उठि सहज सुभाएँ • ठवनि जुवा मृगराज लजाएं- ४

दोहा : •उदित उदयगिरि मंच पर, रघुवर बालपतंग,
बिकसे संत सरोज सब, हरषे लोचन भृंग- १/२५४

रामहि प्रेम सहित लखि, सखिन्ह समीप बोलाइ,
सीता मातु सनेह बस, बचन कहइ बिलखाइ- १/२५५

रावन-बान छुआ नहिं चापा • हारे सकल भूप करि दापा-
सो धनु राज कुअँर कर देही • बाल मराल कि मंदर लेहीं.
बोली चतुर सखी मृदुवानी • तेजवंत लघु गनिअ न रानी-
कहँ कुंभज - कहँ सिन्धु अपारा • सोषेउ सुजसु सकल संसारा-
रविमंडल-देखत लघु लागा • उदयँ तासु त्रिभुवन तम भागा-
काम-कुसुम धनु सायक लीन्हे • सकल भुअन अपने बस कीन्हे- ६

दोहा : मंत्र परम लघु-जासु बस, विधि-हरि-हर-सुर-सर्व,
महामत्त गजराज कहुँ, बस कर अंकुस खर्व- १/२५६

सखी वचन सुनि भै परतीती • मिटा विषादु-बढ़ी अति प्रीती -
तब रामहि विलोकि बैदेही • सभय हृदयँ विनवति जेहि तेही -
मनहीं मन मनाव अकुलानी • होहु प्रसन्न महेस भवानी -
करहु सफल आपनि सेवकाई • करि हितु हरहु चाप गरुआई -
गननायक वरदायक देवा • आज लगें कीन्हिउँ तुअ सेवा -
बारबार विनती सुनि मोरी • करहु चाप गुरुता अति थोरी - ६

दोहा : देखि देखि रघुबीर तन, सुर मनाव धरि धीर,
भरे विलोचन प्रेम जल, पुलकावली सरीर - १/२५७

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

બાલકાંડ

હો જ્યાં લગી રઘુ એક સભામાં • કહી ન શકે કો વચન નકામાં-
પૂણો ભાનુકુળ પંકજ ભાનું • કહું સહજ અભિમાન ન આણું-
જો આજ્ઞા પ્રભુની હું પામું • ગેંદ સમું બ્રહ્માંડ ઉઠાવું-
આપે પ્રતાપે હે જગતાતા • જીર્ણ 'પિનાક' તણી શી ગાથા- ૭

દોહા : તોહું છત્રક દંડ સમ, તવ પ્રતાપ બળ નાથ,
જો ન કરું પ્રભુ પદ શપથ, ધરું ન શર-ધનુ હાથ- ૧/૩૪

ગ્રાવિતનય શુભ અવસર જાણી • બોલ્યા સ્નેહલ મીઠી વાણી-
ઊઠો રામ-ભવધનુ જઈ ભાંગો • તાત-જનક પરિતાપ નિવારો-
સુણી ગુરુ વચન ચરણ શિર નામ્યું • શોક-હર્ષ ઉર કાંઈ ન આવ્યું-
ઊઠી ઊભા સહજ સ્વભાવે • છટા-યુવા મૃગરાજ ~~આજ~~ લજાવે-
ઉદય ક્યાં ઉદયાચળ મંચે • જ્યારે રઘુકુળ બાળ પતંગે-
ખીલ્યા કમળ સમા સૌ સંતો • હરખ્યા તેના લોચન ભૃંગો- ૮

દોહા : નિરખી પ્રેમે રામને, સખી બોલાવી પાસ,
સિયમાતા અતિ પ્રેમ વશ, બોલ્યાં વચન ઉદાસ- ૧/૩૫

'રાવણ'-'બાણ' અડ્યા નહિ જેને • હાર્યા સૌ અતિ હુંપદ જેને-
તેવું ધનુષ-કુંવર કર આપે • બાળ હંસ શું 'મંદર' માપે-
બોલી ચતુર સખી મૃદુ વાણી • લઘુ ના ગણિયે તેજી રાણી-
ક્યાં 'કુંભજ' ક્યાં સાગર ઘેરો • શોષી લહ્યો જગ સુયશ અનેરો-
રવિમંડળ જોતાં લઘુ લાગે • ઉદિત થયે ત્રિભુવન તમ ભાગે-
સુમન ચાપ-સાયક 'સ્મર' લીધાં • સકળ ભુવન નિજ વશમાં કીધાં- ૯

દોહા : મંત્ર લઘુ લાગે છતાં, વશ વિધિ-હરિ-હર-સુર,
મદે મત્ત ગજરાજ પણ, લે વશ લઘુ અંકુશ- ૧/૩૬

સખી વચને ઉર આવી પ્રતીતિ • ખેદ ગયો-વાધી મન પ્રીતિ-
જોઈ રામને ત્યારે સીતા • વીનવે જેને તેને સભીતા-
મનોમને વીનવે અકળાઈ • રીઝો હે શિવ-ગિરિજા માઈ-
કરો સફળ મારી સૌ પૂજા • હરો હેત કરી ચાપ ગુરુતા-
ગણનાયક-વરદાયક દેવા • કરી આજ લગી તવ પદ સેવા-
વારવાર વીનવું કર જોડી • કરો ધનુષ ગુરુતા અતિ થોડી- ૯

દોહા : જોઈ જોઈ રઘુવીર ભણી, વીનવે સુર ધરી ધીર,
પ્રેમાશ્રુ નયને વહે, પુલકે પૂર્ણ શરીર- ૧/૩૭

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

सकुची व्याकुलता बड़ि जानी • धरि धीरजु प्रतीति उर आनी-
तन-मन-वचन मोर पनु साचा • रघुपति पद सरोज चितु राचा-
तौ भगवानु-सकल उर बासी • करिहि मोहि रघुवर कै दासी-
जेहि के जेहि पर सत्य सनेहू • सो तेहि मिलइ-न कछु संदेहू-
प्रभु तन चितई प्रेम पन ठाना • कृपा निधान रामु सब जाना-
सियहि विलोकि ताकेउ धनु कैसें • चितव गरुरु लघु व्यालहि जैसें- ६

दोहा : राम विलोके लोग सब, चित्र लिखे से देखि,
चितइ सीय कृपायतन, जानी विकल विसेषि- १/२६०

देखी विकल विपुल बैदेही • निमिष बिहात कलप सम तेही -
का वरषा सब कृषि सुखाने • समय चुकें पुनि का पछिताने -
अस जियँ जानि जानकी देखी • प्रभु पुलके लखि प्रीति विसेषि -
गुरहि प्रनाम मनहिं मन कीन्हा • अति लाघवँ उठाइ धनु लीन्हा-
तेहि छन राम मध्य धनु तोरा • भरेउ भुवन धुनि घोर कठोरा- ५

छंद : भरे भुवन घोर कठोर रव, रवि बाजि तजि मारगु चले,
चिक्करहिं दिग्गज, डोल महि, अहि-कोल-कूरम कलमले-
सुर-असुर मुनि कर कान दीन्हे, सकल विकल विचारहीं,
कोदंडु खंडेउ राम - तुलसी जयति वचन उचारहीं-

प्रभु दोउ चाप खंड महि डारे • देखि लोग सब भए सुखारे -
रही भुवन भरि जय जयबानी • धनुष भंग धुनि जात न जानी -
मुदित कहहिं जहँ तहँ नरनारी • भंजेउ राम संभुधनु भारी -
सखिन्ह सहित हरषी अति रानी • सूखत धान परा जनु पानी -
सतानंद तब आयसु दीन्हा • सीताँ गमनु राम पहि कीन्हा-
कर सरोज जयमाल सुहाई • विस्व विजय सोभा जेहिं छाई-
गावहिं छबि अवलोकि सहेली • सियँ जयमाल राम उर मेली-
तब सिय देखि भूप अभिलाषे • कूर.कपूत-मूढ़ मन माखे-
तोरें धनुष चाड़ नहिं सरई • जीवत हमहि कुअँरि को वरई- ९

तेहि अवसर सुनि सिवधनु भंगा • आयउ भृगुकुल कमल पतंगा -
वृषभ कंध-उर.बाहु विसाला • चारु जनेउ-माल-मृगछाला -
कटि मुनि बसन-तून दुई बाँधे • धनु.सर.कर, कुठार-कसे कांधे-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

બાલકાંડ

લાજી વિકળતા વાધી જાણી • ધૈર્ય ધરી ઉર પ્રતીતિ આણી-
તન-મન-વચન હશે પ્રણ સાચું• રઘુપતિ પદ પંકજ ચિત રાચ્યું-
તો ભગવાન-સકળ ઉર વાસી • કરશે મુજને રઘુપતિ દાસી-
સત્ય સ્નેહ જેના પર જેને • વિણ સંશય તે પામે તેને-
જોઈ પ્રભુ ભણી નિશ્ચય કીધો • કૃપા નિધાને જાણી લીધો-
સિય વિલોકી ધનુ તાક્યું કેવું • તાકે ગરુડ-સરપ શિશુ એવું- ૬

દોહા : દીઠા રામે લોક સૌ, ચિત્ર સમાન અચેત,
જોતાં સીય કૃપાળને, લાગી વિકળ વિશેષ- ૧/૩૮

વિકળ વધુ વૈદેહી દેખી • જાય પળો જેની યુગ રેખી-
વરસે વાદળ ખેતી સુક્યે • શું પસ્તાએ અવસર ચૂક્યે-
આમ ગણી મન - સીય વિલોકી • પુલક્યા-પેખી પ્રીતિ અનોખી-
ગુરુને મનમાં વંદન કીધું • ધનુષ નિમિષમાં ઊંચકી લીધું-
તોડી તત્ક્ષણ દીધું વચ્ચે • ભર્યું ભુવન ધ્વનિ ઘોર કઠોરે- ૫

છંદ : ભર્યું ભુવન ઘોર કઠોર રવે, રવિ અશ્વ ભડકી પથ ચળ્યા-
ગરજ્યા દિગજ-ડોલી મહિ, અહિ સૂકર-કચ્છપ ખળભળ્યા-
સુર-અસુર-મુનિ કર કાન દઈ, લાગ્યા સભીત વિચારવા
ભવચાપ ભાંગ્યું રામ જાણી, 'તુલસી' લાગ્યા સરાહવા-

ચાપખંડ બેઉ નીચે નાખ્યા • દેખી લોક સકળ સુખ પામ્યા-
ગુંજે નભ મંડળ જયગાને • ધનુષ ભંગ ધ્વનિ પડે ન કાને-
કહે મુદિત જ્યાં ત્યાં નરનારી • ભાંગ્યું રામે ભવધનુ ભારી-
સખીઓ સહિત હરખી બહુ રાણી • ધાન સુકાતા પર જ્યમ પાણી-
શતાનંદે પછી આજ્ઞા દીધી • ચાલી સિય-સખી સંગે લીધી-
કર કમળે વરમાળા સુંદર • વિશ્વવિજય શોભા ભરી અંદર-
ગાય રૂપ અવલોકી સહેલી • સિયે રામ ઉર માળા મેલી- ૭

દોહા : • ખીજી બોલ્યા કુમતિ નૃપ, મોહ્યા જે સિય રૂપ,
કાર્ય ન સરશે ભાંગ્યે ધનુ, જીવિત છતે અમ ભૂપ- ૧/૩૯

સુણી ભવધનુ ભંગાયું જ્યારે • આવ્યા ભૃગકુળ ભાનુ ત્યારે-
વૃષભકંધ-ઉર બાહુ વિશાળા • સુભગ ચર્મમૃગ-ઉપવીત-માળા-
વલ્કલ-કમર કસી બે ભાથે • પરશુ ખભે-ધનુ-સાયક હાથે-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

देखत भृगपति वेषु कराला • उठे सकल भय विकल भुआला-
पितु समेत कहि कहि निज नामा • लगे करन सब दंड प्रनामा-
जनक बहोरि आइ सिरु नावा • सीय बोलाइ प्रनामु करावा-
विस्वामित्रु मिले पुनि आई • पद सरोज मेले दोउ भाई-
रामहि चितइ रहे थकि लोचन • रूप अपार मार मद मोचन- ८

दोहा : • बहुरि बिलोकि बिदेह सन, कहहु काह अति भीर,
पूँछत जानि अजान जिमि, ब्यापेउ कोपु सरीर- १/२६९

समाचार कहि जनक सुनाए • जेहि कारन महीप सब आए-
सुनत वचन फिरि अनत निहारे • देखे चाप खंड महि डारे-
अति रिस बोले बचन कठोरा • कहु जड़ जनक - धनुष कै तोरा-
वेगि देखाउ मूढ नत आजू • उलटउँ महि जहँ लहि तव राजू-
अति डरु उतरु देत नृपु नाहीं • कुटिल भूप हरषे मन माहीं-
मन पछिताति सीय महतारी • विधि अब सँवरी बात बिगारी-
भृगपति कर सुभाउ सुनि सीता • अरध निमेष कलप सम बीता- ७

दोहा : सभय बिलोके लोग सब, जानि जानकी भीरु,
हृदयँ न हरषु-बिषादु कछु, बोले श्री रघुबीरु- १/२७०

नाथ संभु धनु भंजनिहारा • होइहि केउ एक दास तुम्हारा-
आयसु काह कहिअ किन मोहि • सुनि रिसाइ बोले मुनि कोही-
सुनहु राम जेहिं सिवधनु तोरा • सहसबाहु सम सो रिपु मोरा-
सुनि मुनि वचन लखन मुसकाने • बोले परसुधर अपमाने-
बहु धनुहीं तोरीं लरकाई • कबहुँ न असि रिस कीन्हि गोसाई-
एहि धनु पर ममता केहि हेतु • सुनि रिसाइ कह भृगुकुल केतु- ६

दोहा : रे नृपबाल-कालबस, बोलत तोहि न सँभार,
धनुही सम त्रिपुरारि धनु, बिदित सकल संसार- १/२७१

लखन कहा हँसि हमरे न जाना • सुनहु देव सब धनुष समाना-
छूअत टूट रघुपतिहु न दोषू • मुनि बिनु काज करिअ कत रोषू-
बोले चितइ परसु की ओरा • रे सठ सुनेहि सुभाउ न मोरा-
बिहसि लखन बोले मृदुवानी • अहो मुनीसु महाभट मानी-
पुनि पुनि मोर देखाव कुठारू • चहत उडावन फूँकि पहारू-
इहाँ कुँभडबतिआ कोउ नाहीं • जे तरजनी देखि मरि जाहीं-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

બાલકાંડ

વેશ કરાળ મુનિનો ભાળી • ઊઠ્યા ભૂપ ભયાકુળ ભારી-
પિતા સહિત કહીં કહીં નિજ નામો • લાગ્યા કરવા દંડ પ્રણામો-
આવી જનકે શીશ નમાવ્યું • સિય તેડાવી નમન કરાવ્યું- ૬

દોહા : • વિશ્વામિત્ર મળ્યા પછી, બંધુ લગાડ્યા પાય,
રામ રૂપ દેખી નયન, થયાં સ્થિર મુનિરાય- ૧/૪૦

દૃષ્ટિ વિદેહી ઊપર નાખી • બોલ્યા ભીડ નૃપતિ છે શાની-
પૂછે જાણે હોય અજાણ્યા • કોપે કંપે મુનિવર કાયા-
સમાચાર જનકે સંભળાવ્યા • શાને સઘળા ભૂપતિ આવ્યા-
વાત સુણી અન્યત્ર નિહાળ્યું • ભાંગ્યું ચાપ ભૂમિ પર ભાળ્યું-
અતિ કોધિત થઈ નૃપને પૂછયું • બોલ જનક ધનુ કોણે તોડ્યું-
બોલ મૂઢ ઝટ નહિ તો સારી • રાજભૂમિ ઉલટાવીશ તારી-
ભયવશ જનક ન ઉત્તર આપે • કુટિલ ભૂપ મન હરખે નાચે-
પસ્તાએ સીતાની માતા • વાત બનેલ બગાડી વિધાતા-
સુણી સ્વભાવ-ભૃગપતિ રુખ દેખી • સિય પળ અરધી થઈ યુગ રેખી- ૯

દોહા : સીય સહિત સૌ લોકને, રામે જોઈ સભીત,
હૈયે હર્ષ-વિષાદ વિણ, વચનો કહ્યાં વિનીત- ૧/૪૧

નાથ શંભુધનુ તોડે એવો • હશે આપનો દાસજ તેવો-
કહો ન ક્યમ જે આણ ગુસાઈ • સુણી બોલ્યા મુનિ કોધી રિસાઈ-
રામ-શંભુધનુ તોડ્યું જેણે • ગણું 'સહસ્ત્રભુજ' શો રિપુ તેને-
લખણ સુણી મુનિ વચનો મરકયા • 'પરશુધર' અપમાની બોલ્યા-
તોડી ધનુડી બહુ શૈશવે સ્વામી • રીસ ન આવી કોધી નકામી-
મમતા આ ધનુ પર કયે હેતુ • બોલ્યા બીજી ભૃગુકુળ કેતુ- ૬

દોહા : રે નૃપબાળક કાળવશ, નહિ બોલ્યાનું ભાન,
શું ધનુડી શિવચાપ સમ, નહિ જગ જેનું માન- ૧/૪૨

બોલ્યા લખણ હસી નવ જાણું • દેવ ધનુષ સૌ સરખાં માનું-
સ્પર્શ ક્યોં માત્રજ જ્યાં રામે • તુટ્યું રોષ કરો મુનિ શાને-
કહ્યું પરશુ ભણી કરી ઈશારો • શઠ જાણે ન સ્વભાવ અમારો-
મરકી લખણ બોલ્યા મૃદુવાણી • મુનિ નિજને ભટ ભારી માની-
વારંવાર બતાવે કુહાડી • ચહે ઉઠાવા ફૂંકે પહાડી-
નથી અહીં કોઈ મગતરા જેવું • મરે આંગળી ચીંધ્યે રેવું- ૬

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

दोहा : लखन उतर आहुति सरिस, भृगुवर कोपु कसानु,
बढ़त देखि जल सम बचन, बोले रघुकुल भानु- १/२७६

सुनहु नाथ तुम्ह सहज सुजाना • बालक बचनु करिअ नहि काना-
छमहु चूक अनजनत केरी • चहिअ विप्र उर कृपा घनेरी-
निपटहिं द्विज करि जानहि मोही • मैं जस विप्र सुनावउँ तोही-
मोर प्रभाउ विदित नहि तोरें • बोलसि निदरि विप्र के भोरें-
भंजेउ चाप दापु बड़ बाढ़ा • अहमिति मनहुँ जीति जग ठाढा-
राम कहा मुनि कहहु विचारी • रिस अति बड़ि लघु चूक हमारी-
छुअतहि टूट पिनाक पुराना • मैं केहि हेतु करौं अभिमाना- ७

दोहा : जौं हम निदरहिं विप्र बदि, सत्य सुनहु भृगुनाथ,
तौ अस जग को सुभटु जेहि, भय बस नावहिं माथ- १/२८३

सुनि मृदु गुढ बचन रघुपति के • उधरे पटल परसुधर मति के-
राम-रमापति कर, धनु लेहू • खैंचहु मिटै मोर संदेहू-
देत चाप आपुहिं चलि गयउँ • परसुराम मन बिस्मय भयऊँ- ३

दोहा : • जाना राम प्रभाउ तब, पुलकि प्रफुल्लित गात,
जोरि पानि बोले बचन, हृदयँ न प्रेम समात- १/२८४

जय रघुवंस बनज बन भानू • गहन दनुज दहन कृसानू-
अनुचित बहुत कहेउ अग्याता • छमहु छमामंदिर दोउ भ्राता-
कहि जयजयजय रघुकुल केतू • भृगुपति गए बनहि तप हेतु-
अपभयँ कुटिल महिप डेराने • जहँ तहँ कायर गवँहि पराने- ४

दोहा : देवन्ह दीन्ही दुंदुभी, प्रभु पर बरषहिं फूल,
हरषे पुर नरनारी सब, मिटी मोहमय सूल- १/२८५

●

सुखु विदेह कर बरनि न जाई • जन्म दरिद्र मनहुँ निधि पाई-
जनक कीन्ह कौसिकहि प्रनामा • प्रभु प्रसाद धनु भंजेउ रामा-
मोहि कृतकृत्य कीन्ह दुहुँ भाई • अब जो उचित सो कहिअ गुसाई-
कह मुनि सुनु नरनाथ प्रवीना • रहा विवाहु चाप आधीना-
टूटतहीं धनु भयउ विवाहू • सुर नर.नाग विहित सब काहू- ५

दोहा : तदपि जाइ तुम्ह करहु अब, जथा वंस व्यहवारु,
बूझि विप्र, कुल वृध्ध,गुरु, वेद विदित आचारु- १/२८६

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

બાલકાંડ

દોહા : લક્ષ્મણ ઉત્તર આહુતિ, પાવક ભૃગુપતિ ક્રોધ,
વધતાં દેખી બોલિયા, રામ વચન જળબોધ- ૧/૪૩

નાથ આપ છો સુજ્ઞ સ્વભાવે • બોલ્યું બાળ ધરોના કાને-
ક્ષમો ભૂલ અજ્ઞાની કેરી • ખપે વિપ્ર ઉર કૃપા ઘણેરી-
વિપ્ર માત્ર સમજે છે મુજને • કહું વિપ્ર કેવો છું તુજને-
પ્રભાવ તેં નથી જાણ્યો મારો • તેથીજ દ્વિજ કહી કરે લવારો-
ગર્વ ચાપ ભાંગ્યેથી વાધ્યો • જાણે જગ જીતીને આવ્યો-
કહે રામ - મુનિ વદો વિચારી• ક્રોધ ઘણો ક્ષતિ અલ્પ અમારી-
અડતાં ટૂટયું 'પિનાક' પુરાણું • અહંકાર ઉર હું ક્યમ આણું- ૭

દોહા : જો અવગણિયે વિપ્ર કહી, સત્ય સુણો ભૃગુનાથ,
તો એવો ભટ ક્યાં જગે, ભયે જોડિયે હાથ- ૧/૪૪

સુણી મૃદુ ગૂઢ વચન રઘુપતિનાં • ખૂલ્યાં પડળ મુનીશ મતિનાં-
રામ-રમાપતિનું ધનુ ધારો • ખેંચી મુજ સંદેહ નિવારો-
કહેતાં વેંત સ્વયં ધનુ ચાલ્યું • પરશુરામ મન વિસ્મય પામ્યું-
જાણ્યો રામ પ્રતાપ મુનીશે • થયા મુદિત વળી પુલક શરીરે-
બોલ્યા વચન યુગલ કર જોડી • પ્રીતિ ન હૃદય સમાય - બહોળી-
જય રઘુવંશ કમળવન ભાનુ • દાનવ કુળ વન દહન કૃશાનુ-
કહી અજાણ્યે અનુચિત વાતો • ક્ષમા સદન ક્ષમજો બેઉ ભ્રાતો-
જય જય કહી જય રઘુકુળ કેતુ • ચાલ્યા ભૃગુપતિ વન-તપ હેતુ-
ડર્યા કુટિલ નૃપતિ નિજ મનમાં • ભાગ્યા કાયર અહીંતહીં પળમાં- ૯

દોહા : સુરે બજાવી દુંદુભિ, વરસાવીને ફૂલ,
હરખ્યાં પુર નરનારી સૌ, મટ્યું મોહમય શૂળ- ૧/૪૫

●

જનક હર્ષ નવ જાય વખાણ્યો • જન્મ રંક જાણે નિધિ પામ્યો-
બોલ્યા નૃપ કૌશિક પદ વાંદી • પ્રભુ પ્રસાદ રામે ધનુ ભાંગી-
કર્યો કૃતારથ આ બે બાળે • કહો ઉચિત મુનિ જે આ કાળે-
કહ્યું કૌશિકે નૃપને ત્યારે • હતા વિવાહ ધનુષ આધારે-
પૂર્ણ થયા ધનુ ભાંગ્યે આજે • જાણ્યું સુર-નર-નાગ સમાજે- ૫

દોહા : તોય હવે જઈ આદરો, યથા વંશ વહેવાર,
પૂછો દ્વિજ-કુળવૃધ્ધ-ગુરુ, વેદ કથિત આચાર- ૧/૪૬

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

दूत अवधपुर पठवहु जाई • आनहिं नृप दसरथ बोलाई-
मुदित राउ कहि भलेहि कृपाला • पठए दूत बोलि तेहि काला-
बहुरि महाजन सकल बोलाए • आइ सबन्हि सादर सिर नाए-
हाट बाट-मंदिर-सुरवासा • नगरु सँवारहु चारिहुँ पासा-
रचहु विचित्र बितान बनाई • सिर धरि बचन चले सुचु पाई-
विधिहि वंदि तिन्ह कीन्ह अरंभा • बिरचे कनक कदलि के खंभा- ६

दोहा : हरित मनन्हि के पत्र-फल, पदुमराग के फूल,
रचना देखि विचित्र अति, मनु बिरंचि कर भूल- १/२८९

सिव, ब्रह्मादिक विबुध बरूथा • चढे बिमानन्हि नाना जूथा-
प्रेम पुलक मन-हृदय उछाहू • चले बिलोकन राम विवाहू-
देखि जनकपुर सुर अनुरागे • निजनिज लोक सबहिं लघु लागे-
देवन्ह देखे दसरथु जाता • महामोह मन-पुलकित गाता-
सोहत साथ सुभग सुत चारी • जनु अपवरग सकल तनुधारी-
जेहि तुरंग पर रामु विराजे • गति विलोकि खगनायकु लाजे- ६

दोहा : सजि आरती अनेक विधि, मंगल सकल सँवारि,
चलीं मुहित परिछनि करन, गजगामिनि वरनारि- १/३१७

नयन नीरु हटि मंगल जानी • परिछनि करहिं मुदित मन रानी-
करि आरती अरधु तिन्ह दीन्हा • राम गवनु मंडप तब कीन्हा- २

छंदः बेठारि आसन आरती करि, निरखि बरु सुख पावहीं,
मनि बसन, भूषन भूरि वारहिं, नारि मंगल गावहीं-
मंडपु बिलोकि विचित्र रचनाँ, रुचिरताँ मुनिमन भरे,
निज पानि जनक सुजान सब कहुँ , आनि सिंघासन धरे-
बर.कुअँरि करतल जोरि, साखोच्चार दोउ कुलगुरु करै,
भयो पानि ग्रहनु विलोकि विधि, सुर मनुज मुनि आनँद भरै-
हिमवंत जिमि गिरिजा महेसहि, हरिहि-श्री सागर दई,
जिमि जनक रामहि सिय समरपी, विस्व कल कीरति नई- ८

कुअँर, कुअँरि कल भाँवरि देहि • नयन लाभु सब सादर लेही-
राम.सीय सुंदर प्रतिछाहिं • जगमगात मनि खंभन माहीं-
मनहुँ मदन.रति धरि बहुरूपा • देखत राम विवाहु अनूपा-
राम-सीय सिर सेंदुर देही • सोभा कहि न जाति विधि केहीं-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

બાલકાંડ

દૂત અવધપુર પઠવો જઈને • તેડી આણે - દશરથજીને-
ભલે નાથ કહી ભૂપ સુજાણે • પઠવ્યા દૂત તુરત તે ટાણે-
પછી નૃપે મહાજન બોલાવ્યા • આવી સૌએ શીશ નમાવ્યા-
હાટ-વાટ-મંદિર-આવાસો • કહ્યું નગર ચોપાસ સજાવો-
રચો મંડપો સુંદર જઈને • ગયા હરખતા આણ લઈને-
વિધિ વંદી કીધા આરંભો • રચ્યા કનક કેળોના સ્તંભો- ૬

દોહા : **નીલમ કેરાં પત્ર-ફળ, મણિ-માણિકનાં ફૂલ,**
રચના અદભૂત જોઈને, કરીં વિધિએ પણ ભૂલ- ૧/૪૭

શિવ-બ્રહ્માદિક સઘળા દેવો • નિજ નિજ યાને બેસી તેઓ-
પ્રેમ પુલક તન-હૃદય ઉમંગે • ભરી જાય જોવા સૌ સંગે-
જોઈ જનક પુર સુર અનુરાગ્યા • તુચ્છ લોક નિજનિજના લાગ્યા-
દેવે દશરથ દીઠા જાતે • અતિ પ્રસન્ન રોમાંચિત ગાત્રે-
સોહે સુંદર પુત્રો હારે • જાય સતન જાણે ગતિ ચારે-
જે અશ્વે રઘુવીર બિરાજે • ગતિ દેખી ખગનાયક લાજે- ૬

દોહા : **સજી આરતી વિવિધ વિધ, મંગળ દ્રવ્ય સઁવારી,**
પ્રસન્ન ચાલી પોંખવા, ગજગામિનિ સન્નારી- ૧/૪૮

ખાળીં આંસુ સમય શુભ જાણી • પોંખે પ્રભુને પ્રમુદિત રાણી-
કરી આરતી આપી અર્ઘ્ય • આણ્યા મંડપ રઘુકુળ સુર્ય-

છંદ: **બેસારીં આસન-આરતી કરીં, નિરખી વર ઉર હરખતી,**
મણિ-વસ્ત્ર-ભૂષણ, વારી બહુબહુ, ગીત કલ આલાપતી-
મંડપ તણી શોભા રુચિર, નિરખી મુનિ મન મોહતા,
નિજ હાથ દઈ-દોરી જનક, સૌને સિંહાસન આપતા-
વર-કુંવરી વાળીં હથેળી, શાખોચ્ચાર-કુળ ગુરુઓ કરે,
પાણિગ્રહણ અવલોકી વિધિ, સુર-નર-મુનિ હરખે ભરે-
જ્યમ શૈલરાજે શૈલજા શિવ, સાગરે 'શ્રી' શ્રીહરિ,
ત્યમ જાનકી દઈ રામ જનકે, કીર્તિ જગ જીતી ખરી- ૮

કુંવર-કુંવરી ફરે મંગળ ફેરા • લાભ સકળ લે લોચન કેરા-
સુભગ રામ સિયની પરછાંઈ • ઝળકે મણિ સ્તંભોની માહીં-
વિવા' રામનો જાણે રૂડો • જુએ મદન રતિ ધરી બહુ રૂપો-
માંગ ભરી રામે સિય કેરી • શોભા કહી ના જાય અનેરી-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

छंदः तब जनक पाइ वसिष्ठ आयसु, ब्याहु साज सँवारि कै,
मांडवी श्रुतकीरति-उरमिला, कुएँरि लईं हँकारि कै-
कुसकेतु कन्या प्रथम जो, गुन.सील. सुख सोभामई,
सब रीति.प्रीति समेत करि सो, ब्याहि नृप भरतहि दई-
जानकी लघु भगिनी सकल सुंदरि सिरोमनि जानि कै,
सो तनय दीन्ही ब्याहि लखनहि, सकल विधि सनमानि कै-
जेहि नामु श्रुतकीरति सुलोचनि, सुमुखि सब गुन आगरी,
सो दई रिपुसूदनहि भूपति, रूप.सील.उजागरी- ८

दोहा : सहित बधूटिन्ह कुअँर सब, तब आए पितु पास,
सोभा मंगल.मोद भरि, उमगेउ जनु जनवास- १/३२७

चली बरात निसान बजाई • मुदित छोट बड़ सब समुदाई- १

दोहा : बीच बीच बर बास करि, मग लोगन्ह सुख देत,
अवध समीप पुनीत दिन, पहुँची आइ जनेत- १/३४३

पुरजन आवत अकनि बराता • मुदित सकल-पुलकावलि गाता-
निज निज सुंदर सदन सँवारे • हाट.बाट.चौहट.पुरा द्वारे-
गलीं सकल अरगजाँ सिंचाईं • जहँ तहँ चौकें चारु पुराईं-
देखन हेतु राम वैदेही • कहहु लालसा होहि न केही- ४

दोहा : एहि विधि सबहि देत सुखु, आए राजकुमार,
मुदित मातु परिछनि करहिं, बधुन्ह समेत कुमार- १/३४८

करहिं आरती वारहिं वारा • प्रेमु.प्रमोहु कहै को पारा-
वधुन्ह समेत देखि सुत चारी • परमानंद मगन महतारी-
देव.पितर पूजे विधि नीकी • पूजीं सकल वासना जी की.
सबहिं वंदि मागहिं वरदाना • भाइन्ह सहित राम कल्याना- ४

दोहा : मंगल मोद-उछाह नित, जाहिं दिवस एहि भाँति,
उमगी अवध अनंद भरि, अधिक अधिक अधिकाति- १/३५९

●

बालकांड समाप्त

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

બાલકાંડ

છંદ: લઈ આણ જનકે વસિષ્ઠની, તૈયારી લગ્ન તણી કરી,
શ્રુતિકીર્તિ, માંડવી,ઉર્મિલા, તેડાવી સર્વે કુંવરી-
કુશકેતુ કન્યા માંડવી જે, શોભતી ગુણ રૂપથી,
સૌ રીત પ્રીત સહિત કરી, પરણાવી ભૂપતિ ભરતથી-
લઘુભગિની સિયની ઉર્મિલા, નારી મહીં શિરમોર જે,
આપી સુતનયા લખણને તે, સકળ વિધિ સનમાનીને-
શ્રુતિકીર્તિ નામ સુલોચની, સુમુખી બહુ ગુણ ખાણ જે,
પરણાવી રિપુહન સંગ તેને, શીલ રૂપ અનુપને- ૮

દોહા : વધૂ સંગે ચારે કુંવર, આવ્યા પિતુની પાસ,
શોભા મંગળ મોદથી, છલક્યો જાનીવાસ- ૧/૪૯

ચાલી જાન - નિશાન બજાવી • ચિત્ત પ્રસન્ન સકળ સમુદાઈ-
દેતી સુખ લોકોને પંથે • વચ્ચે વાસ કરી આનંદે-
પૂર્ણ પ્રવાસ કરી દિન પુનીતે • આવી જાન અવધપુર, સમીપે-
આવી જાન સુણી - નરનારી • પુલક્યાં તન-મન મોદ્યા ભારી-
સૌએ નિજનિજ ઘર શણગાર્યાં • વાટ-હાટ-પુર ભાગળ સાજ્યાં-
વાટ ગલી ચંદન સીંચાવ્યા • ચૌટે ચૌટે ચોક પુરાવ્યા-
રામ સીયના દરશન કાજે • કહો - કોણ ઉત્સુક નહિ આજે- ૭

દોહા : કરતા પ્રમુદિત આમ સૌ, આવ્યા રાજદુઆર,
પોંખે માત પ્રસન્ન થઈ, વધૂઓ સહિત કુમાર- ૧/૫૦

આરતી વારંવાર ઉતારે • પ્રેમ પ્રમોદ અકથ તે વારે-
વહુ સંગે દેખી સુત ચારે • હર્ષ મગ્ન થઈ માતા ત્યારે-
પૂજ્યા સુર પિતૃ વિધિ ભૂરિ • મનોકામના થઈ સૌ પૂરી-
વંદી સૌને માગે એવું • રામ સહિત હિત બંધુ કેરું- ૪

દોહા : નિત ઉત્સવ આનંદમાં, વાસર વીત્યા જાય,
ઓગાનો આનંદનાં, વહે-ન અવધ સમાય- ૧/૫૧

●

બાલકાંડ સમાપ્ત

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

• मानससार •

- अयोध्याकांड -

जब तें रामु व्याहि घर आए • नित नव मंगल मोद वधाए-
रिधि सिधि संपति नदीं सुहाई • उमगि अवध अंबुधि कहुँ आइ-
सब विधि सब पुरलोग सुखारी • रामचंद्र मुखचंद्र निहारी-
एक समय सब सहित समाना • राजसभाँ रघुराजु विराजा-
रायँ सुभायँ मुकुर कर लीन्हा • वदनु विलोकी मुकुट सम कीन्हा-
श्रवन समीप भए सित केसा • मनहुँ जरठपनु अस उपदेसा-
नृप जुबराजु राम कहुँ देहू • जीवन.जनम लाहु किन लेहू- ७

दोहा : यह विचारु उर आनि नृप, सुदिनु.सु.अवसरु पाइ,
प्रेम पुलकि तन-मुदित मन, गुरहि सुनायउ जाइ- २/२

नाथ रामु करिअहिं जुवराजू • कहिअ कृपा करि करिअ समाजू-
मोहि अछत यहु होइ उछाहू • लहहिं लोग सब लोचन लाहू-
सुनि मुनि दसरथ वचन सुहाए • मंगल मोद मूल मन भाए- ३

दोहा : • वेगि विलंबु न करिअ नृप, साजिअ सबुइ समाजु ,
सु-दिन-सुमंगलु तबहिं जब, राम होहिं जुबराजु- २/४

राम सीय तन सगुन जनाए • फरकहिं मंगल अंग सुहाए-
पुलकि सप्रेम परस्पर कहहीं • भरत आगमनु सूचक अहहीं- २

दोहा : एहि अवसर मंगलु परम, सुनि रहँसेउ रनिवासु,
सोभत लखि विधु बढत जनु, बारिधि बीचि विलासु- २/७

बाजहिं बाजने विविध विधाना • पुर प्रमोद नहिं जाइ बखाना-
भरत आगमनु सकल मनावहिं • आवहुँ वेगि नयन फलु पावहिं-
कनक सिंघासन सीय समेता • बैठाहिं रामु होइ चित चेता-
सकल कहहिं कब होइहि काली • विघन मनावहिं देव कुचाली-
सारद बोलि विनय सुर करहीं • बारहिं बार पाय लै परहीं- ५

दोहा : • बिपति हमारि विलोकि बड़ि, मातु करिअ सोइ आजु,
रामु जाहिं बन राजु तजि, होई सकल सुरकाजु-
नामु मंथरा मंदमति, चेरी कैकइ केरि,
अवस पेटारी ताहि करि, गई गिरा मति फेरि- २/११

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

• માનસસાર •

- અયોધ્યાકાંડ -

જ્યારથી રામ વિવા કરી આવ્યા • મંગળ મુદ નિત નૂતન છાયા-
રિધ્ધિ સિદ્ધિ સરિતા ઊભરાઈ • ઊમડી અવધ સમુદ્ર સમાઈ-
સર્વ વાત પુરપ્રજા સુખાળી • રામચન્દ્ર મુખચન્દ્ર નિહાળી-
એક સમય ભરી સભા વિરાજયા • કોશલપુર પતિ દશરથ રાજા-
સહજ ભાવ લઈ દર્પણ હાથે • મુગટ સઁવાર્યો જોઈ માથે-
કેશ - કાન પાસેના ધોળા • કહે દાખવી ઘડપણ ઓળા-
નૃપ ક્યમ રામ કરી યુવરાજા • જન્મ જીવન ફળ લો નહિ ઝાઝા- ૭

દોહા : આમ વિચાર કરી નૃપે, સુ.દિન, સુ.અવસર જાણી,
રોમાંચિત તન, મુદિત મન, ગુરુને વાત વખાણી- ૨/૧

નાથ રામ કરવા યુવરાજા • સજીયે સાજ-કરો જો આજ્ઞા-
થાય સુઅવસર જીવન કાળે • લઈ લોચન ફળ લોકો મ્હાલે-
સુણી મુનિ દશરથ વચનો સુંદર • હરખ્યા અતિશય મનની અંદર-
ભૂપ હવે ના સમય વિતાવો • જઈ સામગ્રી સકળ સજાવો-
તેજ દિવસ શુભ-શુભ ઘડી ત્યારે • રામ થાય યુવરાજા જ્યારે-
સિયા રામને શુકન જણાએ • ફરકે મંગળ અંગ બધાંએ-
પુલકી પરસ્પર એમ વિચારે • શુકન-આગમન ભરત ઉચારે- ૭

દોહા : સમાચાર શુભ સાંભળી, હરખ્યો રાણીવાસ,
વધે વૃદ્ધિ વિધુ જોઈ જ્યમ, જલધિ તરંગ વિલાસ- ૨/૨

વાગે વાજાં વિવિધ પ્રકારે • હરખ અવર્ણ્ય નગરમાં ભારે-
ભરત આગમન સર્વે ચાહે • આવી તુરત નયન ફળ પામે-
કનક સિંહાસન પર સિય સંગે • બેસે રામ, મન ભરે ઉમંગે-
થાશે કાલ-કહે સૌ ક્યારે • ઘડે વિઘ્ન સુર સ્વાર્થી ત્યારે-
વિનતી શારદને સૌ કરતા • વારવાર પગ પકડી પડતા-
જોઈ વિપતિ સુર કેરી ભારી • કરો આજ મા-આમ વિચારી-
રામ-રાજ તજી જો વન જાએ • કાર્ય સકળ સુરનાં તો થાએ- ૭

દોહા : નામ 'મંથરા' મંદમતિ, દાસી કૈકઈ રાણી,
કરી અયશની પોટલી, ગઈ મતિ ફેરી 'વાણી'- ૨/૩

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

दीख मंथरा नगरु बनावा • मंजुल मंगल बाज वधावा-
पूछेसि लोगन्ह-काह उछाहू • राम तिलकु सुनि भा उर दाहू-
भरत मातु पहिं गई बिलखानी • का अनमति हसि कह हँसि रानी-
उतरु देइ न लेइ उसासू • नारि चरित करि ढारइ आंसू- ४

दोहा : • सभय रानि कह-कहसि किन, कुसल रामु-महिपालु,
लखनु-भरतु-रिपुदमनु सुनि, भा कुबरि उर सालु- २/१३

रामहि छाडि कुसल केहि आजु • जेहि जनेसु देइ जुवराजु-
भयउ कोसिलहि विधि अति दाहिन • देखत गरब रहत उर नाहिन-
पूत विदेस न सोचु तुम्हारे • जानति हहु बस नाहु हमारे-
जेठ स्वामि-सेवक लघुभाई • यह दिनकरकुल रीति सुहाई-
प्रान तें अधिक रामु प्रिय मोरें • तिन्ह के तिलक छोभु कस तोरे-
कोउ नृप होउ हमहि का हानी • चेरि छाड़ि अब होब कि रानी-
जारै जोगु सुभाउ हमारा • अनभल देखि न जाइ तुम्हारा-
तातें कछुक बात अनुसारी • छमिअ देवि, बड़ि चूक हमारी- ८

दोहा : गूढ.कपट.प्रिय वचन सुनि, तीय अधर बुधि जानि,
सुर माया बस बैरिनिहि, सुहद जानि पतिआनि- २/१६

प्रिय सिय रामु कहा तुम्ह रानी • रामहि तुम्ह प्रिय सो फुरि बानी-
रहा प्रथम-अब तेदिन बीते • समउ फिरें रिपु होहिं पिरीते-
चतुर गँभीर राम महतारी • बीचु पाइ निज बात सँवारी-
पठए भरतु भूप ननिअउरें • राम मातु मत जानब रउरें-
रचि प्रपंचु भूपहि अपनाई • राम तिलक हित लगन धराई-
रामहि तिलक कालि जौं भयऊ • तुम्ह कहुँ बिपति बीजु विधि बयऊ-
जौं सुत सहित करहु सेवकाई • तौ घर रहहु न आत उपाइ- ७

दोहा : 'कहूँ 'बिनतहिं दीन्ह दुखु, तुम्हहि कोशिलाँ देब,
भरत बंदिगृह सेईहहिं, लखनु-राम के नेब- २/१९

नैहर जनम भरब बरु जाई • जिअत न करबि सवति सेवकाई-
भामिनि करहु त कहौ उपाऊ • है तुम्हरीं सेवा बस राऊ-

दोहा : • परउँ कूप तुअ बचन पर, सकउँ पूत-पति त्यागि,
कहसि मोर दुख देखि बड़, कस न करब हित लागि- २/२१

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અયોધ્યાકાંડ

જોઈ મંથરા નગર સુશોભિત • સુણી વાગતાં વાજાં વિધવિધ-
પૂછ્યું-આ છે ઉત્સવ શાનો • રામ તિલક સુણી બળી મન માનો-
ખિન્ન મને ગઈ કૈકઈ પાસે • પૂછ્યું હસી - ક્યમ ભરી ઉદાસે-
દે નહિ ઉત્તર - નાખે નિસાસા • નારી ચરિતના નાખે પાસા-
પૂછે ફરીફરી રાણી સભીતા • કહે ન ક્યમ નૃપ-રામ કુશળતા-
ક્ષેમ લખણ-રિપુહન-ભરતાદિ • ઝાળ સુણી કૂબડી ઉર વ્યાપી- ૬

દોહા : • કુશળ રામ તજી કોણ છે, કરે ભૂપ યુવરાજ,
'કોશિલ' અનુકૂળ જાણી વિધિ, ફૂલે ગર્વે આજ- ૨/૪

પુત્ર વિદેશ-ન ખ્યાલ તમોને • માનો છો વશ ભૂપ અમોને-
જયેષ્ઠ સ્વામી સેવક લઘુભાઈ • સુંદર રઘુકુળ રીતિ ગાઈ-
રામ પ્રાણથી પ્યારા મુજને • લાગે કેમ તિલક ભય તુજને-
થાય નૃપતિ કોં હાનિ મને શું • શું મટી દાસી થઈશ રાણી હું-
બાળે એવું વર્તન મારું • દેખી શકે નહિ અહિત તમારું-
તેથી મેં કંઈ વાત ઉચારી • ક્ષમો ભૂલ દેવિ મુજ ભારી- ૬

દોહા : ગુઢ-કપટી, પ્રિય વચન સુણી, અસ્થિર બુદ્ધિ રાણી,
સુરમાયા વશ વેરીને, નિજ હિતવાંછુ જાણી- ૨/૫

'પ્રિય સિય-રામ' કહ્યું જે રાણી • સત્ય-રામ પ્રિય છો તે વાણી-
હતું પ્રથમ થઈ વાત પુરાણી • સમય ફર્યે-હિત-શત્રુ રાણી-
ચતુર બહુ છે રામની જનની • સાધી વાત મોકે નિજ મનની-
કર્યા ભરત મોસાળે જાતા • રામ માત મત જાણો માતા-
રચી પ્રપંચ-નૃપને સમજાવી • લીધું તિલક મહૂર્ત કઢાવી-
રામતિલક જો કાલે થાશે • વિપદ બીજ વિધિ હાથ વવાશે-
પુત્ર સહિત જો કરશો સેવા • તોજ પામશો આ ઘર રહેવા- ૭

દોહા : જ્યમ 'વિનતા'ને 'કદ્રુ'એ, ત્યમ કોશિલ દુખ દેશે,
ભરત સેવશે બંદિગૃહ, લખણ મંત્રીપદ લેશે- ૨/૬

પિયર રહી છો જન્મ વિતાવું જ જીવતે દાસી શોક્ય ન થાઉં-
કહું ઉપાય-કરો જો જાણી • નૃપ સેવા વશ છે તવ રાણી-
પડું કૂપ તુજ વચનો માની • શકું પુત્ર-પતિને પણ ત્યાગી-
કહે મહાદુખ જાણી મારું • હિત કહ્યું કેમ ન માનું તારું-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

दुइ बरदान भूप सन थाती • मागहु आजु-जुड़ावहु छाती-
सुतहि राजु, रामहि बनवासू • देहु-लेहु सब सवति हुलासू-
भूपति राम सपथ जब करई • तब मागेहु जेहिं वचन न टरई-
होइ अकाजु आजु निसिबीतें • वचनु मोर प्रिय मानेहु जीतें- ४

दोहा : बड़ कुघातु करि पातकिनि, कहेसि-कोपगृहँ जाहु,
काज सँवारेहु सजग सबु, सहसा जनि पतिआहु- २/२२

को न कुसंगति पाइ नसाई • रहइ न नीच मते चतुराई- १

दोहा : • सांझ समय आनंद नृपु, गयउ कैकई गेहँ,
गबनु निठुरता निकट किय, जनु धरि देह सनेह- २/२४

कोपभवन सुति सकुचेउ राऊ • भय बस अगहुड परइ न पाऊ-
जाइ निकट नृप कह मृदुवानी • प्रानप्रिया केहि हेतु रिसानी- २

छंदः केहि हेतु रानि रिसानि परसत पानि, पतिहि नेवारई,
मानहुँ सरोष भुअंग भामिनि, विषम भाँति निहारई-
दोउ वासना रसना, दसन वर मरम ठाहुर देखई,
'तुलसीं नृपति भवितव्यता बस, काम कौतुक लेखई-

सोरठाः • बारबार कह राउ, सुमुखि. सुलोचनि.पिकवचनि,
कारन मोहि सुनाउ, गजगामिनि निज क्रोध कर- २/२५

अनहित तोर प्रिया केइँ कीन्हा • केहि दुइ सिर, केहि जम चह लीन्हा-
कहु केहि रंकहि करौं नरेसू • कहु केहि नृपहि निकासौं देसू-
सकउँ तोर अरि अमरउ मारी • काह कीट बापुरे नरनारी-
प्रिया प्रान-सुत सरवसु मोरें • परिजन प्रजा सकल बस तोरें-
जौं कछु कहौं कपटु करि तोही • भामिनि राम सपथ सत मोही-
विहसि मागु मनभावति बाता • भूषन सजहि मनोहर गाता- ६

दोहा : मागु मागु पै कहहु प्रिय, कबहु न देहु, न लेहु,
देन कहेउ बरदान दुइ, तेउ पावत संदेहु- २/२७

थाति राखि न मागिहु काऊ • बिसरि गयउ मोहि भोर सुभाऊ-
झूठेहु हमहि दोषु जनि देहू • दुइ कै चारि मागि मकु लेहू-
रघुकुल रीति सदा चलि आई • प्रान जाहुँ वरू,, वचन न जाई-
सुनहु प्रानप्रिय भावत जी का • देहु एक वर.भरतहि टीका-
मागउँ दूसर वर कर जोरी • पुरवहु नाथ मनोरथ मोरी-
तापस वेष विसेषि उदासी • चौदह बरिस राम वनवासी-
बिबरन भयउ निपट नरपालू • दामिनि हतेउ मनहुँ तरु तालू- ७

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

છે લેણાં વર બે નૃપ પાસે • તે લઈ તૃપ્ત કરો ઉર આજે-
દઈ સુત રાજ, રામ વનવાસો • હરો શોક્યના સકળ ઉલાસો-
રામ શપથ લે જ્યારે રાજા • માગજો જેથી ફરે ન પાછા-
રાત ગઈ જો - થાશે ભૂંડું • વચન જીવથી ગણજો રૂડું- ૮

દોહા : કરી કુઘાત કહે પાપિણી, કરો કોપગૃહ વાસ,
કરજો કાર્ય સતર્ક સૌ, ઝટ ન કરી વિશ્વાસ- ૨/૭

કો' ન કુસંગતિ પામી નાશે • નીચ મતે ચતુરાઈ વિનાશે-
નૃપ સાંજે મન ભરી ઉમંગે • આવ્યા કૈકઈ ગૃહ આનંદે-
જાણે જાય નિઠુરતા પાસે • સ્નેહ શરીર ધરી ત્યમ ભાસે-
કોપભવન સુણી સહમ્યા રાજા • પડે નૃપતિ પગ ભય વશ પાછા-
નિકટ જઈ બોલ્યા મૃદુવાણી • પ્રાણ પ્રિયે, તું કેમ રિસાણી- ૫

છંદ: ક્યમ રાણી આજ રિસાણી, કહી સ્પર્શે પતિ પણ વારતી,
રોષે ભરી જ્યમ ઝેરી નાગણ, ક્રૂર દૃષ્ટિ નિહાળતી-
વરદાન બે જીભો, દસન સ્થળ મર્મ ડસવાને જુએ,
'તુલસી' નૃપતિ ભાવિ ભૂલી, ક્રીડા રતિ કેરી ગણે-

સોરઠા : સમજાવે બહુ રાવ, સુમુખિ, સુલોચનિ, પિકવચનિ,
કારણ મને બતાવ, ગજગામિની નિજ ક્રોધનું- ૨/૮

અહિત કર્યું પ્રિય તારું કોણે • શિરદ્વય કો', યમ ચાહ્યો કોને-
બોલ કરું ક્યો નિર્ધન રાજો • દેશ નિકાલ કરું ક્યો રાણો-
હોય ભલે રિપુ સુર, દઉં મારી • વિસાતમાં શાં કીંટ નરનારી-
પ્રિયે, પ્રાણ-સુત સઘળું મારું • પરિજન-પ્રજા સકળ છે તારું-
કહું કરી છળ જો કંઈ તુજને • ભામિની, રામ શપથ શત મુજને-
માગ વાત પ્રિય હસી મનભાવન • ભૂષણ સજી કર અંગ સુહાવન- ૬

દોહા : માગ માગ તો પિયુ કહો, દો કે લો ન કદીય,
કહ્યું હતું વર દઈશ બે, શંકા પ્રાપ્તિ હજીય- ૨/૯

રાખી થાપણ કદી ન માગ્યાં • મેં પણ ભૂલી ના સંભાર્યો-
દોષ દઈશ નહિ મુજને ખોટો • ચાર લઈ કર પૂરો તોટો-
રહી રઘુવંશે રીતિ સદાયે • પ્રાણ જાય ભલ વચન ન જાયે-
સુણો પ્રાણ પ્રિય ગમતું મુજને • કરો એક યુવરાજ ભરતને-
માગું બીજું વર કર જોડી • પૂરો નાથ મહેચ્છા મોરી-
મુનિ વેશે થઈ રામ ઉદાસી • સંવત ચૌદ રહે વનવાસી-
વચન સુણી નૃપ નૂર વિલાયું • વીજ પડ્યે જ્યમ તાડ સુકાયું- ૭

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

दोहा : कवने अवसर का भयुउ, गयउँ नारि विश्वास,
जोग सिद्धि फल समय जिमि, जतिहि अविद्या नास- २/२९

बोले राउ कठिन करि छाती • बानि सविनय तासु सोहाती-
जिए मीन बरु वारि बिहीना • मनि बिनु फनिकु जिए दुख दीना-
कहउँ सुभाउ-न छलु मनमाहीं • जीवनु मोर राम विनु नाहीं-
सुनि मृदु वचन कुमति अति जरई • मनहुँ अनल आहुति घृत परई-
देहु कि लेहु अजस-करि नाहीं • मोहि न बहुत प्रपंच सोहाहीं- ५

दोहा : होत प्रभात मुनिवेष धरि, जौं न रामु बन जाहिं,
मोर मरनु • राउर अयस, समुझिअ नृप मनमाहिं- २/३३
देखी व्याधि असाध नृपु, परेउ धरनि धुनि माथ,
कहत परम आरत वचन, राम राम रघुनाथ- २/३४

राम राम रट विकल भुआलू • जनु बिनु पंख विहंग बेहालू-
विलपत नृपहि भयउ भिनुसारा • बीना-बेनु.संख धुनि द्वारा- २

दोहा : • द्वार भीर सेवक सचिव, कहहिं उदित रवि देखि,
जागेउ अजहुँ न अवधपति, कारनु कवनु विसेषि- २/३७

जाहु सुमंत्र जगवहु जाई • कीजिअ काजु रजायसु पाई-
गए सुमंत्र तब राउर माहीं • देखि भयावन जात डेराही-
कहि जयजीव बैठ सिरु नाई • देखि भूप गति गयउ सुखाई-
सचिउ सभीत सकइ नहिं पूँछी • बोली असुभ भरी सुभ छूछी- ४

दोहा : परी न राजहि नींद निसि, हेतु जान जगदीसु,
रामु रामु रटि भोर किय, कहइ न मरमु महीसु- २/३८

आनहु रामहि बेगि बोलाई • समाचार तब पूँछेहु आई-
चलेउ सुमंत्र राय रुख जानी • लखी कुचालि कीन्हि कछु रानी-
निरखि बदनु-कहि भूप रजाई • रघुकुल दीपहि चलेउ लेवाई-
रामु कुभाँति सचिव सँग जाही • देखी लोग जहँ तहँ बिलखाहीं- ४

दोहा : • जाइ दीख रघुवंसमनि, नरपति निपट कुसाजु,
सहमि परेउ लखि सिंघिनिहि, मनहुँ वृद्ध गजराजु- २/३९

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અયોધ્યાકાંડ

દોહા : અવસર કેવો શું થયું, કર્યો નારી વિશ્વાસ,
યોગ સિદ્ધિ સમયે કરે, જ્યમ લઘુ ક્ષતિ યતિ નાશ- ૨/૧૦

બોલ્યા કઠણ કરીને છાતી • વાણી નમ્ર-તેને પોસાતી-
જીવે મીન ભલે વિણ વારિ • દીન મણી વિણ ફણી મૂશકારિ-
કહું સ્વભાવિક છળ નહિ મનમાં • પ્રાણ રામથી છે આ તનમાં-
બળી-ચુણી મૃદુ વચન કુબુદ્ધિ • અનલ પડી જ્યમ ઘૃત અહુતિ-
દો-કે 'ના' કહી અપયશ વ્હોરો • અતિ પ્રપંચ મને લાગે ખોરો- ૫

દોહા : પ્રાત થતાં મુનિ વેશ ધરી, રામ વને નહિ જાય,
મરણ થશે મુજ-અયશ નૃપ, જાણી લેજો રાય-
દેખી વ્યાધિ અસાધ્ય અતિ, કકળી કૂટી કપાળ,
રામ રામ રઘુનાથ કહી, ઢળ્યા મહિ મહિપાળ- ૨/૧૧

રટે રામ વ્યાકુળ નૃપ એવા • પાંખ વિનાના પંખી જેવા-
થયું પ્રભાત નરેશ વિલાપે • બજે બીન-વેણું શંખ દ્વારે-
ભીડ સચિવ-સેવક થઈ દ્વારે • કહે-દેખી રવિ ઉદિત સવારે-
હેતુ વિશેષ કયો છે એવો • ભૂપ હજી જાગે નહિ તેવો-
જાવ સુમંત્ર-જગાડો જઈને • કરીએ કાર્યો આણ લઈને-
ગયા સુમંત્ર ભવનમાં જ્યારે • ડર્યા ભયાનક ભાળી ત્યારે-
કહી જયજીવ બેઠા શિર ટેકી • મન મુરઝાયું નૃપ ગતિ દેખી-
સચિવ સભીત શકે નહિ પૂછી • બોલી વચન અશુભ થઈ રૂખી- ૮

દોહા : ઊંઘ્યા નથી નૃપ રાત ભર, હેતુ જાણ જગદીશ,
પ્રાત કર્યું રટી રામને, કહે ન મર્મ મહીશ- ૨/૧૨

લાવો રામ તુરત બોલાવી • પછી પૂછજો વિગતો આવી-
ગયા મંત્રી નૃપ ઈચ્છા જાણી • કરી કુચાલ કંઈ લાગ્યું રાણી-
જોઈ રામ મુખ કહી નૃપ આજ્ઞા • લઈ સંગે કુળદીપક ચાલ્યા-
જાતા આમ સચિવ સહ જોઈ • શોક કરે જ્યાં ત્યાં સૌ કોઈ-
દીઠા નૃપ ત્યાં રામ કૃપાળે • ભોંય પડેલા ભૂરે હાલે-
જેમ જોઈ સિંહણને જાતી • પડે સભય ભોં ઘરડો હાથી- ૯

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

सरुष समीप दीखि कैकेई • मानहुँ मीचु धरी गति लेई-
तदपि धीर धरि-समउ विचारी • पूँछी मृदु बचन महतारी-
मोहि कहु मातु-तात दुख कारन • करिअ जतन जेहिं होइ निवारन-
देन कहेन्हि मोहि दुइ बरदाना • मागेउँ जो कछु मोहि सोहाना-
सो सुनि भयउ भूप उर सोचू • छाडि न सकहिं तुम्हार सँकोचू-
सबु प्रसंगु रघुपतिहि सुनाई • बैठि मनहुँ तनु धरि निठुराई-
पितहि बुझाई कहहु बलि सोई • चौथेंपन जेहि अयसु न होई- ७

दोहा : गइ मुरुछा रामहि सुमिरि, नृप फिरि करवट लीन्ह,
सचिव राम आगमन कहि, विनय समय सम कीन्ह- २/४३

सचिवँ सँभारि राउ बैठारे • चरन परत नृप रामु निहारे-
रघुपति पितहि प्रेमवस जानी • पुनि कछु कहिहि मातु अनुमानी-
देस-काल अवसर अनुसारी • बोले वचन विनीत विचारी-
अति लघु वात लागि दुखु पावा • काहुँ न मोहि कहि प्रथम जनावा-
देखि गोसाइँहि पूँछेउँ माता • सुनि प्रसंगु भए सीतल गाता-
विदा मातु सन आवउँ मागी • चलिहउँ बनहि बहुरि पग लागी-
अस कहि राम गवनु तब कीन्हा • भूप सोक बस उतरु न दीन्हा- ७

दोहा : काह न पावुक जारि सक, का न समुद्र समाइ,
का न करइ अबला प्रबल, केहि जग कालु न खाइ- २/४७

खरभरु नगर सोचु सब काहू • दुसह दाहु उर - मिटा उछाहू-
रघुकुल तिलक जोरि दोउ हाथा • मुदित मातु पद नायउ माथा-
तात-जाउँ बलि, वेगि नहाहू • जो मन भाव मधुर कछु खाहू-
पितु समीप तब जाएहु भैया • भइ बड़ि वार जाइ बलि मैया-
धरम धुरीन धरम गति जानी • कहेउ मातु सन अति मृदुबानी-
पिताँ दीन्ह मोहि कानन राजू • जहँ सब भाँति मोर बड़ काजू-
आयसु देहि मुदित मन माता • जेहिं मुद मंगल कानन जाता- ७

दोहा : बरस चार दस बिपिन बसि, करि पितु वचन प्रमान,
आइ पाय पुनि देखिहउँ, मनु जनि करसि मलान- २/५३

निरखि राम रुख-सचिव सुत, कारन कहेउ बुझाइ,
सुनि प्रसंगु रहि मूक जिमि, दसा बरनि नहिं जाइ- २/५४

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અયોધ્યાકાંડ

દોહા : ગણવા ઘડી બેસે નિકટ, મૃત્યુ બેઠીં ત્યમ પાસ,
દીઠી કૈકઈ કૃદ્ધ અતિ, પૂછી રામે વાત- ૨/૧૩

માત કહો-પિતુ દુખનું કારણ • કરીએ જેથી યત્ન-નિવારણ-
વચન દીધેલું બે વર લેવા • કહ્યું આજ મન ગમતાં દેવા-
વ્યાપ્યો શોક સુણી તેઓને • શકે ન છોડી રામ તમોને-
બેઠીં પ્રસંગ કહી રઘુપતિને • જાણે નિઠુરતા દેહ ધરીને-
કહો પિતા સમજાવી-વારું • અયશ બુઢાપે મળે- ન સારું- ૫

દોહા : મૂર્છા ગએ સ્મરી રામને, ભૂપે બદલી પીઠ,
રામ આગમન વિદિત કરી, સચિવે નામ્યું શીશ- ૨/૧૪

સચિવે નૃપ હળવે બેસાડ્યા • ચરણ વાંદતા રામ નિહાળ્યા-
પિતા પ્રેમવશ છે ત્યમ જાણી • પણ કંઈ મા કહેશે - અનુમાની
દેશ-કાળ-અવસર અનુસારી • બોલ્યા વચન વિનમ્ર વિચારી-
તુચ્છ વાત કાજે દુખ આણ્યું • પ્રથમ મને ક્યમ કહી ન જણાવ્યું-
જોઈ વિકળ પ્રભુ પૂછ્યું માતા • જાણી વાત વળી મન શાતા-
આવું વિદા માતાની માગી • જાઉં પછી વન પાયે લાગી-
આમ કહીને રામ સિધાવ્યા • ભૂપ શોકવશ કંઈ ના બોલ્યા- ૭

દોહા : બાળી શકે ના અનલ શું, શું ન સમુદ્ર સમાય,
શું ન કરે અબળા પ્રબળ, કો જગ-કાળ ન ખાય- ૨/૧૫

ખભળ્યું પુર-સૌ શોકે ડૂબ્યા • હર્ષ ગયો - દુખ ડુંગર ટૂટ્યા-
જઈ જનની ગૃહ ઊભી સામે • માતુ ચરણ શિર નામ્યું રામે-
વારું તાત, તુરત લો નાહી • કરો ગળ્યું મોં-ગમતું ખાઈ-
જાવ પછી પિતુ પાસે ધાઈ • વાર થઈ બહુ - વારું ભાઈ-
ધર્મ ધુરંધર ધર્મ પિછાણી • કહ્યું માતને કોમળ વાણી-
રાજ પિતાએ વનનું આપ્યું • કાર્ય મહાન થશે મન માન્યું-
થઈ પ્રસન્ન દો આજ્ઞા માતા • થાય સુમંગળ જેથી જાત્રા- ૭

દોહા : ચૌદ વરસ વનમાં રહી, કરી પિતુ વચન પ્રમાણ,
પુનિ આવી પેખીશ પદ, મન ના કરશો મ્લાન-
સચિવ સુતે શ્રીરામ મન, જાણી કીધી વાત,
સડક પ્રસંગ સુણી થયાં, અકથ દશા થઈ માત- ૨/૧૬

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

सरल सुभाउ राम महतारी • बोली वचन धीर धरि भारी-
तात जाउँ बलि कीन्हेउ नीका • पितु आयसु सब धरमक टीका-
जौं केवल पितु आयसु ताता • तौ जनि जाहु जानि बड़ि माता-
जौं पितु-मातु कहेउ बन जाना • तौ कानन सत अवध समाना-
जाहु सुखेन बनहि बलि जाऊँ • करि अनाथ जन परिजन गाऊँ-
सब कर आजु सुकृत फल बीता • भयउ कराल काल विपरीता- ६

दोहा : समाचार तेहि समय सुनि, सीय उठी अकुलाइ,
जाइ सासु पद कमल जुग, बंदि बैठि सिरु नाइ- २/५७

मंजु विलोचन मोचति वारी • बोली देखि राम महतारी-
तात सुनहु-सिय अति सुकुमारी • सासु, ससुर, परिजनहि पिआरी-
सोइ सिय चलन चहत वन साथा • आयसु काह होइ रघुनाथा-
वन हित कोल किरात किसोरी • रची विरंचि विषय सुख भोरी-
कै तापस तिय कानन जोगू • जिन्ह तप हेतु तजा सब भोगू-
सिय वन वसिहि तात-केहि भाँति • चित्र लिखित कपि देखि डेराती-
जौं सिय भवन रहै कह अंबा • मोहि कहँ होइ बहुत अवलंबा- ७

दोहा : कहि प्रिय वचन विवेकमय, कीन्हि मातु परितोष,
लगे प्रबोधन जानकिहि, प्रगटि बिपिन गुनदोष- २/६०

राजकुमारि सिखावनु सुनहू • आन भाँति जियँ जनि कछु गुनहू-
आपन मोर नीक जौं चहहू • बचनु हमार मानि गृह रहहू-
आयसु मोर-सासु सेवकाई • सब विधि भामिनि-भवन भलाई-
मैं पुनि करि प्रवान पितु वानी • बेगि फिरब सुनु सुमुखि सयानी-
दिवस जात नहीं लागत वारा • सुंदरि सिखवनु सुनहु हमारा-
काननु कठिन भयंकर भारी • घोर घामु.हिम वारि बयारी-
कुस-कंटक मग काँकरु नाना • चलब पयादेहिं बिनु पदत्राना-
कंदर खोह नदीं.नद.नारे • अगम-अगाध-न जाहिं निहारे- ८

दोहा : भूमि सयन वलकल बसन, असनु-कंद-फल-मूल,
ते कि सदा-सब दिन मिलहिं, सबुइ समय अनुकूल- २/६२

नर अहार रजनीचर चरहीं • वेष कपट विधि कोटिक धरहीं-
हंस गवनि तुम्ह नहिं वन जोगू • सूनि अपजसु मोहि देइहि लोगू-
सुनि मृदु वचन मनोहर पिय के • लोचन ललित भरे जल सियके-
लागि सासु पग-कह कर जोरी • छमबि देवि बड़ि अविनय मोरी-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અયોધ્યાકાંડ

સરળ સ્વભાવ કૌશલ્યા રાણી • બોલ્યાં ધૈર્ય ધરી મૃદુ વાણી-
વારું તમ પર પિતુ મન રાખ્યું • શ્રેષ્ઠ ધર્મ પિતુ આજ્ઞા ભાખ્યું-
તાત-હોય કેવળ પિતુ આજ્ઞા • તો ન જશો ગણી મોટી માતા-
પણ પિતુ માતુ કહે વન જાઓ • તો વન શત કોશલપુર થાઓ-
જાવ સુખે વન વારું ભૈયા • કરી અનાથ જન-સ્વજન અયોધ્યા-
ખૂટ્યાં સૌનાં પૂણ્યો આજે • કર્યું અશુભ થઈ વિપરીત કાળે- ૬

દોહા : સમાચાર ત્યારે સુણી, ઊઠી સિય અકળાઈ,
જઈ સાસુ પદ કમળ ગ્રહી, બેઠી શીશ નમાઈ- ૨/૧૭

મંજુલ નેત્ર વહે છલકાઈ • દેખી કહે કૌશલ્યા માઈ-
તાત સુણો-સિય છે સુકુમારી • સાસુ-શ્વસુર પરિજનને પ્યારી-
તે સિય ચહે જાવા વન સાથે • આજ્ઞા શું ધારી રઘુનાથે-
વન કાજે છોરી ભીલ કોળી • વિષય સુખે રચી વિધિએ ભોળી-
અથવા તાપસ સ્ત્રી વન છાજે • જેણે ભોગ તજ્યા તપ કાજે-
સીય વને કયમ રહશે સાથે • કપિ ચિત્રે જે ડરતી રાત્રે-
રહે ભવન જો- બોલ્યાં માતા • થાય મને આધાર સુજાતા- ૭

દોહા : કહી પ્રિય વચન વિવેકમય, દઈ માને સંતોષ,
સમજાવે પછી સીયને, વિપિન તણા ગુણદોષ- ૨/૧૮

સુણો શિખામણ રાજકુમારી • મન ન આણશો અન્ય વિચારી-
હિત આપણ બેનું ચાહો જો • માની મારું ઘેર રહીં તો-
આજ્ઞા મારી સાસુ સેવા • લાભ સકળ લભશો ઘર તેવા-
હું પણ પાળી પિતુની વાણી • વળીશ તુરત પાછો ઘર શાણી-
સમય જશે પ્રિય સત્વર વીતી • સુણો સુંદરી શીખ સપ્રીતિ-
વન વસવાટ ભયંકર ભારી • તાપ તાઢ અતિ વાયું વારિ-
ઝાંખર-કાંકર પંથ ન થોડા • છે પદ યાત્રા વિણ પગ જોડા-
કોતર-કંદર-નદ, નદી-નાળાં • ઊંડા અગમ-ન જાય નિહાળ્યાં- ૮

દોહા : ભૂમિ શયન-વલ્કલ વસન, અશન-કંદ-ફળ-મૂળ,
તે પણ શું નિત્યે મળે, સર્વ સમય અનુકૂળ- ૨/૧૯

નરભક્ષી રજનીચર વિચરે • કપટ વેશ વિધવિધ લઈ નીસરે-
હંસગામિની યોગ્ય ન વનને • સુણી અયશ સૌ દેશે મુજને-
વચન સુણી મૃદુ મંજુલ પ્રિયનાં • લોચન લલિત ભરાયાં તિયનાં-
પડી સાસુ પદ કહે કર જોડી • ક્ષમે દેવિ, અવિનયના નારી-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

दीन्हि प्रानपति मोहि सिख सोई • जेहि विधि मोर परम हित होई-
मैं पुनि समुझि.दीखि मन मांहीं • पिय वियोग सम दुखु जग नाहीं-
मातु-पिता-भगिनी-प्रिय भाई • प्रिय परिवारु सुहृद समुदाई-
सासु-ससुर-गुर-सजन सहाई • सुत सुंदर, सुशील सुखदाई-
तनु-धनु-धामु-धरनि-पुर-राजू • पति विहीन सबु सोक समाजू- ९

दोहा : खग-मृग-परिजन, नगरु-बनु, बलकल, विमल दकूल,
नाथ साथ सुरसदन सम, परनसाल सुखमूल- २/६५

विनती बहुत करौं का स्वामी • करुनामय उर अंतरजामी-
अस कहि सीय बिकल भइ भारी • बचन बियोगु न सकी सँभारी-
देखि दसा रघुपति जियँ जाना • हठि राखें नहिं राखिहि प्राना-
कहेउ कृपाल भानु कुल नाथा • परिहरि सोचु चलहु वन साथा-
समाचार जब लछिमन पाए • व्याकुल विलख बदन उठि धाए-
कहि न सकत कछु चितवत ठाढ़े • मीनु दीनु जनु जल ते काढे-
बोले बचनु राम-नयनागर • सील सनेह.सरल.सुखसागर- ७

दोहा : मातु.पिता.गुरु.स्वामि सिख, सिर धरि करहिं सुभायँ,
लहेउ लाभु तिन्ह जनम कर, नतरु जनम जग जायँ- २/७०

भवन भरतु रिपुसुदन नाहीं • राउ वृद्ध मम दुखु मन माहीं-
मैं बन जाउँ तुम्हहि लइ साथा • होइ सबहि विधि अवध अनाथा-
रहहु-करहु सब कर परितोषू • नतरु तात होइहि बड़ दोषू-
गुर-पितु-मातु न जानउँ काहू • कहउँ सुभाउ नाथ पतिआहू-
मन-क्रम-बचन चरन रत होई • कृपासिन्धु परिहरिअ कि सोई- ५

दोहा : करुनासिन्धु सुबंधु के, सुनि मृदु वचन विनीत,
समुझाए उर लाइ प्रभु, जानि सनेहँ सभीत- २/७१

मागहु विदा मातु सन जाई • आनहु वेगि चलहु बन भाई-
हरषित हृदयँ मातुपहिं आए • मनहुँ अंध फिरि लोचन पाए-
पूँछे मातु-मलिन मन देखी • लखन कही सब क्या विसेषी-
धीरजु धरेउ कुअवसर जानी • सहज सुहृद बोली मृदुवानी-
तात तुम्हारि मातु वैदेही • पिता रामु सब भाँति सनेही-
अवध तहाँ जहँ राम निवासू • जहँइ दिवसु जहँ भानु प्रकासू-
अस जियँ जानि संग बन जाहू • लेहू तात, जग-जीवन लाहू- ७

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અયોધ્યાકાંડ

આપી શીખ પતિએ એવી • સર્વ પ્રકારે હિતકર તેવી-
મેં પણ સમજી જોયું વિચારી • પતિ વિયોગ સમ દુખ નહિ ભારી-
માત-પિતા-ભગિની-પ્રિય ભાઈ • પ્રિય પરિવાર-સુહૃદ સમુદાઈ-
સાસુ-શ્વસુર-ગુરુ-સ્વજન-સહાયક • સુત શીળો સુંદર સુખદાયક-
તન-ધન-ધામ-રાજ-પુર-ધરણી • દુખ સામગ્રી પતિ વિણ વરણી- ૯

દોહા : ખગ-મૃગ-પરિજન, વન-નગર, વલ્કલ તન-પટકૂળ,
નાથ સાથ સુરસદન સમ, પર્ણકુટિર સુખમૂળ- ૨/૨૦

વિનતી કરું વધુ શું હું સ્વામી • છો કરુણામય અંતરયામી-
થઈ વ્યાકુળ સિય આમ કહીને • વિરહ વાત પણ સહી ન શકી તે-
દેખી દશા-મન રામ વિચારે • તજશે પ્રાણ પરાણે રાખ્યે-
કહ્યું કૃપાળુ ભાનુકુળ નાથે • તજો શોક-ચાલો વન સાથે-
ખબર લખણ આ જ્યારે પામ્યા • વિકળ મ્લાન મોં લઈને ધાયા-
ઊભા મૌન-નયનને ખોડી • મીન દીન જ્યમ કરી જળ નોખી-
બોલ્યા રઘુવર નીતિનાગર • શીલ સ્નેહ-સુખ કેરા સાગર- ૭

દોહા : શીખ-માતુ-પિતુ-સ્વામી-ગુરુ, શિર ધરી પાળે જેહ,
તેજ લાભ લે જન્મનો, અવર વ્યર્થ જગ દેહ- ૨/૨૧

નથી ભરત-રિપુસૂદન ઘરમાં • રાવ વૃદ્ધ ને મુજ દુખ મનમાં-
જો લઈ જાઉં તને વન સાથે • થાય અનાથ અવધ સૌ વાતે-
તોષો ઘર રહી પુર નર નારી • નકર દોષ થાશે બહુ ભારી-
ગુરુ-પિતુ-માતુ- ન કોઈ જાણું • સત્ય કહું પ્રભુ એક પિછાણું-
મન-ક્રમ-વચન ચરણ રત હોયે • કૃપાસિન્ધુ-શું તજીયે તોયે-

દોહા : કરુણાઅયને બંધુનાં, સુણીને વચન વિનીત,
સમજાવ્યા ઉર ચાંપીને, જાણી સ્નેહ સભીત- ૨/૨૨

જઈ માતાની આજ્ઞા લાવો • તુરત પછી વન જાવા ચાલો-
આવ્યા હરખાતા મા પાસે • અંધ જેમ ફરી લોચન લાધે-
પૂછ્યું ખિન્ન વિલોકી માતે • કીધાં અવગત સઘળી વાતે-
ધૈર્ય ધરી કુસમય છે જાણી • સહજ સુહૃદ બોલ્યાં મૃદુવાણી-
તાત- તમારી મા વૈદેહી • પિતા-રામ સૌ વાત સનેહી-
ત્યાંજ અવધ-જ્યાં રામ નિવાસે • ત્યાંજ દિવસ જ્યાં સૂર્ય પ્રકાશે-
આમ ગણી વન સંગ સિધાવો • લો સુત જગ જીવ્યાનો લ્હાવો- ૭

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

छंदः उपदेसु यहु जेहि तात तुम्हरे, राम सिय सुख पावहीं,
पितु मातु-प्रिय परिवार पुर सुख, सुरति बन बिसरावहीं,
'तुलसीं प्रभुहि सिख देइ आयसु, दीन्ह-पुनि आसिष दई,
रति होउ अविरल अमल सिय, रघुवीर पद नित नित नई-

सिय समेत दोउ तनय निहारी • व्याकुल भयउ भूमिपति भारी-
नाइ सीसु पद अति अनुरागा • उठि रघुवीर बिदा तब मागा-
तब नृप सीय लाइ उर लीन्ही • अति हित बहुत भाँति सिख दीन्ही-
कहि बन के दुख दुसह सुनाए • सासु ससुर.पितु सुख समुझाए-
सीय सकुच बस उतरु न देई • सो सुनि तमाकि उठी कैकई-
मुनिपट.भूषण.भाजन आनी • आगें धरि बोली मृदु बानी-
नृपहि प्रानप्रिय तुम्ह रघुबीरा • सील सनेह न छाड़िहि भीरा-
रामु तुरत मुनि बेषु बनाई • चले जनक.जननिहि सिरु नाई - ८

दोहा : सजि बन साजु-समाजु सबु, बनिता बंधु समेत,
बंदि बिप्र गुर चरन प्रभु, चले करि सबहि अचेत- २/७९

निकसि बसिष्ठ द्वार भए ठाढ़े • देखे लोग बिरह दव दाढ़े-
सब कै सार सँभार गोसाईं • करबि जनक.जननी की नाईं-
बारहिं बार जोरि जुग पानी • कहत रामु सब सन मृदु बानी- ३

दोहा : • मातु सकल मोरें बिरहँ, जेहिं न होहिं दुख दीन,
सोइ उपाउ तुम्ह करेहु सब, पुरजन परम प्रबीन- २/८०

एहि बिधि राम सबहि समुझावा • गुरपद पदुम हरषि सिरु नावा-
गनपति गौरि.गिरीसु मनाई • चले असीस पाइ रघुराई-
गइ मुरुछा तब भूपति जागे • बोलि सुमंत्रु कहन अस लागे-

दोहा : सुठि सुकुमार कुमार दोउ, जननकसुता-सुकुमारी,
रथ चढ़ाइ देखराइ बनु, फिरहु गएँ दिन चारी- २/८१

• पाइ रजायसु-नाइ सिरु, रथु अति बेग बलाइ,
गएउ जहाँ बाहेर नगर, सीय सहित दोउ भाइ- २/८२

चलत रामु लखि अवध अनाथा • बिकल लोग सब लागे साथा-
कृपासिंधु बहु बिधि समुझावहिं • फिरहिं प्रेम बस पुनि फिरि आवहिं-
सबहिं बिचारु कीन्ह मनमाहीं • राम लखन सिय बिनु सुखु नाहीं-
जहाँ रामु तहँ सबुइ समाजू • बिनु रघुबीर अवध नहिं काजू- ४

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અયોધ્યાકાંડ

છંદ: ઉપદેશ એકજ તાત તમને, રામ સિય વન સુખ લહે,
મા-બાપ- પ્રિય પરિવાર પુર સુખ, કેરી સ્મૃતિ વન ના રહે-
'તુલસી' લખણ બોધી દીધી, આજ્ઞા પછી આશિષ દઈ,
રતિ થાય નિર્મલ-ગાઢ રઘુવર સિય પદે નિત નિત નઈ-

સિય સમેત સુત બેઉ નિહારી • થયા વિકળ મહિપતિ મન ભારી-
અતિ અનુરાગે શીશ નમાવી • માર્ગી વિદા રઘુવીરે આવી-
ભૂપતિએ સિયને હિય ચાંપી • શીખ હેત કરી બહુબહુ આપી-
દુઃખ દુસહ વનનાં સંભળાવ્યાં • શ્વસુર-પિતા-ઘર-સુખ સમજાવ્યાં-
મૌન લાજવશ રહી સિય શાણી • સુણી ક્રુદ્ધ થઈ ઊઠી રાણી-
વસ્ત્ર-કમંડળ ભૂષણ આણી • ધરી સામે બોલી મૃદુ વાણી-
રામ, ભૂપને છો બહુ વાલા • ભીરુ-પ્રેમવશ નહિ દે જાવા-
રામ તુરત મુનિવેશ લઈને • ચાલ્યા માત-પિતા વંદીને- ૮

દોહા : વન ઉપયોગી સાજ સજી, વનિતા બંધુ સમેત,
ચાલ્યા દ્વિજ ગુરુ પદ નમી, કરીને સર્વ અચેત- ૨/૨૩

નીસરી કુળગુરુ પાસે આવ્યા • વિરહે પુરજન બળતા ભાળ્યા-
સાર રાખજો સૌની સ્વામી • માત-પિતા સમ થઈને હામી-
વાર વાર જોડી જુગ પાણિ • સંબોધ્યા પુરજન મૃદુવાણી-
માતાઓ આ સઘળી મારી • છે મુજ વિરહે અતિ દુખિયારી-
કરજો તેમ પ્રવીણ પુરવાસી • રહે ન વિરહે કોઈ ઉદાસી-
આમ કહી-સૌને સમજાવી • હરખી ગુરુ પદ પંકજ વાંદી-
ગૌરી-ગણેશ-મહેશ મનાવી • લઈ આશિષ ચાલ્યા રઘુરાઈ-
વળી મૂર્છા ત્યારે નૃપ જાગ્યા • તેડી સુમંત્રને કહેવા લાગ્યા- ૮

દોહા : અતિ કોમળ છે જાનકી, કુંવર બેઉ સુકુમાર,
વન દેખાડી રથમહીં, વળો દિવસમાં ચાર- ૨/૨૪

લઈ નૃપ આજ્ઞા શીશ નમાવી • ગયા સચિવ રથ તુરત સજાવી-
આવ્યા પાદર જ્યાં રઘુવીરા • હતા લખણ સિય સહ ગતિધીરા-
અવધ અનાથ-જતાં પ્રભુ જોઈ • ચાલ્યા સાથ વિકળ સૌ કોઈ-
કૃપાસિન્ધુ બહુબંહુ સમજાવે • વળે ન પાછા ફરીફરી આવે-
સર્વ વિચાર કરે મનમાહીં • રામ લખણ સિય વિણ સુખ નાહીં-
હશે રામ જ્યાં-ત્યાં સૌ કોઈ • કામ ન અવધે રઘુવર ખોઈ- ૬

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

दोहा : बालक वृद्ध बिहाइ गृहँ, लगे लोग सब साथ-
तमसा तीर निबासु किन, प्रथम दिवस रघुनाथ- २/८४

रघुपति प्रजा प्रेम वस देखी • सदय हृदयँ दुखु भयउ विसेषी-
कहि सप्रेम मृदु वचन सुहाए • बहु विधि राम लोग समुझाए-
किए धरमु उपदेस घनेरे • लोग प्रेम वस फिरहिं न फेरे-
लोग-सोग-श्रम वस गए सोई • कछुक देव मायाँ मति मोई-
जबहिं जाम जुग जामिनि वीती • राम सचिव सन कहेउ सप्रीती-
खोज मारि रथु हाँकहु ताता • आन उपायँ बनिहि नहिं बाता- ६

दोहा : राम-लखन-सिय जान चढ़ि, संभु चरन सिरु नाइ,
सचिवँ चलायउ रथ तुरत, इत-उत खोज दुराइ- २/८५

जागे सकल लोग भएँ भोरू • गे रघुनाथ-भयउ अति सोरू-
रथ कर खोज कतहुँ नहिं पावहिं • राम राम कहि चहुँ दिसि धावहिं-
एहि विधि करत विलाप कलापा • आए अवध भरे परितापा-

●

सीता सचिव सहित दोउ भाई • सृंगवेरपुर पहुँचे जाई-
यह सुधि गुहँ निषाद तब पाई • मुदित लिए प्रिय बंधु बोलाई-
लिए मूल-फल भेंट भरि भारा • मिलन चलेउ हियँ हरषु अपारा-
सहज सनेह बिवस रघुराई • पूँछी कुसल निकट बैठाई-
नाथ कुसल पद पंकज पेखें • भयउँ भाग्य भाजन जन लेखें-
कृपा करिअ पुर धारिअ पाऊ • थापिअ जनु सब लोग सिहाऊ- ९

दोहा : बरस चारिदस बासु बन, मुनि ब्रत-बेषु-अहारु,
ग्राम बासु नहिं उचित सुनि, गुहहि भयउ दुखु भारु- २/८८

तब निषादपति उर अनुमाना • तरु सिंसुपा मनोहर जाना-
गुहँ सँवारि साँथरि डसाई • कुस किसलयमय मृदुल सुहाई-

दोहा : • सिय-सुमंत्र-भ्राता सहित, कंद-मूल-फल खाई,
सयन कीन्ह रघुबंसमनि, पाय पलोटत भाई- २/८९

उठे लखनु प्रभु सोवत जानी • कहि सचिवहि सोवन मृदुवानी-
कछुक दूरि सजि बान.सरासन • जागन लगे बैठि वीरासन-
आपु लखन पहिं बैठेउ जाई • कटि भाथी सर-चाप चढाई-
सोवत प्रभुहि निहारि निषादू • भयउ प्रेम वस हृदयँ विषादू-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અયોધ્યાકાંડ

દોહા : રાખી બાળક-વૃદ્ધ ઘર, ચાલ્યા સર્વે સાથ,
વાસ કર્યો 'તમસા' તટે, પ્રથમ દિવસ રઘુનાથ- ૨/૨૫

જોઈ પ્રેમ વશ પુર નરનારી , રઘુપતિ હૃદય દુભાયું ભારી-
કહી પ્રેમલ-મૃદુ વચન મનોહર • સમજાવે પુરજનને રઘુવર
કર્યો ધર્મ ઉપદેશ ઘણેરો • વળે ન કોઈ સનેહ અનેરો-
દુખિત-શ્રમિત સૌ સૂતા જ્યારે • મોહ્યા સુરમાયાએ ત્યારે-
રાત પ્રહર બે જ્યારે વીતી • કહ્યું સચિવને રામે સપ્રીતિ-
હાંકો રથ-કરી નષ્ટ નિશાનો • અન્ય ઉપાય ન લાગે આનો- ૮

દોહા : શંભુપદ વંદી ચઢ્યાં, રામ-લખણ-સિય યાન,
હાંક્યો રથ સચિવે તુરત, ભૂસી સર્વ નિશાન- ૨/૨૬

થાતાં ભોર સકળ જન જાગ્યા • થયો શોર સુણી રામ સિધાવ્યા-
રથની ભાળ મળે નહિ ક્યાંએ • 'રામ-રામ' કહી ચોદિશિ ધાએ-
આમ વિલપતા સૌ પુરવાસી • વળ્યા અવધ-ઉર ભરી ઉદાસી-

●

સંગ સચિવ-સિય-લક્ષ્મણ ભાઈ • 'શૃંગવેર' પહોંચ્યા રઘુરાઈ.
સમાચાર ગુહ પામ્યો જ્યારે • મુદિત બંધુ પ્રિય તેડ્યા ત્યારે-
ભેટ-મૂળ-ફળ લઈ ભરી ભારા • મુદિ મળવા ચાલ્યો રઘુરાયા-
સહજ સ્નેહ વશ થઈ ખરારિ • પૂછ્યા કુશળ નિકટ બેસારી-
નાથ કુશળ પદ પંકજ પેખે • ચઢ્યો ભાગ્યવંતોના લેખે-
દાસ ગણી પ્રભુ નગર પધારો • લોક સરાહે ભાગ્ય સિતારો- ૯

દોહા : ચૌદ વરસનો વાસ વન, મુનિવ્રત વેશ અહાર,
ગ્રામવાસ અનુચિત સુણી, દૂભ્યો ગુહક અપાર- ૨/૨૭

ત્યારે ગુહકે સ્થાન વિચાર્યું • અશોક તરુ તળ સુંદર લાગ્યું-
સુંદર શૈયા જઈ બિછાવી • કોંપળ મૃદુલ દરભની લાવી-
સંગ સચિવ-સિય ને લઘુભ્રાતા • કંદ મૂળ ખાઈ જગત્રાતા-
પોઢ્યા રઘુકુળમણિ રઘુરાઈ • ચાંપે ચરણ લઈ લઘુભાઈ-
ઊઠી લખણ પ્રભુ પોઢ્યા જાણી • કહ્યું 'સચિવ પોઢો' મૃદુવાણી-
દૂર જઈ સજ્જ બાણ શરાસન • કરે ચોકી વાળી વીરાસન-
બેઠો લખણ કને ગુહ આવી • તૂણ કડે-શર.ચાપ ચઢાવી-
પોઢ્યા પ્રભુને દેખી નિષાદે • કહ્યું પ્રેમવશ થઈ વિષાદે- ૮

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

दोहा : सुचि-सुविचित्र-सुभोगमय, सुमन सुगंध सुबास,
पलँग मंजु-मनिदीप जहँ, सब विधि सकल सुपास- २/९०

तहँ सिय रामु सयन निसि करहीं • निज छबि रति-मनोज मदु हरहीं-
ते सिय रामु साथरीं सोए • श्रमित.वसन बिनु जाहिं न जोएँ-
भयउ विषादु निषादहि भारी • राम सीय महि सयन निहारी-
बोले लखन मधुर मृदवानी • ग्यान विराग भगति रस सानी-
काहु न कोइ सुख दुख कर दाता • निज कृत करम भोग सबु भ्राता-
जोग-विजोग, भोग-भल-मंदा • हित-अनहित, मध्यम, भ्रम फंदा-
जनमु-मरनु जहँ लगि जगजालू • संपति-विपति-करम अरु कालू-
देखिअ-सुनिअ, गुनिअ मनमाहीं • मोह मूल, परमारथु नाहीं- ८

दोहा : सपनें होइ भिखारि नृप, रंक नाकपति होइ,
जागें-लाभु न हानि कछु, तिमि प्रपंच जियँ जोइ- २/९२

अस विचारि नहि कीजिअ रोसू • काहुहि बादि न देइअ दोसू-
मोह निसाँ सब सोवनिहारा • देखिअ सपन अनेक प्रकारा-
एहिं जग जामिनि जगहिं जोगी • परमारथी प्रपंच वियोगी-
जानिअ तवहिं जीव जग जागा • जब सब विषय विलास विरागा-
होइ विवेकु - मोह भ्रम भागा • तब रघुनाथ चरन अनुरागा-
सखा-परम परमारथु एहू • मन-क्रम वचन राम पद नेहू- ६

दोहा : भगत-भूमि-भूसुर-सुरभि, सुर हित लागि कृपाल,
करत चरित धरि मनुज तनु, सुनत मिटहिं जगजाल- २/९३

कहत राम गुन भा भिनुसारा • जागे जग मंगल सुख दारा-
अनुज सहित सिर जटा बनाए • देखि सुमंत्र नयन जल छाए-
हृदयँ दाहु अति वदन मलीना • कह कर जोरि बचन अति दीना-
नाथ कहेउ अस कोसलनाथा • लै रथु जाहु राम कें साथा-
बनु देखाइ, सुरसरि अन्हनाई • आनेह फेरि वेगि दोउ भाई-
लखनु-रामु-सिय आनेहु फेरी • संसय सकल सँकोच निबेरी- ६

दोहा : नृप अस कहेउ गोसाँ जस, कहइ करौं बलि सोइ,
करि विनती पायन्ह परेउ, दीन्ह बाल जिमि रोइ- २/९४

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

દોહા : સુભગ-શુચિ-સગવડ ભર્યો, સુમન સુગંધ સુવાસ,
રત્નદીપ-કોમળ શયન, સુખ પૂરણ આવાસ- ૨/૨૮

ત્યાં પોઢે નિત સિય-રઘુરાઈ • હરતાં રતિ-મનસિજ મદ, ભાઈ-
તેવાં તે સોઢણ વિણ સૂતાં • શ્રમિત સાથરે જાય ન જોતાં-
થયો વિષાદ ગુહકને ભારી • રામ સીય ભોં સૂતાં ભાળી-
બોલ્યા લખણ મધુર મૃદુવાણી • જ્ઞાન-વિરતિ-ભક્તિરસ છાણી-
નથી કોઈ સુખ દુખનો દાતા • કરમ ભોગને સૌ નિજ ભ્રાતા-
યોગ-વિયોગ, સુભોગ-કુભોગો • મિત્ર-શત્રુ-સમ સૌ ભ્રમ રોગો-
જન્મ મરણ, ગતિ કાળ કરમની • સુખ દુખ સૌ છે જાળ જગતની-
જોતાં સુણતાં ચિંતન કરતાં • મોહજ મૂળ, ન સત્ય જગતમાં- ૮

દોહા : સ્વપ્ને થાય ભિખારી નૃપ, રંક થાય સુરપાળ,
જાગ્યે લાભ ન હાનિ કંઈ, ત્યમ જગ માયાજાળ- ૨/૨૯

રોષ ન આમ વિચારી કરીએ • દોષ કોઈને વ્યર્થ ન દઈએ-
મોહનિશામાં સઘળા સૂતા • સ્વપ્નો વિધવિધ તેમાં જોતા-
જગ રાત્રીમાં જાગે જોગી • જે પરમાર્થી-પ્રપંચ વિયોગી-
ગણો જીવ ત્યારે જગ જાગ્યો • જ્યારે વિષય વિલાસ વિરાગ્યો-
જાય મોહ-ભ્રમ-વિવેક જાગ્યે • મન ત્યારે પ્રભુપદ અનુરાગે-
આજ પરમ પરમારથ રીતિ • મન કમ વચન રામપદ પ્રીતિ- ૯

દોહા : ભક્ત-ભૂમિ-ધેનુ-ભૂસુર, સુર હિત કાજ કૃપાળ,
કરે ચરિત ધરી મનુજ તન, સુણ્યે મટે જગજાળ- ૨/૩૦

પ્રાત થયું પ્રભુના ગુણ ગાતાં • જાગ્યા જગપતિ સુખદાતા ત્યાં-
અનુજ સહિત શિર જરા બનાવી • જોઈ સચિવ આંખો છલકાઈ-
દાહ ઉરે-મુખ ગ્લાનિ ન થોડી • બોલ્યા દીન વચન કર જોડી-
નાથ, કહ્યું છે કોશલનાથે • જાવ લઈ રથ રામની સાથે-
વન દેખાડી, ગંગ નવાડી • આણો તુરત પરત બેઉ ભાઈ-
સંશય ને સંકોચ નિવારી • રામ, લખણ, સિય આણો વાળી- ૯

દોહા : નૃપ આજ્ઞા છે આમ પ્રભુ, કરીશ કહેશો તેમ,
કરી વિનતી પગમાં પડ્યા, રોયા બાળક જેમ- ૨/૩૧

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

मंत्रिहि राम उठा प्रबोधा • तात धरम मतु तुम्ह सब सोधा-
सिबि-दधीच-हरिचंद नरेसा • सहे धरम हित कोटि कलेसा-
रंतिदेव-बलि भूप सुजाना • धरमु धरेउ सहि संकट नाना-
धरमु न दूसर सत्य समाना • आगम निगम पुरान वखाना-
संभावित कहुँ अपजस लाहू • मरन कोटि सम दारुन दाहू-
तुम्ह सन तात, बहुत का कहऊँ • दिएँ उतरु फिरि पातकु लहऊँ ६

दोहा : पितुपद गहि-कहि कोटि नति, विनय करब कर जोरि,
चिंता कवनिहु बात कै, तात, करिअ जनि मोरि- २/९५

कह सुमंत्र पुनि भूप सँदेसू • सहि न सकिहि सिय बिपिन कलेसू-
जेहि विधि अवध आव फिरि सीया • सोइ रघुवरहि तुम्हहि करनीया-
पितु सँदेसु सुनि कृपानिधाना • सियहि दीन्ह सिख कोटि विधाना-
पतिहि प्रेममय विनय सुनाई • कहति सचिव सन गिरा सुहाई-
तुम्ह पितु ससुर सरिस हितकारी • उतरु देउँ फिरि अनुचित भारी- ५

दोहा : • आरति बस सनमुख भइउँ, बिलगु न मानहु तात-
आरजसुत पद कमल बिनु, बादि जहाँ लगि तात- २/९७
सासु-ससुर सन मोहि हुँति, विनय करबि परि पायँ,
मोर सोचु जनि करिअ कछु, मैं वन सुखी सुभायँ- २/९९

बरबस राम सुमंत्रु पठाए • सुरसरि तीर आप तब आए-
मागी नाव न केबटु आना • कहइ तुम्हार मरमु मैं जाना-
चरन कमल रज कहुँ सब कहई • मानुस करनि मूरि कछु अहई-
छुअत सिला भइ नारि सुहाई • पाहन तें न काठ कठिनाई-
तरनिउ मुनि घरिनि होई जाई • वाट परई मोरि नाव उठाई-
जौं प्रभु पार अवसि गा चहहू • मोहि पद पदुम पखारन कहहू- ६

छंदः पद कमल धोइ - चढाइ नाव, न नाथ उतराई चहौं,
मोहि राम राउरि आन- दसरथ सपथ, सब साची कहौं-
बहु तीर मारहुँ लखनु पै, जब लगि न पाय पखारिहौं,
तब लगि न तुलसीदास नाथ, कृपाल पार उतारिहौं-

सोरठाः सुनि केवट के बैन, प्रेम लपेटे अटपटे,
बिहसे करुनाऐन, चितइ जानकी लखन तन-

२/१००

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અયોધ્યાકાંડ

રામે સચિવ ઉઠાવી બોધ્યા • તાત-ધર્મ મત આપે શોધ્યા-
શિબિ-દધીચિ-હરિચંદ્ર નરેશે • રાખ્યો ધર્મ ર્ગ્યા વિણ કલેશે-
રંતિદેવ બળિરાજ સુજાણે • સહ્યાં સંકટો નથી અજાણ્યે-
ધર્મ ન સત્ય સમાન જગતમાં • વાત કહી શ્રુતિ શાસ્ત્ર નિગમમાં-
અયશ પ્રતિષ્ઠિત પુરુષો કાજે • કોટિ મૃત્યુ સમ કહ્યું સમાજે-
તાત વધુ શું કહેવું મારે • લણું પાપ - દઈ ઉત્તર ભારે- ૬

દોહા : કોટિ નમન કરી પદ ગ્રહી, કહેજો જોડી હાથ,
ચિંતા કોઈ પ્રકારની, કરે ન મારી તાત- ૨/૩૨

કહ્યો સુમંત્રે નૃપ સંદેશો • સિય નહિ સહીં શકે કાનન કલેશો-
વળે અવધ જ્યમ જનકકુમારી • કરજો ત્યમ સહ રામ વિચારી-
સુણીને પ્રભુએ પિતુ સંદેશો • સમજાવી સિય દઈ ઉપદેશો-
અતિ પ્રેમે પતિને વીનવીને • કહ્યું મૃદુલતાથી મંત્રીને-
તમે સ્વસુર પિતુ સમ હિતકારી • દઉ પ્રતિ ઉત્તર અનુચિત ભારી-
તાત કહું છું દુખની મારી • મન ધરશો નહિ અન્ય વિચારી-
વિણ પતિ પદ પંકજ સુખદાતા • લાગે વ્યર્થ મને સૌ નાતા- ૭

દોહા : સાસુ-શ્વસુરને વીનવજો.મુજવતી લાગી પાય,
કરે ન ચિંતા - હું વને, દુખી ન મનથી જરાય- ૨/૩૩

રામે માંડ સુમંત્ર વળાવ્યા • પછી આપ ગંગા તટ આવ્યા-
માગી નાવ, ન કેવટ લાવ્યો • બોલ્યો મર્મ તમારો જાણ્યો-
કહે ચરણ રજમાં છે એવી • બૂટી મનુજ જડને કરે તેવી-
સ્પર્શ થતાંજ શિલા થઈ નારી • નાવ પોચી પથ્થરથી મારી-
જો તરણી મુનિ ગૃહણી થાએ • જાએ લૂટી જિવાઈ જાએ-
જો પ્રભુ પાર જવાજ વિચારે • તો ધોવા પદ પદમ હકારે- ૬

છંદ: પદકમળ ધોઈ ચઢાવું નાવ, ન નાથ ઉતરાઈ ચહું,
મને આપ કેરી આણ, દશરથ શપથ લઈ સાચું કહું-
છો તીર મારે લખણ પણ, પગ જ્યાં લગી ન પખાળું હું,
ત્યાં લગી ન 'તુલસીદાસ' નાથ, કૃપાળ પાર ઉતારું હું-

સોરઠા: સુણી કેવટની વાત, પ્રેમ લપેટી અટપટી,
મરક્યા કરુણાતાત, જોઈ જાનકી લખણ ભણી- ૨/૩૪

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

कृपासिन्धु बोले मुसुकाई • सोइ करु.जेहिं तव नाव न जाई-
बेगि आनु जल पाय पखारू • होत विलंबु उतारहि पारू-
जासु नाम सुमिरित एक वारा • उतरहिं नर भवसिंधु अपारा-
सोइ कृपालु केवटहि निहोरा • जेहिं जगु किय तिहु पगहु ते थोरा-
केवट राम रजायसु पावा • पानि कठवता भरि लेई आवा-
अति आनंद उमगि अनुरागा • चरन सरोज पखारन लागा- ६

दोहा : पद पखारि जलपान करि, आपु सहित परिवार,
पितरु पार करि प्रभुहि पुनि, मुदित गयउ लेइ पार- २/१०१

उतरि ठाढ़ भए सुरसरि रेता • सीय-रामु-गुह-लखन समेता-
केवट उतरि दंडवत कीन्हा • प्रभुहि सकुच एहि कछु नहिं दीन्हा-
पिय हिय की सिय जाननिहारी • मनि मुदरी मन मुदित उतारी
कहेउ कृपाल लेहि उतराई • केवट चरन गहे अकुलाई-
नाथ आजु मैं काह न पावा • मिटे दोष दुख दारिद दावा- ५

दोहो : • बहुत कीन्ह प्रभु-लखन-सियँ, नहिं केवट कछु लेइ,
विदा कीन्ह करुनायतन, भगति विमल बरु देइ- २/१०२

तब गनपति-सिव सुमिरि, प्रभु, नाइ सुरसरिहि माथ,
सखा-अनुज-सिय सहित बन, गवनु कीन्ह रघुनाथ- २/१०४

तेहि दिन भयउ विटप तर वासू • लखन सखाँ सब कीन्ह सुपासू-
प्रात प्रातकृत करि रघुराई • तीरथराजु दीख प्रभु जाई-
तब प्रभु भरद्वाज पहिं आए • करत दंडवत मुनि उर लाए-
राम सप्रेम कहेउ मुनि पाहीं • नाथ कहिअ हम केहि मग जाहीं-
मुनि मन बिहसि राम सन कहहीं • सुगम सकल मग तुम्ह कहँ अहहीं-
मुनि बटु चारि संग तब दीन्हे • जिन्ह बहु जनम सुकृत सब कीन्हे-
करि प्रनाम रिषि आयसु पाई • प्रमुदित हृदय चले रघुराई- ७

दोहा : विदा किए बटु विनय करि, फिरे पाई मनकाम,
उतरि नहाए जमुन जल, जो सरीर सम स्याम- २/१०९

पुनि सिय-राम-लखन कर जोरी • जमुनहि कीन्ह प्रनामु बहोरी-
चले स सीय मुदित दोउ भाई • रवि तनुजा कइ करत बड़ाई-
पथिक अनेक मिलहिं मग जाता • कहहिं सप्रेम देखि दोउ भ्राता-
राज लखन सब अंग तुम्हारें • देखि सोचु अति हृदय हमारें-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

કહ્યું મરકી મનમાં રઘુરાયે • કર ત્યમ જ્યમ તુજ નાવ ન જાયે-
ઝટ આણી જળ, પાય પખારી • વિણ વિલંબ દે પાર ઉતારી -
એકવાર નર નામ જપીને • પાર-અપાર કરે ભવનિધિને
તે કૃપાળુ વિનવે કેવટને • કર્યું લઘુ ત્રણ ડગથીય જગને -
કેવટ રઘુપતિ આજ્ઞા પામી • કાથરોટ ભરીને જળ આણી-
ઉમગી આનંદે અનુરાગ્યો • પખાળવા પદ પંકજ લાગ્યો - ૬

દોહા : પગ ધોઈ જળપાન કરી, પોતે ને પરિવાર,
પિતુ તારી પ્રભુને પછી, મુદિત ઉતાર્યા પાર- ૨/૩૫

ઉતરી ઊભા સુરસરી રેતે • રામ- સીય-ગુહ-લખણ સમેતે-
પડ્યો દંડવત કેવટ પગમાં • દીધું ન કંઈ પ્રભુ લાજ્યા મનમાં-
પિયુના મનને એળખનારી • સિયે મણિની મુદરી ઉતારી-
કહ્યું કૃપાળે લે ઉતરાઈ • ગ્રહ્યા કેવટે પદ અકળાઈ-
નાથ-આજ હું શું ના પામ્યો • મુજ દુખ દોષ દરિદ દવ શામ્યો-
સિય-પ્રભુ-લખણે બહુબહુ કીધું • પણ ના માન્યો કંઈ ના લીધું-
વિમળ ભક્તિ વર દઈ શ્રીરામે • વિદા કર્યો કરુણાના ધામે- ૭

દોહા : શીશ નમાવી ગંગને, સ્મરી શંભુ ગણનાથ,
સખા-લખણ-સિય સહિત વન, ગમન કર્યું રઘુનાથ- ૨/૩૬

કીધો તે દિન તરુ તળ વાસો • કીધા લખણ-ગુહે રહીરાશો-
પ્રાત કર્મ કરી જઈ પ્રયાગે • કીધાં દરશન અતિ અનુરાગે-
ભરદ્વાજ મુનિ પાસે આવ્યા • પ્રણામ કરતા પ્રભુ-ઉર ચાંપ્યા-
પૂછ્યું મુનિએ અતિ અનુરાગે • કહો નાથ, જઈએ ક્યે વાટે-
મુનિ મન મરકી બોલ્યા ત્યારે • રામ માર્ગ સૌ સુગમ તમારે-
ચાર બટુકને સાથે દીધા • પુણ્ય બહુ ભવ જેણે કીધા-
પ્રણમી ઋષિ આદેશ લઈને • ચાલ્યા રામ પ્રસન્ન થઈને- ૭

દોહા : બટુક વળાવ્યા વીનવી, ચાલ્યા પૂરણકામ,
સ્નાન કર્યું જમુના જળે, શરીર શું જે શ્યામ- ૨/૩૭

સીય-લખણ સહ કર જોડીને • પ્રભુ પ્રણમ્યા પછી કાલિંદીને-
ચાલ્યા સિય સંગે બેઉ ભાઈ • વખાણતા દિનકરની જાઈ-
મળે મારગે પથિકો જાતા • કહે સપ્રેમ દેખી બેઉ ભ્રાતા-
રાજ ચિહ્ન સૌ તને તમારાં • ક્ષોભે ઉર અતિ જોઈ અમારાં-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

मारग चलहु पयादेहि पाएँ • ज्योतिषु झूठ हमारें भाएँ-
अगमु पंथु गिरि कानन भारी • तेहि महँ साथ नारि सुकुमारी-
करि-कहेरि वन जाइ न जोई • हम सँग चलहिं जो आयसु होई-
जाब.जहाँ लगि तहँ पहुँचाई • फिरब बहोरि तुम्हहि सिरु नाई- ८

दोहा : एहि विधि पूँछहि प्रेम वस, पुलक गात-जल नैन,
कृपासिन्धु फेरहिं तिन्हहि, कहि विनीत मृदु वैन- २/११२

सीता लखन सहित रघुराई • गाँव निकट जब निकसहिं जाई-
सुनि सब बाल वृद्ध नरनारी • चलहिं तुरत गृह काजु बिसारी-
बरनि न जाई मनोहर जोरी • सोभा बहुत थोरि मति मोरी-
राम-लखन सिय सुंदरताई • सब चितवहिं चित-मन-मति लाई-
थके नारि-नर प्रेम पियासे • मनहुँ मृगी-मृग देखि दिआसे-
सीय समीप ग्रामतिय जाहीं • पूँछत अति सनेह सकुचाहीं-
स्वामिनि अविनय छमबि हमारी • बिलगु न मानब जानि गँवारी-
राजकुअँर दोउ सहज सलोने • इन्ह तें लही दुति मरकत सोने- ८

दोहा : श्यामल-गौर-किसोर वर, सुंदर सुषमा ऐन,
सरद सर्बरीनाथ मुखु, सरद सरोरुह नैन- २/११६

कोटि मनोज लजावनिहारे • सुमुखि-कहहु को आहिं तुम्हारे-
सुनि स्नेहमय मंजुल बानी • सुकुचि सीय मन महुँ मुसुकानी-
तिन्हहि बिलोकि बिलोकति धरनी • दुहुँ सकोच सकुचति वरवरनी-
सकुचि सप्रेम बाल मृगनयनी • बोली मधुर वचन पिकवचनी-
सहज सुभाय सुभग तन गोरे • नामु-लखनु, लघु देवर मोरे-
बहुरि वदनु विधु-अंचल ढाँकी • पिय तन चितइ भौंह करि बाँकी-
खंजन मंजु तिरीछे नयननि • निज पति कहेउ तिन्हहिं सियँ सयननि-
भई मुदित सब ग्रामवधूटीं • रंकन्ह राय रासि जनु लूटीं- ८

दोहा : अति सप्रेम सिय पायँ परि, बहुविधि देहिं असीस,
सदा सोहागिनि होहु तुम्ह, जब लगि महि अहि सीस- २/११७

पारवती सम पति प्रिय होहू • देवि न हम पर छाडब छोहू-
पुनि पुनि विनय करिअ कर जोरी • जौं एहि मारग फिरिअ बहोरी-
दरसनु देब जाति निज दासी • लखीं सीयँ सब प्रेम पिआसी-
मधुर वचन कहि कहि परितोषीं • जनु कुमुदिनी कौमुदी पोषीं-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અયોધ્યાકાંડ

જોઈ પથે જાતાં પગપાળાં • જ્યોતિષ જૂઠાં ઠરે અમારાં-
અગમ પંથ-ગિરિ કાનન ભારી • વળી સંગ છે સ્ત્રી સુકુમારી-
વસે વને સિંહો ને હાથી • હો આજ્ઞા તો થઈએ સાથી-
જશો જ્યાં લગી ત્યાં લગી આવી • વળશું પાછા શીશ નમાવી- ૮

દોહા : એમ પૂછતાં પ્રેમવશ, પુલકે તન-જળ નૈન,
પાછા વાળે પ્રેમથી, વીનવીને મૃદુવેણ- ૨/૩૮

રામ-લખણ-સિયસંગે જ્યારે • જાય ગામ પાસેથી ત્યારે-
બાળ-વૃદ્ધ સઘળાં નરનારી • ધાય-સુણી ઘર-કામ વિસારી-
વરણી ન જાય મનોહર જોડી • શોભા અતિ મતિ મારી થોડી-
રામ-લખન-સિયની સુંદરતા • લાવી મન-મતિ-ચિત્ત નિરખતા-
ચક્તિ પ્રેમ પ્યાસા સૌ થાએ • દેખીં દીપ જયમ મૃગમૃગી થાએ-
ગ્રામનારી સિય સમીપે જાએ • સ્નેહ વિવશ કહેતાં અચકાએ-
ક્ષમજો અવિનય માત અમારો • મન ન આણશો ગણી ગમારો-
રૂપ બેઉનું સહજ સલોણું • લસે એનીં દ્યુતિ લઈ મણિ-સોનું- ૮

દોહા : શ્યામલ-ગૌર-કિશોર વય, સુંદર સુષમા ધામ,
શરદ શીતાશું સમ વદન, નયન કમલ અભિરામ- ૨/૩૯

કોટિ મનોજ લજાવે એવા • થાય સુમુખિ, તમને શું તેવા-
સુણી સ્નેહમય મંજુલ વાણી • લાજી સિય- મનમાં મલકાણી-
ઘડીક જુએ સૌ ભણી ઘડીં ધરણીં • લાજ દ્વયે લાજે પ્રિય વરણી-
લાજી કહે મૃગનૈની સપ્રીતે • વચનો કોકિલ કંઠ વિનીતે-
સહજ સ્વભાવ સુભગ તન ગોરા • નામ 'લખણ' છે દીયર મોરા-
વદન વિધુ પછી પાલવ ઢાંકી • પિયુ ગમ હેરી-કરી ભૌં વાંકી-
મંજુલ ખંજન નયની શાણી • કરી સંકેત કહે - નિજ સ્વામી-
હરખી ગામ તણી વહુ બેટી • રાજ રાશિ જયમ રંકે લૂટી- ૮

દોહા : અતિ પ્રેમે સિય પગ પડી, દે બહુ બહુ આશિષ,
સદા સુહાગણ થઈ રહો, જ્યાં લગી મહિ અહિ શીશ- ૨/૪૦

થાવ પાર્વતિ સમ પતિ પ્યારી • દેવિ ન દેશો અમને વિસારી-
વારવાર વીનવીએ માતા • વળો યદિ આ મારગ પાછા-
તો દરશન દેજો ગણી દાસી • દીઠીં સિયે સૌ પ્રેમ પિયાસી-
મધુર વચન કહીને પરિતોષી • જેમ પોપણી ચંદ્રે પો[illegible]-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

तबहिं लखन रघुवर रुख जानी • पूँछेउ मगु लोगन्हि मृदुवानी-
सुनत नारि-नर भए दुखारी • पुलकित गात-बिलोचन वारी-
समुझि करम गति-धीरजु कीन्हा • सोधि सुगम मगु तिन्ह कहि दीन्हा- ७

दोहा : लखन-जानकी सहित तब, गवनु कीन्ह रघुनाथ,
फेरे सब प्रिय बचन कहि, लिए लाइ मन साथ- २/११८

फिरत नारिनर अति पछताहीं • दैवहि दोषु देहिं मनमाहीं-
सहित विषाद परस्पर कहहीं • विधि करतब उलटे सब अहहीं-
रूख कल्पतरु, सागर खारा • तेहिं पठाए वन राजकुमारा-
जौं पै इन्हहिं दीन्ह वनवासू • कीन्ह वादि विधि भोग विलासू-
ए बिचरहिं बन बिनु पदत्राना • रचे वादि विधि वाहन नाना-
तरुवर वास इन्हहि विधि दीन्हा • धवल धाम रचि रचि श्रम कीन्हा-
जौंए कंद-मूल-फल खाहीं • बादि सुधादि असन जगमाहीं- ७

दोहा : • जौं ए मुनिपट धर-जटिल, सुंदर-सुठि-सुकुमार,
विविध भाँति भूषन-वसन, बादि किए करतार- २/११९

अेहि विधि कहि कहि वचन प्रिय, लेहि नयन भरि नीर-
किमि चलिहहिं मारग अगम, सुठि सुकुमार सरीर- २/१२०

आगें रामु-लखनु बने पाछें • तापस वेष बिराजन काछें-
उभय बीच सिय सोहति कैसें • ब्रह्म जीव बिच. माया जैसें-
देखत वन सर सैल सुहाए • वालमीकि आश्रम प्रभु आए-
मुनि कहुँ राम दंडवत कीन्हा • आसिरवादु विप्रवर दीन्हा-
देखि पाय मुनिराय तुम्हारे • भए सुकृत सब सुफल हमारे-
अब जहँ राउर आयसु होई • मुनि उदवेगु न पावै कोई-
अस जियँ जानि कहिअ सौ ठाऊँ • सिय-सौमित्र सहित जहँ जाऊँ- ७

दोहा : पूँछेहु मोहि कि रहौं कहँ, मैं पूछत सकुचाउँ,
जहँ न होहु तहँ देहु कहि, तुम्हहिं देखाउ ठाउँ- २/१२७

सुनहु राम-अब कहउँ निकेता • जहाँ वसहु सिय.लखन समेता-
जिन्ह के श्रवन समुद्र समाना • कथा तुम्हारि सुभग सरि नाना-
भरहिं निरंतर होहिं न पूरे • तिन्ह के हिय तुम्ह कहुँ गृह रूरे-
लोचन चातक जिन्ह करि राखे • रहहिं दरस जलधर अभिलाषे-
तिन्ह के हृदय सदन सुखदायक • वसहु बंधु-सिय सह रघुनायक- ५

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અયોધ્યાકાંડ

પૂછ્યો લખણે પ્રભુ રુખ જાણી • લોકોથી મારગ મૃદુ વાણી-
થયાં દુખિત સુણીને નરનારી • પુલકે ગાત - નયનમાં વારિ-
કરમ ગતિ ગણી ધીરજ ધારી • ચીંધ્યો મારગ સુગમ વિચારી- ૭

દોહા : સિય-લક્ષ્મણ સંગે પછી, ચાલ્યા શ્રીરઘુનાથ,
વાળ્યાં વીનવીને સહુ,પણ મન લીધાં સાથ- ૨/૪૧

વળતાં નરનારી પસ્તાએ • દોષ દૈવને દે મનમાંહે-
કહે સખેદ પરસ્પર એવું • ગણિત ઉલટ સઘળું વિધિ કેરું-
વૃક્ષ કલ્પતરુ, સાગર-ખારો • વને મોકલ્યા રાજકુમારો-
દેવો તો આને વન વાસો • વ્યર્થ રચ્યા વિધિ ભોગ વિલાસો-
એ વિચરે પદત્રાણ વિનાના • વ્યર્થ રચ્યાં વિધિ વાહન નાના-
તરુ તળ વાસ વિધિએ દીધો • ભવ્ય ભવન રચી રચી શ્રમ કીધો-
કંદ-મૂળ-ફળ જોએ ખાએ • વ્યર્થ સ્વાદુ વ્યંજન જગમાંહે-
જો એઓ વલ્કલ તન ધારે • માથે મુગટ જટાનો બાંધે-
વસ્ત્રાભૂષણ વિધવિધ ત્યારે • વ્યર્થ બનાવ્યાં છે કરતારે- ૯

દોહા : આમ કહી કહી પ્રિયવચન, ભરતાં નયને નીર,
વિકટ વાટ ક્યમ કાપશે, અતિ સુકુમાર શરીર- ૨/૪૨

આગળ રામ-સુબંધુ પછાડી • શોભે તાપસ વેશ સુ.સાજી-
સોહે સિય બે વચ્ચે કેવી • બ્રહ્મ-જીવ વચ-માયા જેવી-
જોતા મનહર ગિરિ-સર-કાનન • આવ્યા રઘુવર વાલ્મીકિ આશ્રમ-
દંડ પ્રણામ મુનિને કીધા • વિપ્રવરે શુભ આશિષ દીધા-
કરી દરશન મુનિ ચરણ તમારાં • સફળ થયાં સૌ પુણ્ય અમારાં-
આજ્ઞા પ્રભુની હોય હવે જ્યાં • પામે નહિ દુખ કોઈ મુનિ જ્યાં-
સ્થાન વિચારી બતાવો આવું • સિય-સૌમિત્ર સહિત જ્યાં જાઉં- ૭

દોહા : પૂછો મુજને ક્યાં રહું, હું પૂછતાં અચકાઉં,
હો ન તમે જ્યાં તે કહો, સ્થાન પછી બતલાઉં- ૨/૪૩

રામ, કહું છું સ્થાનો તેવાં • સીય, લખણ સહ વસવા જેવાં-
હોય કાન જળનિધિ સમ જેના • રામ કથા સુંદર સરી નાના-
ઠલવાએ નિત-તોય અધૂરા • હિય તેનાં ઘર કાજે રૂડા-
ચાતક સમ નયનો કરી બેસે • દરશન મેઘ તણી અભિલાષે-
તેના હૃદય સદન સુખદાયક • વસો બંધુ સિય સહ રઘુનાયક- ૫

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

दोहा : जसु तुम्हार मानस विमल, हंसिनि जीहा जासु,
मुक्ताहल गुनगन चुगई, राम बसहु हियँ तासु- २/१२८

प्रभु प्रसाद सुचि सुभग सुवासा • सादर जासु लहइ नित नासा-
तुम्हहि निवेदित भोजन करहीं • प्रभु प्रसाद पद भूषन धरहीं-
कर-नित करहिं रामपद पूजा • राम भरोस हृदयँ नहिं दूजा-
चरन राम तीरथ नित जाहीं • राम बसहु तिन्ह के मनमाहीं- ४

दोहा : सबु करि मागहिं एक फलु, राम चरन रति होउ,
तिन्ह के मनमंदिर बसहु. सिय.रघुनंदन दोउ- २/१२९

काम-क्रोध-मद-मान न मोहा • लोभ न छोभ न राग न द्रोहा-
जिन्ह कें कपट दंभ नहिं माया • तिन्ह कें हृदयँ वसहु रघुराया-
कहहिं सत्य प्रिय वचन विचारी • जागत-सोवत-सरन तुम्हारी-
तुम्हहि छाड़ गति दूसर नाहीं • राम बसहु तिन्ह के मनमाहीं- ४

दोहा : स्वामि-सखा-पितु-मातु-गुर, जिन्ह के सब तुम्ह तात,
मन मंदिर तिन्ह के बसहु, सीय सहित दोउ भ्रात- २/१३०

कह मुनि सुनहु भानुकुल नायक • आश्रम कहउँ समय सुखदायक-
चित्रकूट गिरि करहु निवासू • तहँ तुम्हार सब भाँति सुपासू-
अत्रि आदि मुनिवर बहु बसहीं • करहिं जोग-जप-तप तन कसहीं-
चलहु सफल श्रम सब कर करहू • राम-देहु गौरव गिरिवरहू- ४

दोहा : • चित्रकूट महिमा अमित, कही-महामुनि गाइ-
आइ नहाए सरित बर, सिय समेत दोउ भाइ- २/१३२

रघुवर कहेउ लखन भल घाटू • करहु कतहुँ सब ठाहर ठाटू-
अस सुनि लंखन ठाउँ देखरावा • थलु विलोकि रघुवर सुखु पावा-

दोहा : राम-लखन-सीता सहित, सोहत परन निकेत,
जिमि बासव वस अमरपुर, सची-जयंत समेत- २/१४१

●

कहेउँ राम वन गवनु सुहावा • सुनहु सुमंत्र अवध जिमि आवा-
पैठत नगर सचिव सकुचाई • जनु मारेसि गुर-बाँभन गाई-
बैठि विटप तर दिवसु गँवावा • सांझ समय तब अवसरु पावा-
अवध प्रवेसु कीन्ह अँधिआरें • पैठ भवन रथु राखि दुआरें-
जिन्ह जिन्ह समाचार सुनि पाए • भूप द्वार रथु देखन आए- ५

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અયોધ્યાકાંડ

દોહા : તવ યશ માનસરોવરે, હંસ જીભ બની જેહ,
ગુણ ગણનાં મોતી ચણે, રામ વસો તે ગેહ- ૨/૪૪

પ્રભુ પ્રસાદ/મધુર સુવાસે • ભરે નાક નિત સાદર શ્વાસે-
અર્પી આપ-પછી લે ભોજન • પ્રભુ પ્રસાદ જેનાં પટ ભૂષણ-
હાથ-પદાંબુજ પ્રભુ નિત પૂજે • શ્રદ્ધા રામ સિવાય ન બીજે-
ચરણ-રામ તીરથ નિત જાએ • વસો રામ તેના મનમાંહે- ૪

દોહા : ચહે સકળ કરી એક ફળ, રામ ચરણ રતિ થાય,
તેને મનમંદિર વસો, સીય સહિત રઘુરાય- ૨/૪૫

કામ-ક્રોધ, મદ-માન ન મોહો • લોભ.ક્ષોભ નહિ રાગ ન દ્રોહો-
દંભ ન કપટ ન જેને માયા • તેને હૃદય વસો રઘુરાયા-
વદે સત્ય પ્રિય વચન વિચાર્યું • સૂતે-જાગે -શરણ તમારું-
ગતિ ન અન્ય તમોને છાંડી • રામ વસો તેના મન માહીં- ૪

દોહા : સ્વામી-સખા-પિતુ-માતુ-ગુરુ, આપજ સર્વે-તાત,
મનમંદિર તેને વસો, સીય સહિત બેઉ ભ્રાત- ૨/૪૬

કહ્યું પછી મુનિએ રઘુનાયક • સ્થળ છે સમય ઉચિત સુખદાયક-
ચિત્રકૂટ ગિરિ ઊપર વાસો • કરો-સુખદ સૌ વાતે ખાસો-
'અત્રિ'આદિ મુનિવર ત્યાં વસતા • કરી યોગ-જપ-તપ- તન કસતા-
કરો સફળ શ્રમ સૌના જઈને • દો ગૌરવ ગિરિને પણ રહીને-
ચિત્રકૂટ મહિમા મુનિનાથે • કહ્યો અમિત-સુણીને રઘુનાથે-
સિય સહ આવીને બેઉ ભ્રાતે • સ્નાન કર્યું, 'મંદાકિની' ઘાટે-
કહ્યું રામે, છે ઘાટ મજાનો • લખણ પ્રબંધ કરો રહેવાનો-
શોધી લખણે સ્થાન બતાવ્યું • જોતાં પ્રભુને પણ પ્રિય લાગ્યું- ૮

દોહા : રામ-લખણ-સીતા સહિત, સોહે પર્ણનિકેત,
જ્યમ સુરવર અમરાપુરે, શચી-જયંત સમેત- ૨/૪૭

●

વરણ્યું જ્યમ વન રામ સિયાવ્યા • સુણો- સચિવ જ્યમ અવધે આવ્યા-
પુર પેઠે ક્ષોભે મન એવું • જ્યમ માર્યા હો દ્વિજ ગુરુ ધેનું-
તરુ તળ બેસી દિવસ વિતાવ્યો • સાંજ સમય મન અનુકૂળ લાગ્યો-
પુર પ્રવેશ કીધો અંધારે • ગયા ભવન રથ રાખી દ્વારે-
ખબર આગમન જે જે પામ્યા • જોવા રથ નૃપદ્વારે આવ્યા- ૫

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

दोहा : सचिव आगमनु सुनत सबु, बिकल भयउ रनिवासु,
भवनु भयंकरु लाग तेहि, मानहुँ प्रेत निवासु- २/१४७

अति आरति पूँछहिं सब रानी • उतरु न आव बिकल भइ बानी-
सुनइ न श्रवन-नयन नहिं सूझा • कहहु कहाँ नृपु तेहि तेहि बूझा-
दासिन्ह दीख सचिव विकलाई • कैशल्या गृहँ गई लेवाई-
जाइ सुमंत्र दीख कस राजा • अमिय रहित जनु चंदु विराजा-
आसन-सयन-विभूषन हीना • परेउ भूमितल निपट मलीना-
राम-राम कह राम सनेही • पुनि कह राम-लखन-वैदेही- ६

दोहा : देखि सचिवँ-जयजीव कहि, कीन्हेउ दंड प्रनामु,
सुनत उठेउ ब्याकुल नृपति, कहु सुमंत्र कहँ रामु- २/१४८

कहाँ लखनु, कहँ रामु सनेही • कहँ प्रिय पुत्रवधू वैदेही-
विलपत राउ विकल बहु भाँती • भइ जुग सरिस सिरति न राती-
तापस अंध साप सुधि आई • कौसल्यहि सब कथा सुनाई-
भयउ विकल वरनत इतिहासा • राम रहित धिग जीवन आसा-
सो तनु राखि करब मैं काहा • जेहिं न प्रेम पनु मोर निवाहा-
हा रघुनंदन प्रान पिरीते • तुम्ह विन जिअत बहुत दिन वीते- ६

दोहा : राम राम कहि राम कहि, राम-राम कहि राम,
तनु परिहरि रघुवर विरहँ, राउ गयउ सुरधाम- २/१५५

जिअन.मरन फलु दसरथ पावा • अंड अनेक अमल जसु छावा-
जिअत राम विधु वदन निहारा • राम विरह करि मरनु सँवारा-
एहि विधि विलपत रैनि बिहानी • आए सकल महामुनि ग्यानी-
तेल नावँ भरि नृप तन राखा • दूत बोलाइ बहुरि अस भाषा-
धावहु वेगि भरत पहिं जाहू • नृप सुधि कतहुँ कहहु जनि काहू-
एतनेहि कहेहु भरत सन जाई • गुर बोलाई पठयउ दोउ भाई-
अनरथु अवध अरंभेउ जब तें. कसुगन होहिं भरत कहँ तब तें-
मागहिं हृदयँ महेस मनाई • कुसल मातु-पितु-परिजन-भाई- ८

दोहा : एहि विधि सोचत भरत मन, धावन पहुँचे आइ,
गुर अनुसासन श्रवन सुनि, चले गनेसु मनाइ- २/१५७

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અયોધ્યાકાંડ

દોહા : સચિવ આગમન સુણી સકળ, વિકળ થયો રણવાસ,
ભાસે ભયકર ભવન જ્યમ, ભૂત તણો આવાસ- ૨/૪૮

દીન દુખે પૂછે સૌ રાણી • જડે ન ઉત્તર વ્યાકુળ વાણી-
સુણે ન કાન, ન નયને સૂઝે • કહો નૃપતિ ક્યાં સૌને પૂછે-
જોઈ મંત્રીને વિકળ ઉદાસી • કૌશલ્યા ઘર લાવી દાસી-
ભૂપ સુમંત્રે દીઠા કેવા • સુધા વિહીન સુધાકર જેવા-
વિણ આસન ભૂષણ-તન મેલા • પડ્યા ભૂમિ-વિણ સેજ અકેલા-
રામ-રામ કહે રામ સનેહી • સ્મરે વળી-લક્ષ્મણ વૈદેહી- ૬

દોહા : કહીં જ્યજીવ કર્યા પછી, સચિવે દંડ પ્રણામ,
ઊઠ્યા વ્યાકુળ નૃપ સુણી, કહે સુમંત્ર ક્યાં રામ- ૨/૪૯

ક્યાં લક્ષ્મણ ક્યાં રામ સનેહી • ક્યાં પ્રિય પુત્રવધૂ વૈદેહી-
વિલપે આમ નૃપતિ બહુ રીતે • રાત થઈ યુગશી ના વીતે-
શાપ 'શ્રવણ' મૃત્યુ સ્મૃતિ આવી • કૌશલ્યાને કથા સુણાવી-
વ્યાપી કહેતાં વાત નિરાશા • રામ વિના ધિગ જીવન આશા-
રાખી કરું શું તન આ જેણે • પ્રેમ પ્રતિજ્ઞા પાળી ન તેને-
હા રઘુનંદન પ્રાણ પિયારા • કાઢ્યા બહુ દિન આપ વિનાના- ૬

દોહા : રામ-રામ કહી રામ કહી , રામ-રામ કહી રામ,
રઘુવર વિરહે તન તજી, ભૂપ ગયા સુરધામ- ૨/૫૦

નૃપ જીવન મૃત્યુ ફળ પામ્યા • સુયશ અમળ બ્રહ્માંડે છાયા-
જીવતે વિધુ શું વદન નિહાળ્યું • રામ વિરહમાં મૃત્યુ સુધાર્યું-
વીતી રાત્રી આમ વિલાપે • આવ્યા મુનિવર જ્ઞાની પ્રભાતે-
તેલ નાવ ભરી નૃપતન રાખ્યું • દૂતો બોલાવીને ભાખ્યું-
જાવ તુરંત ભરતની પાસે • ગયા-ન કહેશો નૃપ સુરવાસે-
કહેજો માત્ર જઈને એવું • તેડ્યા છે ગુરુજીએ તેવું-
આરંભેજ અનર્થ અવધમાં • અશુકન થાય ભરતને મનમાં-
માંગે મન મહાદેવ મનાવી • શ્રેય-માતુ-પિતુ પરિજન-ભાઈ- ૮

દોહા : આમ ભરત ચિંતા કરે, પહોંચ્યા દૂતો આવી,
ચાલ્યા ગુરુ આજ્ઞા સુણી, ગણનાયક મન લાવી- ૨/૫૧

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

चले समीर वेग हय हाँके • नाधत सरित.सैल.वन बाँके-
हृदयँ सोचु बड़ कछु न सोहाई • अस जानहि जियँ जाउँ उड़ाई-
एक निमेष बरस सम जाई • एहि विधि भरत नगर निअराई-
आवत सुत सुनि कैकयनंदिनि • हरषी रविकुल जलरुह चंदिनि-
सुतहि ससोच देखि मन मारें • पूँछति नैहर कुसल हमारें-
सकल कुसल कहि भरत सुनाई • पूँछी निज कुल कुसल भलाई-
कहु कहँ तात-कहाँ सब माता • कह सिय.राम.लखन प्रिय भ्राता- ७

दोहा : सुनि सुत वचन सनेहमय, कपट नीर भरि नैन,
भरत श्रवन मन सूल सम, पापिनि बोली बैन- २/१५९

तात-वात मैं सकल सँवारी • भै मंथरा सहाय बिचारी-
कछुक काज विधि बीच बिगारेउ • भूपति सुरपति पुर पग धारेउ-
तात तात हा तात पुकारी • परें भूमितल व्याकुल भारी-
बहुरि धीर धरि उठे सँभारी • कहु पितु मरन हेतु महतारी-
आदिहु तें सब आपनि करनी • कुटिल कठोर मुदित मन बरनी- ५

दोहा : भरतहि विसरेउ पितु मरन, सुनत राम बन गौनु,
हेतु अपनपउ जानि जियँ, थकित रहे धरि मौनु- २/१६०

विकल विलोकि सुतहि समुझावति • मनहुँ जरे पर लौनु लगावति-
तात-राउ नहिं सोचै जोगू • बिढ़ई सुकृत-जसु, कीन्हेउ भोगु-
जीवत सकल जनम फल पाए • अंत अमरपति सदन सिधाए-
अस अनुमानि सोच परिहरहू • सहित समाज राज पुर करहू-
धीरज धरि-भरि लेहिं उसासा • पापिनि सबहि भाँति कुल नासा- ५

दोहा : हंसबंसु-दररथ जनकु, राम-लखन से भाइ,
जननी तूँ जननी भई, विधि सन कछु न बसाइ- २/१६१

भरत-रिपुहन पुनि दोउ भाई • कौसल्या पहिं आए धाई-
भरतहि देखि मातु उठि धाई • मुरछित अवनि परि झइँ आई-
देखत भरत विकल भए भारी • परे चरन तन दसा विसारी-
पितु सुरपुर, बन रघुकुल केतू • मैं केवल सब अनरथ हेतू- ४

दोहा : • मातु-भरत के वचन मृदु, सुनि पुनि उठि सँभारि,
लिए उठाइ-लगाइ उर, लोचन मोचति वारि- २/१६४

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અયોધ્યાકાંડ

અશ્વો વાયુ વેગે હાંકે • વિકટ શૈલ-સરિતા-વન લાંઘે-
શોક વિકળ મન કંઈ ના ભાવે • મન ચિંતે ઊડીને જાએ-
એકએક પળ યુગ શી ભાસે • આમ ભરત આવ્યા પુર પાસે-
હરખી સુત આવે છે જાણી • રવિકુળ કમળ વિલોમક રાણી-
સુત મન શોકે જોઈ ઉદાસી • પૂછી પિયર તણી કુશળાઈ-
કહ્યા કુશળ ભરતે સૌ ત્યાંના • ખબર પછી પૂછ્યા અહીંયાના-
કહો તાત ક્યાં, ક્યાં સૌ માતા • ક્યાં સિયરામ, લખણ પ્રિય ભ્રાતા- ૭

દોહા : સુત વચનો સ્નેહલ સુણી, મગર અશ્રુ ભરી નેણ,
ભરત કાન-મન શૂળ શાં, પાપિણી બોલી વેણ- ૨/૫૨

લીધી સુત મેં વાત સુધારી • મદદે 'મંથ્રા' આવી બિચારી-
વાત વિધિએ સહેજ બગાડી • ભૂપ ગયા સુરધામ સિધારી-
તાત-તાત હા તાત પુકારી • પડ્યા ભોંય પર વ્યાકુળ ભારી-
ધૈર્ય ધરી ઊઠ્યા સંભાળી • કહો મરણ કારણ માતાજી-
'અથથી ઈતિ' લગી નિજની કરણી • કુટિલ-કઠોર મુદિત મન વરણી ૫

દોહા : ભૂલ્યા ભરત પિતા મરણ, સુણી રામ વનવાસ,
ચકિત અવાક થયા સુણી, પોતા કાજ વિનાશ- ૨/૫૩

વિકળ વિલોકી સુત સમજાવે • જ્યમ દાઝ્યા પર ડામ દબાવે-
નૃપ વિયોગ સુત, નહિ દુખ જોગો • લણ્યા પુણ્ય યશ ભોગ્યા ભોગો-
જીવનકાળ જીવનફળ પામ્યા • અંતે સુરપતિ સદન સિધાવ્યા-
આમ ગણી સુત શોક નિવારો • સ્વજન સહિત પુરરાજ સંભાળો-
બોલ્યા નાખી નિસાસો ઘેરો • પાપિણી નાશ કર્યો કુળ કેરો- ૫

દોહા : હંસવંશ-દશરથ પિતા, રામ-લખણ શા ભાઈ,
જનની તું માતા થઈ, વિધિ સામે ન ઉપાઈ- ૨/૫૪

ભરત રિપુહન પછી બેઉ ભ્રાતા • ગયા 'કોશિલા' મહેલે ધાતા-
જોઈ ભરત-મા ઊઠ્યાં ધાઈ • પડ્યાં ભોંય પર તમ્મર ખાઈ-
દેખી ભરત વ્યાકુળ થઈ ભારી • પડ્યા પગે તન ભાન વિસારી-
પિતા સ્વર્ગ વન વિચર્યા ભાઈ • બન્યો 'કેતુ' અંપયશનો માઈ-
વાત સુણી મૃદુ સરળ ભરતની • ઊઠ્યાં ફરી સંભાળી જનની-
લઈ ચાંપ્યા હૃદયે બેઉ ભાઈ • સ્નેહ જળે આંખો છલકાઈ-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

जनि मानहु हिय हानि गलानी • काल करम गति अघटित जानी-
काहुहि दोसु देहु जनि-ताता • भा मोहि सब विधि वाम विधाता- २

दोहा : पितु आयसु भूषन-वसन, तात तजे रघुवीर,
विसमउ-हरषु न हृदयँ कछु, पहिरे वलकल चीर- २/१६५

चले विपिन सुनि सिय संग लागी • रहइ न राम चरन अनुरागी-
सुनतहिं लखनु चले उठि साथा • रहहिं न जतन किए रघुनाथा-
तब रघुपति सबही सिरु नाई • चले संग सिय अरु लघुभाई-
करत विलाप बहुत एहि भाँती • बैठेहि वीति गई सब राती-
वामदेउ वसिष्ठ तब आए • सचिव महाजन सकल बोलाए-
मुनि बहु भाँति भरत उपदेसे • कहि परमारथ वचन सुदेसे- ६

दोहा : तात हृदयँ धीरजु धरहु, करहु जो अवसरु आजु,
उठे भरत गुर वचन सुनि, करन कहेउ सब काजु- २/१६९

नृप तनु वेद विधि अन्हवावा • परम विचित्र विमानु बनावा-
गहि पद भरत मातु सब राखी • रहीं रानि दरसन अभिलाषी-
सरजु तीर रचि चिता बनाई • जनु सुरपुर सोपान सुहाई-
जहँ जहँ मुनिवर आयसु दीन्हा • तहँ तस सहस भाँति सबु कीन्हा-
सुदिनु सोधि मुनिवर तब आए • सचिव महाजन सकल बोलाए-
बैठे राजसभाँ सब जाई • पठए बोलि भरत दोउ भाई-
भरतु वसिष्ठ निकट बैठारे • नीति धरममय वचन उचारे- ७

दोहा : सुनहु भरत भावी प्रबल, बिलखि कहे मुनिनाथ,
हानि-लाभु, जीवनु-मरनु, जसु-अपजसु विधि हाथ- २/१७१

अस विचारि केहि देइअ दोसू • व्यरथ काहि पर कीजिअ रोषू-
तात-विचरू करहु मनमांहीं • सोच जोगु दसरथ नृपु नाहीं-
सोचिअ नृपति जो नीति न जाना • जेहि न प्रजा प्रिय प्रान समाना-
सोचिअ बटु निज व्रत परिहरई • जो नहिं गुर आयसु अनुसरई- ५

दोहा : • सोचिअ गृही जो मोहवस, करइ करम पथ त्याग-
बैसानस सोइ सोचै जोगू • तप विहाइ जेहि भावइ भोगू-
सोचिअ जती प्रपंच रत, विगत विवेक विराग, २/१७२

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

કરો ન મન હાનિની ગ્લાનિ • કાળ કર્મ ગતિ અણફર જાણી-
દોષ ન કોનો બોલ્યાં માતા • આજ થયો મુજ વામ વિધાતા- ૮

દોહા : તજી વસ્ત્ર આભૂષણો, પિતુ વચને રઘુવીર,
શોક-હર્ષ નહિ કંઈ મને, ધાર્યાં વલ્કલ ચીર- ૨/૫૫

જાણી જતા વન સિય સંગ લાગી • રહી ન રામ ચરણ અનુરાગી-
સાંભળતાંજ લખણ પણ ચાલ્યા • રોકે રામ-રહ્યા નહિ ઝાલ્યા-
પછી રામ સૌને શિર નામી • લઈ સિય અનુજ થયા વન ગામી-
આમજ બેઠા બેઠ વિલાપે • રાત ગઈ આખી સંતાપે-
વામદેવ, વસિષ્ઠ પધાર્યા • સચિવ મહાજન સૌ બોલાવ્યા-
ભરત પ્રબોધ્યા મુનિએ લઈને • વચન સમય અનુકૂળ કહીને- ૬

દોહા : તાત હૃદય ધીરજ ધરો, કરો સમય અનુસારી,
ઊઠ્યા ગુરુ વચનો સુણી, કહ્યું કરવા તૈયારી- ૨/૫૬

નૃપ તન વેદ વિધિ નવરાવ્યું • અતિ સુંદર શબયાન બનાવ્યું-
રોકી સતીં થતીં વીનવી માતા • રહીં રાખી પ્રભુ દરશન આશા-
ચિતા રચી સર્યૂતટ એવી • સુભગ સ્વર્ગની સીડી જેવી-
જ્યાં જ્યમ મુનિએ આજ્ઞા દીધી • ત્યાં ત્યમ ભરતે વિધિ સૌ કીધી-
શુભદિન શોધી વસિષ્ઠ પધાર્યા • સચિવ મહાજન સૌ બોલાવ્યા-
બેઠા રાજસભે સૌ આવી • તેડાવ્યા ત્યાં બન્ને ભાઈ-
મુનિએ ભરત નિકટ બેસારી • નીતિ ધરમની વાત ઉચારી- ૭

દોહા : સુણો ભરત ભાવિ પ્રબળ, કહે દુખિત મુનિનાથ,
હાનિ-લાભ, જીવન-મરણ, યશ-અપયશ વિધિ હાથ- ૨/૫૭

દોષ ગણી ત્યમ કોને દઈએ • વ્યર્થ રોષ કોના પર કરીએ-
તાત-વિચાર કરો મનમાહીં • શોક જોગ નૃપ દશરથ નાહીં-
શોચ્ય ભૂપ-નૃપનીતિ ન જાણે • જે ન પ્રજા પ્રિય પ્રાણ શી માને-
શોચ્ય બટુક જે નિજ વ્રત ત્યાગી • ગણે ન ગુરુ વચ, ફરે પ્રમાદી-
શોચ્ય ગૃહી જે મોહે માર્યો • કર્મ તણો પથ જેણે ત્યાગ્યો- ૫

દોહા : શોચ્ય વાનપ્રસ્થી જગે, તજી તપ-ભોગે લીન,
ત્યાગી શોચ્ય પ્રપંચ રત, વિરતિ-વિવેક વિહીન- ૨/૫૮

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

सोचिअ पिसुन अकारन क्रोधी • जननि जनक गुर बंधु विरोधी-
सबविधि सोचिअ पर अपकारी • निज तनु पोषक, निरदय भारी-
सोचनीय सबहीं विधि सोई • जो न छाड़ि छलु हरिजन होई-
सोचनीय नहिं कोसलराऊ • भुवन चारिदस प्रगट प्रभाऊ-
यह सुनि समुझि सोचु परिहरहू • सिर धरि राज रजा यसु करहू-
रायँ राजपदु तुम्ह कहुँ दीन्हा • पिता वचनु फूर चाहिअ कीन्हा- ६

दोहा : अनुचित-उचित विचारु तजि, जे पालहिं पितु बैन,
ते भाजन सुख सुजस के, बसहिं अमरपति ऐन- २/१७४

सौंपेहु राज राम के आएँ • सेवा करेहु सनेह सुहाएँ-
कौसल्या धरि धीरज कहई • पूत पथ्य गुर आयसु अहई-
सिर धरि गुर आयसु अनुसरहू • प्रजा पालि परिजन दुखु हरहू- ३

सोरठाः • भरतु कमल कर जोरि, धीर धुरंधर धीर धरि,
बचन अमिअँ जनु बोरि, देत उचित उत्तर सबहि- २/१७६

मोहि उपदेस दीन्ह गुर नीका • प्रजा सचिव संमत सबही का-
मातु उचित धरि आयसु दीन्हा • अवसि सीस धरि चाहउँ कीन्हा-
जद्यपि यह समुझत हउँ नीकें • तदपि होत परितोष न जी कें-
जाउँ राम पहिं आयसु देहू • एकहिं आँक मोर हित एहू- ४

दोहा : अवसि चलिअ बन रामु जहँ, भरत मंत्र भल कीन्ह,
सोच सिन्धु बूडत सबहि, तुम्ह अवलंबनु दीन्ह- २/१७४

अरुँधती अरु अगिनि समाऊ • रथ चढि चले प्रथम मुनिराऊ-
नगर लोग सब सजि सजि याना • चित्रकूट कहँ कीन्ह पयाना-
सिबिका सुभग न जाहि बखानी • चढ़ि चढ़ि चलत भई सब रानी-
तमसा प्रथम दिवस करि बासू • दूसर गोमति तीर निवासू-
सई तीर बसि चले बिहाने • सृंगवेरपुर सब निअराने-
समाचार सब सुने निषादा • हृदय विचार करइ सविषादा-
कारन कवन भरतु वन जाहीं • है कछु कपट भाउ मनमाहीं- ७

दोहा : अस विचारि गुहँ ग्याति सन, कहेउ सजाग सब होहु,
हथवाँसहु-बोरहु तरनि, कीजिअ घाटारोहु- २/१८९

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અયોધ્યાકાંડ

શોચ્ય પિશૂન-અકારણ ક્રોધી • માત-પિતા-ગુરુ-બંધુ વિરોધી-
શોચનીય નિત પર અપકારી • નિજ તન પોષક-નિર્દય ભારી-
શોચનીય સૌ વાત સદાએ • જે છળ તજી હરિ દાસ ન થાએ-
શોચનીય નહિ કોશલરાયા • ચૌદ ભુવન યશ જેના છાયા-
તજો શોક ઉર આમ વિચારી • પાળો નૃપ આજ્ઞા શિર ધારી-
રાયે નૃપપદ તમને આપ્યું • વચન હવે કરવાનું સાચું- ૬

દોહા : અનુચિત ઉચિત વિચાર તજી, જે પાળે પિતુ વેણ,
પાત્ર સુયશ-સુખનું થઈ, સુરપુર વસે સુખેન- ૨/૫૯

રાજ રામને સોંપજો આવ્યે • કરજો સેવ પછી સદભાવે-
કહ્યું 'કોશિલે' ધીરજ ધારી • સુત, ગુરુ આજ્ઞા છે હિતકારી-
શીશ ચઢાવી તેને પાળો • પાળીં પ્રજા પરિજન દુખ ટાળો-
સુણીં ભરતે કર કમળો જોડી • ધીર ધુરે ધરી ધીરજ થોડી-
મધુર અમીમય વચન ઉચારી • આપ્યો ઉત્તર ઉચિત વિચારી-
દીધો બોધ ગુરુએ સુંદર • સચિવ પ્રજા પણ સંમત અંદર-
આજ્ઞા માતે ઉચિતજ આપી • ચહું પાળવા શીશ ચઢાવી-
સમજું છું સઘળું ભલીં ભાંતે • તોય ન મન માને કોઈ વાતે-
દો આજ્ઞા-પ્રભુ પાસે જાઉં • આજ વાતમાં હિત છે મારું- ૯

દોહા : જશું ખરે વન રામ જ્યાં, ઉત્તમ ભરત વિચાર,
શોક સિંધુમાં ડૂબતા, ને આપ્યો આધાર- ૨/૬૦

યજ્ઞસાજ ને 'અરુંધતી' સાથે • પ્રથમ પ્રયાણ કર્યું મુનિનાથે-
પુરવાસી પણ સાજી યાને • ચિત્રકૂટ ચાલ્યા અભિયાને-
પાલખીં સુભગ ન જાય વખાણી • ચાલી તે પર સઘળી રાણી-
કર્યો પ્રથમ તમસા તટ વાસો • બીજો 'ગોમતી' તીર વિસામો-
રહીં નિશિ 'સઈ' તટ પ્રાતે ચાલ્યા • શૃંગવેર પુર પાસે આવ્યા-
જાણ્યા ખબર નિષાદે જ્યારે • કર્યો વિચાર દુખિત થઈ ત્યારે-
કેમ ભરત જાએ વન માહીં • લાગે કંઈક કપટ મનમાહીં ૭

દોહા : આમ વિચારી જ્ઞાતિને, રહેવા કહ્યું સજાગ,
નાવ ડુબાડો હાથ કરી, રોકો સરવે ઘાટ- ૨/૬૧

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

सनमुख लोह भरत सन लेऊँ • जिअत न सुरसरि उतरन देऊँ-
तजउँ प्रान रघुनाथ निहोरें • दुहूँ हाथ मुद मोदक मोरें-
बुढ़ एक कह सगुन बिचारी • भरतहि मिलिअ न होइहि रारी-
सुनि गुह कहइ-नीक कह बूढ़ा • सहसा करि पछिताहिं विमूढ़ा-
लखब सनेहु सुभायँ सुहाएँ • वैरु-प्रीति नहिं दुरइ दुराएँ-
मिलन साजु सजि मिलन सिधाए • मंगलमूल सगुन सुभ पाए-
देखि दूरि तें कहि निज नामू • कीन्ह मुनीसहिं दंड प्रनामू-
राम सखा सुनि स्यंदन त्यागा • चलेउ उतरि उगमत अनुरागा- ८

दोहा : करत दंडवत देखि तेहि, भरत लीन्ह उर लाइ,
मनहुँ लखन सन भेंट भइ, प्रेम न हृदयँ समाइ- २/१९३

सृंगवेरपुर भरत दीख जब • भे सनेहँ सब अंग सिथिल तब-
सोहत दिएं निषादहिं लागू • जनु तन धरें विनय.अनुरागू-
पथगति कुसल साथ सब लीन्हें • चले चित्रकूटहि चितु दीन्हे-
नहिं पदत्रान-सीस नहिं छाया • पेमु.नेमु.व्रतु.धरमु अमाया-
लखन.राम.सिय पंथ कहानी • पूँछत सखहि-कहत मृदु वानी- ५

दोहा : किएँ जाहिं छाया जलद, सुखद वहइ वर, वात,
तस मगु भयउ न राम कहँ, जस भा भरतहि जात- २/२१६

जड चेतन मग जीव घनेरे • जे चितए प्रभु जिन्ह प्रबु हेरे-
ते सब भए परम पद जोगू • भरत दरस मेटा भव रोगू-
यह बड़ि बात भरत कइ नाहीं • सुमिरत जिनहि रामु मनमाहीं-
भरतु राम प्रिय पुनि लघुभ्राता • कस न होई मगु मंगलदाता-
तब केवट ऊँचे चढ़ि धाई • कहेउ भरत सन भुजा उठाई-
नाथ देखिअहिं विटप विसाला • पाकरि-जंबु रसाल तमाला-
जिन्ह तरुवरन्ह मध्य बटु सोहा • मंजु विसाल देखि मनु मोहा-
ए तरु सरित समीप गोसाँई • रघुवर परनकुटी जहँ छाई- ८

दोहा : जहाँ बैठि मुनिगन सहित, नित सिय रामु सुजान,
सुनहिं कथा इतिहास सब, आगम-निगम-पुरान- २/२३९

पाहि नाथ कहि पाहि गोसाईं • भूतल परे लकुट की नाईं-
बचन सपेम लखन पहिचाने • करत प्रनामु भरत जियँ जाने-
कहत सप्रेम नाइ महि माथा • भरत प्रनाम करत- रघुनाथा-
उठे रामु सुनि पेम अधीरा • कहुँ पट कहुँ निषंग धनु तीरा-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

જઈશ ભરત સામે હું લડવા • જીવતે નહિ દઉ ગંગ ઊતરવા-
પ્રાણ તજીશ રઘુવરને કાજે • મોદક મારે બેઉ હાથે-
કહે વૃદ્ધ એક શુકન નિહાળી • મળો ભરતને ટળશે લડાઈ-
કહ્યું ગુહે - કહે સાચું બૂઢો • સાહસ કરીં પસ્તાએ મૂઢો-
કળીંશ સનેહ સ્વભાવે સાચો • વેર પ્રેમ છૂપે ન છુપાવ્યો-
મળવા ભેટ લઈને ચાલ્યો • મંગળ શુકન સમૂહ નિહાળ્યો-
જોઈ દૂરથી નામ કહીને • કીધા દંડ પ્રણામ મુનિને-
રામ સખા જાણી રથ ત્યાગી • આવ્યા ભરત હરખતા ચાલી- ૮

દોહા : પ્રણામ કરતો જોઈને, ઉર ચાંપ્યો ગુહરાય,
જાણે લક્ષ્મણને મળ્યા, હેત ન હૈયે માય- ૨/૬૨

શૃંગવેરપુર દીઠું જ્યારે • થયું શિથિલતન સ્નેહે ત્યારે-
ટેકો ગુહને દેતા લાગે • ધર્યા દેહ વિનયે-અનુરાગે-
કુશળ ભોમિયા સાથે રાખ્યા • ચિત્રકૂટ ચિત ચોડી ચાલ્યા-
નહિ ઉપાન પગ શિર પર છાયા • પ્રેમ નિયમ વ્રત ધર્મ અમાયા-
રામ-લખણ-સિય પંથ કહાણી • પૂછે ભરત, ગુહ કહે વખાણી- ૫

દોહા : સુખદ વાયુ વાટે વહે, દે છાયા ઘન આજ,
પથ સુખદાયક ભરત સમ, થયો ન રઘુવર કાજ- ૨/૬૩

જીવ ચરાચર પથના જેણે • જોયા પ્રભુ વા પ્રભુએ જેને-
સર્વ થયેલા પ્રભુપદ લાયક • થયું ભરત દર્શન ભવતારક-
તે નહિ દુષ્કર તેને કાજે • રાખ્યા ઉર જેને રઘુરાજે-
ભરત રામ પ્રિય ને લઘુભ્રાતા • થાય ન ક્યમ પથ મંગળદાતા-
ચઢી કેવટે ઊંચે - ધાઈ • કહ્યું ભરતને ભુજા ઉઠાવી-
નાથ જુઓ ત્યાં વૃક્ષો લાંબા • જાંબુ-તમાલ-પીપળ ને આંબા-
એ વૃક્ષોની વચ્ચે સોહે • વડ વિશાળ જોતાં મન મોહે-
તે વડ છે સરી સમીપ ગુસાઈ • પર્ણકુટી પ્રભુની જ્યાં છાઈ- ૮

દોહા : બેસી મુનિગણ સહિત જ્યાં, નિત સિયરામ સુજાણ,
સુણે કથા ઈતિહાસ સૌ, આગમ-નિગમ-પુરાણ- ૨/૬૪

પડ્યા ભરત મહિ પાહિ પુકારી • દંડ સમા તન ભાન વિસારી-
શબ્દ પ્રેમના લખણે પરખ્યા • ભરત પ્રણમતા મનથી નિરખ્યાં-
કહ્યું સપ્રેમ મહિ શીશ નમાવી • નાથ ભરત પ્રણમે છે આવી-
સુણી અધીર ધાયા રઘુનાયક • ક્યાંક વસ્ત્ર-ભાથું-ધનુ-સાયક-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

दोहा : • बरबस लिए इठाइ उर, लाए कृपानिधान,
भरत राम की मिलनि लखि, बिसरे सबहि अपान- २/२४०

नाथ-साथ मुनिनाथ के, मातु सकल-पुरलोग,
सेवक-सेनप-सचिव सब, आए बिकल बियोग- २/२४२

चले सवेग रामु तेहि काला • धीर धरम धुर दीन दयाला-
गुरहि देखि सानुज अनुरागे • दंड प्रनाम करत प्रभु लागे-
मुनिवर धाइ लिए उर लाई • प्रेम उमगि भेंटे दोउ भाई-
देखीं राम दुखित महतारीं • जनु सुवेलि अवलीं हिम मारीं-
मिलि जननिहि सानुज रघुराऊ • गुर सन कहेउ कि धारिअ पाऊ- ५

दोहा : महिसुर-मंत्री-मातु-गुर, गने लोग लिए साथ,
पावन आश्रम गवनु किय, भरत-लखन-रघुनाथ- २/२४५

वंदि वंदि पद सिय सबही के • आसिरवचन लहे प्रिय जीके-
सासु सकल जब सीयँ निहारी • मूदे नयन सहमि सुकुमारी-
जनक सुता तब उर धीरा • नील नलिन लोचन भरि नीरा-
मिली सकल सासुन्ह सिय नाई • तेंहि अवसर करुना महि छाई-
विकल सनेहँ सीय सब रानीं • बैठन सबहि कहेउ मुनि ग्यानीं-
नृप कर सुरपुर गवनु सुनावा • सुनि रघुनाथ दुसह दुखु पावा-
मुनिवर बहुरि रामु समुझाए • सहित समाज सु.सरित नहाए- ७

दोहा : भोर भएँ रघुनंदनहि, जो मुनि आयसु दीन्ह,
श्रद्धा-भगति समेत प्रभु, सो सबु सादरु कीन्ह- २/२४७

सुद्ध भएँ दुइ वासर वीते • बोले गुर सन राम परीते-
नाथ-लोग सब निपट दुखारी • कंद-मूल-फल- अंबु अहारी-
सानुज भरत सहित सब माता • देखि मोहि पल जिमि जुग जाता-
सब समेत पुर धारिअ पाऊ • आपु इहाँ-अमरावति राऊ- ४

दोहा : धर्म सेतु करुनायतन, कस न कहहु अस राम,
लोग दुखित दिन दुइ दरस, देखि लहहुँ विश्राम- २/२४८

सुनि गुर गिरा सुमंगल मूला • भयउ मनहुँ मारुत अनुकूला-
कोल-किरात-भिल्ल वनवासी • मधु सुचि सुंदर स्वादु सुधा सी-
भरि भरि परनेपुटीं रचि रूरी • कंद-मूल-फल-अंकुर जूरी-
सबहिं देहिं करि विनय प्रनामा • कहि कहि स्वाद भेद गुन नामा-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અયોધ્યાકાંડ

લઈ બળપૂર્વક હૃદયે રામે • ચાંપ્યા ભરત જઈને સામે-
મિલન ભરત રઘુપતિનું જોઈ • સુધ બુધ તન મન સૌએ ખોઈ- ૬

દોહા : નાથ મુનીશ સહિત અહિં, માતા સૌ - પુર લોગ,
સેવક સેનપ-સચિવ સૌ, આવ્યા વિકળ વિયોગ- ૨/૬૫

કીધું ગમન તુરત તે કાળે • ધીર ધરમ ધુર-દીન દયાળે-
દેખી ગુરુ સાનુજ અનુરાગ્યા • પ્રણામ બન્ને કરવા લાગ્યા-
ચાંપ્યા ઉર લઈ મુનિએ ધાઈ • મળ્યા મુનિ પ્રેમે બેઉ ભાઈ-
દીઠી માત વિરહે દુખિયારી • લાગી લતા શી પાલે બાળી-
મળી જનની સાનુજ રઘુવીરે • કહ્યું પધારો મુનીશ કુટીરે- ૫

દોહા : **મહિસુર-મંત્રી-માતુ-ગુરુ, ગણ્યા લોક લઈ સાથ,**
પાવન આશ્રમ ભણી ગયા, ભરત-લખણ-રઘુનાથ- ૨/૬૬

નમીં નમીં સીયે સૌના પગમાં • લીધાં આશિર્વચનો ગમતાં-
દીઠી સાસુઓને જ્યારે • સહમી લોચન બીડ્યાં ત્યારે-
જનકનંદિની ધીર ધરીને • નીલ નલિન નયને જળ ભરીને-
મળી સકળ સાસુને આવી • ત્યારે કરુણા મહિ પર છાઈ-
સ્નેહ વિકળ થઈ સિય ને રાણી • કહ્યું બેસવા મુનિએ જ્ઞાની-
સમાચાર નૃપ મરણ સુણાવ્યા • સુણી રઘુનાથ દુસહ દુખ પામ્યા-
રામ મુનીશે બહુ સમજાવ્યા • પછી 'મંદાકિની' જઈ સૌ ન્હાયા- ૭

દોહા : પ્રભાત થાતાં મુનિવરે, આજ્ઞા જે જે દીધી,
શ્રદ્ધા ભક્તિ સહિત સકળ, ક્રિયા પ્રભુએ કીધી- ૨/૬૭

શુદ્ધ થયે બે દિવસો વીત્યા • રામ પ્રેમ સહ ગુરુથી બોલ્યા-
નાથ દુખિત છે લોકો ભારી • કંદ-મૂળ-ફળ-જળ આહારી-
સાનુજ ભરત સહિત સૌ માતા • જોઈ દિવસ મુજ યુગ સમ જાતા-
વળો હવે પુર સૌ સહ પાછા • આપ અહીં અમરાપુર રાજા- ૪

દોહા : ધર્મસેતુ કરુણાયતન, કહો ન કયમ ત્યમ રામ,
કરી દર્શન છો દુખિત જન, લે બે દિન વિશ્રામ- ૨/૬૮

સુણી સમાજ ગુરુ મંગળ વાણી • હરખ્યો પવન અનુકૂળ જાણી-
ભિલ્લ કિરાત-કોળી વનવાસી • મધુર મધુ સુ.સ્વાદની રાશિ-
ભરી ભરી પડિયા-બાંધી ઝૂડા • કંદ-મૂળ-ફળ-અંકુર રુડા-
દે સૌને પ્રણમી વીનવીને • નામ સ્વાદ ગુણ ભેદ કહીને.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

पुरजन नारि मगन अति प्रीती • बासर जाहिं पलक सम वीती-
यहु संसउ सब के मन माहीं • रामु गवनु विधि अवध कि नाहीं ६

दोहा : निसि न नींद, नहिं भूख दिन, भरतु विकल सुचि सोच,
नीच कीच बिच मगन जस, मीनहि सलिल सँकोच- २/२५२

केहि विधि होइ राम अभिषेकू • मोहि अवकलत उपाउ न एकू-
अवसि फिरहिं गुर आयसु मानी • मुनि पुनि कहब राम रुचि जानी-
मातु कहेउँ बहुरहिं रघुराऊ • राम जननि हठ करबि कि काऊ-
अेकउ जुगति न मन ठहरानी • सोचत भरतहि रैनि बिहानी-
प्रात नहाइ प्रभुहि सिर नाई • बैठत पठए रिषियँ बोलाई- ५

दोहा : गुरपद कमल प्रनामु करि, बैठे आयसु पाइ,
विप्र महाजन सचिव सब, जुरे सभासद आइ- २/२५३

बोले मुनिवरु समय समाना • सुनहु सभासद भरत सुजाना-
सब कहँ सुखद राम अभिषेकू , मंगल मोद मूल मग एकू-
कहि विधि अवध चलहिं रघुराऊ • कहहु समुझि सोइ करिअ उपाऊ-
उतरु न आव लोग भए भोरे • तब सिरु नाई भरत कर जोरे-
सो गुसाईं बिधि गति जेहिं छेंकी • सकइ को टारि टेक जो टेकी- ५

दोहा : बूझिअ मोहि उपाउ अब, सो सबु मोर अभागु,
सुनि सनेहमय वचन गुर, उर उपजा अनुरागु- २/२५५

तात-बात फुरि राम कृपाहीं • राम विमुख सिधि सपनेहुँ नाहीं-
सकुचउँ तात कहत एक वाता • अरध तजहिं बुध सरवस जाता-
तुम्ह कानन गवनहु दोउ भाई • फेरहिं लखन-सीय-रघुराइ-
सुनि सुवचन हरषे दोउ भ्राता • भे प्रमोद परिपूरत गाता-
कानन करौं जनम भर बासू • एहि तें अधिक न मोर सुपासू-
भरतु मुनिहि मन भीतर भाए • सहित समाज राम पहिं आए.-
सुनहु राम सर्वग्य सुजाना • धरम नीति गुन ग्यान निधाना- ७

दोहा : सबके उर अंतर सहु जानहु.भाउ.कुभाउ,
पुरजन.जननी भरत हित, होई सो कहिअ उपाउ- २/२५७

सुनि मुनि वचन कहत रघुराऊ • नाथ तुम्हारेहि हाथ उपाऊ-
प्रथम जो आयसु मो कहँ होई • माथे मानि करौं सिख सोइ-
पुनि जेहिं कहँ जस कहब गुसाई • सो सब भाँति धटिहि सेवकाई-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અયોધ્યાકાંડ

પુર નરનારી મગન અતિ પ્રીતે • જાય દિવસ નિશિ જ્યમ પળ વીતે-
સંશય મોટો સૌને મનમાં • વિધિ શું વળશે રામ અવધમાં- ૬

દોહા : નહિ નિદ્રા નિશિ ભૂખ દિન, વિકળ ભરત મન ભારી,
કાદવ ખૂંપ્યું મીન જ્યમ, વિકળ અછતવતં વારિ- ૨/૬૯

થાય તિલક ક્યમ કરી રઘુવરને • ઉપાય એક ન સૂઝે મનને-
અવધ વળે ગુરુ આજ્ઞા માની • પણ ન કહે ગુરુ વિણ રુચિ જાણી-
વળે પ્રભુ મા વચને જોકે • પણ શું મા આગ્રહ કરી રોકે-
ગઉ ના એકે વાતે બેઠી • આમ ભરતની રાત્રી વીતી-
પ્રાત નાહી પ્રભુને શિર નામ્યું • ત્યાં ગુરુ કેરું તેડું આવ્યું- ૫

દોહા : ગુરુ પદ વંદી આણ લઈ, બેઠા શીશ નમાવી,
વિપ્ર-મહાજન સચિવ સૌ, થયા એકઠા આવી- ૨/૭૦

બોલ્યા મુનિ સમયોચિત વાણી • સુણો સભાસદ ભરત સુજ્ઞાની-
સૌને સુખદ તિલક રઘુનાયક • એકજ માર્ગ - સુમંગળ દાયક-
વળે રામ પુર કેમ કરીને • કહો ઉપાય વિચાર કરીને-
જરે ન ઉત્તર-સભા મૂંઝાણી • બોલ્યા ભરત જોડી જુગ પાણિ-
વિધિ ગતિ પણ પ્રભુ આપે રોકી • મુનિ મત કોણ શકે જગ ટોકી- ૫

દોહા : હવે ઉપાય પૂછો મને, તે મારાં દુર્ભાગ્ય,
સ્નેહલ વચને ભરતનાં, ગુરુ ડૂબ્યા અનુરાગ- ૨/૭૧

તાત થયું તે રામ કૃપાથી • પણ ન વિમુખ લે સિદ્ધિ કશાથી-
ભરત વાત કહેતાં મન લાજે • તજે અર્ધ બુધ સર્વ વિનાશે-
જાવ વને તમ બેઉ ભાઈ • વાળીયે લક્ષ્મણ-સિય-રઘુરાઈ-
હરખ્યા મુનિ વચને બેઉ ભ્રાતો • પુલકે તન-મન મોદ ન માતો-
વાસ જનમભર કરું વિપિનમાં • એથી ન સુખ વધુ ક્યાંય જગતમાં-
ભરત મુનિને અતિ પ્રિય લાગ્યા • રામ કને સૌને લઈ આવ્યા-
સુણો રામ સર્વજ્ઞ સુચારી • ધર્મ.નીતિ. ગુણગણ ભંડારી- ૭

દોહા : સૌના અંતરમાં વસો, જાણો ભાવ.કુભાવ,
પ્રજા-માત- હિત ભરતનું, જાણી આપો સુઝાવ- ૨/૭૨

સુણી મુનિ વચન કહ્યું રઘુનાથે • સ્વામી ઉપાય સકળ તવ હાથે-
પ્રથમ કહો જે આજ્ઞા મુજને • પાળું શીશ ચઢાવી તેને-
નાથ પછી કહેશો જે જેને • સાદર કરશે તે સૌ તેને-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

कह मुनि राम सत्य तुम्ह भाषा • भरत सनेहँ विचारु न राखा-
तेहि तें कहउँ बहोरि बहोरी • भरत भगति बस भइ मति मोरी-
मोरे जान भरत रुचि राखी • जो कीजिअ सो सुभ सिव साखी- ६

दोहा : भरत विनय सादर सुनिअ, करिअ विचारु बहोरि,
करब साधुमत लोकमत नृपनय निगम निचोरि. २/२५८

सुनि मुनि वचन राम रुख पाई • गुर साहिब अनुकूल अधाई-
पुलकि सरीर सभाँ भए ठाढ़े • नीरज नयन नेह जल वाढे-
कहब मोर मुनिनाथ निबाहा • एहि तें अधिक कहौं मैं काहा-
सुनि बन गवनु कीन्ह रघुनाथा • करि मुनि वेष लखन.सिय साथा-
बिनु पानहिन्ह पयादेहि पाएँ • संकरु साखि रहेउँ ऐहि धाएँ-
सुनि अति विकल भरत बर बानी • आरति प्रीति विनय नय सानी-
बोले उचित वचन रघुनंदू • दिनकर कुल कैरव वन चंदू- ७

दोहा : मनु प्रसन्न करि.सकुच तजि, कहहु करौं सोइ आजु,
सत्यसंघ रघुवर वचन, सुनि भा सुखी समाजु- २/२६४

करि विचारु मन दीन्ही ठीका • राम रजायस आपन नीका-
देव-एक विनती सुनि मोरी • उचित होई तस करब बहोरी- २

दोहा : • सानुज पठइअ मोहि वन, कीजिअ सबहि सनाथ,
नतरु फेरिअहिं बंधु दोउ, नाथ चलौं मैं साथ- २/२६८

नतरु जाहिं वन तीनिउ भाई • बहुरिअ सीय सहित रघुराई
जेहि विधि पभु प्रसन्न मन होई • करुना सागर कीजिअ सोई.
चुपहि रहे रघुनाथ सँकोची • प्रभु गति देखि सभा सब सोची-
जनक दूत तेहि अवसर आए • मुनि वसिष्ठ सुनि वेगि बोलाए- ४

दोहा : • प्रेम मगन तेहि समय सब, सुनि आवत मिथिलेसु,
सहित सभा संभ्रम उठे, रविकुल कमल दिनेसु- २/२७४

भाई-सचिव-गुर-परिजन साथा • आगे गवनु कीन्ह रघुनाथा-
सोक विकल दोउ राजसमाजा • रहा न ग्यानु-न धीरजु लाजा-
मुनि बहु विधि विदेहु समुझाए • रामघाट सब लोगु नहाए-
सकल सोक संकुल नरनारी • सो वासरु वीतेउ बिनु वारी-
तब रघुनाथ कौसिहि कहेऊ • नाथ कालि जल बिनु सबु रहेऊ-
मुनि कह-उचित कहत रघुराई • गयउ वीति दिन प्रहर अढ़ाई ६

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અયોધ્યાકાંડ

કહે મુનિ રામ તમે સત ભાખ્યું • ભરત સ્નેહે મુજ બુધિબળ ભાંગ્યું-
તેથી કહું ફરી ફરી લાચારી • ભરત ભક્તિ વશ થઈ મતિ મારી-
મારે મત રુચિ તેની રાખી • કર્યું થશે શુભ-શંભુ સાક્ષી- ૬

દોહા : ભરત વિનતી સાદર સુણી, પછી મન કરી વિચાર,
કરો સાધુમત.લોકમત, નીતિ નિગમ અનુસાર- ૨/૭૩

સુણી મુનિ વચન પ્રભુ મન જાણી • છે ગુરુ સ્વામી અનુકૂળ માની-
થઈ ઊભા કહ્યું પુલકિત તનથી • વહે સ્નેહ જળ નયન કમળથી-
મુજ મન વાત કહી મુનિ જ્યારે • રહ્યું ન કહેવા જોગું મારે-
સુણી વન ગમન કર્યું રઘુનાથે • મુનિ વેશે સિય.લક્ષ્મણ સાથે-
વિણ પદત્રાણ ગયા પગપાળા • જીવું હજી-શિવ સાક્ષી કૃપાળા-
સુણી ભરતની વ્યાકુળ વાણી • નીતિ પ્રીતિ-દુખ-વિનય સમાણી-
બોલ્યા ઉચિત વચન રઘુનંદા • દિનકર કુળ કૌમુદિ વન ચંદા- ૭

દોહા : મુદિત મને સંકોચ તજી, કહો-કરું તે આજ
સત્યવાદી પ્રભુવચન પર, હરખ્યો સકળ સમાજ- ૨/૭૪

કીધો નિશ્ચય હૃદય વિચારી • રામાજ્ઞા કેવળ હિતકારી-
દેવ સુણો ઈક વિનતી મારી • કરજો જે કંઈ ઉચિત વિચારી-
સાનુજ વન મુજને પઠવીને • નાથ-સનાથ કરો સૌ વળીને-
વા પઠવો બંધુ બેઉ પાછા • હું આવું સાથે જગત્રાતા-
નહિતર વન જઈએ ત્રણ ભાઈ • અવધ વળે સિય સહ રઘુરાઈ-
થાય પ્રસન્ન પ્રભુ જે રીતે • કરે કૃપાનિધિ તેજ સપ્રીતે- ૮

દોહા : • પ્રભુ સંકોચે ચુપ રહ્યા, પડી સભા મન ફાળ,
'જનક દૂત આવ્યા' સુણી, મુનિ તેડ્યા તત્કાળ- ૨/૭૫

આવે છે મિથિલાપતિ જાણી • થયા મગન સરવે સુખ માણી-
સત્વર ઊઠ્યા સાથ સભાની • રવિકુળ ભૂષણ સારંગ પાણિ-
અનુજ સચિવ ગુરુ પરિજન સાથે • કીધું સામૈયું રઘુનાથે-
શોક વિકલ બેઉ રાજ સમાજો • રહ્યું ન જ્ઞાન ન ધૈર્ય મલાજો-
ગુરુએ જનક બહુ સમજાવ્યા • રામઘાટ જઈને સૌ ન્હાયા-
શોક મગ્ન સઘળાં નરનારી • વીત્યો તે દિન પણ વિણ વારિ-
કહ્યું કૌશિક મુનિને રઘુરાયે • નિર્જળ સર્વ રહેલા કાલે-
મુનિ કહ ઉચિત કહ્યું રઘુરાજે • ગયા પ્રહર અઢી વીતી આજે- ૮

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

दोहा : तेहि अवसर फल-फुल-दल, मूल अनेक प्रकार,
लइ आए वनचर विपुल, भरि भरि काँवरि भार- २/२७८

सादर सह कहँ राम गुर, पठाए भरि भरि भार,
पूजि पितर-सुर-अतिथि-गुर, लगे करन फरहार- २/२७९

दुहु समाज असि रुचि मनमाहीं • बिनु सिय राम फिरब भल नाहीं-
सुख समेत संवत दुइ साता • पल सम होहिं न जनिअहिं जाता-
राजसमाज प्रत जुग जागे • न्हाइ न्हाइ सुर पूजन लागे-
गे नहाइ गुर पहिं रघुराई • वंदि चरन बोले रुख पाई-
नाथ भरत पुरजन महतारी • सोक विकल वनवास दुखारी-
सहित समाज राउ मिथिलेसू • बहुत दिवस भए सहत कलेसू-
उचित होइ सोइ कीजिअ नाथा • हित सबही कर रौरें हाथा- ७

दोहा : प्रान-प्रान के, जीव के, जिव-सुख के सुख राम,
तुम्हतजि तात-सुहात गृह, जिन्हहि-तिन्हहि विधि वाम- २/२९०

आपु आश्रमहि धारिअ पाऊ • भयउ सनेह सिथिल मुनिराऊ-
करि प्रनामु तब रामु सिधाए. रिषि धरि धीर-जनक पहिं आए-
राम वचन गुर नृपहि सुनाए • सील सनेह सुभायँ सुहाए-
महाराज अब कीजिअ सोई • सब कर धरम सहित हित होई-
समउ समुझि धरि धीरजु राजा • चले भरत पहिं सहित समाजा-
तात भरत कह तेरहुति राऊ • तुम्हहि विदित रघुवीर सुभाऊ- ६

दोहा : • राम सत्यव्रत-धर्मरत, सब कर सील-सनेहु,
संकट सहत सँकोच बस, कहिअ-जो आयसु देहु- २/२९२

सुनि तन पुलकि नयन भरि वारी • बोले भरतु धीर धरि भारी-
छोटे वदन कहउँ बड़ि बाता • छमब तात, लखि वाम विधाता-
स्वामि धरम स्वारथहि विरोधू • बैरु अंध-प्रेमहि प्रबोधू- ३

दोहा : राखि राम रुख-धर्म व्रतु, पराधीन मोहि जानि,
सब के संमत-सर्व हित, करिअ पेमु पहिचानि- २/२९३

भूप भरतु मुनि सहित समाजू • गे जहँ विबुध कुमुद द्विजराजू-
जनक भरत संवाद सुनाई • भरत कहाउति कही सुहाई-
तात राम जस आयसु देहू • सो सबु करै मोर मत एहू-
सुनि रघुनाथ जोरि जुगपानी • बोले सत्य सरल मृदुवानी-
विद्यमान आपुनि मिथिलेसू • मोर कहब सब भाँति भदेसू-
राउर राय रजायसु होई • राउरि सपथ सही सिर सोई- ६

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

દોહા : તેજ સમય ફળ-ફૂલ-દળ, મૂળ અનેક પ્રકાર,
લાવ્યા વનવાસી વિપુલ, ભરી ભરી કાવડ ભાર-
સાદર સૌને મોકલ્યાં, ગુરુજીએ તત્કાળ,
પૂજી પિતૃ-સુર-અતિથિ ગુરુ, કરવા લાગ્યા ફરાળ- ૨/૭૬

ઉભય સમાજ ચહે મન આવું • વિણ સિયરામ ઉચિત નહિ જાવું-
ચૌદ વરસ આનંદે જાશે • પળભરમાં નહિ જરીય જણાશે-
રાજસમાજો પ્રાતે જાગ્યા • નાહીં નાહીં સુર સેવે લાગ્યા-
નાહી જઈ ગુરુ કને રઘુરાયે • કહ્યું જાણી મન લાગી પાયે-
નાથ ભરત પુરજન માતા સૌ • શોક વિકળ છે દુખિત વને સૌ-
સહિત સમાજ જનક નૃપ આજે • બહુ દિનથી દુખ સહે અકાજે-
થાય ઉચિત ત્યમ નાથ વિચારે • હિત સૌનું છે હાથ તમારે- ૭

દોહા : પ્રાણ-પ્રાણ, જીંવ જીવના, સુખના સુખ હે રામ,
ગોઠે ઘર તમને તજી, હો વિધિ જેનો વામ- ૨/૭૭

રામ-પધારો આપ કુટીરે • થયા સનેહ શિથિલ મુનિ શરીરે-
કરી પ્રણામ પછી રામ સિધાવ્યા • મુનિ ધરી ધીર જનક કને આવ્યા-
શીલ-સ્નેહયુત પ્રભુની વાતે • કીધા પરિચિત નૃપ મુનિનાથે-
કંઈક કરો મિથિલપતિ એવું • રહે ધરમ - હિત સૌનાં તેવું-
સમય જાણી લઈને સૌ સાથે • ચાલ્યા જનક ભરતની પાસે-
તાત ભરત સંબોધ્યા રાવે • છો પરિચિત રઘુવીર સ્વભાવે-
રામ સત્યવ્રત ધર્મપરાયણ • શીલ સ્નેહ સૌના કરુણાયન-
સહે લાજ વશ તે દુખ ભારી • કહો - કહીયે જઈ રાય તમારી-
સુણી પુલકી ભરી નયને વારિ • કહે ભરત ઉર ધીરજ ધારી-
નાને મોં કહું મોટી વાતો • ક્ષમજો તાત, ગણી વિધિ વાંકો-
સ્વામી ધર્મ ને સ્વાર્થ વિરોધી • વેર અંધ છે પ્રેમ - અબુદ્ધિ- ૧૧

દોહા : રાખી રામ રુચિ - ધર્મ વ્રત, પરવશ મુજને જાણી,
સંમતિ હિત જ્યાં સર્વનું, કરજો પ્રેમ પિછાણી- ૨/૭૮

ભૂપ ભરત મુનિવર સૌ સાથે • આવ્યા સુર સુખદાતા પાસે-
જનક ભરત સંવાદ સુણાવી • કહી ભરત કહી વાત સુહાણી-
તાત રામ-આદેશ તમારો • પાળે સૌ એવો મત મારો-
સુણી રઘુપતિ જોડી જુગ પાણિ • બોલ્યા સત્ય સરળ મૃદુવાણી-
વિદ્યમાન હો ગુરુ-નૃપ જ્યારે • કહેવું કંઈ અતિ અનુચિત મારે-
ગુરુ નૃપ આજ્ઞા કહ્યું રઘુનાથે • આપ દુહાઈ ચઢાવીશ માથે- ૯

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

दोहा : राम सपथ सुनि मुनि जनकु, सकुचे सभा समेत,
सकल बिलोकत भरत मुखु, बनई न उतरु देत- २/२९६

सभा सकुच वस भरत निहारी • राम बंधु धरि धीरज भारी-
करि प्रनामु सब कहँ कर जोरे • रामु राउ गुर साधु निहोरे-
छमब आजु अति अनुचित मोरा • कहउँ वदन मृदु वचन कठोरा-
अविनय विनय जथारुचि वानी • छमिहि देहु अति आरति जानी- ४

दोहा : • सुहृद सुजान-सुसाहिबहि, बहुत कहब बडि खोरि,
आयसु देईअ देव अब, सबई सुधारि मोरि- २/३००

आग्या सम न सुसाहिब सेवा • सौ प्रसादु जन पावै देवा-
कृपासिन्धु सनमानि सुबानी • बैडाए समीप ग्रहि पानी-
जानहु तात तरति कुल रीती • सत्यसंध पितु कीरति प्रीती-
समउ समाजु लाज गुरुजन की • उदासीन हित अनहित मन की-
तुम्हहि विदित सबही कर करमू • आपन-मोर परम हित धरमू-
मातु-पिता-गुर-स्वामि निदेसू • सकल धरम धरनीधर सेसू-
सो तुम्ह करहु करावहु मोहू • तात तरनि कुल पालक होहू-
जानि तुम्हहु मृदु-कहउँ कठोरा • कुसमयँ तात न अनुचित मोरा-
होहिं कुठायँ सुबंधु सहाए • ओड़िअहिं हाथ असनिहु के धाए- ९

दोहा : सेवक-कर-पद-नयन से, मुख सो साहिबु होइ,
तुलसी प्रीति रीति सुनि, सुकवि सराहहि सोइ- २/३०६

सकल सभा- सुनि रघुवर वानी • प्रजा पयोधि अमिअँ जनु सानी.-
भरतहि भयउ परम संतोषू • सनमुख स्वामि विमुख दुख दोषू-
मुख प्रसन्न मन मिटा विषादू • भा-जनु गुंगेहि गिरा प्रसादू-
कीन्ह सप्रेम प्रनामु बहोरी • बोले पानि पंकरुह जोरी-
अब कृपाल जस आयसु होई • करौं सीस धरी सादर सोई-
सो अवलंब देव, मोहि देई • अवधि पारु पावौं जेहि सेई ६

दोहा : दीनबंधु सुनि बंधु के, बचन दीन छलहीन,
देस-काल-अवसर सरिस, बोले बचन प्रवीन- २/३१४

तात तुम्हारि मोरि परिजन की • चिंता गुरहि नृपहि धर वन की-
अस विचारि सब सोच बिहाई • पालहु अवध अवधि भरि जाई-
बंधु प्रबोध कीन्ह बहु भाँती • बिनु अधार मनु तोष न साँती-
प्रभु करि कृपा पाँवरीं दीन्ही • सादर भरत सीस धरि लीन्ही-
चरनपीठ कृपानिधान के • जनु जग जमिक प्रजा प्रान के-
भरत मुदित अवलंब लहेतें • अस सुख जस सिय रामु रहेतें.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

દોહા : રામ શપથ સુણી મુનિ જનક, સહ લાજ્યા સૌ કોઈ,
જડે ન ઉત્તર એકને, રહ્યા ભરત ભણી જોઈ- ૨/૭૯

સભા છોભિલી ભરતે ભાળી • રામ બંધુએ ધીરજ ખાળી-
કરી પ્રણામ સૌને કર જોડ્યા • રામ રાવ સૌને સંબોધ્યા-
ક્ષમજો સર્વ અનૌચિત્ય મારું • ધૃષ્ટ વચન લઘુ મોં ઉચ્ચારું-
અવિનય વિનય નિરંકુશ વાણી • ક્ષમજો છું હું વ્યાકુળ જાણી-
સુજ્ઞ સુહૃદ સ્વામી હિતકારી • ને બહુ કહેવું અવગુણ ભારી-
વાત સુધારી સઘળી મારી • દો આજ્ઞા પ્રભુ જે મન ધારી-
આજ્ઞા પાલન સમ નહિ સેવા • દાસ પ્રસાદ ચહે તે-દેવા- ૭

દોહા : • બેસાડી પાણિગ્રહી, કહી પિતુ કીરતિ પ્રીતિ,
સત્ય પ્રિયતા નૃપતણી, વરણી રઘુકુળ રીતિ- ૨/૮૦

લાજ સમાજ સહીત ગુરુજનની • વાત મિત્ર રિપુ તટસ્થ મનની-
વિદિત તમોને સૌના કર્મો • આપણા બેના હિતકર ધર્મો-
આજ્ઞા-પિતુ-માતુ-ગુરુ-સ્વામી • ધર્મધરા ધર શેષ શી માની-
કરો તમે તે - મુજથી કરાવો • તાત ભાનુકુળ પાલક થાઓ-
મૃદુ છો તોય કહું કટુ વાણી • પણ કુસમયે નહિ અનુચિત જાણી-
ધાય કુસમયે બંધુજ વ્હારે • ધરીયે હાથજ વજ્ર પ્રહારે- ૮

દોહા : દાસ હાથ પગ નેત્ર શા, મોં છે સ્વામી સમાન,
'તુલસી'આ નાતો ગણી, કવિવર કરે વખાણ- ૨/૮૧

સભા સુણીને રઘુવીર વાણી • પ્રેમ સુધા સાગર ભીંજાણી-
સુણી પ્રભુ વચન ભરત સુખ પામ્યા • સાંઈ કૃપે દુખ દોષો નાશ્યા-
મુખ પ્રસન્ન-ગઈ મનની ગ્લાનિ • મૂંગા પર જ્યમ વરસે 'વાણી'-
કર્યા સપ્રેમ પ્રણામ ફરીને • બોલ્યા હસ્ત કમળ જોડીને-
હોય હવે પ્રભુ આજ્ઞા જેવી • કહો-શીશ ધરી પાળું-તેવી-
દો અવલંબન એવું દેવા • પાર કરું અવધિ-કરી સેવા- ૮

દોહા : દીનબંધુ સુણી બંધુનાં, વચન દીન છળહીન,
દેશ-કાળ અવસર ઉચિત, બોલ્યા વચન પ્રવીણ- ૨/૮૨

તાત તારી મારી પરિજનની • ચિંતા ગુરુ નૃપને ઘર વનની-
એમ ગણી તે સઘળી ખાળો • અવધ અવધિ લગી જઈ સંભાળો-
સમજાવ્યા બંધુ ભલી ભાંતિ • પણ આલંબ વિના નહિ શાંતિ-
કૃપા કરીને પાવડી દીધી • સાદર ભરતે શિર ધરી લીધી-
ચરણ પાદુકા પ્રભુની એવી • પ્રજા-પ્રાણની રક્ષક જેવી-
ભરત મુદિત આલંબ મળ્યેથી • એવા જ્યમ સિયરામ રહ્યેથી- ૮

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

दोहा : लखनहि भेंटि प्रनामु करि, सिर धरि सियपद धूरि,
चले सप्रेम असीस सुनि, सकल सुमंगल मूरि- २/३१८

प्रभु गुनग्राम गनत मन माहीं • सब चुपचाप चले मग माहीं-
सई उतरि-गोमती नहाए • चौथे दिवस अवधपुर आए-
सचिव सुसेवक भरत प्रबोधे • निज निज काज पाइ सिख ओधे-
सानुज गे गुर गेहँ बहोरी • करि दंडवत कहत कर जोरी-
आयसु होइ त रहौं सनेमा • बोले मुनि तन पुलकि सप्रेमा-
समझब-कहब-करब तुम्ह जोइ • धरम सारु जग होइहि सोई- ६

दोहा : सुनि सिख पाइ असीस बड़ि, गनक बोलि दिनु साधि,
सिंघासन प्रभु पादुका, बैठारे निरुपाधि- २/३२३

नित पूजत प्रभु पावरी, प्रीति न हृदयँ समाति,
मागि मागि आयसु करत, राज काज बहु भाँति- २/३२५

छंदः सिय राम प्रम पियूष पूरन, होत जनम न भरत को,
मुनि मन अगम जम-नियम-सम-दम, विषम व्रत आवरत को-
दुख-दाह-दरिद-दंभ-दूषण, सुजस मिस अपहरत को,
कलिकाल तुलसी से सठन्हिहठि, राम सनमुख करत को-

सोरठा : भरत चरित करि नेमु, तुलसी जो सादर सुनहिं-
सीय राम पद पेमु, अवसि होइ भव रस बिरति- २/३२६

- अयोध्याकांड समाप्त -

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અયોધ્યાકાંડ

દોહા : પ્રણમી ભેટી લખણને, શિર ધરી સિયપદ ધૂળ,
ચાલ્યા રિપુહન ભરત લઈ, આશિષ મંગળમૂળ- ૨/૮૩

સ્મરતા પ્રભુ ગુણગણ મનમાંહે • મૂગાં મૂંગા મારગ જાએ-
ઊતરી 'સઈ' ગોમતીમાં ન્હાયા • ચોથે દિવસ અવધપુર આવ્યા-
આવી સેવક સચિવ પ્રબોધા • સુણી શીખ નિજનિજ કામે લાગ્યા-
ગયા અનુજ સહ ગુરુને ઘેરે • બોલ્યા પ્રણમી ઝુકી પેરે-
આજ્ઞા હો તો રહું સ-નેમે • બોલ્યા મુનિવર પુલકી પ્રેમે-
ભરત વિચાર કથન તવ કરણી • ધર્મસાર થઈ રહેશે ધરણી- ૬

દોહા : શીખ સુણી આસિષ લઈ, શુભદિન ઘડી શોધાવી,
સિંઘાસને પ્રભુ પાદુકા, નિર્વિઘ્ને પધરાવી-
નિત પૂજે પ્રભુ પાવડી, પ્રીત ન હૃદય સમાય,
આજ્ઞા લઈ લઈને કરે, કાર્યો રાજ સદાય- ૨/૮૪

છંદ: સિય રામ પ્રેમ પિયૂષ પૂરણ, થાત જનમ ન ભરતનો,
મુનિ મન અગમ યમ-નિયમ-શમ-દમ, વિષમ વ્રત તો કરત કો-
દુખ-દાહ-દરિદ-દંભ-દૂષણ, સુયસ બ્હાને હરત કો,
કળિ એ 'તુલસી'સમ શઠ પરાણે, રામ સન્મુખ કરત કો-

સોરઠા : ભરત ચરિત કરિ નેમ, 'તુલસી' જો સાદર સુણે,
સીય રામ પદ પ્રેમ, પામી વિષય વિરતિ લહે- ૨/૮૫

— અયોધ્યાકાંડ સમાપ્ત —

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

• मानससार •

- अरण्यकांड -

रघुपति चित्रकूट वसि नाना • चरित किए श्रुति सुधा समाना-
बहुरि राम अस मन अनुमाना • होइहि भीर सबहिं मोहि जाना-
सकल मुनिन्ह सन विदा कराई • सीता सहित चले दौ भाई-
अत्रि के आश्रम जब प्रभु गयऊ • सुनत महामुनि हरषित भयऊ-
देखि राम छबि नयन जुड़ाने • सादर निज आश्रम तब आने- ५

सोराठाः• प्रभु आसन आसीन, भरि लोचन सोभा निरखि,
मुनिवर परम प्रवीन, जोरि पानि अस्तुति करत- ३/३

छंदः नमामि भक्त वत्सलं, कृपालु शील कोमलं,
निकाम श्याम सुंदरं, भवांबुनाथ मंदरं-
स्वभक्त कल्प पादपं, समं सुसेव्यमन्वहं,
प्रसीद मे-नमामि ते, पदाब्ज भक्ति देहि मे-

दोहा : विनती करि मुनि नाइ सिरु, कह कर जोरि बहोरि,
चरन सरोरुह नाथ जनि, कबहुँ तजै मति मोरि- ३/४

●

अनसुइया के पद गहि सीता • मिली बहोरि सुशील विनीता-
रिषि पतिनि मन सुख अधिकाई • आसिष देइ निक्ट बैठाई-
दिव्य वसन भूषन पहिनाअे • जे नित नूतन अमल सुहाए-
कह रिषिवधू सरस मृदुवानी • नारि धर्म कछु व्याज वखानी-
मातु-पिता-भ्राता हितकारी • मितप्रद सब सुनु राजकुमारी-
अमित दानि भर्ता वयदेही • अधम सो नारि जे सेव न तेही-
धीरज-धर्म-मित्र अरु नारी • आपद काल परिखिअहिं चारी-
जग पतिव्रता चारि विधि अहहीं • वेद.पुरान संत सब कहहीं-
उत्तम के अस बस मनमांही • सपनेहु आन पुरुष जग नाहीं-
मध्यम परपति देखइ कैसे • भ्राता • पिता • पुत्र निज जैसे-
धर्म विचारि समुझि कुल रहई • सो कनिष्ट त्रिय-श्रुति अस कहई-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

• માનસસાર •

- અરણ્યકાંડ -

ચિત્રકૂટ વસી રામે એવાં • કીધાં ચરિત શ્રવણ પ્રિય તેવાં-
પછી રામે મન એમ વિચાર્યું • થશે ભીડ-નહિ રહે કો વાર્યું-
સકળ મુનિથી માગી વિદાઈ • સીય સહિત ચાલ્યા બે ભાઈ-
'અત્રિ' આશ્રમ આવ્યા જ્યારે • મહામુનિ સુણી હરખ્યા ત્યારે-
નયન રામ છબિ જોઈ ઠાર્યાં • સાદર નિજ આશ્રમ સૌ આણ્યાં- ૫

સોરઠાઃ • દઈ આસન રઘુવીર, નયન ભરી શોભા જુએ,
નિપુણ મુનિ મતિધીર, કરે સ્તુતિ કર જોડી જુગ-

છંદઃ પ્રણામ ભક્તવત્સલા, કૃપા સ્વભાવ કોમલા,
અકામ શ્યામ સોહતા, ભવાબ્ધિ નાથ તારતા-
સ્વભક્ત કાજ વૃક્ષશા, સમઃ સુસેવ્ય સર્વદા,
નમું નમું પ્રસન્ન હો, પદાબ્જ આપ ભક્તિ દો-

દોહા : કરી વિનતી શિર નામી ને, કહ્યું યુગલ કર જોડી,
નાથ પદ્મપદ ના તજે, કદીય બુદ્ધિ મોરી- ૩/૧

●

'અનસૂયા'ના પદ ગ્રહી સીતા • મળી પછી સુ.શીલ વિનીતા-
ઋષિ પત્ની મન બહુ સુખ પામી • આશિષ દઈ પાસે બેસાડી-
દીધાં વસ્ત્રભૂષણ એવાં • રહે અમળ નિત નૂતન તેવાં-
મુનિસ્ત્રીએ અતિ સુંદર વાણી • નારી ધર્મની વાત વખાણી-
માત-પિતા-ભ્રાતા હિતકારી • સીમિત ફળ દે રાજકુમારી-
દાતા અમિત ન પતિ સમ સીતા • સેવે નહિ તેવો- તે પતિતા- ૬

દોહા : • ધીરજ-ધર્મ સુમિત્ર ને, ચોથી જગમાં નારી,
વિપદ પડ્યે પરખાય તે, સુણ સીતા સુકુમારી- ૩/૨

પળાય પતિવ્રત ચાર પ્રકારે • એમ શાસ્ત્ર શ્રુતિ સંત ઉચારે-
ઉત્તમને એવું મનમાંહી • સ્વપ્ને પણ પર નર જગ નાહીં-
મધ્યમને મન પરપતિ કેવો • પિતા.પુત્ર નિજ બંધુ જેવો-
નિજકુળ લાજ, સુધર્મ વિચારી • પાળે પતિવ્રત નિમ્ન ગણાઈ-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

बिनु अवसर भय तें रह जोई • जानेहु अधम नारि जग सोई-
बिनु श्रम नारि परम गति लहई • पतिव्रत धर्म छाड़ि छल गहई- ६

सोरठाः • सुन सीता तव नाम, सुमिरि नारि पतिव्रत करहिं,
तोहि प्रानप्रिय राम, कहिउँ कथा संसार हित- ३/५

मुनि पदकमल नाइ करि सीसा • चले वनहि सुर-नर-मुनि ईसा-
सरिता-वन-गिरि-अवघट घाटा • पति पहिचानि देहिं बर बाटा-
मिला असुर विराध मग जाता • आवतहीं रघुवीर निपाता-
तुरतहिं रुचिर रूप तेहिं पावा • देखि दुखि निज धाम पठावा-
पुनि रघुनाथ चले वन आगे • मुनिवर वृंद विपुल संग लागे-
अस्थि समूह देखि रघुराया • पूछी मुनिन्ह लागि अति दाया-
निसिचर निकर सकल मुनि खाए • सुनि रघुवीर नयन जल छाए- ७

दोहा : निसिचर हीन करउँ महि, भुज उठाइ पन कीन्ह,
सकल मुनिन्ह के आश्रमन्हि, जाइ जाइ सुख दीन्ह- ३/९

मुनि अगस्त्य कर सिष्य सुजाना • नाम सुतिछन रति भगवाना-
प्रभु आगवनु श्रवन सुनि पावा • करत मनोरथ आरत धावा-
परेउ लकुट इव चरनन्हि लागी • प्रेम मगन मुनिवर बड़भागी-
भुज विसाल गहि लिए उठाई • परम प्रीति राखे उर लाई-
तुरत सुतिछत गुर पहिं गमऊ • करि दंडवत कहत अस भयऊ-
सुनत अगस्ति तुरत उठि धाए • हरि विलोकि लोचन जल छाए- ६

सादर कुसल पूछि मुनि ग्यानी • आसन बर बैठारे आनी-
तब रघुवीर कहा मुनि पाहीं • तुम्ह सन प्रभु दुराव कछु नाहीं-
अब सो मंत्र देहु प्रभु मोही • जेहि प्रकार मारौं मुनिद्रोही-
संतत दासन्ह देहु बड़ाई • तातें मोहि पूँछेहु रघुराई-
है प्रभु परम मनोहर ठाऊँ • पावन पंचवटी तेहि नाऊँ-
दंडकवन पुनीत प्रभु करहू • उग्र साप मुनिवर कर हरहू-
वास करहु तहँ रघुकुल राया • कीजे सकल मुनिन्ह पर दाया-
चले राम मुनि आयसु पाई • तुरतहिं पंचवटी निअराई- ६

दोहाः गीधराज सैं भेंट भई, बहु विधि प्रीति बढ़ाई,
गोदावरी निकट प्रभु, रहे परनगृह छाई- ३/१३

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અરણ્યકાંડ

રહે ભયે કે લાગ અભાવે • નારી અધમ તે જગે કહાવે-
શ્રમ વિણ નારી પરમ ગતિ લે તે • છળ તજીં પતિવ્રત ધર્મ ગ્રહે જે- ૬

સોરઠાઃ • સુણ સીતા તુજ નામ, લઈ નારી પતિવ્રત કરે,
તને પ્રાણપ્રિય રામ, કહી કથા સંસાર હિત- ૩/૩

●

મુનિવર પદ કમલે શિર નામી • ચાલ્યા વન-સુર-નર-મુનિ સ્વામી-
વન-સરિતા-ગિરિ-દુર્ગમ ઘાટો • પ્રભુ જાણી દે સુંદર વાટો-
અસુર 'વિરાધ' મળ્યો પથ જાતે • હણી પાડ્યો તુરતજ રઘુનાથે-
સુંદર રૂપ તુરત તે પામ્યો • દેખી દુર્ખી નિજ ધામ પઠાવ્યો-
પછી રઘુપતિ આગળ વન ચાલ્યા • મુનિ વૃંદો પણ સાથે આવ્યા-
અસ્થિ ઢગ દેખી રઘુરાયે • પૂછ્યું મુનિને વિકળ દયાએ-
અસુર દળે મુનિ મારી ખાધા • સુણી રઘુવીર નયન જળ છાયા- ૭

દોહા : કરીંશ નિશાચર હીન મહિ, ભુજ ઉઠાવી પ્રણ લીધું,
મુનિઓને આશ્રમ જઈ, સૌને સાંત્વન દીધું- ૩/૪

મુનિ અગસ્ત્યના શિષ્ય સુજ્ઞાની • નામ 'સુતિક્ષણ' રતિ ધનુપાણિ-
રામ આગમન ખબર સુણીને • ધાયા આતુર હૃદય લઈને-
પડ્યા દંડ સમ ચરણે લાગી • પ્રેમ મગ્ન મુનિવર બડભાગી-
લીધા વિસ્તૃત બાંહ ઉઠાવી • દીધા પ્રેમે હૃદય લગાવી-
શીઘ્ર સુતીક્ષણ જઈ ગુરુ પાસે • પ્રણમી ખબર કર્યા ઉલ્લાસે-
સુણી અગસ્ત્ય ઊઠીને ધાયા • હરિ દેખી લોચન જળ છાયા- ૬

દોહા : • પૂછી કુશળતા મુનિવરે, દીધું આસન આણી,
ગુમ ન મુનિ કંઈ આપથી, બોલ્યા પ્રભુ મૃદુ વાણી- ૩/૫

હવે સલાહ મુનિ આપો તેવી • મારી શકું મુનિદ્રોહી એવી-
દો સેવકને સતત વડાઈ • પૂછો છો તેથી રઘુરાઈ-
છે અતિ મનહર પ્રભુ ઠેકાણું • પંચવટી નામે વખણાણું-
દંડક વન પાવન પ્રભુ કરજો • ઉગ્ર શાપ 'ગૌતમ' નો હરજો-
વાસ કરો ત્યાં રામ જઈને • કરો કૃપા મુનિઓ પર રહીને-
મુનિ આજ્ઞા લઈ રામ સિધાવ્યા • પંચવટી પાસે સૌ આવ્યા- ૬

દોહા : ગીધરાજથી ભેટ થઈ, બહુ વિધ પ્રીતિ વધારી,
ગોદાવરી પાસે પ્રભુ, વસ્યા કુટીર બતાવી- ૩/૬

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

जब तें राम कीन्ह तहँ वासा • सुखी भए मुनि वीती त्रासा-
खग मृग वृंद अनंदित रहहीं • मधुप मधुर गुंजन छबि लहहीं-

●

एक वार प्रभु सुख आसीना • लछिमन वचन कहे छलहीना-
कहहु ग्यान विराग अरु माया • कहहु सो भगति करहु जेहि दाया- ४

दोहा : ईस्वर-जीव भेद प्रभु, सकल कहौ समुझाइ,
जातें होइ चरन रति, सोक मोह.भ्रम जाइ- ३/१४

मैं अरु मोर, तोर तैं माया • जेहिं बस कीन्हे जीव निकाया-
गो-गोचर जहँ लगि मन जाई • सो सब माया जानेहु भाई-
तेहि कर भेद सुनहु तुम्ह सोऊ • विद्या अपर अविद्या दोऊ-
ग्यान-मान जहँ एकउ नाहीं • देख ब्रह्म समान सब माहीं-
कहिअ तात सो परम विरागी • तृन सम सिद्धि तीति गुन त्यागी- ५

दोहा : माया-ईस न आपु कहुँ, जान कहिअ सो जीव,
बंध मोक्षप्रद-सर्व पर, माया प्रेरक सीव- ३/१५

धर्म ते विरति जोग तें ग्याना • ग्यान मोच्छप्रद बेद बखाना-
जातें वेगि द्रवउँ मैं भाई • सो मम भगति भगत सुखदाई-
सो सुतंत्र अवलंब न आना • तेहि आधीन ग्यान विग्यानां-
भगति तात अनुपम सुखमूला • मिलइ जो संत होइ अनुकूला-
काम आदि मद-दंभ न जाके • तात निरंतर वस मैं ताकें- ५

दोहा : बचन कर्म मन मोरि गति, भजनु करहिं निष्काम,
तिन्ह के हृदय कमल महुँ, करउँ सदा विश्राम- ३/१६

●

सूपनखा रावन कै बहिनी • दुष्ट हृदय दारुन जस अहिनी-
पंचवटी सो गइ एक बारा • देखि विकल भइ जुगल कुमारा-
रुचिर रूप धरि प्रभु पहिं जाई • बोली वचन बहुत मुसुकाई-
तुम्ह सम पुरुष न मो सम नारी • यह सँजोग विधि रचा विचारी-
मम अनुरूप पुरुष जगमाहीं • देखेउँ खोजि लोक तिहु नाहीं-
तातें अब लगि रहिउँ कुमारी • मनु माना कछु तुम्हहि निहारी- ६

सीतहि चितइ कही प्रभु बाता • अहइ कुमार मोर लघु भ्राता-
गइ लछिमन-रिपु भगिनी जानी • प्रभु विलोकि बोले मृदु बानी-
सुंदरि सुनु मैं उन्ह कर दासा • पराधीन नहिं तोर सुपासा-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અરણ્યકાંડ

જ્યારથી પંચવટી પ્રભુ આવ્યા • વીત્યો ત્રાસ મુનિ સુખ પામ્યા-
ખગ-મૃગ વૃંદ અભય થઈ ચરતાં • ભૃંગ વૃંદ કલ ગુંજન કરતાં-

●

દેખી એક દિન મુદિત પ્રભુને • પૂછી વાત વિના છળ લખણે-
દો સમજણ વિરતિ માયાની • રીઝવે તમને તે ભગતિની- ૪
દોહા : ભેદ-જીવ શિવનો પ્રભુ, કહો કેમ સમજાય,
જેથી પદ રતિ ઊપજે, શોક-મોહ ભ્રમ જાય- ૩/૭
હું-મારું, તારું તું- માયા • કર્યા જીવ વશ જે જગ જાયા-
મન-ગતિ-ઈન્દ્રી વિષય સમુદાઈ • જાણો તે સૌ માયા ભાઈ-
તેના ભેદ સુણો કે બંધુ • વિદ્યા સાથ અવિદ્યા બેઉ-
દોષ ન માનાદિક તે જ્ઞાની • જુએ એક બ્રહ્મજ સૌ માહીં-
તાત કહો તે પરમ વિરાગી • તૃણ ગણી સિદ્ધિ-ત્રિગુણનો ત્યાગી- ૫
દોહા : માયા ઈશ્વર પંડયને, જાણે નહિ તે જીવ,
સર્વોપરિ ગતિ બંધપ્રદ, માયા પ્રેરક શિવ- ૩/૮
યોગથી જ્ઞાન, ધરમથી વિરતિ • જ્ઞાન મોક્ષપ્રદ, વેદની ઉક્તિ-
રીઝું સત્વર જેથી ભાઈ • તે મુજ ભક્તિ-ભગત સુખદાઈ-
છે સ્વતંત્ર-ટેકો ન કશાનો • તેને અધીન જ્ઞાન-વિજ્ઞાનો-
ભક્તિ ~~સૌથી~~ શ્રેષ્ઠ/સદાએ • મળતાં સંત અનુકૂળ થાએ- સુખમૂળ
કામાદિક મદ-દંભ ન જેને • તાત નિરંતર વશ હું તેને- ૫
દોહા : મન-વચ કર્મે શરણ મુજ, ભજન કરે નિષ્કામ,
તેના હૃદય કમળ મહીં, કરું સદા વિશ્રામ- ૩/૯

●

સહોદરી-શૂર્પણખા-રાવણ • દુષ્ટ હૃદય દારુણ જ્યમ નાગણ-
ગઈ તે પંચવટી એક વેળા • દેખી વિકળ થઈ બેઉ છેલા-
રૂપ રુચિર ધરી પ્રભુ કને આવી • બોલી મધુર મુખે સ્મિત લાવી-
તુજ સમ નર નહિ, મુજ સમ નારી • રચ્યો વિધિએ યોગ વિચારી-
મારે જોગ પુરુષ જગ માંહી • જોયો ખોળી, ત્રિલોકે નાહીં-
તેથી હજી લગી રહી કુમારી • મન લાગ્યું કંઈ તને નિહારી- ૬
દોહા : • બોલ્યા સિય જોઈ પ્રભુ, છે કુમાર લઘુભ્રાતા,
રિપુ ભગિની જાણી લખણે, હેરી પ્રભુ કરી વાત- ૩/૧૦
સુણ સુંદરી, હું સેવક તેનો • પરવશ-શું સુખ આપે તેને-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

सेवक सुख चह, मान भिखारी • व्यसनी धन, सुभगति विभिचारी-
लोभी जसु-चह चार गुमानी • नभ दुहि दूध चहत ए प्रानी-
पुनि फिरि राम निकट सो आई • प्रभु लछिमन पहिं बहुरि पठाई-
लछिमन कहा-तोहि सो वरई • जो तृन तोरि लाज परिहाई-
तब खिसिआनि राम पहिं गई • रूप भयंकर प्रगटत भई-
सीतहि सभय देखि रघुराई • कहा अनुज सन सयन बुझाई- ७

दोहा : लछिमन अति लाघवँ सो, नाक.कान बिनु कीन्ह,
ताके कर रावन कहँ, मनौ चुनौति दीन्ह- ३/१७

कान.नाक बिनु भइ विकरारा • जनु स्त्रव सैलु गेरु कै धारा-
खर दूषन पहि गइ विलपाता • धिगधिग तव पौरुष बल भ्राता-
तेहिं पूछा सब कहेसि बुझाई • जातुधान सुनि सेन बनाई-
धाए निसिचर निकर बरूथा • जनु सपच्छ काजल गिरि जुथा-
देखि राम रिपु दल चलि आवा • बिहसि कठिन कोंदड चढावा- ५

छंदः प्रभु कीन्ह धनुष टकोर प्रथम, कठोर-घोर भयावहा,
भए बधिर व्याकुल जातुधान, न ग्यान तेहि अवसर रहा-
सर-सक्ति-तोमर-परसु-सूल, कृपान एकहि बारहीं,
करि कोप श्रीरघुवीर पर, अगनित निसाचर डारहीं-

दोहा : तिन्ह के आयुध तिल सम, करि काटे रघुवीर,
तानि सरासन श्रवन लगि, पुनि छाँड़े निज तीर- ३/१९
रामराम कहि तन तजहिं, पावहिं पद निर्वान,
करि उपाय रिपु मारे, छन महुँ कृपानिधान- ३/२०

●

धुआँ देखि खर-दूषन केरा • जाइ सुपनखाँ रावन प्रेरा-
बोली वचन क्रोध करि भारी • देस कोस कै सुरति विसारी-
करसि पान-सोवसि दिनु राती • सुधि नहिं तव सिर पर आराती-
राज-नीति बिनु धन बिनु धर्मा • हरिहि समर्पे बिनु सत कर्मा-
विद्या बिनु विवेक उपजाएँ • श्रम फल पढें किएँ अरु पाएँ-
संग तें जती कुमंत्र तें राजा • मान तें ग्यान पान तें लाजा-
प्रीति-प्रनय बिनु, मद ते गुनी • नासहिं वेगि नीति अस सुनी- ७

सोरठाः रिपु-रुज-पावक-पाप, प्रभु अहि गनिए न छोट करि,
अस कहि विविध विलाप, करि लागी रोदन करन-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અરણ્યકાંડ

ચહે દાસ સુખ, માન ભિખારી • વ્યસની ધન શુભગતિ વ્યભિચારી-
લોભી યશ, ફળ ચાર ગુમાની • ચહે દોહી નભ-પય તે પ્રાણી-
રામ કને વળી પાછી આવી • ફરીથી લક્ષ્મણ પાસ પઠાવી-
કહે લખણ વરે તુજને તેવો • લાજ તજી ફરે નિર્લજ એવો-
રામ પાસ ગઈ ક્રોધિત થઈને • રૂપ ભયાનક ધારણ કરીને-
સીય સભય દેખી રઘુરાયે • સમજાવ્યા લઘુ બંધુ ઈશારે- ૭

દોહા : અનુજે અતિવ ત્વરિત ગતિ, કાપ્યા કાનો-નાક,
રાવણને ભગિની થકી, હો બેસારી ધાક- ૩/૧૧

નાક.કાન વિણ થઈ વિકરાળા • શૈલ સ્ત્રવે જ્યમ ગેરુ ધારા-
વિલપતી ગઈ ખર.દૂષણ પાસે • ધિગ-ધિગ તુજ બળ ભ્રાતા ભાસે-
પૂછ્યે વાત કહી સમજાવી • સુર્ણીને સેના અસુરે સાજી-
ધાયાં દાનવ કેરાં ધાડાં • કજ્જલ ગિરિ જૂથો પંખાળાં-
દેખી રામે રિપુદળ આવ્યું • મંદ હસી કોદંડ ચઢાવ્યું- ૫

છંદ: કીધો ધનુષ ટંકાર પ્રભુએ, પ્રથમ ઘોર બિહામણો,
બહેરા થયા વ્યાકુળ નિશાચર, ખ્યાલ ખોયો તન તણો-
શર-શક્તિ ખડગ-ત્રિશૂળ-તોમર, પરશુ સાથ ઉઠાવવા,
કરી કોપ રઘુવર પર નિશાચર, એકી સાથે ફેંકતા-

દોહા : આયુધ રિપુનાં તલ સમાં, છેદી કરે રઘુવીર,
તાણી ધનુષ શ્રવણ લગી, પછી છોડે નિજ તીર-
રામ રામ કહી તન તજે, પામે પદ નિર્વાણ,
હણ્યા રિપુ- કૌતુક કરી, ક્ષણમાં કૃપાનિધાન- ૩/૧૨

●

જોઈ નાશ ખર-દૂષણ કેરો • શૂર્પણખાએ રાવણ પ્રેર્યો-
ક્રુદ્ધ થઈ બોલી કટુ ભારી • દેશ કોશ સ્મૃતિ બંધુ વિસારી-
રહે સૂઈ પીને દિનરાતે • ભાન ન શિર પર શત્રુ જરા તે-
રાજ-નીતિ વિણ, ધન વિણ ધર્મો • વિણ હરિ અર્પણ કર્યે સુકર્મો-
વિદ્યા પ્રાપ્તિ વિવેક વગરની • વાંચન કસરત અર્થ વગરની-
યતિ કુસંગે-કુમંત્રે રાજા • માને જ્ઞાન, મદપાને લજ્જા-
રતિ વિણ પ્રણય, મદે ગુણી કેરો • નિશ્ચય નાશ-વિદિત મત એવો- ૭

સોરઠા: રોગ-સ્વામી-રિપુ-પાપ, આગ.નાગ ગણિયે ન લઘુ,
કરી ત્યમ વિવિધ વિલાપ, કરી દીધું રોવું શરૂ-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

दोहा : सुपनखहि समुझाई करि, बल बोलेसि बहु भाँति,
गयउ भवन अति सोचबस, नींद परइ नहिं राति- ३/२२

इहाँ राम असि जुगुति बनाई • सुनहु उमा सो कथा सुहाई- १

दोहा : • लछिमन गए बनहि जब, लेन मूल-फल-कंद,
जनकसुता सन बोले, बिहसि कृपा-सुख वृंद- ३/२३

सुनहु प्रियाव्रत रुचिर सु.सीला • मैं कछु करबि ललित नर लीला-
तुम्ह पावक महुँ करहु निवासा • जौ लगि करौं निसाचर नासा-
निज प्रतिबिंब राखि तहँ सीता • तैसइ सील-रूप सु.विनीता-
लछिमनहूँ यह मरमु न जाना • जो कछु चरित रचा भगवाना-

●

दसमुख गयउ जहाँ मारीचा • नाई माथ स्वारथ रत नीचा- ५

नवनि नीचकै अति दुखदाई • जिमि अंकुस धनु उरग-बिलाई-
भयदायक खल कै प्रिय बानी • जिमि अकाल कै कुसुम भवानी-

दसमुख सकल कथा तेहि आगें • कही सहित अभिमान अभागें-
होहु कपट मृग तुम्ह छलकारी • जेहि विधि हरि आनौं नृपनारी-
तेहिं पुनि कहा सुनहु दससीसा • ते नर रूप चराचर ईसा-
जौं नर तात-तदपि अति सूरा • तिन्हहि विरोध न आइहि पूरा-
गुर जिमि मूढ़ करसि मम बोधा • कहु जग मोहि समान को जोधा-
तब मारीच हदयँ अनुमाना • नवहि विरोधें नहिं कल्याना-
सस्त्री-मर्मी-प्रभु-सठ-धनी • वैद बंदि-कपि-भानस गुनी-
अस जियँ जानि दसानन संगा • चला रामपद प्रेम अभंगा- ८

दोहा : मम पाछे धर धावत, धरें सरासन बान,
फिरि फिरि प्रभुहि विलोकिहउँ, धन्य न मो सम आन- ३/२६

तेहि वन निकट दसानन गयऊ • तब मारीच कपट मृग भयऊ-
सीता-परम रुचिर मृग देखा • अंग अंग सुमनोहर वेषा-
सत्यसंध प्रभु वधि करि एही • आनहु चर्म कहति वैदेही-
प्रभु लछिमनहि कहा समुझाई • फिरत विपिन निसिचर बहु भाई-
सीता केरी करेहु रखवारी • बुधि विवेक बल-समय विचारी-
प्रभुहि विलोकि चला मृग भाजी • धाए रामु सरासन साजी-
प्रगटत-दुरत, करत छल भूरी • एहि विधि प्रभुहि गयउ लै दूरी-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અરણ્યકાંડ

દોહા : સૂર્પણખા સમજાવી પછી, કરી બહુ નિજ બળ વાત,
ચિંતિત નિજ ભવને ગયો, ઊંઘ ન આવી રાત- ૩/૧૩

અહીં રામે ઇક યુક્તિ કીધી • સુણો ઉમા તે કથા રસીલી-
ગયા લખણ વનમાહેં જ્યારે • કંદ-મૂળ-ફળ લેવા ત્યારે-
કહ્યું મંદ હસી જનકસુતાને • રઘુકુળ પંકજ ભાનુ રામે-
સુણો પાતિવ્રતપાળ સુ.શીલા • હું કંઈ કરીશ લલિત નર લીલા-
વાસ કરો પ્રિય, પાવક માહીં • હણું નિશાચર જ્યાં લગી આહીં-
રાખ્યું નિજ પ્રતિબિંબ સીતાએ • અદલ રૂપ ગુણ સુ.વિનીતાએ-
અનુજ લખણ આ મર્મ ન જાણે • જે કંઈ ચરિત રચ્યું ભગવાને-

ગયો દશાનન મારીચ પાસે • ઊભો ખળ-સ્વાર્થી નત માથે- ૮

દોહા : • અહિ-અકુંશ-ધનુ-બિલ્લી સમ, નમન નીચ દુખકારી,
ઉમા-કમોસમ ફૂલ જ્યમ, ખળ પ્રિય વચ ભયકારી- ૩/૧૪

સકળ કથા સૌંભળાવી તેને • અભાગીએ પૂરણ અભિમાને-
થા તું હેમમૃગ-માયાકારી • હરી લાવું જેથી નૃપનારી-
કહ્યું મારીચે હે દસશીશા • તે નર રૂપે છે જગદીશા-
મનુજ છતાં પણ છે તે શૂરા • વેર કર્યે પડશું નહિ પૂરા-
મૂઢ-ગુરુ સમ દે શું બોધો • દાખવ જગમાં મુજ સમ જોધો-
પછીં મારીચે મન અનુમાન્યું • લડવું નવથી ઉચિત ન માન્યું-
ભેદી-શસ્ત્રી-સ્વામી-શઠ મોટો • ભાટ-કવિ-ધની-વૈદ-રસોયો-
રાવણ સંગે આમ વિચારી • ગયો રામપદ પ્રેમ પૂજારી- ૮

દોહા : મને પકડવા દોડતા, પાછળ લઈ ધનુ બાણ,
ફરીં ફરીં પ્રભુ નિરખીશ હું, ધન્ય ન મુજ સમ આન- ૩/૧૫

તે વન નિકટ દશાનન પહોંચ્યો • મારીચ છળમૃગ થઈને આવ્યો-
સીતાએ સુંદર મૃગ દીઠો • અતિ સુંદર લાગ્યો મન મીઠો-
સત્યસંધ કરી મૃગયા તેની • આણો ચર્મ કહે વૈદેહી-
કહ્યું પ્રભુએ લક્ષ્મણ સમજાવી • ફરે વને નિશિચર બહુ ભાઈ-
કરજો સીતાની રખવારી • બુદ્ધિ વિવેક બળ સમય વિચારી-
પ્રભુ દેખી મૃગ નીકળ્યો ભાગી • ધાયા રામ શરાસન સાજી-
'એન ધેન' રમતો છળી ભારી • ખેંચી દૂર ગયો અસુરારિ-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

तब तकि राम कठिन राम कठिन सर मारा • धरनि परेउ करि घोर पुकारा-
लछिमन कर प्रथमहिं लै नामा • पाछें सुमिरेसि मनमहुँ रामा-
आरत गिरा सुनि जब सीता • कह लछिमन सन परम सभीता -
जाहु बेगि संकट अति भ्राता • लछिमन बिहसि कहा सुनु माता-
भृकुटि बिलास सृष्टि लय होई • सपनेहुँ संकट परइ कि सोई-
मरम बचन जब सीता बोला • हरि प्रेरित लछिमन मन डोला-
बन दिसि देव सौंपि सब काहू • चले जहाँ रावन ससि राहू-
सून बीच दसकंधर देखा • आवा निकट जती कें वेषा-
नाना बिधि करि कथा सुहाई • राजनीति भय प्रीति देखाई-
कह सीता सुनु जती गोसाईं • बोलेहु बचन दुष्ट की नाईं-
तब रावन नीज रूप देखावा • भई सभय जब नाम सुनावा- ७

दोहा : क्रोधवंत तब रावन, लीन्हिसि रथ बैठाइ,
चला गगन पथ आतुर, भयँ रथ हाँकि न जाइ- ३/२८

हा जग एक बीर रघुराया • केहिं अपराध बिसारेहु दाया -
आरति हरन सरन सुखदायक • हा रघुकुल सरोज दिननायक -
हा लछिमन तुम्हार नहिं दोसा • सो फलु पायउँ कीन्हेउँ रोसा-
गीधराज सुनि आरत बानी • रघुकुल तिलक नारि पहिचानी-
धावा क्रोधवंत खग कैसें • छूटइ पबि परबत कहुँ जैसे- ५

चोंचन्ह मारि बिदारेसि देही • दंड एक भइ मुरुछा तेही-
तब सक्रोध निसिचर खिसिआना • काढेसि परम कराल कृपाना-
काटेसि पंख परा खग धरनी • सुमिरि राम करि अदभुत करनी-
सीतहि जान चढ़ाइ बहोरी • चला उताइल त्रास न थोरी -
करति बिलाप जाति नभ सीता • व्याध बिबस जनु मृगी सभीता-
गिरि पर बैठे कपिन्ह निहारी • कहि हरिनाम दीन्ह पट डारी-
एहि बिधि सीतहि सो लै गयऊ • बन असोक महँ राखत भयऊ- ५

दोहा : हारि परा खल बहु बिधि, भय अरु प्रीति देखाइ,
तब असोक पादप तर, राखेसी जतन कराइ-
जेहि बिधि कपट कुरंग सन, धाइ चले श्रीराम,
सो छबि सीता राखि उर, रटति रहति हरिनाम- ३/२९

●

रघुपति अनुजहि आवत देखी • बाहिज चिंता कीन्हि बिसेषी-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અરણ્યકાંડ

માર્યું તાકી બાણ ભયંકર • ઢળ્યો કરી ચિત્કાર ધરા પર-
પહેલાં લક્ષ્મણ નામ પુકારી • સ્મરે હૃદયમાં રામ ખરારિ- ૯

દોહા : • આર્તનાદ સુણી સભય સિય, કહ્યું લખણને તાત,
જાવ શીઘ્ર ભ્રાતા ભયે, હસી બોલ્યા સુણો માત- ૩/૧૬

ભૃકુટિ ભંગે સૃષ્ટિ લય થાએ • શું સપને સંકટ સપડાએ-
મર્મ વચન સિય જ્યારે બોલી • હરિ પ્રેરિત લક્ષ્મણ મતિ ડોલી-
સોંપી વન દિશિ સુર રખવારી • ચાલ્યા જ્યાં પ્રભુ કાળ સુરારિ-
સૂનું દેખી દશાનન આવ્યો • નિકટ જતીને વેશે સાજ્યો-
વાત વિવિધ વિધિ સરસ સુણાવી • રાજનીતિ ભય પ્રીતિ બતાવી-
કહ્યું સિયે હે જતી ગુસાંઈ • બોલો ખળ સમ લાજ ન કાંઈ-
સુણી રાવણ નિજ રૂપ બતાવ્યું • ડરી સિય જ્યારે નામ સુણાવ્યું- ૭

દોહા : ઘાલી સિય રાવણ રથે, ક્રોધ ન હૃદય સમાય,
જાય ગગન પથ ત્વરિત ગતિ, રથ ન ભયે હંકાય- ૩/૧૭

હા જગતે એક જ રઘુરાણા • કયે અપરાધ વિસારી કરુણા-
દુખહર શરણાગત સુખદાયક • હે રઘુવંશ કમળ દિનનાયક-
હા લક્ષ્મણ નહિ દોષ તમારો • લણ્યો પાક મેં ક્રોધ કર્યાનો-
ગીધરાજ સુણી આરત વાણી • લીધી રઘુપતિ પ્રિયા પિછાણી-
ધાયો ક્રોધિત થઈ ખગ કેવો • છૂટે વજ, ગિરિ પર તેવો- ૫

દોહા : • ચીરી તન ચાંચે કરી, કર્યો વિકળ દસશીશ,
લજ્જિત થઈ કાઢી કઠણ, કૃપાણ કરી બહુ રીસ- ૩/૧૮

કાપી પાંખ પડ્યો ખગ ધરણી • સ્મરે રામ કરી અદભુત કરણી-
સીય ચઢાવી યાને પાછી • ભાગ્યો જાય - ન ભીતિ આછી-
જાય વિલપતી વ્યોમે સીતા • પારધી વશ જ્યમ મૃગી સભીતા-
ગિરિ પર બેઠા કપિઓ ભાળી • નાખ્યું પટ - હરિ નામ પુકારી-
આમ ગયો લઈ 'લંકે' સીતા • વન અશોકમાં રાખી પુનીતા- ૫

દોહા : જ્યારે ખળ હારી ગયો, બહુ ભય પ્રીતિ બતાવી,
ત્યારે વૃક્ષ અશોક તળ, રાખી જતન કરાવી-
માયાવી મૃગ સાથ જ્યમ, દોડી ગયા શ્રીરામ,
તે છબિ રાખી મનમહીં, સીય રટે હરિનામ- ૩/૧૯

●

અનુજ આવતા દેખી રામે • ચિન્તા બાહ્ય બતાવી શ્યામે-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

जनक सुता परिहरिहु अकेली • आयहु तात बचन मम पेली-
निसिचर निकर फिरहिं बनमाहीं • मम मन सीता आश्रम नाहीं-
आश्रम देखि जानकी हीना • भए विकल जस प्राकृत दीना-
एहि बिधि खोजत बिलपत स्वामी • मनहुँ महा बिरही अति कामी-
आगें परा गीधपति देखा • सुमिरत रामचरन जिन्ह रेखा-
तब कह गीध बचन धरि धीरा • सुनहु राम भंजन भव भीरा-
नाथ दसानन यह गति कीन्ही • तेहि खल जनक सुता हरि लीन्ही-
दरस लागि प्रभु राखेउँ प्राना • चलन चहत अब कृपा निधाना- ९

दोहा : अविरल भक्ति मागि बर, गीध गयउ हरिधाम,
तेहि की क्रिया यथोचित, निज कर कीन्ही राम- ३/३२

●

ताहि देइ गति राम उदारा • सबरीं के आश्रमु पगु धारा-
सबरी देखि राम गृहँ आए • मुनि के बचन समुझि जियँ भाए-
सादर जल लइ चरन पखारे • पुनि सुंदर आसन बैठारे-
केहि बिधि अस्तुति करौं तुम्हारी • अधम जाति मैं जड़मति भारी-
कह रघुपति सुन भामिनि बाता • मानउँ एक भगति कर नाता-
जाति पाँति कुल धर्म बड़ाई • धन बल परिजन गुन चतुराई-
भगति हीन नर सोहइ कैसा • बिनु जल बारिद देखिअ जैसा-
नवधा भगति कहउँ तोहि पाहीं • सावधान सुनु धरु मन माहीं-
प्रथम भगति संतन्ह कर संगा • दूसरि रति मम कथा प्रसंगा- ९

दोहा : गुरपद पंकज सेवा, तीसरि भगति अमान,
चौथि भगति मम गुन गन, करइ कपट तजि गान- ३/३५

मंत्र जाप मम दृढ़ बिस्वासा • पंचम भजन सो बेद प्रकासा-
छठ दम सील बिरति बहु कर्मा • निरत निरंतर सज्जन धर्मा-
सातवँ सम मोहिमय जग देखा • मो तें संत अधिक करि लेखा-
आठवँ जथा लाभ संतोषा • सपनेहुँ नहिं देखइ पर दोषा-
नवमैं सरल सब सन छलहीना • मम भरोस हियँ हरष न दीना-
नवमहुँ एकउ जिन्ह कें होई • नारि पुरुष सचराचर कोई-
सोइ अतिसय प्रिय भामिनि मोरें • सकल प्रकार भगति दृढ़ तोरें-
जनक सुता कइ सुधि भामिनी • जानहि कहु करिवर गामिनी-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અરણ્યકાંડ

છોડી જનક સુતા નિઃસંગી • આવ્યા મારું વચન ઉલંઘી-
નિશિચર સમૂહ ફરે વનમાહીં • કહે હૃદય સિય કુટિરે નાહીં-
દેખી આશ્રમ સીય વિનાનો • થયા વિકળ લૌકિક જયમ માનો-
શોધે આમ વિલપતા સ્વામી • હો જાણે વિરહી અતિ કામી-
આગળ ગીધપતિને જોયો • ચરણ ચિહ્ન સ્મરતો પખ ખોયો-
કહે ગીધ મન ધીરજ ધારી • સુણો રામ ભવ પીડા હારી-
નાથ રાવણે આ ગતિ કીધી • તેજ ખળે સીતા હરી લીધી-
પ્રાણ ટકાવ્યા દરશન કાજે • નાથ ચહે તે જાવા આજે- ૯

દોહા : અખંડ ભક્તિ માગીને, ગીધ ગયો હરિધામ,
દાહ ક્રિયા વિધિવત કરી, નિજ કર કમળે રામ- ૩/૨૦

●

દઈ ગતિ તેને રામ ઉદારે • આવ્યા શબરી આશ્રમ દ્વારે-
શબરી રામ પધાર્યા જાણી • હરખી સત્ય થઈ મુનિ વાણી-
જળ લઈ સાદર ચરણ પખાળ્યા • પછી સુંદર આસન બેસાડ્યા-
નાથ કરું સ્તુતિ કેમ તમારી • જાતિ અધમ વળી જડમતિ મારી-
કહે રામ - સુણ ભામિની વાતો • ગણું ભક્તિનો એક જ નાતો-
જાત પાત કુળ ધર્મ વડાઈ • ધન બળ પરિજન ગુણ ચતુરાઈ-
ભક્તિ હીન નર લાગે કેવો • વારિ વિનાના વાદળ જેવો-
નવધા ભક્તિ કહું છું તુજને • સાવધાન મન સાંભળ મુજને-
પ્રથમ ભક્તિ સંતોના સંગે • બીજી રતિ મુજ કથા પ્રસંગે- ૯

દોહા : ગુરુ સેવા અભિમાન વિણ, ત્રીજી ભક્તિ જાણ,
ચોથી મારા ગુણ તણું, કરે કપટ તજી ગાન- ૩/૨૧

મંત્ર જપે મમ દઢ વિશ્વાસે • પંચમ ભજન તે વેદ વખાણે-
છઠે શીલ દમ, વિરતિ કર્મે • લીન નિરંતર સજ્જન ધર્મે-
સપ્તમ મુજમય જગને દેખે • સંત અધિક મારાથી લેખે-
અષ્ટમ પામ્યે લાભજ લેખે • સ્વપ્ને પણ પર દોષ ન દેખે-
નવમ સરળ છળ હીન સ્વભાવે • સમ શ્રદ્ધા મુજમાં જ સદાએ-
હો એક જ નવમાંથી કોઈ • છો નર-નારી ચરાચર કોઈ-
રહે પ્રિય થઈ ભામિની મુજમાં • સકળ ભક્તિ દઢ દેખું તુજમાં-
ભાળ કહે જાણે જો ભામિની • જનક સુતાની જે ગજગામિની-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

पंपासरहि जाहु रघुराई • तहँ होइहि सुग्रीव मिताई-
सो सब कहिहि देव रघुबीरा • जानतहुँ पूछहु मति धीरा- १०

छंद : कहि कथा सकल बिलोकि हरिमुख, हृदय पदपंकज धरे,
तजी जोग पावक देह हरिपद, लीन भै जहँ नहि फिरे-

चले राम त्यागा बन सोऊ • अतुलित बल नर केहरि दोऊ-
बिरही इव प्रभु करत बिषादा • कहत कथा अनेक संवादा-
देखहु तात बसंत सोहावा • प्रिया हनि मोहि भय उपजावा-
लछिमन देखत काम अनीका • रहहिं धीर तिन्ह कै जग लीका- ४

दोहा : तात तीनि अति प्रबल खल, काम क्रोध अरु लोभ,
मुनि विग्यान धाम मन, करहिं निमिष महुँ छोभ-
लोभ कें इच्छा दंभ बल, काम ते केवल नारि,
क्रोध कें पुरुष बचन बल, मुनिवर कहहिं बिचारि- ३/३८

पुनि प्रभु गए सरोवर तीरा • पंपा नाम सुभग गंभीरा-
संत हृदय जस निर्मल बारि • बाँधे घाट मनोहर चारी-
देखी सुंदर तरुवर छाया • बैठे अनुज सहित रघुराया-

बिरहबंत भगवंतहि देखी • नारद मन भा सोच बिसेषी-
मोर साप करि अंगिकारा • सहत राम नाना दुख भारा-
ऐसे प्रभुहि बिलोकउँ जाई • पुनि न बनिहि अस अबसरु भाई-
यह बिचारि नारद कर बीना • गए जहाँ प्रभु सुख आसीना-
स्वागत पूँछि निकट बैठारे • लछिमन सादर चरन पखारे- ८

दोहा : नाना बिधि बिनती करि, प्रभु प्रसन्न जियँ जानि,
नारद बोले बचन तब, जोरि सरोरुह पानि- ३/४१

राम जबहि प्रेरेउ निज माया • मोहेहु मोहि सुनहु रघुराया-
तब बिबाह मैं चाहउँ कीन्हा • प्रभु केहि कारन करै न दीन्हा-
सुनु मुनि तोहि कहउँ सह रोसा • भजहिं जे मोहि तजि सकल भरोसा-
करउँ सदा तिन्ह कै रखवारी • जिमि बालक राखइ महतारी-
गह सिसु बच्छ अनल अहि धाई • तहँ राखइ जननी अरगाई-
प्रौढ़ भएं तेहि सुत पर माता • प्रीति करइ नहिं पाछिलि बाता-
मोरें प्रौढ़ तनय सम ग्यानी • बालक सुत सम दास अमानी-
जनहि मोर बल निज बल ताही • दुहु कहुँ काम क्रोध रिपु आही-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અરણ્યકાંડ

પંપાસર રઘુનાથ સિધાવો • સુગ્રીવ મિત્ર જઈ ત્યાં થાઓ-
તે કહેશે સઘળું રઘુવીરા • જાણો તોય પૂછો મતિધીરા- ૧૦

છંદઃ **કહી વાત સકળ નિહાળી હરિમુખ, હૃદય પદ પંકજ ધરી,**
તજી યોગ અનલે તન હરિપદ, લીન થઈ નહિ ગતિ ફરી-

ગયા રામ તે પણ વન ત્યાગી • અતુલિત બળ નરસિંહ બે ભાઈ-
વિરહી જ્યમ પ્રભુ કરે વિષાદો • કહે કથા બહુ-બહુ સંવાદો-
નિરખો તાત વસંત મનોહર • મને પ્રિયા વિણ લાગે ભયકર-
લખણ સૈન્ય મનસિજનું જોઈ • રહે ધીર જગ વિરલા કોઈ- ૪

દોહાઃ **તાત ત્રણે ખળ પ્રબળ અતિ, કામ-ક્રોધ ને લોભ,**
જ્ઞાનધામ શા મુનિ મને, આણે ક્ષણમાં ક્ષોભ-
દંભ લાલસા-લોભ બળ, 'સ્મર' બળ કેવળ નારી,
ક્રોધ તણું કટુ વચન બળ, મુનિવર કહે વિચારી- ૩/૨૨

ગયા પ્રભુ 'પંપાસર' તીરે • સુભગ અગાધ ભરેલા નીરે-
સંત હૃદય શું નિર્મળ વારિ • ઘાટ ચાર તે પર મનહારી-
દેખી સુંદર તરુવર છાયા • બેઠા અનુજ સહિત રઘુરાયા-

વિરહવંત ભગવંત નિહારી • થયા દુખિત નારદ મન ભારી-
શાપ ચઢાવી માથે મારો • રામ સહે છે દુખ બહુ ભારી-
એવા પ્રભુને નિરખું જઈને • તક આવી મળશે ન ફરીને-
આમ ગણી-વીણા કર ધારી • આવ્યા જ્યાં બેઠેલ ખરારિ-
કુશળ પૂછી પાસે બેસાડ્યા • લખણે સાદર ચરણ પખાળ્યા- ૮

દોહાઃ **બહુ પ્રકાર વિનતી કરી, પ્રભુ પ્રસન્ન મન જાણી,**
બોલ્યા પછીં નારદ વચન, જોડી પદમવત પાણિ- ૩/૨૩

જ્યારે પ્રભુ પ્રેરી નિજ માયા • મોહ્યો મુજને હે રઘુરાયા-
ત્યારે ચાહેલું મેં વરવા • દીધું નહિ આપે ક્યમ કરવા-
સુણો ભાર દઈ કહું મુનિ તમને • ભજે અન્ય આશ્રય તજી અમને-
કરું સદા તેની રખવાળી • જ્યમ શિશુ રાખે મા હેતાળી-
આગ-નાગ ગ્રહતો શિશુ દોડી • માત બચાવે સઘળું છોડી-
પ્રૌઢ થયે તે શિશુને જનની • ચાહે પણ ન પ્રથમ શી કરણી-
લેખું પ્રૌઢ સુતો જ્ઞાની શા • ભક્ત અમાની બાળ સુતો શા-
જનને મુજ બળ-નિજ બળ તેને • કામ-ક્રોધ રિપુ પણ બન્નેને-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

यह विचारि पंडित मोहि भजहीं • पाएहुँ ज्ञान भगति नहिं तजहीं- ९

दोहाः अवगुन मूल-सूलप्रद, प्रमदा सब दुख खानि,
ताते कीन्ह निवारन, मुनि मैं यह जियँ जानि- ३/४४

पुनि सादर बोले मुनि नारद • सुनहु राम विग्यान विसारद-
संतन्ह के लच्छन रघुवीरा • कहहु नाथ-भव भंजन भीरा-
सुनु मुनि संतन्ह के गुन कहऊँ • जिन्ह ते मैं उन्ह कें बस रहऊँ-
षट विकार जित अनध अकामा • अचल अकिंचन सुचि सुखधामा-
सावधान मानद मदहीना • धीर धर्मगति परम प्रवीना-
निज गुन श्रवन सुनत सकुचाहीं • पर गुन सुनत अधिक हरषाहीं-
श्रद्धा-छमा-मयत्री दाया • मुदिता मम पद प्रीति अमाया-
दंभ मान मद करहिं न काऊ • भूलि न देहिं कुमारग पाऊ-
मुनि सुनु साधुन्ह के गुन जेते • कहि न सकहिं सारद-श्रुति तेते- ९

छंदः कहि सक न सारद-सेष-नारद, सुनत पद पंकज गहे,
अस दीनबंधु कृपाल अपने, भगत गुन निज मुख कहे-
सिरु नाइ बारहिं बार चरननहि, ब्रह्मपुर नारद गए,
ते धन्य तुलसीदास आस बिहाई जे हरि रँग रए- ३/४६

- अरण्यकांड समाप्त -

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

અરણ્યકાંડ

જાણે જ્ઞાની - સેવા શક્તિ • તેથીજ તે નવ છાંડે ભક્તિ- ૯

દોહાઃ **જડ અવગુણની-મૂળપ્રદ, નારી દુખ આગાર,**
કર્યું નિવારણ તેનું મુનિ, આવો કરી વિચાર- ૩/૨૪

પછી સાદર બોલ્યા મુનિ નારદ • સુણો રામ વિજ્ઞાન વિશારદ-
સંતોનાં લક્ષણ રઘુવીરા • કહો નાથ ભવભંજન પીડા-
સુણો મુનિ ગુણગણ સંતોના • રહું સદા સંતત વશ જેના-
ષટ વિકાર જિત અનઘ-અકામી • અચળ અકિંચન, શુચિ-સુખ-સ્વામી-
સાવધાન-, માનદ મદ ત્યાગી • ધીર-ધર્મ પ્રતિ અતિ અનુરાગી-
નિજ ગુણ સુણીને જે શરમાએ • પર ગુણ સુણીને બહુ હરખાએ-
ક્ષમા-દયા-શ્રદ્ધા ને મૈત્રી • મુદિતા મમ પદ અકામ પ્રીતિ-
દંભ-માન-મદ કરે ન કોંથી • પગ ન કુમારગ મૂકે કોંદી-
મુનિ અગણિત ગુણી સંતો એવા • કહી ન શકે શારદ-શ્રુતિ તેવા- ૯

છંદઃ **વરણી શકે નહિ શેષ શારદ, સુણી મુનિ પ્રભુ પદ ગ્રહે,**
ત્યમ દીનબંધુ દયાળ નિજ મુખ, નિજ ભગત ગુણગણ કહે-
શિર નામી વારંવાર ચરણે, બ્રહ્મપુર નારદ ગયા,
તે ધન્ય 'તુલસીદાસ'- તજીને આશ હરિપદ રત થયા- ૩/૨૫

●

– અરણ્યકાંડ સમાપ્ત –

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

• मानससार •

- किष्किंधाकांड -

आगें चले बहुरि रघुराया • रिष्यमूक पर्वत निअराया-
तहँ रह सचिव सहित सुग्रीवा • आवत देखि अतुल बल सींवा-
अति सभीत कह, सुनु हनुमाना • पुरुष जुगल बल रूप निधाना-
धरि बटु रूप देखु तैं जाई • कहेसु जानि जियँ सयन बुझाई-
पठए बालि होहिं मन मैला • भागौं तुरत तजौं यह सैला-
विप्र रूप धरि कपि तहँ गयऊ • माथ नाई पूछत अस भयऊ- ६

को तुम्ह स्यामल गौर सरीरा • छत्री रूप फिरहु बन बीरा-
कठिन भूमि कोमल पद गामी • कवन हेतु बिचरहु बन स्वामी-
की तुम्ह तीनि देव महँ कोऊ • नर नारायन की तुम्ह दोऊ-
कोसलेस दसरथ के जाए • हम पितु वचन मानि वन आए-
नाम-राम-लछिमन, दोउ भाई • संग नारि सुकुमारि सुहाई-
इहाँ हरी निसिचर वैदेही • विप्र फिरहिं हम खोजत तेही-
आपन चरित कहा हम गाई • कहहु विप्र निज कथा बुझाई-
प्रभु पहिचानि परेउ गहि चरना • सो सुख उमा जाइ नहिं वरना-
मोर न्याउ मैं पूछा साईं • तुम्ह पूछहु कस नर की नाईं-
अस कहि परेउ चरन अकुलाई • निज तनु प्रगटि प्रीति उर छाई- ८

तब रघुपति उठाइ उर लावा • निज लोचन जल सींचि जुड़ावा -
सुनु कपि जियँ मानसि जनि ऊना • तैं मम प्रिय लछिमन ते दूना-
देखि पवनसुत पति अनुकूला • हृदयँ हरष बीती सब सूला -
नाथ, सैल पर कपिपति रहई • सो सुग्रीव-दास तव अहई-
तेहि सन नाथ मयत्री कीजे • दीन जानि तेहि अभय करीजे-
सो सीता कर खोज कराइहि • जहँ तहँ मरकट कोटि पठाइहि-
एहि विधि सकल कथा समुझाई • लिए दुऔ जन पीठि चढ़ाई-
जब सुग्रीवँ राम कहुँ देखा • अतिसय जन्म धन्य करि लेखा-
सादर मिलेउ नाइ पद माथा • भेंटेउ अनुज सहित रघुनाथा- ७

दोहाः तब हनुमंत उभय दिसि, की सब कथा सुनाइ,
पावक साखी देइ करि, जोरी प्रीति दृढ़ाइ- ४/४

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

• માનસસાર •

- કિષ્કિંધાકાંડ -

ચાલ્યા ફરી આગળ રઘુરાયા • 'રિષ્યમૂક' ગિરિ સમીપ આવ્યા-
રહે સુકંઠ ત્યાં સચિવો સાથે • જોઈ જતા બળનિધિ સંધાથે-
કહ્યું સભીત સુણો હનુમાના • લાગે યુગલ બળરૂપ ખજાના-
ધરી બટુરૂપ જુઓ ત્યાં જઈને • કહો ઈશારે વાત કળીને-
હોય વાલિ પ્રેર્યા જો બન્ને • ભાગું શૈલ તજી આ અન્યે-
વિપ્રરૂપ ધરીને કપિ આવ્યા • શીશ નમાવી પૂછવા લાગ્યા- ૬

દોહાઃ • રૂપ ક્ષત્રી શું વન ફરો, શ્યામલ ગૌર શરીર,
કઠણ ભૂમિ કોમળ ચરણ, વન વિચારો ક્યમ વીર- ૪/૧

શું ત્રિદેવમાંના કોઈ જાણું • કે નર હરિ કહીં જોડ વખાણું-
કોશલેશ દશરથના જાયા • પિતા વચન માની વન આવ્યા-
નામે- રામ-લખણ બે ભ્રાતા • સંગ હતી સુંદરી સુ-ગાતા-
હરી અહીં નિશિચરે વૈદેહી • વિપ્ર શોધમાં ફરીએ તેની-
આપ્યો પરિચય અમે અમારો • કહો હવે ઈતિહાસ તમારો-
પ્રભુ જાણીને પકડ્યાં ચરણો • હરખ-ઉમા, નવ જાએ વરણ્યો-
પૃચ્છા મારી ઉચિત છે સ્વામી • નર સમ પૂછો અંતરયામી-
કહી ત્યમ ચરણ પડ્યા અકળાઈ • ધર્યું રૂપ નિજ-પ્રીતિ છાઈ- ૮

દોહાઃ • સ્નેહ જળે સીંચી- કરી , શીતળ બોલ્યા રામ,
છો પ્રિય બમણા લખણથી, ઓછું ન આણો આમ- ૪/૨

પ્રભુ અનુકૂળ પવનસુત જોઈ • હરખ્યા- શૂળ ગયાં સૌ કોઈ-
રહે પર્વતે કપિપતિ સ્વામી • તે સુગ્રીવ છે તવ અનુગામી-
નાથ-મિત્ર યદિ આપ કરો તો • દીન ગણી જો અભય કરો તો-
તે સીતાની ભાળ કરાવે • ચોદિશિ કપિનાં જૂથ પઠાવે-
આમ સકળ વાતો સમજાવી • લીધા બેઉ પીઠ ચઢાવી-
જ્યારે રામ સુકંઠે દેખ્યા • ધન્ય જન્મ જન્માંતર લેખ્યા-
મળી સાદર કીધું પદવંદન • ભેટ્યા અનુજ સહિત રઘુનંદન- ૭

દોહાઃ કરી હનુમંતે તે પછી, બેઉ તરફની વાત,
રાખી સાક્ષી અનલને, પ્રેમે બાંધ્યા હાથ-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

दोहा : सुनु सुग्रीव मारिहउँ, बालिहि एकहिं बान,
ब्रह्म रूद्र सरनागत, गएँ न उबरिहिं प्रान- ४/६

जे न मित्र दुख होहिं दुखारी • तिन्हहि विलोकत पातक भारी-
निज दुख गिरि सम रज करि जाना • मित्रक दुख रज मेरु समाना-
जिन्ह कें असि मति सहज न आई • ते सठ कत हठि करत मिताई-
कुपथ निवारि सुपंथ चलावा • गुन प्रगटै अवगुनन्हि दुरावा-
देत लेत मन संक न धरई • बल अनुमान सदा हित करई-
विपति काल कर सतगुन नेहा • श्रुति कह संत मित्र गुन एहा- ६

आगें कह मृदु बचन बनाई • पाछें अनहित मन कुटिलाई-
जाकर चित गति अहि सम भाई • अस कुमित्र परिहरेहिं भलाई-
सेवक-सठ, नृप कृपन, कुनारी • कपटी मित्र-सूल सम चारी-
सखा-सोच त्यागहु बल मोरें • सब विधि घटब काज मैं तोरें-
लै सुग्रीव संग रघुनाथा • चले चाप-सायक गहि हाथा-
तब रघुपति सुग्रीव पठावा • गर्जेसि जाइ निकट बल पावा-
सुनत बालि क्रोधातुर धावा • गहि कर-चरन नारि समुझावा-
सुनु पति जिन्हहि मिलेउ सुग्रीवा • ते दौ बंधु तेज-बल सींवा-
कोसलेस सुत लछिमन-रामा • कालहु जीति सकहिं संग्रामा- ७

दोहाः कह बाली सुनु भीरु प्रिय, समदरसी रघुनाथ,
जौं कदाचि मोहि मारहिं, तौ पुनि होउँ सनाथ- ४/७

अस कहि चला महा अभिमानी • तृन समान सुग्रीवहि जानी-
भिरे उभौ बाली अति तर्जा • मुठिका मारि महाधुनि गर्जा-
तब सुग्रीव विकल होइ भागा • मुष्टि प्रहार वज्र सम लागा-
मैं जो कहा रघुवीरा कृपाला • बंधु न होई मोर यह काला-
एक रूप तुम्ह भ्राता दोऊ • तेहि भ्रम तें नहि मारेउँ सोऊ-
मेली कंठ सुमन कै माला • पठवा पुनि बल देइ विसाला-
पुनि नाना विधि भई लराई • विटप ओट देखहि रघुराई- ७

दोहाः बहु छल बल सुग्रीव कर, हियँ हारा भय मानि,
मारा बालि राम तब, हृदय माझ सर तानि- ४/८

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

કિષ્કિંધાકાંડ

દોહા : સુણ સુકંઠ હું વાલિને, હણીશ એકજ બાણ,
અજ-શિવ શરણ ગયે છતે, ઊગરશે નહિ પ્રાણ- ૪/૩

મિત્ર દુખે-દુખ થાય ન જેને • લાગે પાતક દીઠે તેને-
ગિરિ શું નિજ દુખ-રજ કરી જાણે • રજ શું મીત દુખ-'મેરુ' માને-
જેમાં હો ન સહજ ગુણ આવો • કરે વ્યર્થ ક્યમ મૈત્રી દાવો-
રોકી કુમાર્ગ-સુમાર્ગ ચઢાવે • અવગુણ ઢાંકી ગુણ ઉપસાવે-
લેણ-દેણ સંશય નવ લાવે • યથા શક્તિ નિત મદદે આવે-
વિપદે શતગુણ સ્નેહ બતાવે • શ્રેષ્ઠ મિત્ર ગુણ એ શ્રુતિ ગાએ- ૬

દોહાઃ • મધુર વચન મુખ પર કહે, મન ધોળે કુટિલાઈ,
ચિત જેનું અહિ ગતિ સમું, તેને તજે ભલાઈ- ૪/૪

સેવક શઠ, નૃપ લોભી, કુનારી • મિત્ર છળી ચારે દુખકારી-
ચિંતા ત્યાગો વચન અમારું • સખા કરીશું કાર્ય તમારું-
લઈ પ્રભુ સુગ્રીવને સંધાથે • ચાલ્યા ધનુ સાયક લઈ હાથે-
જઈને પ્રથમ સુકંઠ પઠાવ્યો • નિકટ જઈ ગજર્યો બળ પામ્યો-
સુણી વાલિ ક્રોધાતુર ધાયો • ગ્રહી ચરણો પત્નીએ વાર્યો-
નાથ મળ્યો છે સુગ્રીવ જેને • અતુલિત બળપતિ છે તે બન્ને-
વીર રામ લક્ષ્મણ છે નામે • સુત અવધેશ-અજય સંગ્રામે- ૭

દોહાઃ વાલિ કહે સુણ ભીરુ પ્રિય, સમદર્શી રઘુનાથ,
મને કદાચિત મારશે, તોય થઈશ સનાથ- ૪/૫

આમ કહી ચાલ્યો અભિમાની • તૃણ સમાન સુગ્રીવને જાણી-
ભીડ્યા બે વાલિએ ડાંટ્યો • મારી મુઠ્ઠી જોરે ગાજ્યો-
વ્યાકુળ પીડે સુગ્રીવ ભાગ્યો • મુષ્ટિ માર જે પવિ સમ લાગ્યો-
કહ્યું રામ કરુણાકર મેં જે • નથી બંધુ મુજ કાળજ છે તે-
એક રૂપ છો ભ્રાતા બન્ને • તે ભ્રમથી નહિ માર્યો તેને-
ધાલી કંઠ સુમનની માળા • ભરી અતુલ બળ કીધો રવાના-
વિવિધ પ્રકારે થઈ લડાઈ • તરુ ઓટે નિરખે રઘુરાઈ- ૭

દોહાઃ બહુ છળ-બળ કપિએ કર્યું, મન હાર્યો ભય માની,
રઘુપતિએ ત્યારે હણ્યો, વાલિ ઉર શર તાણી- ૪/૬

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

परा विकल महि सर के लागें • पुनि उठि बैठे देखि प्रभु आगें-
हृदयँ प्रीति- मुख वचन कठोरा • बोला चितइ राम की ओरा-
धर्म हेतु अवतरेहु गोसाई • मारेहु मोहि व्याध की नाईं-
मैं वैरी सुग्रीव पिआरा • अवगुन कवन नाथ मोहि मारा-
अनुज वधू भगिनी सुतनारी • सुनु सठ कन्या सम ए चारी-
इन्हहि कुदृष्टि विलोकइ जोई • ताहि वधें कछु पाप न होई- ६

दोहाः सुनहु राम स्वामी सन, चल न चातुरी मोरि,
प्रभु अजहूँ मैं पापी, अंतकाल गति तोरि- ४/९

सुनत राम अति कोमल वानी • बालि सीस परसेउ निज पानी-
अचल करौं तनु राखहु प्राना • बालि कहा सुनु कृपानिधाना-
जन्म जन्म मुनि जतनु कराहीं • अंत राम कहि आवत नाहीं-
मम लोचन गोचर सोइ आवा • बहुरि कि प्रभु अस बनिहि बनावा- ४

छंदः अब नाथ करि करुणा बिलोकहु, देहु जो वर मागउँ,
जेहिं जोनि जन्मौं कर्म बस, तहँ रामपद अनुरागउँ-
यह तनय मम सम विनय बल, कल्यानप्रद प्रभु लीजिए,
गहि बाँह सुर नरनाह आपन-दास अंगद कीजिए-

दोहाः रामचरन दृढ़ प्रीति करि, बालि कीन्ह तनु त्याग,
सुमन माल जिमि कंठ ते, गिरत न जानइ नाग- ४/१०

राम बलि निज धाम पठावा • नगर लोग सब व्याकुल धावा-
तारा विकल देखि रघुराया • दीन्ह ग्यान हरि लीन्ही माया-
छिति-जल-पावक-गगन समीरा • पंच रचित अति अधम सरीरा-
प्रगट सो तनु तव आगें सोवा • जीव नित्य केहि लगि तुम्ह रोवा-
उपजा ग्यान-चरन तब लागी • लीन्हेसि परम भगति वर मागी-
तब सुग्रीवहि आयसु दीन्हा • मृतक कर्म विधिवत सब कीन्हा-
राम कहा अनुजहि समुझाई • राज देहु सुग्रीवहि जाई- ७

दोहाः लछिमन तुरत बोलाए, पुरजन विप्र समाज,
राजु दीन्ह सुग्रीव कहँ, अंगद कहँ जुवराज- ४/११

जब सुग्रीव भवन फिरि आए • रामु प्रवरषन गिरि पर छाए-
मंगल रूप भयउ बन तब ते • कीन्ह निवास रमापति जब ते-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

કિષ્કિંધાકાંડ

પડ્યો વિકળ મોં ભર ભોં ઊપર • ઊઠ્યો સન્મુખ જોઈ રઘુવર-
વચને કટુતા મનમાં પ્રીતિ • બોલ્યો દૃષ્ટિ કરીને તીખી-
ધર્મ કાજ અવતાર ધર્યો છે. પારધી જ્યમ મુજને માર્યો છે-
હું વેરી, સુગ્રીવ પિયારો • અવગુણ નાથ કયો જે માર્યો-
અનુજવધૂ-ભગિની-સુતનારી • સુતા-ચાર આ સમ ઉચ્ચારી-
કરી કુદૃષ્ટિ વિલોકે તેને • માર્યે પાપ નહિ કંઇ તેને- ૬

દોહાઃ રામ ન ચાલી ચાતુરી, સ્વામીથી કંઈ મારી,
અંતકાલ પામી પ્રભુ, રહ્યો હજી શું પાપી- ૪/૭

સુણી અતિ દીન વચન રઘુનાથે • વાલિ શિર પસવાર્યું હાથે-
દેહ અચળ કરી રાખું તુજને • કહ્યું વાલિએ કરુણાકરને-
યત્ન કરે મુનિ જનમે જન્મે • નામ તોય મુખ નાવે અંતે-
રામ નયન સન્મુખ તે આવ્યા • યોગ બને શું ફરીંફરીં આવા- ૪

છંદઃ રઘુનાથ દૃષ્ટિ કૃપા કરી, વર દો હવે જે માંગુ હું,
જે યોનિ જન્મું કર્મવશ, ત્યાં રામપદ અનુરાગું હું-
આ તનય મુજ સમ વિનય બળ, સ્વીકારી આપ કૃપા કરો,
ગ્રહી બાંહ સુર-નર નાથ આપ , સુ.દાસ અંગદ ને કરો-

દોહાઃ રામપદે રતિ દૃઢ કરી, કર્યો વાલિ તન ત્યાગ,
ગજ પડતી જાણે ન જ્યમ, કંઠેથી ફૂલમાળ- ૪/૮

વાલિને નિજધામ પઠાવ્યો • પુર સમુદાય વિકળ થઈ આવ્યો-
જોઈ વિલપતી વ્યાકુળ 'તારા' • દીધું જ્ઞાન હરીને માયા-
ગગન-પૃથ્વિ-પાવક-જળ-વાયુ • પંચ તત્વ તન તુછ અલ્પાયુ-
પાર્થિવ ક્રાયા સામે સૂતી • જીવ અમર તૂં કોને રોતી-
જ્ઞાન લાધતાં ચરણે લાગી • પરમ ભક્તિ વર લીધું માગી-
પછીં સુગ્રીવને આજ્ઞા દીધી • અંત્યેષ્ટિ વિધિવત સૌ કીધી-
કહ્યું લખણને પછી સમજાવી • રાજ અનુજને આપો ભાઈ- ૭

દોહાઃ તુરત લક્ષ્મણે નોતર્યો, પુરજન વિપ્ર સમાજ,
રાજ દીધું સુગ્રીવને, કરી અંગદ યુવરાજ- ૪/૯

ભવન ગયો જ્યારે કપિ પાછો • કર્યો 'પ્રવર્ષણ' ગિરિ પર વાસો-
થયું સુમંગળમય વન ત્યારે • કીધો પ્રભુએ વાસો જ્યારે-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

कहत अनुज सन कथा अनेका • भगति विरति-नृपनीति विवेका-
बरखा काल मेघ नभ छाए • गरजत लागत परम सुहाए- ४

दोहाः लछिमन देखु मोर गन, नाचन बारिद पेखि,
गृही विरति रत हरष जस, विष्नु भगत कर देखि- ४/१३

दामिनि दमक रह न धन माहीं • खल कै प्रीति जथा थिर नाहीं-
वरषहिं जलद भूमि निअराएँ • जथा नवहिं बुध विद्या पाएँ-
छुद्र नदीं भरि चलीं तोराई • जस थोरेहुँ धन खल इतराई-
सिमटि सिमटि जल भरहिं तलावा • जिमि सदगुन सज्जन पहिं आवा-
खोजत कतहुँ मिलइ नहिं धूरी • करइ क्रोध जिमि धरमहि दूरी-
ससि संपन्न सोह महि कैसी • उपकारी कै संपति जैसी-
कृषी निरावहिं चतुर किसाना • जिमि बुध तजहिं मोह.मद.माना- ७

दोहाः हरित भूमि तृन संकुल, समुझि परहिं नहिं पंथ,
जिमि पाखंडवाद तें, गुप्त होहिं सदग्रंथ- ४/१४

कबहुँ दिवस महँ निबड़ तम, कबहुँक प्रगट पतंग,
बिनसइ उपजइ ग्यान जिमि, पाइ कुसंग.सुसंग- ४/१५

बरषा विगत सरद ऋतु आई • लछिमन देखहु परम सुहाई-
उदित अगस्ति पंथ जल सोषा • जिमि लोभहि सोषइ संतोषा-
सरिता सर निर्मल जल सोहा • संत हृदय जस गत मद मोहा-
रसरस सूख सरित-सर पानी • ममता त्याग करहिं जिमि ग्यानी -
जल संकोच विकल भई मीना • अबुध कुटुंबी जिमि धनहीना-
बिनु घन निर्मल सोह अकासा • हरिजन इव परिहरि सब आसा-

●

वरषा गत निर्मल रितु आई • सुधि न तात सीता कै पाई-
सुग्रीवहुँ सुधि मोरि विसारी • पावा राज-कोस-पुर-नारी-
लछिमन क्रोधवंत प्रभु जाना • धनुष चढाइ गहे कर बाना-

दोहाः तब अनुजहि समुझावा, रघुपति करुना सींव,
भय देखाइ लै आवहु, तात सखा सुग्रीव- ४/१८

इहाँ पवनसुत हृदयँ विचारा • राम काजु सुगीवँ बिसारा-
निकट आइ चरनन्हि सिरु नावा • चारिहु विधि तेहि कहि समुझावा -

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

કિષ્કિંધાકાંડ

કહે અનુજને કથા અનેકો • ભક્તિ-વિરતિ-નૃપનીતિ વિવેકો-
વર્ષાઋતુનો મેઘાડંબર • ઘન ગર્જન લાગે અતિ સુંદર- ૪

દોહાઃ જોને લક્ષ્મણ મયુર ગણ, નાચે વાદળ જોઈ,
હરખે વિરત ગૃહસ્થ જ્યમ, વિશ્વ ભગતને જોઈ- ૪/૧૦

દામિની દમક નહિ સ્થિર ઘનમાં • જ્યમ ખળ પ્રીતિ સ્થિર ન જગતમાં-
વરસે વાદળ મહિ પર આવી • નમે સુજ્ઞ જ્યમ વિદ્યા પામી-
અલ્પ જળે નાળું છલકાએ • જ્યમ થોડે ઘન ખળ ઈતરાએ-
સલિલ ભરે સર ભેળું થઈને • જ્યમ ગુણ ગુણીમાં વસે જઈને-
ધૂળ જડે નહિ ક્યાંએ શોધી • ધર્મ જાય જ્યમ છાંડી ક્રોધી-
ધાને ધરણી સોહે કેવી • ઉપકારીની સંપતિ જેવી-
નીંદે ખેતર ચતુર કિસાનો • તજે મોહ મદ જ્યમ વિદ્વાનો- ૭

દોહા : તૃણ હરિયાળી ભૂમિ પર, કઠણ શોધવો પંથ,
ત્યમ પાખંડીવાદમાં, લુપ્ત થાય સદગ્રંથ-
ઘડીક દિને અંધારપટ, ઘડીમાં સુર્યપ્રકાશ,
ઊપજે જ્ઞાન સુસંગે જ્યમ, થાય કુસંગે નાશ- ૪/૧૧

ગઈ વર્ષા ઋતુ શરદને આણી • જો લક્ષ્મણ એ પરમ સુહાણી-
ઊગી અગસ્ત્યે પથજળ સૂક્યું • જેમ લોભને મન સંતોષ્યું- સોખ્યું
વિમળ જળે સર-સરિતા સોહે • સંત હૃદય જ્યમ વિણ મદ મોહે-
બૂંદબૂંદ સૂકે સર પાણી • ત્યાગે મમતાને જ્યમ જ્ઞાની-
વ્યાકુળ મીન અછતવત વારિ • મૂર્ખ ગૃહી જ્યમ ધન વિણ ભારી-
વિણ વાદળ નિર્મળ નભ શોભે • જેમ ભક્ત તજી આશા સોહે-

●

ગઈ વરષા- ઋતુ નિર્મળ આવી • ભાળ ન પામ્યા તાત સીતાની-
સુગ્રીવે પણ વાત વિસારી • કોશ-રાજ-પુર પામી નારી-
ક્રોધાતુર પ્રભુ લખણે દીઠા • ધનુષ ચઢાવી શર કર લીધા- ૯

દોહાઃ ત્યારે કરુણાસાગરે, સમજાવ્યા લઘુ ભ્રાત,
લઈ આવો ભય દાખવી, સુગ્રીવને અહીં તાત- ૪/૧૨

પવનસુતે અહીં હૃદય વિચાર્યું • રામ કાર્ય સુગ્રીવ વિસાર્યું-
નિકટ જઈ પદ શીશ નમાવી • કહી ચારે નીતિ સમજાવી-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

सुनि सुग्रीवँ परम भय माना • विषय मोर हरि लिन्हेउ ग्याना-
अब मारुतसुत दूत समूहा • पठवहु जहँ तहँ वानर जूहा-
तब हनुमंत बोलाए दूता • सब कर करि सनमान बहूता-
भय अरु प्रीति नीति देखराई • चले सकल चरनन्हि सिर नाई-
एहि अवसर लछिमन पुर आए • क्रोध देखि जहँ तहँ कपि धाए-
क्रोधवंत लछिमन सुनि काना • कह कपीस अति भयँ अकुलाना-
सुनु हनुमंत संग लै तारा • करि विनती समुझाउ कुमारा-
पवनतनय सब कथा सुनाई • जेहि विधि गए दूत समुदाई- १०

दोहाः हरषि चले सुग्रीव सह, अंगदादि कपि साथ,
रामानुज आगें करि, आए जहँ रघुनाथ- ४/२०

नाइ चरन सिरु कह कर जोरी • नाथ मोहि कछु नाहिन खोरी-
अतिसय प्रबल देव तव माया • छूटइ राम करहु जौं दाया-
तब रघुपति बोले मुसुकाई • तुम्ह प्रिय मोहि भरत जिमि भाई-
अब सोइ जतनु करहु मन लाई • जेहि विधि सीता कै सुधि पाई- ४

दोहाः • एहि विधि होत बतकही, आए वानर जूथ,
नाना बरन सकल दिसि, देखिअ कीस बरूथ- ४/२१

ठाढे जहँ तहँ आयसु पाई • कह सुग्रीव सबहि समुझाई-
जनकसुता कहुँ खोजहु जाई • मास दिवस महँ आएहु भाई- २

सुनहु नील-अंगद हनुमाना • जामवंत-मतिधीर सुजाना-
सकल सुभट मिलि दच्छिन जाहू • सीता सुधि पूँछेहु सब काहू-
मन-क्रम-वचन सो जतन विचारेहु • रामचन्द्र कर काजु सँवारेहु-
आयसु मागि चरन सिरु नाई • चले हरषि सुमरित रघुराई-
पाछें पवनतनय सिरु नावा • जानि काज प्रभु निकट बोलावा-
परसा सीस सरोरुह पानी • कर मुद्रिका दीन्हि जन जानी-
हनुमत जन्म सुफल करी माना • चलेउ हृदयँ धरि कृपानिधाना ७

दोहाः चले सकल वन खोजत, सरिता.सर- गिरिखोह,
राम काज- लयलीन मन, विसरा तन कर छोह- ४/२३

दीख जाई उपवन बहु, सर विगसित बहु कंज,
मंदिर एक रुचिर तहँ, बैठि नारि तप पुँज- ४/२४

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

કિષ્કિંધાકાંડ

સુણી સુગ્રીવ અતિ ભય પામ્યો • વિષયે જ્ઞાન સુબોધ ભુલાવ્યો-
હવે પવનસુત દૂત સમૂહો • પઠવો જ્યાં જ્યાં છે કપિ જૂથો-
હનુમંતે દૂતો બોલાવ્યા • સન્માની સૌને સમજાવ્યા -
ભય-પ્રીતિ નીતિ બતલાવી • ગયા સકળ શિર ચરણ નમાવી-
તેજ સમય લક્ષ્મણ પુર આવ્યા • જોઈ ક્રુદ્ધ કપિ અહીંતહીં ભાગ્યા-
ક્રુદ્ધ લખણ છે-સુગ્રીવ જાણી • કહ્યું ભયાતુર વ્યાકુળ વાણી-
જાવ હનુ તારાને લઈને • સમજાવો લક્ષ્મણ વીનવીને-
વિગત પવનતનયે બતલાવી • જેમ મોકલ્યા દૂત પઠાવી- ૧૦

દોહાઃ ચાલ્યો કપિપતિ હરખીને, અંગદાદિ લઈ સાથ,
આગળ રામાનુજ કરી, આવ્યો જ્યાં રઘુનાથ- ૪/૧૩

બોલ્યો વંદી પદ-કર જોડી • નાથ, ભૂલ નહિ મારી થોડી-
માયા પ્રબળ અતીવ તમારી • બચે કોણ વિણ કૃપા ખરારિ-
બોલ્યા રઘુનંદન મુસકાઈ • મને ભરત સમ પ્રિય તમ ભાઈ-
હવે કરો તે યત્ન વિચારી • ભાળ મળે જ્યમ જનકકુમારી-
વાત આમ કરતા'તા જ્યારે • રઘુપતિ સુગ્રીવ સચિવો ત્યારે-
દેખાયાં વાનરનાં જૂથો • વિવિધ વર્ણ-કાયા ને રૂપો-
ઊભા અહીંતહીં આજ્ઞા પામી • કહ્યું સુગ્રીવે સૌ સમજાવી-
જનકસુતાનેં શોધો જઈને • ખબર માસમાં આવો લઈને- ૮

દોહાઃ • નીલાંગદ-હનુમત સુણો, જામવંત મતિધીર,
દક્ષિણ ઘૂમી સિય વિશે , પૂછો સૌને વીર- ૪/૧૪

મન-કર્મ-વચન ઉપાય વિચારો • રામચંદ્રનું કાર્ય સઁવારો-
માગી આજ્ઞા શીશ નમાવી • હરખી ગયા સ્મરતા રઘુરાઈ-
હનુએ છેલ્લે શીશ નમાવ્યું • કામ નિકટ બોલાવી આપ્યું-
શિર સ્પર્શી પ્રભુએ નિજ પાણિ • આપી મુદરી સેવક જાણી-
જન્મ સફળ માન્યો હનુમાને • ચાલ્યા ધરી પ્રભુને ઉર સ્થાને-
જાય ખૂંદતા વન કપિ વીરો • સર સરિતા ગિરિકંદર ખીણો-
રામ કાર્યમાં મન રંગાયું • નિજ તન કેરું ભાન ભુલાયું- ૭

દોહાઃ દેખાયું ઉપવન સુભગ, ખીલ્યાં સર બહુ કંજ,
ત્યાં ઈક સુંદર મંદિરે, બેઠી સ્ત્રી તપપુંજ- ૪/૧૫

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

दूरि ते ताहि सबन्हि सिरु नावा • पूछें निज वृतांत सुनावा-
मूदहु नयन बिबर तजि जाहू • पैहहु सीतहि जनि पछिताहू-
नयन मूदि पुनि देखहिं वीरा • ठाढ़े सकल सिन्धु के तीरा-
सब मिलि करहिं परस्पर वाता • बिनु सुधि लएँ करब का भ्राता-
कह अंदग लोचन भरि वारी • दुहुँ प्रकार भई मृत्यु हमारी-
इहाँ न सुधि सीता कै पाई • उहाँ गएँ मारिहि कपिराई-
अंगद वचन सुनत कपि वीरा • बोलि न सकहिं नयन वह नीरा-
हम सीता कै सुधि लीन्हें बिना • नहि जैहैं जुवराज प्रवीना-
एहि विधि कथा कहहिं बहु भाँती • गिरि कंदराँ सुनी संपाती- ९

सुनि खग हरष सोक जुत बानी • आवा निकट- कपिन्ह भय मानी-
तिन्हहि अभय करि पूछसि जाई • कथा सकल तिन्ह ताहि सुनाई-
गिरि त्रिकूट ऊपर वस लंका • तहँ रह रावन सहज असंका-
तहँ असोक उपवन जहँ रहई • सीता बैठि सोच रत अहई-
जो नाघइ सत जोजन सागर • करइ सो राम काज मति आगर-
निजनिज बल सब कहुँ भाषा • पार जाइ कर संसय राखा-
जरठ भयउँ अब कहइ रिछेसा • तन रहा प्रथम बल लेसा- ५

अंगद कहइ जाउँ मैं पारा • जियँ संसय कछु फिरती वारा-
कहइ रीछपति सुनु हनुमाना • का चुप साधि रहेहु बलवाना-
पवनतनय-बल पवन समाना • बुद्धि-विवेक-विग्याना निधाना-
राम काज लगि तव अवतारा • सुनतहिं भयउ पर्वताकारा-
सिंहनाद करि बारहिं बारा • लीलहिं नाघउँ जलनिधि खारा-
सहित सहाय रावनहि मारी • आनउँ इहाँ त्रिकूट उपारी-
जामवंत मैं पूँछउँ तोही • उचित सिखावनु दीजहु मोही-
एतना करहु तात तुम्ह जाई • सीतहि देखि कहहु सुधि आई- ६

छंदः कपि सेन संग सँघारि निसिचर, रामु सीतहि आनिहैं,
त्रैलोक पावन सुजसु सुर-मुनि, नारदादि बखानिहैं-
जो सुनत गावत कहत समुझत, परम पद नर पावई,
रघुवीर पद पाथोज मधुकर, दास तुलसी गावइ- ४/३०

●

- किष्किंधाकांड समाप्त -

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

કિષ્કિંધાકાંડ

શીશ દૂરથી સૌએ નામ્યું • પૂછયે નિજ વૃતાંત સુણાવ્યું-
વીચી આંખ ગુફા તજી જાઓ • સિય મળશે ભગ્નાશ ન થાઓ-
વીચ્યાં લોચન, જોયું ઉઘાડી • દીઠા સાગર તીર અગાડી-
કરે પરસ્પર મળી સૌ વાતો • મળી ન ભાળ કરશું શું ભાતો-
કહે અંગદ ભરી નયને વારિ • દુર્ગતિ બેઉ તરફથી મારી-
ભાળ ન લાધી અહીં સિય કેરી • હણશે ત્યાં ગયે કપિપતિ વેરી-
અંગદ વચન સુણી કપિ વીરો • વહે નયન- કુંઠિત મતિધીરો-
શોધ્યા વિણ સિયને યુવરાજા • નહિ વળીયે અમ કોઈ પાછા-
આમ કહે વાતો બહુ ભાંતિ • સુણે ગુફા બેઠો ' સંપાતી'- ૯

દોહાઃ • ગયો નિકટ ખગ વાત સુણી, ડર્યા કપિ ભય માની,
અભય કરી પૂછી બધી, કહીં કપિ વાત વખાણી- ૪/૧૬

ગિરિ ત્રિકૂટ પર આવી લંકા • રહે વીર રાવણ રણ બંકા-
વન અશોક ત્યાં રાખી સીતા • બેઠી કરે જ્યાં શોક પુનીતા-
લાંઘી શકે સો યોજન દરિયો • કરશે કાર્ય તે બુદ્ધિ બળિયો-
નિજનિજ બળ પરિચય સૌ ભાખે • પણ આ કાર્યે શંકા રાખે-
કહ્યું રીંછેશે વૃદ્ધ થયાનું • રહ્યું ન બળ તનમાં પહેલાનું- ૫

દોહાઃ • જાઉં પાર અંગદ કહે, સંશય વળતી વાર,
રીંછપતિ કહે હનુ મૌન ક્યમ, શાનો કરો વિચાર- ૪/૧૭

બળ તવ પવન સમું કપિ શૂરા • બુદ્ધિ.વિવેક.વિજ્ઞાને પૂરા-
રામ કાજ અવતાર તમારો • દેહ શૈલ શો સુણી વધાર્યો-
વારંવાર કરે હુંકારો • રમતાં લાંઘીશ સાગર ખારો-
સહિત સહાયક રાવણ મારી • આણીશ આહીં ત્રિકૂટ ઉપાડી-
જામવાન પૂછું છું તમને • ઉચિત શિખામણ દેજો અમને-
કરો એટલું તાત જઈને • લઈ સિય ભાળ કહો આવીને- ૬

છંદઃ કપિ સૈન્ય લઈ સંહારી નિશિચર, રામ સિયને આણશે,
ત્રેલોક પાવન સુયશ સુર.મુનિ, નારદાદિ વખાણશે-
ગાએ-સુણે -સમજે કહે જે, નર પરમ પદને લહે,
રઘુવીર પદ પાથોજ મધુકર, દાસ 'તુલસી' મુદી કહે- ૪/૧૮

●

- કિષ્કિંધાકાંડ સમાપ્ત -

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

• मानससार •

- सुंदरकांड -

जामवंत के वचन सुहाए • सुनि हनुमंत हृदय अति भाए-
वारवार रघुवीर सँभारी • तरेकउ पवनतनय बलभारी-
जेहिं गिरि चरन देइ हनुमंता • चलेउ सो गा पाताल तुरंता-
जिमि अमोघ रघुपति कर बाना • अेहि भाँति चलेउ हनुमाना-
जात पवनसुत देवन्ह देखा • जानैं कहुँ बल बुद्धि विसेषा-
सुरसा नाम अहिन्ह कै माता • पठइन्हि आइ कही तेहिं वाता-
आजु सुरन्ह मोहि दीन्ह अहारा • सुनत वचन कह पवनकुमारा- ७

राम काजु करि फिरि मैं आवौं • सीता कै सुधि प्रभुहि सुनावौं-
तब तव वदन पैठिहउँ आई • सत्य कहउँ मोहि जान दे माई-

कवनेहुँ जतन देइ नहिं जाना • ग्रससि न मोहि कहेउ हनुमाना-
जोजन भरि तेहिं वदनु पसारा • कपि तनु कीन्ह दुगन विस्तारा-
जस जस सुरता वदनु बढ़ावा • तासु दून कपि रूप देखावा-
सत जोजन तेहिं आनन कीन्हा • अति लघु रूप पवनसुत लीन्हा-
वदन पइठि पुनि बाहेर आवा • मागा विदा ताहि सिरु नावा-
मोहि सुरन्ह जेहि लागि पठावा • बुधिबल.मरमु तौर मैं पावा- ६

दोहाः राम काजु सबु करिहहु, तुम्ह बल.बुद्धि निधान,
आसिष देइ गई सो, हरषि चलेउ हनुमान- ५/२

●

निसिचरि एक सिन्धु महुँ रहई • करि माया नभु के खग गहई-
जीव-जंतु जे गगन उड़ाहीं • जल विलोकि तिन्ह कै परिछाहीं-
गहइ छाँह सक सो न उड़ाई • एहि विधि सदा गगनचर खाई-
सोइ छल हनूमान कहँ कीन्हा • तासु कपटु कपि तुरतहि चीन्हा-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

• માનસસાર •

- સુંદરકાંડ -

જામવંતનાં વચનો પ્યારાં • પવનતનયને અતિ પ્રિય લાગ્યાં-
વારવાર રઘુવીર સંભારી • કૂદે મારુતસુત બળ ભારી-
જે ગિરિ પર પગ દઈ હનુ ચાલે • તે જઈ બેસે તુરત પતાળે-
જ્યમ અમોઘ સાયક રઘુરાયા • જાય તેમ મારુતના જાયા-
જોઈ જતા હનુમત દેવોએ • ચકાસવા બુધિબળ તેઓએ-
'સુરસા' નામ સરપની માતા • પઠવી જેણે માંડી વાર્તા-
આજ સુરોએ ભોજન આપ્યું • સુણીને પવનકુમારે ભાખ્યું- ૭

દોહાઃ • કાર્ય કરીને રામનું, કહી આવી સિય ભાળ,
પડીશ મા-આવી મુખે, જાવા દો આ કાળ- ૫/૧

દે નહિ કોઈ ઉપાયે જાવા • બોલ્યા કપિ તો માંડો ખાવા-
જોજન ભર મોં તેણે પસાર્યું • કપિએ તન બમણું વિસ્તાર્યું-
જ્યમ જ્યમ સુરસા મુખ વિસ્તારે • દૂપટ કપિ નિજ રૂપ વધારે-
સો જોજન મુખ તેણે કીધું • અતિ લઘુરૂપ પવનસુત લીધું-
પેસી મુખ ફરી બ્હારે આવી • માગી વિદા કપિએ શિર નામી-
દેવોએ જે કાજ પઠાવી • ત્યાગ બુદ્ધિ બળનો હું પામી- ૮

દોહાઃ રામ કાર્ય કરશો બધાં, છો બળ-બુદ્ધિ નિધાન,
આશિષ આપી તે ગઈ, મુદિત ગયા હમુમાન- ૫/૨

●

નિશિચરી એક સમુદ્રે રહેતી • કરી છળ નભથી ખગ ગ્રહી લેતી-
જીવ-જંતુ જે ઊડે નભમાં • પડછાંયો જોઈને જળમાં-
પકડે બિમ્બ- શકે ના ઊડી • આમ ખાય ખગ રીતે રૂડી-
તેજ કપટ હનુ સંગે કીધું • તુરત કપિએ પામી લીધું-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ताहि मारि मारुतसुत वीरा • वारिधि पार गयउ मतिधीरा-

सैल विसाल देखि एक आगें • ता पर धाइ चढ़ेउ भय त्यागें-
अति उतंग जलनिधि चहु पासा • कनक कोट कर परम प्रकासा- ७

छंदाः वन-बाग-उपवन-वाटिका, सर. कूप. वापीं सोहहीं,
नर-नाग-सुर-गंधर्व कन्या, रूप मुनि मन मोहहीं-
कहुँ माल देह विसाल-सैल समान, अति बल गर्जहीं,
नाना अखारेन्ह भिरहिं बहुविधि, एक एकन्ह तर्जहीं-

मसक समान रूप कपि धरी • लंकहि चलेउ सुमिरि नरहरी-
नाम लंकिनी एक निसिचरी • सो कह चलेसि मोहि निंदरी-
जानेहि नहीं मरमु सठ मोरा • मोर अहार जहाँ लगि चोरा-
मुठिका एक महाकपि हनी • रुधिर वमत धरनीं ढनमनी-
पुनि संभारि उठी सो लंका • जोरि पानि कर विनय ससंका-
जब रावनहि ब्रह्म वर दीन्हा • चलत विरंचि कहा मोहि चीन्हा-
बिकल होसि तैं कपि कें मारे • तब जानेसु निसिचर संघारे- ७

दोहाः तात-स्वर्ग-अपवर्ग सुख, धरिअ तुला एक अंग,
तूल न ताहि सकल मिलि, जो सुख लव सतसंग- ५/४

प्रविसि नगर कीजे सब काजा • हृदयँ राखी कोसलपुर राजा-
अति लघुरूप धरेउ हनुमाना • पैठा नगर सुमिरि भगवाना-
मंदिर मंदिर प्रति करि सोधा • देखे जहँ तहँ अगनित जोधा-
गयउ दसानन मंदिर मांही • अति विचित्र कही जत सो नाहीं-
सयन किअँ देखा कपि तेही • मंदिर महुँ न दीखि वैदेही-
भवन एक पुनि दीख सुहावा • हरि मंदिर तहँ भिन्न बनावा-
लंका निसिचर निकर निवासा • इहाँ कहाँ सज्जन कर वासा- ७

मन महुँ तरक करैं कपि लागा • तेहीं समय विभीषनु जागा-
रामराम तेहिं सुमिरन कीन्हा • हृदयँ हरष कपि सज्जन चीन्हा-

विप्र रूप धरि वचन सुनाअे • सुनत विभिषन उठि तहँ आअे-
करि प्रनाम पूँछी कुसलाई • विप्र कहहु निज कथा बुझई-

दोहाः तब हनुमंत कही सब, राम कथा-निज नाम,
सुनत जुगल तन पुलक मन, मगन सुमिरि गुनग्राम- ५/६

तब हनुमंत कहा सुनु भ्राता • देखी चहउँ जानकी माता-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

હણી દાનવી હનુમત વીરે • વારિધિ પાર કર્યો મતિધીરે-

સામે શૈલ વિશાળ નિહાળી • ધાઈ ચઢ્યા તે પર ભય ટાળી-
ગઢ ઉતંગ ઉદધિ ચોપાસે • કનક કોટ જ્યાં પરમ પ્રકાશે- ૭

છંદઃ વન-બાગ-ઉપવન-વાટિકા, સર-કૂપ-વાવો શોભતી,
નર-નાગ-સુર-ગંધર્વ કન્યા, રુપ મુનિ મન મોહતી-
કહીં મલ્લ દેહ વિશાળ શૈલ સમાન, અતિ બળ ગર્જતા,
ભરીને અખાડાઓ વિવિધ, એકેકને પડકારતા-

મચ્છર શું કપિ રૂપ ધરીને • ચાલ્યા લંકા સ્મરી હરિને-
એક નિશાચરી 'લંકિની' નામે • કહે જાય અવગણી ક્યે કામે-
શઠ શું મર્મ ન જાણે મારો • ચોર સકળ આહાર અમારો-
મુઠ્ઠી એક કપિએ મારી • રુધિર ઓકતી ધરણી ઢાળી-
ઊઠી સંભાળી તે 'લંકી' • કરીં વિનતી કર જોડી શંકી-
રાવણને જ્યારે વર આપ્યું • જતાં મને વિધિએ બતલાવ્યું-
થા વ્યાકુળ કપિ મારે જ્યારે • નાશ જાણજે નિશિચર ત્યારે- ૭

દોહાઃ સ્વર્ગ-મોક્ષ ઈક છાબમાં, બીજે ક્ષણ સત્સંગ,
નમે છાબ સત્સંગનું, ભલે સ્વર્ગ-ગતિ સંગ- ૫/૩

કાર્ય કરો સૌ પેસી પુરમાં • રાખી કોશલરાજ હૃદયમાં-
પવનતનય લઘુરૂપ ધરીને • પેઠા પુર ભગવાન સ્મરીને-
એક એક કરી ભવનો શોધ્યાં • જૂથો જ્યાં ત્યાં સૈનિક જોયાં-
ગયા દશાનન મંદિર માહીં • તુલ્યમાન સુંદરતા નાહીં-
સૂતો દશમુખ દીઠો કપિએ • દીઠી નહિ સીતા ત્યાં કહીંએ-
ભવન એક દીઠું અતિ રૂડું • હરિ મંદિર ત્યાં બાંધ્યું જુદું-
વસે દાનવો લંકા માહીં • વાસ સુજનનો કેવો આહીં ૭

દોહાઃ • તર્ક આમ કપિ મન કરે, સ્મરતા શ્રી રઘુવીર,
વિભીષણ જાગ્યા તે સમય, માન્યા સુજન-સુશીલ- ૫/૪

વિપ્ર રૂપ ધરીને બોલાવ્યા • સુણી વિભીષણ ઊઠી આવ્યા-
કરી પ્રણામ કુશળતા જાણી • કહ્યું કહો દ્વિજ કથા વખાણી-
રામ કથા વરણી વિસ્તારે • કહી નામ નિજ કપિએ ત્યારે-
પુલકયા બેઉ વાત સુણીને • થયા મગન ગુણગ્રામ સ્મરીને-
કહ્યું હનુમંતે ત્યારે ભાઈ • જોવા ચાહું જાનકી માઈ-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

जुगति विभीषन सकल सुनाई • चलेउ पवनसुत विदा कराई-
करि सोइ रूप गयउ पुनि तहवाँ • वन असोक सीता रह जहवाँ- ७

दोहा : निज पद नयन दिएँ मन, राम पद कमल लीन,
परम दुखी भा पवनसुत, देखि जानकी दीन- ५/८

तेहि अवसर रावनु तहँ आवा • संग नारि बहु किए बनावा-
कह रावनु सुनु सुमुखि सयानी • मंदोदरी आदि सब रानी-
तव अनुचरीं करउँ पन मोरा • एक वार विलोकु मम ओरा-
तृन धरि ओट कहति वैदेही • सुमिरि अवधपति परम सनेही-
सुनु दसमुख खद्योत प्रकासा • कबहुँ कि नलिनी करइ विकासा-
सठ-सूने हरि आनेहि मोही • अधम निलज्ज लाज नहिं तोही- ६

दोहा : आपुहि सुनि खद्योत सम, रामहि भानु समान,
परुष वचन सुनि काढ़ि असि, बोला अति खिसिआन- ५/९

सीता तैं मम कृत अपमाना • कटिहउँ तव सिर कठिन कृपाना-
स्याम सरोज दाम सम सुंदर • प्रभु भुज करि कर सम दसकंधर-
सो भुज कंठ कि तव असि घोरा • सुनु सठ अस प्रवान पन मोरा-
सुनत वचन पुनि मारन धावा • नयतनयाँ कहि नीति बुझावा-
कहेसि सकल निसिचरिन्हि बोलाई • सीतहि बहु विधि त्रासहु जाई-
मास दिवस महुँ कहा न माना • तौ मैं मारबि काढ़ि कृपाना- ६

दोहा : भवन गयउ दसकंधर, इहाँ पिसाचिनि वृंद,
सीतहि त्रास देखावहिं, धरहिं रूप बहु मंद- ५/१०

●

त्रिजटा नाम राछसी एका • रामचरन रति निपुन विवेका-
सबन्हौ बोलि सुनाएसि सपना • सीतहि सेइ करहु हित अपना-
सपने वानर लंका जारी • जातुधान सेना सब मारी-
नगर फिरि रघुवीर दोहाई • तब प्रभु सीता बोलि पठाई-
तासु वचन सुनि ते सब डरीं • जनकसुता के चरनन्हि परीं- ५

त्रिजटा सन बोली कर जोरी • मातु विपति संगिनि तैं मोरी-
तजौं देह करु बेगि उपाई • दुसह विरहु अब नहिं सहि जाई-
आनि काठ रचु चिता बनाई • मातु अनल पुनि देहि लगाई-
निसि न अनल मिल सुनु सुकुमारी • अस कहि सो निज भवन सिधारी-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

યુક્તિ વિભીષણે સર્વ બતાવી • ચાલ્યા હનુમત શીશ નમાવી-
ગયા તેજ તન ફરીથી ધારી • રહે સીય જે અશોક વાડી- ૭

દોહા : નયન ઢળેલાં નિજ પદે, રામ પદે મન લીન,
થયા દુખી અતિ પવનસુત, જોઈ જાનકી દીન- ૫/૫

તેજ સમય રાવણ ત્યાં આવ્યો • સંગે સજ્જ ધજ્જ સ્ત્રીઓ લાવ્યો-
કહે દસાનન સુમુખી શાણી • મંદોદરી આદિ સૌ રાણી-
દાસી કરું તારી પ્રણ મારું • એક વાર જો મારી સામું-
તૃણ ધરી ઓટ કહે વૈદેહી • સ્મરી અવધપતિ પરમ સનેહી-
સુણ દસમુખ ખદ્યોત પ્રકાશે • જાણ્યું કમળ કદીય વિકાસે-
શઠ હરી'તી એકાંતે જ્યારે • અધમ ન લાજ્યો તું તે વારે- ૬

દોહા : સુણી નિજને ખદ્યોત સમ, રામ દિનેશ સમાન,
કટુ વચ સુણી ખેંચી ખડગ, બોલ્યો ભૂલી ભાન- ૫/૬

સિય અપમાન કર્યું તેં મારું • કાપીશ શીશ કૃપાણે તારું-
નીલ કમળ માળા શી સુંદર • કરિકર શી પ્રભુ ભુજ દસકંધર-
તે ભુજ કે તુજ કઠણ કટારી • પડશે કંઠ પ્રતીજ્ઞા મારી-
વચન સુણી શઠ હણવા ધાયો • કહીં નય 'નયતનયા' એ વાર્યો-
કહ્યું સકળ નિસિચરી બોલાવી • સીય સતાવો બીક બતાવી-
માસ દિવસમાં જો નહિ માની • હણીશ કૃપાણે લે તે જાણી- ૬

દોહા : દસકંધર ભવને ગયો, અહીં નિશાચરી જૂથ,
બીક બતાવે સીયને, ધરી બહુ વરવાં રૂપ- ૫/૭

●

'ત્રિજટા' નામ નિશાચર નારી • વિનયી રામ પદે રતિ ભારી-
સૌને કહી સંભળાવ્યું સપનું • સિય સેવી સાધો હિત નિજનું-
સપને કપિએ લંકા બાળી • દાનવ સેના સઘળી મારી-
નગર ફરી રઘુવીર દુહાઈ • પછીં પ્રભુએ સીતા તેડાવી-
વાત સાંભળી સૌ ગભરાઈ • પડી જાનકી ચરણે ધાઈ- ૫

દોહા : • વીનવે સિય ત્રિજટા બહુ, સાથી દુખનાં માત,
શીઘ્ર કરો કંઈ તન તજું, દુસહ વિરહનો તાપ- ૫/૮

આણી કાષ્ઠ ચિતા ખડકાવો • માત પછી પાવક પેટાવો-
અગ્નિ ન રાત મળે સુકુમારી • કહીં ત્યમ ત્રિજટા ઘેર સિધારી-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

कह सीता विधि भा प्रतिकूला • मिलिहि न पावक मटिहि न सूला
सुनहि विनय मम-विटप असोका • सत्य नाम करु-हरु मम सोका-
नूतन किसलय अनल समाना • देहि अगिनि जनि करहि निदाना-
देखि परम विरहाकुल सीता • सो छन कपिहि कलप सम वीता- ६

सोरठाः • कपि करि हृदयँ विचार, दीन्हि मुद्रिका डारि तब,
जनु असोक अंगार, दीन्ह हरषि उठि कर गहेउ- ५/१२

चकित चितव मुदरी पहिचानी • हरष विषाद हृदयँ अकुलानी-
सीता मन विचार कर नाना • मधुर वचन बोलेउ हनुमाना-
रामदूत मैं मातु जानकी • सत्य सपथ करुनानिधान की-
यह मुद्रिका मातु मैं आनी • दीन्हि राम तुम्ह कहँ सहिदानी-
हरिजन जानि प्रीति अति गाढ़ी • सजल नयन पुलकावलि बाढ़ी-
अब कहु कुसल जाउँ बलिहारी • अनुज सहित सुख भवन खरारी-
सहज बानि सेवक सुखदायक • कबहुँक सुरति करत रघुनायक-
मातु कुसल प्रभु अनुज समेता • तव दुख दुखी सुकृपा निकेता- ८

दोहा : रघुपति कर संदेसु अब, सुनु जननी धरि धीर,
अस कहि कपि गदगद भयउ, भरे बिलोचन नीर- ५/१४

कहेउ राम वियोग तव सीता • मो कहुँ सकल भए विपरीता-
नवतरु किसलय मनहुँ कृसानू • कालनिसा सम निसि ससि भानू-
कहेहू तें कछु दुख घटि होई • काहि कहौं यह जान न कोई-
तत्व प्रेम कर मम अरु तोरा • जानत प्रिया एकु मन मोरा-
सो मनु सदा रहत तोहि पाहीं • जानु प्रीति रसु एतनेहिं माहीं-
प्रभु संदेसु सुनत वैदेही • मगन प्रेम तन सुधि नहिं तेही- ६

दोहा : निसिचर निकर पतंग सम, रघुपति बान कृसानु,
जननी हृदयँ धीर धर, जरे निसाचर जानु- ५/१५

जौं रघुवीर होति सुधि पाई • करते नहिं विलंबु रघुराई-
कछुक दिवस जननी धरु धीरा • कपिन्ह सहित अइहहिं रघुवीरा-
हैं सुत-कपि सब तुम्हहि समाना • जातुधान अति भट बलवाना-
मोरे हृदय परम संदेहा • सुनि कपि प्रगट कीन्हि निज देहा-
सीता मन भरोस तब भयऊ • पुनि लघुरूप पवनसुत लयऊ-
अजर अमर गुननिधि सुत होहू • करहुँ बहुत रघुनायक छोहू-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

સુંદરકાંડ

સીય કહે વિપરીત વિધિ કીડા • મળે ન પાવક, મટે ન પીડા-
વિટપ અશોક વિનતી સુણ મારી • નામ સત્ય કર શોક નિવારી-
અનલ સમી છે કોંપળ તારી • દઈ અગનિ હર પીડા મારી-
જોઈ વિરહે વ્યાકુળ સતીને • વીતી ક્ષણ તે કલ્પ કપિને- ૬

સોરઠાઃ • કપિ મન કરી વિચાર, નાખી વીટી ભોય પર,
ગણી તરુએ અંગાર, દીધો હરખીને લીધી- ૫/૯

ચકિત થઈ વીટી પિછાણી • હર્ષ-વિષાદે મન અકળાણી-
વિવિધ વિચાર કરે મન સીતા • બોલ્યા મધુર વચન હનુમંતા-
રામ દૂત છું જાનકી માઈ • કહું શપથ રઘુપતિના ખાઈ-
આ મુદરી માતા મેં આણી • રામ દત્ત તવ કાજ નિશાની-
વાધી પ્રીતિ હરિજન જાણી • પુલક તને વહ્યું નયને પાણી-
કહો કુશળ કપિ જાઉં વારી • અનુજ સહિત છે કેમ ખરારિ-
સ્વાભાવિક સેવક સુખદાયક • કરે યાદ ક્યારે રઘુનાયક-
અનુજ સમેત કુશળ પ્રભુ માતા • ખિન્ન દુખે તવ છે જનત્રાતા- ૮

દોહા : રઘુપતિનો સંદેશ મા, સુણો હવે ધરીં ધીર,
કહીં ત્યમ કપિ કુંઠિત થયા, નયન ભરાયાં નીર- ૫/૧૦

કહ્યું રામે સીતે છે આજે • તુજ વિણ સકળ ઉલટ મુજ કાજે-
નવતરુ પાન અનલના જેવાં • નિશા કાળનિશિ, શશી રવિ જેવાં-
કહેવાથી દુખ ઓછું થાએ • પણ કહું કોને ના સમજાએ-
પ્રેમ તત્ત્વ મારું ને તારું • પ્રિયે, માત્ર જાણે મન મારું-
તે મન નિત રહેતું તુજ પાસે • જાણ પ્રેમ રસ આટલી વાતે-
પ્રભુ સંદેશ સુણી વૈદેહી • પ્રેમ મગ્ન સુધ તનની ખોઈ-

દોહા : નિશિચર જૂથ પતંગ સમ, પાવક રઘુપતિ બાણ,
જનની ધીર ધરો જરા, બળશે અસુર પ્રમાણ- ૫/૧૧

હોત ખબર જો પ્રભુને આવી • વાર કરત ન કદીય કશાની-
ધૈર્ય ધરો થોડા દિન માતે • રામ આવશે કપિદળ સાથે-
પુત્ર હશે કપિ સૌ તુજ જેવા • અહીં દાનવ ભટ-ભૂધર જેવા-
અતિ સંદેહ રહે મુજ મનને • સુણીને પ્રગટ કર્યું નિજ તનને-
સમાધાન સિય મનનું કીધું • ફરી લઘુ રૂપ કપિએ લીધું-
અજર-અમર-ગુણનિધિ સુત થાઓ • રામ કૃપા તુજ પર વરસાવો-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

अब कृतकृत्य भयउँ मैं माता • आसिष तव अमोघ विख्याता-
सुनहु मातु मोहि अतिसय भूखा • लागि-देखि सुंदर फल रूखा- ८

दोहा : देखि बुद्धि बल निपुन कपि, कहेउ जानकीं जाहु,
रघुपति चरन हृदयँ धरि, तात मधुर फल खाहु- ५/१७

चलेउ नाइ सिरु पैठेउ बागा • फल खाएसि तरु तोरैं लागा-
रहे तहाँ बहु भट रखवारे • कछु मारेसि कछु जाइ पुकारे-
सुनि रावन पठए भट नाना • तिन्हहि देखि गर्जेउ हनुमाना-
सब रजनीचर कपि संघारे • गए पुकारत कछु अधमारे-
पुनि पठयउ तेहिं अच्छकुमारा • चला संग लै सुभट अपारा-
आवत देखि विटप गहि तर्जा • ताहि निपाति महाधुनि गर्जा-
सुनि सुत वध लंकेस रिसाना • पठएसि मेघनाद बलवाना-
चला इन्द्रजित अतुलित जोधा • बंधु निधन सुनि उपजा क्रोधा- ८

कपि देखा दारुन भट आवा • कटकटाइ गर्जा अरु धावा-
अति बिसाल तरु एक उपारा • बिरथ कीन्ह लंकेस कुमारा-

मुठिका मारि चढ़ा तरु जाई • ताहि एक छन मुरुछा आई-
उठि बहोरि कीन्हिसि बहु माया • जीति न जाइ प्रभंजन जाया-
ब्रह्मबान कपि कहुँ तेहिं मारा • परतिहुँ बार कटकु संघारा-
तेहिं देखा कपि मुर्छित भयऊ • नागपास बांधेसि लै गयऊ-
कह लंकेस कवन तैं कीसा • केहि कें बल घालेसि वन खीसा-
सुनु रावन ब्रह्मांड निकाया • पाइ जासु बल विरचित माया-
जाकें बल विरंचि हरि ईसा • पालत सृजत हरत दससीसा- ७

दोहा : जाके बल लव लेस तें, जितेहु चराचर झारि,
तासु दूत मैं जा करि, हरि आनेहु प्रिय नारि- ५/२१

विनती करउँ जोरि कर रावन • सुनहु मान तजि मौर सिखावन-
रिषि पुलस्ति जसु विमल मयंका • तेहि ससि महुँ जनि होहु कलंका-
राम नाम बिनु गिरा न सोहा • देखु विचारि त्यागि मद मोहा-
सुनि कपि वचन बहुत खिसिआना • बेगि न हरहु मूढ कर प्राना-
सुनत निसाचर मारन धाए • सचिवन्ह सहित विभीषनु आए-
नाइ सीस करि विनय बहूता • नीति विरोध न मारिअ दूता-
सुनत विहसि बोला दसकंधर • अंग भंग करि पठइअ बंदर- ७

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

સુંદરકાંડ

આજ કૃતાર્થ થયો હું માતા • આશિષ તવ અણફર વિખ્યાતા-
મા લાગી છે ભૂખ ભયંકર • ફળવૃક્ષો જોઈ અતિ સુંદર- ૮

દોહા : જોઈ બુદ્ધિ બળ નિપુણ કપિ, કહે જાનકી જાવ,
રઘુપતિ પદ હૈયે ધરી, તાત મધુર ફળ ખાવ- ૫/૧૨

વંદી સિય પદ બાગે આવ્યા • ફળ ખાઈ તરુ હણવા લાગ્યા-
ત્યાં ભટ બહુ રખવાળી કરતા • કંઈ માર્યા કંઈ ભાગ્યા રડતા-
સુણી રાવણ બહુ વીર પઠાવ્યા • જોઈ પવનસુત તેને ગરજ્યા-
કપિએ સર્વ નિશાચર માર્યા • ગયા કકળતા જે અધમાર્યા-
પછી 'અક્ષય' દસશીશ પઠાવ્યો • અગણિત સુભટો લઈને આવ્યો-
જોઈ આવતો તરુ લઈ ડાર્યો • હણી હનુએ ધ્વનિ ઘોર પુકાર્યો-
સુત વધ સુણીને ખીજ્યો સુરારિ • 'મેઘનાદ' પઠાવ્યો બળશાળી-
ભટ અતુલિત શક્રારિ ચાલ્યો • બંધુ મૃત્યુ સુણી ક્રોધે બાળ્યો- ૮

દોહા : • દારુણ ભટ દેખી કપિ, ઘાયા બોલી હૂપ,
તરુ વિશાળ ફેંકી કર્યો, વિરથ દશાનન પૂત- ૫/૧૩

ટ્યા
ચઢી તરુ [illegible]પર મુઠ્ઠી મારી • ક્ષણ ભર તેને મૂર્છા આવી-
ઊઠ્યો ફરી-કીધી બહુ માયા • જાય ન જીત્યા મારુત જાયા-
બ્રહ્મબાણ હનુમતને માર્યું • પડતે દાનવ કટક સૌંહાર્યું-
જોઈ કપિ મૂર્છિત છે જાણી • ગયો બાંધી અહિપાશે તાણી-
કહે લંકેશ છો કોણ અનાડી • કોને બળ તેં વાડી ઉજાડી-
સુણ રાવણ બ્રહ્માંડ સમૂહો • રચે પામીં બળ માયા વ્યૂહો-
જેને બળ પદ્મજ-હરિ-શંકર • સર્જે-પાળે-હરે, દસકંધર- ૭

દોહા : જેના બળના અંશથી, જીત્યો તેં સંસાર-
ચર હું તેનો જેમની, હરી આણી પ્રિય નાર- ૫/૧૪

વીનવું જુગ કર જોડી રાવણ • માન તજી સુણ મારી શિખામણ-
ઋષિ પુલસત્ય યશ વિમળ મયંકે • થા ન કલંક તું એવા ચન્દ્રે-
રામનામ વિણ સોહે ન વાણી • તજી મોહ-મદ લે મન જાણી-
ખીજ્યો શબ્દ સુણી વાનરના • પ્રાણ ન લો ક્યમ આ મૂરખના-
સુણીને નિશિચર હણવા ધાયા • સચિવો સંગ વિભીષણ આવ્યા-
કરી વિનતી બહુ શીશ નમાવી • દૂત ન હનનીય નીતિ આવી-
સુણીને હસી બોલ્યો દસકંધર • અંગ ભંગ કરી પઠવો બંદર- ૭

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

दोहा : कपि कें ममता पूँछ पर, सबहि कहउँ समुझाइ,
तेल बोरि पट बाँधि पुनि, पावक देहु लगाइ- ५/२४

पूँछहीन वानर तहँ जाइहि • तब सठ निज नाथहि लइ आइहि-
जातुधान सुनि रावन बचना • लागे रचैं मूढ सोइ रचना-
रहा न नगर वसन-धृत-तेला • बाढ़ी पूँछ कीन्ह कपि खेला-
पावक जरत देखि हनुमंता • भयउ परम लघुरूप तुरंता-
निबुकि चढ़ेउ कपि कनक अटारी • भईं सभीत निसाचर नारी-
जारा नगरु निमिष एक मांही • एक विभीषन कर गृह नाहीं-
उलटि पलटि लंका सब जारी • कूदि परा पुनि सिन्धु मझारी- ७

दोहा : पूँछ बुझाइ-खोइ श्रम, धरि लघुरूप बहोरि,
जनकसुता कें आगें, ठाढ़ भयउ कर जोरि- ५/२६

मातु-मोहि दीजे कछु चीन्हा • जैसें रघुनायक मोहि दीन्हा-
चूड़ामनि उतारि तब दयऊ • हरष समेत पवनसुत लयऊ-
कहेहु तात अस मोर प्रनामा • सब प्रकार प्रभु पूरनकामा-
दीन दयाल बिरिदु संभारी • हरहु नाथ मम संकट भारी-
मास दिवस महुँ नाथ न आवा • तौ पुनि मोहि जिअत नहिं पावा-
तोहि देखि सीतलि भइ छाती • पुनि मो कहुँ सोइ दिनु सो राती- ६

दोहा : जनकसुतहि समुझाइ करि, बहु विधि धीरजु दीन्ह,
चरन कमल सिरु नाइ- कपि, गवनु राम पहिं कीन्ह- ५/२७

हरषे सब विलोकी हनुमाना • नूतन जन्म कपिन्ह तब जाना-
चले हरषि रघुनायक पासा • पूँछत कहत नवल इतिहासा-
राम कपिन्ह जब आवत देखा • किएँ काजु मन हरष विसेषा-
फटिक सिला बैठे द्वौ भाई • परे सकल कपि चरनन्हि जाई-
पवनतनय के चरित सुहाए • जामवंत रघुपतिहि सुनाए-
कहु तात-केहि भाँति जानकी • रहति करति रच्छा स्वप्रान की- ६

दोहा : नाम पाहरु दिवस निसि, ध्यान तुम्हार कपाट,
लोचन निज पद जंत्रित, जाहिं प्रात केहिं बाट- ५/३०
निमिष निमिष करुनानिधि, जाहिं कलप सम बीति,
बेगि चलिअ प्रभु आनिअ, भुजबल खलदल जीति- ५/३१

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

સુંદરકાંડ

દોહા : મમતા કપિને પૂંછ પર, કહું સમજાવી વાત,
કપડું તેલે બોળીને, બાંધી ચાંપો આગ. ૫/૧૫

પૂંછહીન વાનર ત્યાં જઈને • વળશે શઠ નિજ નાથ લઈને-
જાતુધાન સુણી રાવણ આજ્ઞા • મૂરખ તૈયારીએ લાગ્યા-
બચ્યાં ન પુર વસ્ત્રો-ઘી-તેલો • પૂંછ વધારી કરે કપિ ખેલો-
પ્રસર્યો પાવક પેખી પૂંછે • અતિ લઘુરૂપ ધર્યું હનુમંતે-
છટકી કૂદ્યા કનક અટારી • થઈ ભયભીત નિશાચર નારી-
પુર-પળભરમાં પૂરું બાળ્યું • માત્ર વિભીષણ ભવન ન જાળ્યું-
ઉલટ સુલટ લંકાને બાળી • કૂદ્યા સાગરમાં બળશાળી- ૭

દોહા : પૂંછ ઠારી વિશ્રામ કરી, ફરી ધરીને લઘુરૂપ,
સિય સન્મુખ નત મસ્તકે, ઊભા મારુતસુત- ૫/૧૬

માત-મને દો કંઈક નિશાની • દીધી જ્યમ પ્રભુએ પોતાની-
શીશફૂલ કાઢીને દીધું • હરખીને હનુમંતે લીધું-
તાત પ્રણામ જઈ કહેજો મારા • પૂર્ણકામ પ્રભુ સુખ દેનારા-
દીન દયાળ બિરુદ સંભારી • હરો નાથ, મુજ સંકટ ભારી-
માસ દિવસમાં પ્રભુ નહિ આવે • તો છોંવતી જોવા નહિ પામે-
જોઈ તને હતી શીતળ છાતી • વળી મારે તે દિન તે રાત્રી- ૮

દોહા : સમજાવીને જાનકી, બહુ વિધિ આપી ધીર,
પદ કમળે શિર નામી કપિ, વળ્યા રામપ્રતિ વીર- ૫/૧૭

હનુમત દેખી કપિઓ હરખ્યા • જન્મ નવલ સૌએ નિજ લેખ્યા-
ચાલ્યા રઘુપતિ પાસ હરખતા • ચર્ચા નવીન ખબરની કરતા-
રામે કપિઓ જ્યારે દેખ્યા • કાર્ય થયું માની મન હરખ્યા-
સ્ફટિક શિલે બેઠા બેઉ ભાઈ • પડ્યા ચરણ કપિઓ સૌ ધાઈ-
પવનતનયનાં ચરિત મનોહર • કહ્યાં પછી રીછશે સુંદર-
તાત કહો કઈ રીતે સીતા • રક્ષે રહી નિજ પ્રાણ પુનીતા- ૮

દોહા : નામ રાતદિન સંત્રીશું, ધ્યાન તમારું કપાટ,
નયન જડ્યાં નિજ ચરણ પર, જાય પ્રાણ કયે વાટ-
પળપળ હે કરુણાનિધિ, કલ્પ કલ્પ સમ જાય,
શીઘ્ર જઈ-લઈ આવો પ્રભુ, જીતી ખળ સમુદાય- ૫/૧૮

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

सुनु कपि तोहि समान उपकारी • नहिं कोउ सुर-नर-मुनि तनुधारी-
प्रति उपकार करौं का तोरा • सनमुख होइ न सकत मन मोरा-
सुनु सुत तोहि उरिन मैं नाहीं • देखेउँ करि विचार मन माहीं-
सो सब तव प्रताप रघुराई • नाथ न कछु मोरि प्रभुताई-
तब रघुपति कपितिहि बोलावा • कहा-चलैं कर करहु बनावा-
अब विलंबु केहि कारन कीजे • तुरत कपिन्ह कहुँ आयसु दीजे-
चला कटकु को बरनैं पारा • गर्जहिं वानर भालु अपारा- ७

छंदः **चिक्करहिं दिग्गज डोल महि, गिरि लोल-सागर खरभरे,**
मन हरष सभ गंधर्ब-सुर-मुनि, नाग-किन्नर दुख टरे-
कटकटहिं मर्कट विकट भट-बहु, कोटि कोटिन्ह धावहीं,
जय राम-प्रबल प्रताप-कोसलनाथ गुनगन गावहीं-

दोहा : **एहि विधि जाइ कृपानिधि, उतरे सागर तीर,**
जहँ तहँ लागे खन फल, भालु विपुल कपि वीर- ५/३५

उहाँ निसाचर रहहिं ससंका • जब तें जारि गयउ कपि लंका-
निजनिज गृह सब करहिं विचारा • नहिं निसिचर कुल केर उबारा-
बैठेउ सभाँ खबरि असि पाई • सिन्धु पार सेना सब आई-
बूझेसि सचिव उचित मत कहहू • ते सब हँसे मष्ट करि रहहू-
जितेहु सुरासुर तब श्रम नाहीं • नर वानर केहि लेखे माहीं- ५

दोहा : **सचिव वैद गुर तीनि जौं, प्रिय बोलहिं भय आस,**
राज धर्म तन तीनि कर, होइ वेगिहीं नास- ५/३७

अवसर जानि विभीषनु आवा • भ्राता चरन सीसु तेहिं नावा-
पुनि सिरु नाइ बैठ निज आसन • बोला वचन पाइ अनुसासन-
जौ कृपाल पूँछिहु मोहि बाता • मति अनुरूप कहउँ हित ताता-
जो आपन चाहे कल्याना • सुजसु.सुमति.सुभ गति सुख नाना-
सो परनारि लिलार गोसाईं • तजउ चउथि के चंद कि नाईं-
देहु नाथ प्रभु कहुँ वैदेही • भजहु राम बिनु हेतु सनेही-
जासु नाम त्रय ताप नसावन • सोइ प्रभु प्रगट समझु जियँ रावन- ७

दोहा : **बार बार पद लागउँ, विनय करउँ दससीस,**
परिहरि मान-मोह-मद, भजहू कोसलाधीस- ५/३९

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

સુંદરકાંડ

સુણો કપિ તમ સમ ઉપકારી • નહિ કોં સુર-નર-મુનિ-તનધારી-
પ્રતિ ઉપકાર કરી ક્યો વાળું • સન્મુખ થઈ ન શકે મન મારું-
સુત ઋણ છે ન છુટાએ તેવું • મન વિચારતાં લાગે એવું-
તે પ્રતાપ સૌ તવ રઘુરાઈ • નાથ ન મારી કંઈજ બડાઈ-
કહ્યું કપીંશ રામે બોલાવી • કરો કૂચ કેરી તૈયારી-
હવે વિલંબ શું કામ નકામો • આજ્ઞા તુરત કપિને આપો-
ચાલ્યું કટક - ન વરણે આરો • કરે રીછ વાનર દેકારો- ૭

છંદ: ગરજ્યા દિગજ, કંપ્યા ગિરિ, મહિ ડોલી, સાગર ખળભળ્યા,
હરખ્યા સકળ ગંધર્વ સુર-મુનિ, નાગ-કિન્નર ભય ટળ્યા-
કરીં દાંતિયા બહુ વિકટ ભટ, કપિ કોટિ કોટિક દોડતા,
જય રામ પ્રબળ પ્રતાપી, કોશલનાથ ઘોષ ગજાવતા-

દોહા : આમ કૃપાનિધિ નીસરી, આવ્યા સિંધુ તીર,
જ્યાં ત્યાં ફળ આરોગવા, લાગ્યા રીંછ-કપિ વીર- ૫/૧૯

ત્યાં નિશિચર મન પેઠી શંકા • જયારથી બાળી ગયો કપિ લંકા-
નિજનિજ ઘર સૌ કરે વિચારો • હવે ન દાનવ કુળનો આરો-
ખબર સભે બેઠો ત્યાં આવી • સિન્ધુ પાર તટ સેન્ય આવી- ૧
પૂછ્યું સચિવ ઉચિત મત આપો • બોલ્યા હસી સૌ મૌનજ રાખો-
જીત્યા સહજ સુરાસુર આહીં • નર-વાનર કયા લેખા માહીં- ૫

દોહા : સચિવ.વૈદ.ગુરુ જો ત્રણે, પ્રિય બોલે ભય આશ,
રાજ.દેહ ને ધર્મનો, થાય તુરંત વિનાશ- ૫/૨૦

તેજ સમય વિભીષણ ત્યાં આવ્યા • શિર નામી બંધુપદ વાંદ્યા-
નમન કરી-ફરી લીધું આસન • બોલ્યા વાત લઈ અનુશાસન-
મત કૃપાલુ પૂછ્યો મુજ જ્યારે • મતિ અનુસાર કહું હિત ત્યારે-
મનુજ ચહે જો આપ ભલાઈ • સુયશ-સુમતિ-ગતિ-સુખ સમુદાઈ-
તો મુખ પરનારીનું સ્વામી • તજે ચોથના ચન્દ્ર શું જાણી-
નાથ સોંપી પ્રભુને વૈદેહી • ભજો રામ વિણ સ્વાર્થ સનેહી-
જેનું નામ ત્રિતાપ નિવારે • સમજો તે પ્રભુ પ્રગટ સુચારે- ૭

દોહા : વારવાર ચરણે પડું, વિનતી કરું દસશીશ,
તજી મોહ-અભિમાન-મદ, ભજો કોસલાધીશ- ૫/૨૧

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

सुमति-कुमति सब कें उर रहहीं • नाथ पुरान निगम अस कहहीं-
जहाँ सुमति तहँ संपति नाना • जहाँ कुमति तहँ विपति निदाना-
तव उर कुमति वसी विपरीता • हित अनहित, मानहु रिपु प्रीता-
सुनत दसानन उठा रिसाई • खल तोहि निकट मृत्यु अब आई-
जिअसि सदा सठ मोर जिआवा • रिपु कर पच्छ मूढ तोहि भावा-
मम पुर वसि तपसिन्ह पर प्रीती • सठ-मिलु जाइ तिन्हि कह नीती-
अस कहि कीन्हेसि चरन प्रहारा • अनुज गहे पद बारहिं बारा-
तुम्ह पितु सरसि भलेंहिं मोहि मारा • रामु भजें हित नाथ तुम्हारा- ८

दोहा : रामु सत्य संकल्प प्रभु, सभा काल वस तोरि-
मैं रघुबीर सरन अब, जाउँ देहु जनि खोरि- ५/४१

अस कहि चला विभीषनु जबहीं • आयूहीन भए सब तबहीं-
साधु अवग्या तुरत भवानी • कर कल्यान अखिल कै हानी-
चलेउ हरषि रघुनायक पाहीं • करत मनोरथ बहु मनमाहीं-
कपिन्ह विभीषण आवत देखा • जाना कोउ रिपुदूत विसेषा-
कह सुग्रीव सुनहु रघुराई • आवा मिलन दसानन भाइ-
कह प्रभु सखा बूझिअे काहा • कहइ कपीन सुनहु नरनाहा
भेंदे हमार लेन सठ आवा • राखिअ बाँधि मोहि अस भावा- ७

दोहा : सरनागत कहुँ जे तजहिं, निज अनहित अनुमानि,
ते नर पावँर पापमय, तिन्हहि बिलोकत हानि- ५/४३

सनमुख होई जीव मोहि जबहीं • जन्म कोटि अघ नासहिं तबहीं-
पापवंत कर सहज सुभाऊ • भजनु मोर तेहि भाव न काऊ-
जौं पै दुष्ट हृदय सोइ होई • मोरें सनमुख आव न सोई-
निर्मल मन जन सो मोहि पावा • मोहि कपट.छल.छिद्र न भावा-
सादर तेहि आगें करि वानर • चले जहाँ रघुपति करुनाकर-
बहुरि राम छबिधाम विलोकी • रहेउ ठटुकि एकटक पल रोकी-
नयन नीर पुलकित अति गाता • मन धरि धीर कही मृदु बाता-
नाथ-दसानन कर मैं भ्राता • निसिचर बंस जनम सुरत्राता- ८

दोहा : श्रवन सुजसु सुनि आयउँ, प्रभु भंजन भव भीर,
त्राहि त्राहि आरति हरन, सरन सुखद रघुबीर- ५/४५

कहु लंकेस सहित परिवारा, कुसल कुठाहर वास तुम्हारा-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

સુંદરકાંડ

સુમતિ-કુમતિ સૌને ઉર રહેતી • નાથ એમ શ્રુતિ વાણી કહેતી-
જ્યાં સુમતિ ત્યાં સંપતિ સંગે • જ્યાં કુમતિ ત્યાં વિપતિ અંતે-
તમ ઉર વસી કુમતિ અતિ ભારી • હિત-રિપુ, રિપુ.હિત ગણો સુચારિ-
સુણી દશાનન ઊઠ્યો ખિજાઈ • મૃત્યુ નિકટ ખળ આવ્યું ધાઈ-
જીવે શઠ જિવાડ્યો મારો • પક્ષ રિપુનો લાગ્યો પ્યારો-
સાથ રહી તાપસ પર પ્રીતિ • શઠ જઈ કહેજે તેને નીતિ-
લાત લગાવી આમ કહીને • અનુજ ગ્રહે પદ ફરી ફરીને-
છો પિતુ સમ તમ છોને માર્યું • રામ ભજ્યે હિત નાથ તમારું- ૮

દોહા : રામ સત્ય સંકલ્પ પ્રભુ, સભે કાળવશ સર્વ,
જાઉં શરણ રઘુપતિ હવે, દોષ ન દેશો વ્યર્થ- ૫/૨૨

ગયો કહી ત્યમ વિભીષણ જ્યારે • આયુષહીન થયા સૌ ત્યારે-
સાધુ અવજ્ઞા-તુરત ભવાની • કરે સકળ મંગળની હાનિ-
ગયો વિભિષણ રઘુપતિ પાસે • કરે મનોરથ બહુ મન સાથે-
વિભીષણને કપિઓએ જોઈ • ચર વિશેષ રિપુ લેખ્યો કોઈ-
કહે સુકંઠ સુણો રઘુરાઈ • આવ્યો મળવા દસમુખ ભાઈ-
પૂછયું મિત્ર શી રાય તમારી • કહે કપીશ સુણો અસુરારિ-
ભેદ જાણવા આવ્યો લાગે • મુજ-મન બાંધી લેવા માગે- ૭

દોહા : શરણાગતને જે તજે, નિજ અજ્ઞહિત અનુમાની,
તે પામર નર પાપમય, તેને દીઠે હાનિ- ૫/૨૩

થાય જીવ મમ સન્મુખ જ્યારે • કોટિ જન્મ અઘ નાશે ત્યારે-
છે પાપી મન સહજ સ્વભાવે • તેને મારું ભજન ન ભાવે-
હોત કદાચિત ખળ હૃદયી તે , નાવત સમ્મુખ મારી કદી તે-
નિર્મલ મન જન મુજને પામે • મને કપટ છળ ગમે ન નામે-
સાદર આગળ કરી વિભીષણ • લાવ્યા ત્યાં-જ્યાં રવિકુળ ભૂષણ-
શોભાનિધિ રઘુવીર વિલોકી • થયો ચકિત પલકારા રોકી-
છલક્યાં નયનો-પુલક્યાં ગાત્રો • ધીરજ ધરી આંરભી વાતો-
નાથ, દશાનનનો હું ભ્રાતા • જન્મ નિશાચર કુળ સુરત્રાતા- ૮

દોહા : આવ્યો યશ કાને સુણી, પ્રભુ ભંજન ભવભીડ,
ત્રાહિ ત્રાહિ પીડા હરણ, શરણ સુખદ રઘુવીર- ૫/૨૪

કહો લંકેશ સહિત પરિવારો • કુશળ-કુગ્રામે વાસ તમારો-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

बरु भल वास नरक कर ताता • दुष्ट संग जनि देइ विधाता-
तब लगि हृदयँ बसत खल नाना • लोभ-मोह-मच्छर-मद-माना-
जब लगि उर न बसत रघुनाथा • धरे चाप सायक कटि भाथा-
ममता तरुण तमी अँधिआरी • राग द्वेष उलूक सुखकारी-
तब लगि बसति जीव मनमांही • जब लगि प्रभु प्रताप रवि नाहीं-
तुम्ह कुपाल जापर अनुकूला • ताहि न व्याधि-त्रिविध भव सूला- ७

दोहा : अहो भाग्य मम अमित अति, राम कृपा-सुख पुंज,
देखेउँ नयन विरंचि सिव, सेव्य जुगल पदकंज- ५/४७

जौं नर होइ चराचर द्रोही • आवै सभय सरन तकि मोही-
तजि मद-मोह-कपट-छल नाना • करउँ सद्य तेहि साधु समाना-
जननी-जनक-बंधु-सुत-दारा • तनु-धनु-भवन-सुहृद-परिवारा-
सब कै ममता तार बटोरी • मम पद मनहि बाँध बरि डोरी-
समदरसी इच्छा कछु नाहीं • हरष-शोक-भय नहिं मनमांही-
सुनु लंकेस सकल गुन तोरें • तातें तुम्ह अतिसय प्रिय मोरें-
अस कहि राम तिलक तेहि सारा • सुमन वृष्टि नभ भई अपारा- ७

दोहा : जो संपति सिव रावनहि, दीन्हि दिएँ दस माथा,
सोई संपदा विभीषनहि • सकुचि दीन्हि रघुनाथ- ५/४९

सुनु कपीस लंकापति वीरा • केहि विधि तरिअ जलधि गंभीरा-
कह लंकेस सुनहु रघुनायक • कोटि सिन्धु सोषक नव सायक-
जद्यपि तदपि नीति असि गाई • विनय करिअ सागर सन जाई-
सखा कही तम नीकि उपाई • करिअ दैव जौं होइ सहाई-
मंत्र न यह लछिमन मन भावा • राम बचन सुनि अति दुख पावा-
नाथ दैव कर कवन भरोसा • सोषिए सिन्धु करिअ मन रोषा-
कादर मन कहुँ एक अधारा • दैव-दैव आलसी पुकारा-
सुनत बिहसि बोले रघुवीरा • अैसेहिं करब धरहु मन धीरा-
प्रथम प्रनाम कीन्ह सिरु नाई • बैठे पुनि तट दर्भ डसाई- ९

दोहा : विनय न मानत जर्लाध जड़, गए तीनि दिन बीति,
बोले राम सकोच तब, भय बिनु होइ न प्रीति- ५/५७

लछिमन बान-सरासन आनू • सोषौं बारिधि बिसख कृसानू-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

સુંદરકાંડ

તાત નિવાસ નરકમાં સારો • પણ વિધિ વારે દુષ્ટ પનારો-
ત્યાં લગીં હૃદય વસે ખળ નાના • લોભ-મોહ-મદ-મત્સર-માના-
જ્યાં લગીં ઉર ન વસે રઘુનાયક • કસીં કટિ ભાથ-ધરી-ધનુ-સાયક-
મમતા રાત્રિ તરુણ અંધારી • રાગ-દ્વેષ ઘુવડ સુખકારી-
રહે ત્યાં લગીં જીવ મનમાહીં • પ્રભુ પ્રતાપ રવિ જ્યાં લગીં નાહીં-
આપ કૃપાળુ અનુકૂળ જેને • ત્રિવિધ શૂળ વ્યાપે નહિ તેને- ૭

દોહા : અહોભાગ્ય મારાં અમિત, રામ-કૃપા-સુખ પુંજ,
જોયાં આજ વિરંચિ-શિવ, સેવ્ય જુગલ પદ કંજ- ૫/૨૫

નર છો હોય ચરાચર દ્રોહી • આવે સભય શરણ મુજ શોધી-
વિગત મોહ-મદ-કપટે-દંભે • કરું સાધુ સમ વિના વિલંબે-
જનક-જનની.સુત-બંધુ.સ્ત્રીની • તન-ધન-ઘર-પરિવાર-સ્વજનની-
આ મમતાના તારો જોડી • બાંધે મન મુજ પદ વણીં દોરી-
સમદર્શી-ઈચ્છા ન લગારે • હરખ-શોક-ભય નહિ મન ક્યારે-
લંકપતિ સઘળા ગુણ તમમાં • તેથી અતિ પ્રિય છો મુજ મનમાં-
તિલક કહી ત્યમ કીધું રામે • વરસ્યાં સુમન બહુ સુરધામે- ૭

દોહા : સંપતિ રાવણને શિવે, દીધી લઈ દસ માથ,
અતિ સંકોચે અનુજને, તેજ દીધી રઘુનાથ- ૫/૨૬

સુણો લંકપતિ-સુગ્રીવ વીરા • તરશું ક્યમ જળનિધિ ગંભીરા-
કહે લંકેશ-સુણો રઘુનાયક • કોટિ સિન્ધુ શોષક તવ સાયક-
તોય ઉચિત છે નીતિ આવી • જઈ વીનવો સાગર સમજાવી-
સખા સૂચવ્યો ઉચિત ઉપાઈ • કરીએ ત્યમ દે દૈવ સહાઈ-
સલા' ન લક્ષ્મણને મન ભાવી • રામ વાત સુણી દૂભ્યા આવી-
નાથ-દૈવનો કયો ભરોસો • ક્રોધ કરી મન સાગર શોષો-
જીવે કાયર એ આધારે • દેવ-દૈવ એદીજ પુકારે-
મંદ હસી બોલ્યા રઘુવીરા • કરીંશ ત્યમજ, ધરો ધીરજ વીરા-
પ્રથમ પ્રણામ ક્યાં શિર નામી • બેઠા તટ પર દર્ભ બિછાવી- ૯

દોહા : વિનય ન માને જળધિ જડ, ગયા દિવસ ત્રણ વીતી,
બોલ્યા રામ કુપિત થઈ, ભય વિણ થાય ન પ્રીતિ- ૫/૨૭

લક્ષ્મણ, બાણ-શરાસન આણો • શોષું અનલ શરે નિધિ ખારો-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

सठ सन विनय कुटिल सन प्रीती • सहज कृपन सन सुंदर नीती-
ममता रत सन ग्यान कहानी • अति लोभी सन-विरति वखानी-
क्रोधिहि सम-कामिहि हरि कथा • ऊसर बीज बएँ फल जथा-
अस कहि रघुपति चाप चढावा • यह मत लछिमन के मन भावा- ५

दोहा : काटेहिं पइ कदरी फरइ, कोटि जतन कोउ सींच,
विनय न मान खगेस सुनु, डाटेहिं पइ नव नीच- ५/५८

सभय सिन्धु गहि पद प्रभु केरे • छमहु नाथ सब अवगुन मेरे-
गगन-समीर-अनल-जल-धरनी • इन्ह कइ नाथ, सहज जड़ करनी-
नाथ, नील-नल कपि दौ भाई • लरकाईं रिषि आसिष पाई-
तिन्ह के परस किएँ गिरि भारे • तरिहहिं जलधि प्रताप तुम्हारे-
मैं पुनि उर धरि प्रभु प्रभुताई • करिहउँ बल अनुमान सहाई-
एहि विधि नाथ पयोधि बँधाइअ • जेहि यह सुजसु लोक तिहुँ गाइअ- ६

छंदः निज भवन गवनेउ सिंधु, श्रीरघुपतिहि यह मत भायऊ,
यह चरित कलिमल हर जथामति, दास तुलसी गायऊ-
सुख भवन संसय समन दवन, विषाद रघुपति गुन गना,
तजि सकल आस भरोस गावहि, सुनहि संतत सठ मना- ५/६०

●

- सुंदरकांड समाप्त -

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

સુંદરકાંડ

શઠ સહ વિનય, કુટિલ સહ પ્રીતિ • જન્મ નીચ સહ સુંદર નીતિ-
મમતા રતને-જ્ઞાન કહાણી • અતિ લોભીને-વિરતિ વખાણી-
ક્રોધી-કામીને, શમ-હરિગાથા • વાવીં બીજ રણ-ફળની આશા-
આમ કહી રામે શર સાધ્યું • લક્ષ્મણને મન અતિપ્રિય લાગ્યું- ૫

દોહા : ફળે કેળ કાપ્યા પછીંજ, સીંચો કોટિક વાર,
નીચ ગણે ન વિનય ગરુડ, ડાંટ્યા વિણ નહિ પાર- ૫/૨૮

સભય સિન્ધુ ગ્રહી પદપ્રભુ કેરા • ક્ષમો નાથ- કહે અવગુણ મેરા-
ગગન-સમીર-અનલ-જળ-ધરણી • સ્વાભાવિક એની જડ કરણી-
નાથ, નીલ-નળ કપિ બે ભાઈ • દીધો શાપ મુનીશ ખિજાઈ-
તેના સ્પર્શ્યા ગિરિઓ ભારે • ત્તરશે જળધિ પ્રતાપ તમારે-
હું પણ ગણી પ્રભુતા તવ દેવા • દઈશ યથા બળ મારી સેવા-
આમ પ્રભુ, સાગર બંધાશે • જે યશ ત્રિભુવનમાં પંકાશે. ૬

છંદ: નિજ ભવન પછી સાગર ગયો, મત આ પ્રભુને મન ગમ્યો,
સુપ્રસંગ કળિમળહર યથામતિ, દાસ 'તુલસી'એ કહ્યો-
સુખભવન સંશય શમન ગુણગણ, શોકહર રઘુવર તણા-
તજી આશ સૌ વિશ્વાસ જગ, નિત ગા શ્રવણ કર શઠ મના- ૫/૨૯

●

- સુંદરકાંડ સમાપ્ત -

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

• मानससार •

- लंकाकांड -

जामवंत बोले दोउ भाई • नल.नीलहि सब कथा सुनाई-
रामप्रताप सुमिरि मनमांही • करहु सेतु-प्रयास कछु नाहीं-
बाँधि सेतु अति सुदृढ बनावा • देखि कृपानिधि के मन भावा-
चला कटकु प्रभु आयसु पाई • को कहि सक कपि दल विपुलाई-
मंदोदरीं सुन्यो प्रभु आयो • कौतुकहीं पाथोधि बँधायो- ५

कर गहि पतिहि भवन निज आनी • बोली परम मनोहर बानी-
चरन नाइ-सिठ, अंचलु रोपा • सुनहु बचन पिय परिहरि कोपा-
नाथ-बयरु कीजे ताही सों • बुधि बल सकिअ जीति जाही सों-
तुम्हहि रघुपतिहि अंतर कैसा • खलु खघोत दिनकरहि जैसा-
अतिबल मधु.कैटभ जेहिं मारे • महावीर दितिसुत संघारे-
जेहिं बलि बाँधि सहसभुज मारा • सोइ अवतरेउ हरन महि भारा-
तासु विरोध न कीजिअ नाथा • काल करम जिव जाकें हाथा- ५

दोहा : रामहि सौंपि जानकी, नाइ कमल पद सीस,
सुत कहुँ राज समर्पि बन, जाइ भजिअ रघुनाथ- ६/६

तब रावन मयसुता उठाई • कहै लाग खल निज प्रभुताई-
देव-दनुज-नर सब बस मोरें • कवन हेतु उपजा भय तोरें-
नाना विधि तेहि कहेसि बुझाई • सभाँ बहोरि बैठ सो जाई-
सभाँ आइ मंत्रिन्ह तेहिं बूझा • करब कवन विधि रिपु सै जूझा-
कहहु कवन भय करिअ विचारा • नर-कपि-भालु अहार हमारा- ५

दोहा : सब के बचन श्रवन सुनि, कह प्रहस्त कर जोरि,
नीति विरोध न करिअ प्रभु, मंत्रिन्ह मति अति थोरि- ६/८

तात.बचन मम सुनु अति आदर • जनि मन गुनहु मोहि करि कादर-
प्रिय वानी जे सुनहिं जे कहहीं • ऐसे नर निकाय जग अहहीं-
बचन परमहित सुनत कठोरे • सुनहिं जे कहहिं ते नर प्रभु थोरे-
प्रथम बसीठ पठउ सुनु नीती • सीता देइ करहु पुनि प्रीती-

दोहा : • नारि पाइ फिरि जाहिं जौं, तौ न बढ़ाइअ रारि,
नाहिं त सन्मुख समर महि, तात-करिअ हठि मारि- ६/९

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

• માનસસાર •

- લંકાકાંડ -

રીછેશે નળ-નીલ પઠાવી • વાત સકળ વિગતે સમજાવી-
રામ પ્રતાપ સ્મરી મનમાહીં • રચો સેતુ વિણ પરિશ્રમ કાંઈ-
સેતુ રચી અતિ સુદઢ બનાવ્યો • જોઈ રામને અતિ પ્રિય લાગ્યો-
ચાલ્યું સૈન્ય લઈ પ્રભુ આજ્ઞા • વર્ણી શકે કો કપિ દળ સંખ્યા-
સુણી મંદોદરી રામ પધાર્યા • રમતાં સાગર બાંધી આવ્યા- ૫

દોહા : • કર ઝાલી-લાવી ભવન, ચરણે નામી શીશ,
બોલી-પાલવ પથારી, સુણો પિયુ તજી રીસ- ૬/૧

વેર કરો સ્વામી-તેનાથી • હોય બુદ્ધિ બળ વધુ જેનાથી-
તમ બે વચ્ચે અંતર કેવું • ખરે પતંગ દિવાકર જેવું-
બુદ્ધિમંત 'મધુ-કૈટભ' માર્યા • મહાવીર 'દિતિસુત' સંહાર્યા-
બાંધ્યો 'બળિ' 'ભુજસહસ્ત્ર' માર્યો • દેહ ભાર મહિ હરવા ધાર્યો-
નાથ, ન થાવ વિરોધી તેના • કાળ-કર્મ-જીવો વશ જેના- ૫

દોહા : સીતા સોંપી રામને, વંદી કમળ પદ શીશ,
સુતને રાજ સમર્પી વન, જઈ ભજો જગદીશ- ૬/૨

સુણી મયતનયા લીધી ઉઠાવી • લાગ્યો કરવા દુષ્ટ બડાઈ-
દેવ-દનુજ-નર સૌ વશ મારે • કારણ ક્યું ભય કેરું તારે-
બહુ પ્રકાર તેને સમજાવી • બેઠો રાજસભામાં આવી-
આવી સભે સચિવોને પૂછ્યું • કહો કેમ શત્રુથી ઝૂઝું-
કોના ભયના કરીએ વિચારો • નર-કપિ-રીછ અહાર અમારો- ૫

દોહા : વચન સચિવ કેરાં સુણી, કહે 'પ્રહસ્ત' કર જોડી,
કરો ન નીતિ વિરુદ્ધ પ્રભુ, મંત્રી મતિ અતિ થોડી- ૬/૩

તાત-વચન સુણજો કરી આદર • રખે માનશો મુજને કાયર-
વાત પ્રિયજ કરતા-સાંભળતા • નર એવા જગમાં બહુ મળતા-
પણ શબ્દો હિત કેરા કડવા • સુણે-કહે નર દુર્લભ જડવા-
પઠવો દૂત પ્રથમ આ નીતિ • સિય સોંપી પછી કરવી પ્રીતિ-
જાય વળી જો લઈને નારી • ટાળો ઝગડો વ્યર્થ મુરારિ-
નહિ તો સમરાંગણ પડકારી • તાત હટાવો બેઉ મારી- ૬

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

सोरठाः • फूलइ-फरइ न बेत, जदपि सुधा बरषहिं जलद,
मूरुख हृदयँ न चेत, गुर मिलहिं बिरंचि सम- ६/१६

इहाँ प्रात जागे रघुराई • पूछा मत सब सचिव बोलाई-
कहहु बेगि का करिअ उपाई • जामवंत कह पद सिरु नाई-
मंत्र कहउँ निज मति अनुसारा • दूत पठाइअ वालिकुमारा-
नीक मंत्र सब के मन माना • अंगद सन कह कृपानिधाना-
बालिननय बुधि.बल.गुन धामा • लंका जाहु तात-मम कामा-
काजु हमारा-तासु हित होई • रिपु सन करेहु बतकही सोई- ६

दोहा : गयउ सभा दरबार तब, सुमिरि राम पदकंज,
सिंह ठवनि इत उत चितव, धीर बीर बलपुंज- ६/१८

कह दसकंठ कवन तैं बंदर • मैं रघुवीर दूत दसकंधर-
मम जनकहि तोहि रही मिताई • तव हित कारन आयउ भाई-
अब सुभ कहा सुनहु तुम्ह मोरा • सब अपराध छमिहि प्रभु तोरा-
दसन गहहु तृन कंठ कुठारी • परिजन सहित संग निज नारी-
सादर जनकसुता करि आगें • एहि विधि चलहु सकल भय त्यागें- ५

दोहा : प्रनतपाल रघुवंसमनि, त्राहि-त्राहि अब मोहि,
आरत गिरा सुनत प्रभु, अभय करैगो तोहि- ६/२०

रे कपिपोत बोलु संभारी • मूढ न जानेसि मोहि सुरारी-
सुनु सठ सोइ रावन बलसीला • हरगिरि जान जासु भुजलीला-
भुज विक्रम जानहिं दिगपाला • सठ अजहूँ जिन्ह कें उर साला-
जानहिं दिग्गज उर कठिनाई • जब जब भिरउँ जाइ बरिआई-
जिन्ह के दसन कराल न फूटे • उर लागत मूलक इव टूटे-
जासु चलत डोलति इमि धरनी • चढ़त मत्त गज जिमि लघु तरनी-
सोइ रावन जग विदित प्रतापी • सुनेहि न श्रवन अलीक प्रतापी- ७

दोहा : कुंभकरन अस बंधु मम, सुत प्रसिद्ध शक्रारि,
मोर पराक्रम नहिं सुनेहि, जितेउँ चराचर झारि-
सूर कवन रावन सरिस, स्वकर काटि जेहिं सीस,
हुने अनल अति हरष बहु, बार साखि गौरीस- ६/२८

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

લંકાકાંડ

દોહા : • નેતર ના ફૂલે-ફળે, વરસે અમૃત મેહ,
મૂઢ ગ્રહે નહિ જ્ઞાનને, છો વિધિ દે લઈ દેહ- ૬/૪

અહીં પ્રાતે જાગ્યા રઘુરાઈ • પૂછ્યો મત સચિવો બોલાવી-
કહો તુરંત ઉપાય વિચારી • બોલ્યા રીંછપતિ શીશ નમાવી-
મતિ અનુસાર કહું મત આવો • વાલિતનય કરીં દૂત પઠાવો-
સલાહ સૌને સુંદર લાગી • કહે અંગદને જન અનુરાગી-
વાલિતનય, બળ-ગુણનિધિ આજે • જાવ તમે લંકે મુજ કાજે-
કાર્ય આપણું- ને હિત તેનું • વાત કરી રિપુ-કરજો તેવું- ૬

દોહા : ચાલ્યો કપિ દરબારમાં, સ્મરી રામ પદકંજ,
અહીં તહીં જોતો સિંહ શો, ધીર-વીર બળપુંજ- ૬/૫

પૂછ્યું રાવણે કોણ તું બંદર • દૂત રામનો છું દસકંધર-
મિત્ર હતા તવ, જનક અમારા • ખેંચાયો હિત કાજ તમારા-
વચન સુણો હિતકારી મારાં • ક્ષમશે પ્રભુ દુષ્કૃત્ય તમારાં-
લઈ તૃણ દાંતે-કંઠ કુહાડી • કરી પરિજન સહ નારી અગાડી-
સાદર આગળ સીય કરીને • જાવ આમ સૌ ભય ત્યાગીને- ૫

દોહા : પ્રણતપાલ રઘુવર હવે, રક્ષો મુજને રામ,
અભય દીન વચનો સુણી, કરશે કરુણાધામ- ૬/૬

બોલ વેણ કપિસુત સંભાળી • મૂઢ ન જાણે મને સુચારિ-
સુણ શઠ હું તે રાવણ બળીયો • ભુજ પ્રતાપ કૈલાસે કળીયો-
મુજ ભુજબળ જાણ્યું દિગપાલે • દુખી આજ લગી તે શઠ સાલે-
વક્ષ વજ્રતા દિગ્ગજ જાણી • છાતી મુજ જ્યારે ભીડાણી-
દંતશૂળ જેના નવ ખૂંપ્યા • પણ મૂળાની ભાંતિ તૂટ્યા-
ડોલે જેની ચાલે ધરણી • ચઢયે મસ્ત ગજ જ્યમ લઘુ તરણી-
તે રાવણ-જગ વિદિત પ્રતાપી • નથી સાંભળ્યું જૂઠ પ્રલાપી- ૭

દોહા : કુંભકરણ શો બંધુ મુજ, સુત પ્રસિદ્ધ શકારિ,
સુણી ન મારી શૂરતા, જીતી દુનિયા સારી-
શૂર કોણ રાવણ સમો, નિજ કર કાપી શીશ,
હોમ્યાં હરખી હવન બહુ, વાર-શાખ ગૌરીશ- ૬/૭

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

सिर अरु सैल कथा चित रही • ताते बार बीस तैं कही-
दसमुख मैं न बसीठी आयउँ • अस विचारि रघुवीर पठायउँ-
बारबार अस कहइ कृपाला • नहि गजारि जसु बधे सृकाला-
मन महुँ समुझि वचन प्रभु केरे • सहेउँ कठोर वचन सठ तेरे-
नाहिं त करि मुख भंजन तोरा • लै जातेउँ सीतहि बरजोरा-
कौल-कामवस-कृपिन-विमूढ़ा • अति दरिद्र अजसी अति बूढ़ा-
सदा रोगवस-संतत क्रोधी, • विश्नु विमुख श्रुति संत विरोधी-
तनु पोषक निंदक अघ खानी • जीवत सव सम चौदह प्रानी-
कटु जल्पसि जड़ कपि बल जाकें • बल प्रताप-बुधि-तेज न ताकें- ९

दोहा : अगुन अमान जानि तेहि, दीन्ह पिता बनवास,
सो दुख अरु जुवती विरह, पुनि निसि दिन मम त्रास- ६/३१

जब तेहिं कीन्हि राम कै निंदा • क्रोधवंत अति भयउ कपिंदा-
कटकटान कपिकुंजर भारी • दुहु भुजदंड तमकि महि मारी-
डोलत धरनि सभासद खसे • चले भाजि भय मारुत ग्रसे-
गिरत सँभारि उठा दसकंधर • भूतल परे मुकुट अति सुंदर-
कछु तेहिं लै निज सिरन्हि सँवारे • कछु अंगद प्रभु पास पबारे-
एहि बधि वेगि सुभट सब धावहु • खाहु भालु-कपि जहँ जहँ पावहु-
मर्कट हीन करहु महि जाई • जिअत धरहु तापर दौ भाई- ७

समुझि राम प्रताप कपि कोपा • सभा माझ पन करि पद रोपा-
जौं मम चरन सकसि सठ टारी • फिरहि रामु-सीता मैं हारी-
सुनहु सुभट सब कह दससीसा • पद गहि धरति पछारहु कीसा-
झपटहिं करि बल विपुल उपाई • पद न टरइ बैठहिं सिरू नाई-
कपि बल देखि सकल हियँ हारे • उठा आपु कपि कें परचारे-
गहत चरन कह वालिकुमारा • मम पद गहें न तोर उबारा-
गहसि न राम चरन सठ जाई • सुनत फिरा मन अति सकुचाई-
सिंघासन बैठेउ सिर नाई • मानहुँ संपति सकल गँवाई- ६

दोहा : रिपु बल धरषि-हरषि कपि, बालितलय बलपुंज,
पुलक सरीर नयन जल, गहे राम पदकंज-
साँझ जानि दसकंधर, भवन गयउ बिलखाइ,
मंदोदरी रावनहिं, बहुरि कहा समुझाइ- ६/३५

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

લંકાકાંડ

શીશ-શૈલની તારી કહાણી • વીસ વાર તુજ મુખથી જાણી-
સંધિ કાજ ન દસમુખ આવ્યો • આમ ગણી રઘુવીર પઠાવ્યો-
કહે કરુણાકર વારે વારે • લહે ન યશ સિંહ શૃગાલ માર્યે-
પ્રભુ વચનોને મનમાં રાખી • શઠ કઠોર તુજ વાણી સાંખી-
નહિતર મોં તુજ તોડી પાડી • ઊડત લઈ સિયમાત ઉપાડી-
વામી-કામી-લોભી-વિમૂઢો • પરમ દરિદ્ર-કલંકિત-વૃદ્ધો-
સદા રોગવશ, સંતત ક્રોધી • વિશ્વ વિમુખ-શ્રુતિ-સંત વિરોધી-
એકલપેટો નિંદક પાપી • જીવે શબ સમ ચૌદે પ્રાણી-
બકે કપિ જડ બળ પર જેના • તે બળ બુદ્ધિ પ્રતાપ વિનાના- ૫

દોહા : ગુણ વિહીન-મૂરખ ગણી, દીધો પિતુ વનવાસ,
તે દુખ પર સ્ત્રીનો વિરહ, વળી નિશદિન મુજ ત્રાસ- ૬/૮

નિંદા રામની કીધી જ્યારે • ક્રુદ્ધ થયો કપિકુંજર ત્યારે-
કરી કિકિયારી કપિએ ભારી • ભુજા ભૂમિ પર બેઉ પછાડી-
ડોલી ધરણિ-સભાસદ ધ્રૂજ્યા • ભાગ્યા સભય વંટોળે ધેર્યા-
માંડ બચ્યો પડતાં દસકંધર • પડ્યા ભોંય પર મુગટો સુંદર-
કંઈક ઉઠાવી મૂક્યા માથે • ફેંક્યા કંઈ કપિએ પ્રભુ પાસે-
મારી આને જલદી જાઓ • જ્યાં દેખો કપિ-ભાલુ ખાઓ-
વાનર હીન કરો જઈ ધરણી • લો જીવિત બેઉ તાપસ પકડી- ૭

દોહા : • રામ સ્મરી પ્રણ કરી કપિ, રોપ્યો પગ કરી ક્રોધ,
રામ વળે-સિય હારું હું, જો હટવે કોઈ યોધ- ૬/૯

સુણો સુભટ, બોલ્યો-દસકંધર • ખેંચી ટાંગ પછાડો બંદર-
ખેંચે બહુ બળ કરી બળશાળી • ચસે ન પગ બેસે શિર ઢાળી-
જોઈ કપિ બળ વીરગણ હાર્યો • ઊઠ્યો રાવણ કપિ પડકાર્યો-
પગ ઝાલ્યે કહ્યું વાલિકુમારે • નહિ બચે પગ પકડ્યે મારે-
ગ્રહે ન ક્યમ પ્રભુ ચરણ જઈને • ફર્યો સુણી મન ભોંઠપ લઈને-
બેઠો આસન શીશ ઝુકાવી • જાણે સંપતિ સર્વ ગુમાવી- ૮

દોહા : રિપુ બળ મર્દી હરખી કપિ, વાલિતનય બળ પુંજ-
પુલકિત તન- અશ્રુ નયન, પકડ્યાં પ્રભુ પદકંજ-
સાંજ થતાં રાવણ ગયો, ભવને અતીવ ઉદાસ
સમજ્યો મંદોદરી, ફરી બેસાડી પાસ- ૬/૧૦

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

कंत समुझि मन तजहु कुमतिहि • सोह न समर तुम्हहि रघुपतिहि-
रामानुज लघु रेख खचाई • सोउ नहिं नाधेहु असि मनुसाई-
पिय तुम्ह ताहि जितब संग्रामा • जाके दूत केर यह कामा-
कौतुक सिन्धु नाधि तव लंका • आयउ कपि केहरी असंका-
रखवारे हति विपिन उजारा • देखत तोहि अच्छ तेहिं मारा-
जारि सकल पुर कीन्हेसि छारा • कहाँ रहा बल गर्व तुम्हारा-
अहह कंत कृत राम विरोधा • काल बिबस मन उपज न बोधा-
काल दंड गहि काहु न मारा • हरइ धर्मबल बुद्धि विचारा- ८

दोहा : दुइ सुत मरे दहेउ पुर, अजहुँ पूर प्रिय देहु-
कृपासिन्धु रघुनाथ भजि, नाथ बिमल जसु लेहु- ६/३७

●

इहाँ राम अंगदहि बोलावा • आइ चरन पंकज सिरु नावा-
वालितनय कौतुक अति मोही • तात-सत्य कहु पूछउँ तोही-
रावनु जातुधान कुल टीका • भुजबल अतुल जासु जग लीका-
तासु मुकुट तुम्ह चारि चलाए • कहहु तात कवनी विधि पाऐ-
सुनु सर्वग्य प्रनत सुखकारी • मुकुट न होहिं भूप गुन चारी-
साम-दाम-अरु दंड-विभेदा • नृप उर बसहिं नाथ कह वेदा-
नीति धर्म के चरन सुहाए • अस जियँ जानि नाथ पहिं आए- ७

दोहा : धर्महीन प्रभुपद विमुख, काल बिबस दससीस,
तेहि परहरि गुन आए, सुनहु कोसलाधीस- ६/३८

रिपु के समाचार जब पाए • राम सचिव सब निकट बोलाए-
करि विचार तिन्ह मंत्र दढ़ावा • चारि अनी कपि कटकु बनावा-
जथाजोग सेनापति कीन्हे • जूथप सकल बोलि तब लीन्हे-
प्रभु प्रताप कहि सब समुझाए • सुनि कपि सिंघनाद करि धाए-
गर्जहिं तर्जहिं भालु-कपीसा • जय रघुवीर कोसलाधीसा- ५

छंदः धरि कुधर खंड प्रचंड मर्कट, भालु गढ़ पर डारहीं,
झपटहिं चरन गहि पटकि महि, भजि चलत बहुरि पचारहीं-
अति तरल तरुन प्रताप तरपहिं, तमकि गढ़ चढ़ि चढ़ि गए,
कपि भालु चढ़ि मंदिरन्ह जहँ तहँ, राम जसु गावतन भए-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

કંથ તજો કુમતિ મન છાઈ • સોહે ન રણ-રાવણ-રઘુરાઈ-
રેખ જરા શી લક્ષ્મણ તાણી • લાંઘી શક્યા નહિ તે તમ પાણી-
શું જીતાશે તે સંગ્રામે • પિયુ, ચર જેના આવા કામે-
રમત માત્રમાં સાગર લાંઘી • આવ્યો કપિ કેસરી પુરમાહીં-
હણી રખવાળો બાગ ઉજાડ્યો • 'અક્ષય' આંખો સામે માર્યો-
કીધું રાખ નગરને બાળી • બળ શેખી ક્યાં ગઈ તમારી-
અહહ કર્યા રિપુ રઘુપતિ આપે • કાળ વિવશ મન જ્ઞાન ન વ્યાપે-
કાળ દંડ લઈ કરે ન મારો • હરે ધર્મ, બળ-બુદ્ધિ વિચારો- ૮

દોહા : પુત્ર મુઆ બે-પુર બળ્યું, હજીય આણો અંત,
કૃપાસિન્ધુ રઘુપતિ ભજી, સુયશ વિમળ લો કંથ- ૬/૧૧

●

અહીં રામે અંગદ બોલાવ્યો • આવી કપિ પ્રભુ ચરણે લાગ્યો-
વાલિતનય અચરજ અતિ અમને • સત્ય કહો પૂછું છું તમને-
રાવણ તિલક અસુર કુળ કેરું • ધાક જગે-બળ અતુલ અનેરું-
CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ઉત્તરકાંડ

દોહા : • વચન સુણી શ્રીજી મુખે, બંધુ સકળ હરખાય,
કરે સ્તુતિ સૌ ફરી ફરી, હનુ હિય હરખ ન માય- ૭/૮

●

એક વાર રઘુનાથ નિમંત્ર્યા • દ્વિજ-ગુરુ-પુરવાસી સૌ આવ્યા-
બેઠા જ્યારે દ્વિજ-ગુરુ સજ્જન • બોલ્યા વચન ભગત ભવભંજન-
સુણો સકળ પુરજન મુજ વાણી • કહું ન કંઈ મમતા ઉર આણી-
બડભાગેજ મનુષ તન પામ્યો • સુર દુર્લભ સૌ ગ્રંથ વખાણ્યો-
સાધન ધામ પરમ ગતિ દ્વારે • આવી ન જે પરલોક સુધારે- ૫

દોહા : તે ત્યાં પણ દુખ પામતો, શિર પટકી પસ્તાય,
કાળ-કર્મ પરમેશને, દેતો દોષ સદાય- ૭/૯

આ તન નહિ વિષયોને કાજે • અલ્પ સ્વર્ગ સુખ-દુખ છેવાડે-
નર તન પામી વિષયે મન જોડે • તજી સુધા શઠ વિષને દોડે-
ચાર ખાણમાં લખ ચોરાશી • યોનિ ભમે આ જીવ અવિનાશી-
ફરે સદા માયાનો પ્રેર્યો • કાળ-સ્વભાવ-કરમ ગુણ ઘેર્યો-
નર તન ભવસાગરની હોડી • ઉચિત હવા તે કરુણા મોરી-
નાવિક સદગુરુ દઢ નૌકાનો • દુર્લભ સાધન સહેજે પામ્યો- ૯

દોહા : જે ન તરે આ ભવનિધિ, આવાં સાધન પામી,
તે અપકારી મંદમતિ, આત્મઘાતી ગતિગામી- ૭/૧૦

સુખ અહીં ને પરલોકે ચાહો • તો મુજ વચનો દઢ કરી રાખો-
સુલભ સુખદ આ મારગ ભાઈ • મુજ ભક્તિ-શ્રુતિ-શાસ્ત્રો ગાઈ-
જ્ઞાન અગમ-વળી વિઘ્ન અનેકો • પ્રાપ્તિ કઠણ-નહિ મનને ટેકો-
ભક્તિ પથે ન વિશેષ પ્રયાસો • યોગ ન યજ્ઞ, જપ-તપ-ઉપવાસો-
સરળ સ્વભાવ, ન મન કુટિલાઈ • મળ્યે લાભ સંતોષ સદાઈ-
વેર ન કલહ, ન મન ભય આશા • સુખ તેને નિજ ચારે પાસા-
પ્રીતિ સદા સજ્જન સંસર્ગે • તૃણ સમ વિષય, ન રુચે ગતિ-સ્વર્ગે- ૭

દોહા : રત મારા ગુણ નામમાં, નહિ મમતા, નહિ મોહ,
જાણે તેનું તેજ સુખ, ચિદાનંદ સંદોહ- ૭/૧૧

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

सुनत सुधा सम वचन राम के • गहे सबनि पद कृपाधाम के-
जननि जनक गुर बंधु हमारे • कृपानिधान प्रान ते प्यारे-
असि सिख तुम्ह बिनु देइ न कोऊ • मातु.पिता स्वारथ रत ओऊ-
सबके वचन प्रेम रस साने • सुनि रघुनाथ हृदयँ हरषाने-
निजनिज गृह गए आयसु पाई • बरनत प्रभु बतकही सुहाई- ५

दोहा : उमा अवधवासी नर, नारि कृतारथ रूप,
ब्रह्म सच्चिदानंद घन, रघुनायक जहँ भूप- ७/४७

गिरिजा सुनहु बिसद यह कथा • मैं सब कही मोरि मति जथा-
विमल कथा हरिपद दायनी • भगति होइ सुनि अनपायनी-
उमा कहिउँ सब कथा सुहाई • जो भुसुंडि खगपतिहि सुनाई-
सुनि सुभ कथा उमा हरषानी • बोली अति विनीत मृदुवानी-
धन्य धन्य मैं धन्य पुरारी • सुनेउँ राम गुन भव भयहारी- ५

दोहा : तुम्हरी कृपाँ कृपायतन, अब कृतकृत्य न मोह,
जानेउँ राम प्रताप प्रभु, चिदानंद संदोह- ७/५२

●

- उत्तरकांड (पूर्वार्ध) समाप्त -

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

વચન સુધા સમ સુણી રઘુવરનાં • ગ્રહ્યાં ચરણ સૌએ દયકરનાં-
માત-પિતા, ગુરુ-બંધુ અમારા • કૃપાધામ પ્રભુ પ્રાણ પિયારા-
શીખ ન આપે કોઈ એવી • માત-પિતા સૌ સ્વારથ સેવી-
પ્રેમ બૂડ સુણી સૌની વાણી • હરખ્યા હૈયે સારંગપાણિ-
નિજનિજ ઘેર ગયા લઈ આજ્ઞા • વાત બોધપ્રદ પ્રભુ કહી ગાતા- ૫

દોહા : **ઉમા અવધપુર નારી-નર, ભાગ્યવંત ભરપૂર,**
બ્રહ્મ-સચ્ચિદાનંદ ઘન, રઘુનાયક નર ભૂપ- ૭/૧૨

ઉમા કહી આ ઉજવળ ગાથા • પૂર્ણ-યથામતિ-મન સુખદાતા-
વિમળ કથા હરિપદ દેનારી • શ્રવણે ભક્તિ દઢ કરનારી-
ઉમા કહી મેં તે વિસ્તારી • કહીં ભુશુંડિએ જે ઉરગારિ-
સુણી કથા ઉમિયા હરખાણી • બોલી નમ્ર સુકોમળ વાણી-
ધન્ય ધન્ય હું ધન્ય પુરારિ • સુણ્યા રામ ગુણ ભવ ભયહારી- ૫

દોહા : **આપ કૃપાથી નાથ હું, થઈ કૃતકૃત્ય ન મોહ,**
જાણ્યો રામ પ્રતાપ પ્રભુ, ચિદાનંદ સંદોહ- ૭/૧૩

●

- ઉત્તરકાંડ (પૂર્વાર્ધ) સમાપ્ત -

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

• मानससार •

- उत्तरकांड (उत्तराधं) -

हरिचरित्र मानस तुम्ह गावा • सुनि मैं नाथ अमिति सुख पावा-
तुम्ह जो कही यह कथा सुहाई • कागभुंशुंडि गरुड प्रति गाई- २

दोहा : • विरति ग्यान विग्यान दढ़, रामचरन अति नेह,
बायस तन-रघुपति भगति मोहि परम संदेह- ७/५२

ग्यानवंत कोटिक महँ कोऊ • जीवन मुक्त सुकृत जग सोऊ-
तिन्ह सहस्त्र महुँ सब सुख खानी • दुर्लभ ब्रह्म लीन विग्यानी-
सब ते सो दुर्लभ सुरराया • राम भगति रत-गत मद माया-
सो हरिभगति काग किमि पाई • विस्वनाथ मोहि कहहु बुझाई- ४

दोहा : राम परायन ग्यान रत, गुनागार मतिधीर,
नाथ कहहु केहि कारन, पायउ काग सरीर- ७/५४

यह प्रभु चरित पवित्र सुहावा • कहहु कृपाल काग कहँ पावा-
तुम्ह केहि भाँति सुना मदनारी • कहहु मोहि अति कौतुक भारी-
गरुड महाग्यानी गुन रासी • हरि सेवक अति निकट निवासी-
तेहिं केहि हेतु काग सन जाई • सुनि कथा मुनि निकर बिहाई-
गौरि गिरा सुनि सरल सुहाई • बोले सिव सादर सुख पाई-
सुनहु परम पुनीत इतिहासा • जो सुनि सकल लोक भ्रम नासा- ६

दोहा : ऐसिअ प्रस्न विहंगपति, कीन्हि काग सन जाई,
सो सब सादर कहिहउँ, सुनहु उमा मन लाई- ७/५५

मैं जिमि कथा सुनि भव मोचनि • सो प्रसंग सुनु सुमुखि सुलोचनि-
प्रथम दच्छ गृह तव अवतारा • सती नाम तब रहा तुम्हारा-
दच्छ जग्य तव भा अपमाना • तुम्ह अति क्रोध तजे तब प्राना-
तब अति सोच भयउ मन मोरें • दुखी भयउँ बियोग प्रिय तोरें-
सुंदर वन-गिरि सरित तड़ागा • कौतुक देखत फरिउँ बेरागा-
गिरि सुमेर उत्तर दिसि दूरी • नील सैल एक सुंदर भूरी-
सैलोपरि सर सुंदर सोहा • मनि सोपान देखि मन मोहा- ७

दोहा : सीतल-अमल-मधुर जल, जलज विपुल बहुरंग-
कूजत कलरव हंस गन, गुंजत मंजुल भृंग- ७/५६

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

• માનસસાર •

- ઉત્તરકાંડ (ઉત્તરાર્ધ) -

રામચરિત માનસ પ્રભુ ગાયું • સુણી મન મારું અતિ સુખ પામ્યું-
કહ્યું તમે જે - કથા સુહાણી • કહી ગરુડને કાગે વખાણી-
વિરતિ જ્ઞાન વિજ્ઞાન અમિતિ • રામ ચરણ પંકજ દઢ પ્રીતિ-
વાયસ તન-પ્રભુ ભક્ત વિચારી • થાય પરમ સંદેહ પુરારિ-
જ્ઞાનવંત કોટિકમાં કોઈ • જીવનમુક્ત બને નર કોઈ-
સહસ્ત્ર જીવનમુક્તો માહીં • બ્રહ્મે રત દુર્લભ વિજ્ઞાની-
સૌથી દુર્લભ તે સુરરાયા • રામભક્તિ રત, પર મદ માયા-
તેવી ભક્તિ તણો અધિકારી • થયો કાગ ક્યમ કહો વિસ્તારી- ૮

દોહા : રામપરાયણ-જ્ઞાનરત, ગુણાગાર મતિધીર,
નાથ કહો શા કારણે, પામ્યો કાગ શરીર- ૮/૧

આ પ્રભુ ચરિત પવિત્ર મનોહર • પામ્યો ક્યાંથી કાગ, દિગંબર-
સુણ્યું તમે ક્યમ કરી પુરારિ • કહો મને-મન અચરજ ભારી-
ગરુડ-મહાજ્ઞાની, ગુણ રાશિ • હરિ સેવક-અતિ નિકટ નિવાસી-
તેણે કાગ કને ક્યમ આવી • સુણી કથા તજી મુનિ સમુદાઈ-
સુણી સરળ ગૌરીની વાણી • બોલ્યા શિવ સાદર સુખમાણી-
સુણો ઉમા ઈતિહાસ સુપાવન • સકળ લોક સંદેહ નિવારણ-

દોહા : આજ પ્રશ્ન સર્પારિએ, કર્યો કાગને આવી,
તે સઘળું સાદર કહું, સુણો ઉમા ચિત લાવી- ૮/૨

કથા સુણી મેં જ્યમ ભવવોચન • કહું વાત તે સુણો સુલોચન-
પ્રથમ દક્ષ ઘર તવ અવતારે • જાણ્યાં 'સતી' નામે સંસારે-
માનહાનિ થઈ યગે તમારી • અતિ કોધિત થઈ કાયા જારી-
વ્યાપ્યો શોક અતિ ઉર મારે • થયો દુખી પ્રિય વિરહ તમારે-
વન-પર્વત-નદી, તીર-તડાગે • ભમું નિરખતો દશ્ય વિરાગે-
ગિરિ સુમેરની ઉતર દિશાએ • દૂર એક નગ 'નીલ' કહાએ-
શૈલ શિરે સુંદર સર સોહે • મણિ સોપાનો મુનિ મન મોહે- ૭

દોહા : શીતળ-નિર્મળ-મધુર જળ, જલજ બહુલ બહુ રંગ,
કલરવ કરતો હંસ ગણ, મુખર મધુર અલિવૃંદ- ૮/૩

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

तेहि गिरि बसइ खग सोई • तासु नास कल्पांत न होई-
तहँ वसि हरिहि भजइ किमि कागा • सो सुनु उमा सहित अनुरागा-
वर तर कह हरि कथा प्रसंगा • आवहिं सुनहिं अनेक विहंगा-
राम चरित विचित्र विधि नाना • प्रेम सहित कर सादर गाना-
सुनहिं सकल मति विमल मराला • बसहिं निरंतर जे तेहिं ताला-
जब मैं जाइ सौ कौतुक देखा • उर उपजा आनंद विसेषा- ६

दोहा : तब कछु काल मराल तनु, धरि तहँ कीन्ह निवास,
सादर सुनि रघुपति गुन, पुनि आयउँ कैलास- ७/५७

अब सो कथा सुनहु जेहि हेतु • गयउ काग पहिं खग कुल केतु-
जब रघुनाथ कीन्हि रन क्रीडा • समुझत चरित होति मोहि ब्रीडा-
इन्द्रजीत कर आपु बँधायो • तब नारदमुनि गरुड पठायो-
बंधन काटि गयो उरगादा • उपजा हृदयँ प्रचंड विषादा- ४

दोहा : • भवबंधन ते छूटहिं, नर जपि जा कर नाम,
खर्व निसाचर, बाँधेउ, नागपास सोइ राम- ७/५८

नाना भाँति मनहि समुजावा • प्रगट न ग्यान हृदयँ भ्रम छावा-
व्याकुल गयउ देवरिषि पाहीं • कहसि जो संसय निज मनमांही- २

सुनि नारदहि लागि अति दाया • सुनु खग प्रबल राम कै माया-
महामोह उपजा उर तोरें • मिटिहि न बेगि कहें खग मोरें-
चतुरानन पहिं जाहु खगेसा • सोइ करेहु जेहि होइ निदेसा-
तब खगपति विरंचि पहिं गयऊ • निज संदेह सुनावत भयऊ-
तब बोले बिधि गिरा सुहाई • जान महेस राम प्रभुताई-
तेहि मम पद सादर सिरु नावा • पुनि आपन संदेह सुनावा-
तहँ होइहि तव संसय हानी • चलेउ विहंग सुनत विधि बानी-
सुनि ता करि विनती मृदुवानी • प्रेम सहित मैं कहेउँ भवानी-
तबहिं होइ सब संसय भंगा • जब बहु काल करिअ सतसंगा-
नित हरि कथा होत जहँ भाई • पठवउँ तहाँ सुनहु तुम्ह जाई- ८

दोहा : बिनु सतसंग न हरिकथा, तेहि बिनु मोह न भाग,
मोह गएँ बिनु रामपद, होइ न दृढ़ अनुराग- ७/६१

उत्तर दिसि सुंदर गिरि नीला • तहँ रह काकभुसुंडि सुसीला-
रामकथा सो कह इ निरंतर • सादर सुनहिं विविध विहंगवर-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ઉત્તરકાંડ

વસે કાગ તે ગિરિ પર જેનો • નાશ ન કલ્પાંતે પણ તેનો-
ભજે હરિ ત્યાં જેમ રહીને • સુણો ઉમા તે ધ્યાન દઈને-
વડ તળ કહ હરિકથા પ્રસંગો • આવી સુણે ત્યાં વિપુલ વિહંગો-
રામ ચરિત જે વિવિધ ઘણેરાં • અતિ આદર સહ ગાય અનેરાં-
શ્રવણ કરે નિર્મળ મતિ હંસો • કરતા જે તે સર પર વાસો-
કૌતુક તે જ્યારે મેં દીઠું • આનંદે મન નાચી ઊઠ્યું- ૬

દોહા : કંઈક કાળ ઘરી હંસ તન, કીધો ત્યાંજ નિવાસ,
સાદર સુણીને રામ ગુણ, ફરી આવ્યો કૈલાસ- ૮/૪

હવે સાંભળો શાને કાજે • ગયો ગરુડ તે વાયસ પાસે-
કરીં રામે જ્યારે રણ ક્રીડા • સાંભરતાં આવે મન લજ્જા-
મેઘનાદ હાથે બંધાયા • ગરુડ નારદે ત્યારે પઠાવ્યા-
બંધન કાપ્યાં જઈ ઉરગાદે • પણ મન ધેર્યું અમિત વિષાદે-
નામ જપી જેનું નરનારી • છૂટે ભવ બંધનથી ભારી-
તેવા માયાવર રઘુરાયા • તુચ્છ અસુર પાશે બંધાયા-
વિવિધ ભાંતિ મનને સમજાવ્યું • પણ માન્યું ન ભ્રમે જે છાયું-
ગયો વિકળ મન નારદ પાસે • નિજ મન સંશય કહ્યો વિષાદે- ૮

દોહા : • સુણી નારદ બોલ્યા દ્રવી, પ્રભુ માયા બળવાન,
મુજ યત્ને ટળશે નહિ, મહામોહ હરિયાન- ૮/૫

જાવ વિધિ પાસે ઉરગારિ • કરો કહે ત્યમ શીખ અમારી-
ત્યારે ખગ વિધિ પાસે આવ્યો • નિજ મન સંશય કહેવા લાગ્યો-
બોલ્યા બ્રહ્મ સુંદર વાણી • રામ વડાઈ મહેશે જાણી-
શંકા હરશે તેજ તમારી • સુણીં વિધિ વચન ગયો સપારિ-
આવી સાદર શીશ નમાવ્યું • નિજ સંશયનું શૂળ સુણાવ્યું.-
સુણીં તેની વિનતી મૃદુવાણી • પ્રેમ સહિત મેં કહ્યું ભવાની-
શંકા તોજ તમારી જાએ • જો સતસંગ દિવસ બહુ થાએ-
થાય કથા નિત જ્યાં રઘુરાઈ • પઠવું ત્યાં જઈ સુણજો ભાઈ- ૮

દોહા : વિણ સત્સંગ ન હરિકથા, તે વિણ મોહ ન જાય,
મોહ ગયા વિણ રામ પદ, પ્રીતિ દઢ નવ થાય- ૮/૬

ઉત્તર દિશે સુંદર નગ 'નીલે' • રહે ભુશુંડિ અમિત ગુણ શીલે-
રામ કથા તે કહે નિરંતર • સાદર સુણે વિવિધ વિહંગવર-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

जाइ सुनहु तहँ हरिगुन भूरी • होइहि मोह जनित दुख दूरी-
गयउ गरुड जहँ बसइ भुसुंडा • मति अकुंठ हरि भगति अखंडा-
कथा अरंभ करै सोइ चाहा • तेही समय गयउ खगनाहा-
अति आदर खगपति कर कीन्हा • स्वागत पुछि सुआसन दीन्हा- ६

दोहा : नाथ कृतारथ भयउँ मैं, तव दरसन खगराज,
आयसु देहु सो करौं अब, प्रभु आयहु केहि काज- ७/६३

सुनहु तात जेहि कारन आयउँ , सो भयउ दरस तव पायउँ-
अब श्रीराम कथा अति पावनि • कहहु सुखद दुख पुंज नसावनि-
सुनत गरुड कै गिरा विनीता • सकल सुप्रेम सुखद सुपुनीता-
भयउ तासु मन परम उछाहा • लाग कहै रघुपति गुन गाहा-
सुनि सब राम कथा खगनाहा • कहत वचन मन परम उछाहा-

सोरठाः • गयउ मोर संदेह, सुनेउँ सकल रघुपति चरित,
भयउ रामपद नेह, तव प्रसाद वायस तिलक- ७
मोहि भयउ अति मोह, प्रभु बंधन रन महुँ निरखि,
चिदानंद संदोह, राम बिकल कारन कवन- ७/६८

दोहा : • सुनि विहगंपति बानी, सहित विनय अनुराग,
पुलक गात-लोचन सजल, मन हरषेउ अति काग- ७/६८

बोलेउ कागभुसुंडि बहोरी • नभगनाथ पर प्रीति न थोरी-
सब विधि नाथ पुज्य तुम्ह मोरे • कृपापात्र रघुनायक केरे-
तुम्ह निज मोह कही खग साइ • सो नहिं कछु आचरज गोसाईं-
मोह न अंध कीन्ह केहि केही • को जग काम नचाव न जेही-
तृस्नाँ केहि न कीन्ह बौराहा • केहि कर हृदय क्रोध नहिं दाहा- ५

दोहा : ग्यानी तापस सूर कवि, कोविद गुन आगार,
केहि कै लोभ विडंबना, कीन्हि न एहिं संसार-
• श्रीमद वक्र न कीन्ह केहि, प्रभुता बधिर न काहि,
मृगलोचनि के नैन सर, को अस लाग न जाहिं- ७/७०

गुन कृत सन्यपात नहिं केही • कोउ न मान मद तजेउ निबेही-
जोबन ज्वर केहि नहिं बलकाथा • ममता केहि कर जस न नसावा-
मच्छर काहि कलंक न लावा • काहि न सोक समीर डोलावा-
चिंता साँपनि को नहिं खाया • को जग जाहि न व्यापी माया-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ઉત્તરકાંડ

સુણો રામ ગુણ જઈ ત્યાં ભૂરિ • પીડ મોહકૃત મટશે પૂરી-
ગયો કાગ પાસે ઉરગારિ • દઢ હરિ ભગત મતિ અવિકારી-
કથારંભ કેરી તૈયારી • તેજ સમય પહોચ્યો ઉરગારિ-
સ્વાગત ખગપતિનું બહુ કીધું • પૂછી કુશળ સુ.આસન દીધું- ૬

દોહા : નાથ-કૃતારથ હું થયો, કરી દરશન ખગરાજ,
આજ્ઞા આપો તે કરું, પ્રભુ આવ્યા કયે કાજ- ૮/૭

સુણો તાત જે કારણ આવ્યો • માત્ર દર્શને હેતુ સાર્યો-
હવે શ્રીરામ કથા અતિ પાવન • કહો સુખદ દુખ પુંજ નસાવન-
સુણી ગરુડની વાણી વિનીતા • સરળ-સુપ્રેમ-સુખદ-સુ.પુનીતા-
કાગ મને ઉત્સાહ છવાયો • રઘુપતિ ગુણગણ ગાવા લાગ્યો-
સુણીને રામ કથા વિસ્તારે • ખગપતિ હરખી બોલ્યો ત્યારે-
ચરિત વિવિધ સુણીને રઘુરાયા • ગયો દુસહ સંદેહ નિકાયા-
થયો સ્નેહ માયાપતિ પાદે • હે વાયસવર આપ પ્રતાપે- ૭

સોરઠાઃ • મને થએલો મોહ, પ્રભુ બંધન રણ દેખીને,
ચિદાનંદ સંદોહ, રામ વિકળ કયે કારણે- ૮/૮

સુણીને ખગપતિ વાણી કાગે • સ્નેહલ નમ્ર-સભર અનુરાગે-
પુલકયું તન-જળ નયને છાયું • હૈયું અતિ હરખે ઊભરાયું-
બોલ્યો કાગભુશુંડિ પાછો • પ્રેમ ગરુડ પર જરી ન આછો-
સૌ વાતે છો પૂજ્ય અમારા • કૃપાપાત્ર રઘુપતિના પ્યારા-
મોહ કહ્યો નિજ આપે સાંઈ • નથી અચંભો તેમાં કાંઈ-
મોહે અંધ કર્યા નહિ કોને • નથી નચાવ્યા મદને કોને-
થયું ન કો' તૃષ્ણાએ ઘેલું • હૃદય ન બાળ્યું કોધે કેનું- ૭

દોહા : જ્ઞાની-તાપસ-શૂર-કવિ, પંડિત ગુણ આગાર,
ફજેત લોભે ના થયા, ક્યાં એવા સંસાર- ૮/૯

વક્ર ન શ્રીમદે કીધા કોને • બધિર કર્યા ન પ્રભુત્વે કોને-
હો વાગ્યાં ન મૃગાક્ષી તીરો • કોણ જગે તેવા નરવીરો-
ગુણ સન્નિપાત થયો નહિ કોને • છોડ્યો મદ અભિમાને કોને-
છકવ્યો જોબન જ્વરે ન કોને • રાખ્યો યશી મમતાએ કોને-
નામ ન કેનું દ્વેષે બોળ્યું • શોક સમીરે કોણ ન ડોલ્યું-
ડસી ન ચિંતા નાગણ કોને • વ્યાપી નહિ જગ માયા કોને-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

कीट मनोरथ दारु सरीरा • जेहिन लाग घुन को अस धीरा-
सुत-बित लोक-ईषना तीनी • केहि कै मति इन्ह कृत न मलीनी-
यह सब माया कर परिवारा • प्रबल अमिति को वरनै पारा- ७

दोहा : व्यापि रहेउ संसार महुँ, माया कटक प्रचंड,
सेनापति कामादि भट, दंभ-कपट पाषंड-
सो दासी रघुबीर कै, समुझें मिथ्या सोपि,
छुट न राम कृपा बिनु, नाथ कहउँ पद रोपि- ७/७१

जे मति मलिन विषय बस कामी • प्रभु पर मोह धरहिं इमि स्वामी-
नयन दोष जा कहँ जब होई • पीत वरन ससि कहुँ कह सोई-
नौकारूढ चलत जग देखा • अचल मोह बस आपुहि लेखा-
बालक भ्रमहिं न भ्रमहिं गृहादि • कहहिं परस्पर मिथ्यावादी-
हरि विषइक अस मोह विहंगा • सपनेहुँ नहिं अग्यान प्रसंगा-
माया बस मतिमंद अभागी • हृदयँ जवनिका बहु बिधि लागी- ६

दोहा : काम-क्रोध-मद-लोभ रत, गृहासक्त दुख रूप,
ते किमि जानहिं रघुपतिहि, मूढ़ परे तम कूप- ७/७३

राम कृपा बिनु सुनु खगराई • जानि न जाइ राम प्रभुताई-
जानें बिनु न होइ परतीती • बिनु परतीति होइ नहिं प्रीती-
प्रीति बिना नहिं भगति दिढाई • जिमि खगपति जल कै चिकनाई-
बिनु संतोष न काम नसाहीं • काम अछत सुख सपनेहुँ नाहीं-
राम भजन बिनु मिटहिं कि कामा • थल बिहीन तरु कबहुँ कि जामा-
बिनु बिग्यान कि समता आवइ • कोउ अवकास कि नभ बिनु पावइ-
श्रद्धा बिना धर्म नहिं होई • बिनु महि गंध कि पावइ कोई-
बिनु तप तेज कि कर विस्तारा • जल बिनु रस कि होइ संसारा-
सील कि मिल बिनु बुध सेवकाई • जिमि बिनु तेज न रूप गोसाँई-
निज सुख बिनु मन होइ कि थीरा • परस कि होइ बिहीन समीरा- १०

दोहा : बिनु विस्वास भगति नहिं, तेहिं बिनु द्रवहिं न रामु,
रामकृपा बिनु सपनेहुँ, जीव न लह विश्रामु- ७/९०
रामु अमिति गुन सागर, थाह कि पावइ कोइ,
संतन्ह सन जस किछु सुनेउँ तुम्हहि सुनायउँ सोइ- ७/९२

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ઉત્તરકાંડ

ઉધઈ મનોરથ કાઠ શરીરે • કોણ ન જેને લાગી લગીરે-
ઈચ્છા સુત-વિત-જગસ્તુતિ કેરી • મલિન કરી ન મતિ કેની ઘેરી-
આ સૌ માયાના પરિવારો • પ્રબળ અમાપ કહ્યે નહિ આરો- ૭

દોહા : વ્યાપ્યું આ સંસારમાં, માયા સૈન્ય પ્રચંડ,
કામાદિ સેનપ ભટો, દંભ-કપટ-પાખંડ-
તે દાસી રઘુવીરની, જો જાણો તે ખોટી,
પ્રભુ કરુણા વિણ ના ટળે, વાત કહું હું મોટી- ૮/૧૦

જે મતિ મલિન વિષય વશ કામી • થોપે મોહ પ્રભુ પર સ્વામી-
રોગ થાય કમળાનો જેને • પીત વર્ણ શશી ભાસે તેને-
નૌકા સ્થિત જગ ભમતું દેખે • અચળ મોહવશ નિજને લેખે-
ભમ્યે શિશુ ન ભમે ઘર આદિ • તોય કહે ત્યમ મિથ્યાવાદી-
મોહ હરિ કાજે પણ એવો • સ્થાન ન સ્વપ્ને તોયે તેવો-
માયા વશ મતિમંદ અભાગી • હૃદયે પડદા રાખે ટાંગી- ૬

દોહા : કામ-ક્રોધ-મદ-~~મોહ~~ લોભ રત, ગૃહાસક્ત દુખ રૂપ,
તે ક્યમ જાણે રામને, મૂઢ પડ્યો તમ કૂપ- ૮/૧૧

રામ કૃપા વિણ તે ખગરાઈ • જાય ન જાણી રામ વડાઈ-
જાણ્યા વિણ નવ થાય પ્રતીતિ • વિણ પ્રતીતિ ના જન્મે પ્રીતિ-
વિણ પ્રીતિ દઢ ભક્તિ ન થાએ • જળે સ્નિગ્ધતા જ્યમ ન કળાએ-
વિણ સંતોષ ન તૃષ્ણા જાએ • તે વિણ સુખ સ્વપ્ને ન પમાએ-
રામ ભક્તિ વિણ 'કામ' ન જાએ • શું સ્થળ વિણ કદી તરુવર જામે-
વિણ વિજ્ઞાન શું સમતા આવે • શું અવકાશ ગગન વિણ પામે-
વિણ શ્રદ્ધા કદી ધર્મ ન હોઈ • વિણ મહિ ગંધ શું પામે કોઈ-
તેજ કેમ વિણ તપ વિસ્તારે • રસ વિણ જળ ક્યાંથી સંસારે-
શક્ય ન શીલ વિના બુધ સેવા • જ્યમ વિણ તેજ ન રૂપ ખગેશા-
નિજ સુખ વિણ-મન શું સ્થિર કદીએ • સ્પર્શ શક્ય વિણ વાયુ કદીએ- ૧૦

દોહા : ભક્તિ નહિ વિશ્વાસ વિણ, તે વિણ દ્રવે રામ,
રામ કૃપા વિણ જીવને, નહિ સ્વપ્ને વિશ્રામ-
રામ અમિત ગુણના નિધિ, પામે કો ગહેરાઈ-
સંતોથી જે સાંભળ્યું, કહ્યું તમોને ભાઈ- ૮/૧૨

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

दोहा : प्रभु अपने अविवेक ते, बूझउँ स्वामी तोहि,
कृपासिंधु सादर कहहु, जानि दास निज मोहि- ७/९३

ग्यान बिरति बिग्यान निवासा • रघुनायक के तुम्ह प्रिय दासा-
कारन कवन देह यह पाई • तात सकल मोहि कहहु बुझाई-
रामचरित सुर सुंदर स्वामी • पायहु कहाँ कहहु नभगामी-
नाथ सुना अस सिव पाहीं • महा प्रलयहुँ नास तव नाहीं-
मुधा वचन नहि ईश्वर कह्ई • सोउ मोरें मन संसय अहई-
गरुड गिरा सुनि हरषेउ कागा • बोलेउ उमा-परम अनुरागा-
सुनि तव प्रस्न सप्रेम सुहाई • बहुत जनम के सुधि मोहि आई-
एहिं तन राम भगति मैं पाई • ताते मोहि ममता अधिकाई-
जेहि तें कछु निज स्वारथ होइ • तेहि पर ममता कर सब काई-
देखेउँ करि सब करम गोसाईं • सुखी न भयउँ अबहिं की नाईं- १०

दोहा : प्रथम जन्म के चरित अब, कहउँ सुनहु बिहगेस,
सुनि प्रभुपद रति उपजइ, जातें मिटहिं कलेस-
पूरब कल्प एक प्रभु, जुग कलिजुग मल मूल,
नर अरु नारि अधर्म रत, सकल निगम प्रतिकूल- ७/९१

तेहिं कलिकाल बरष बहु, बसेउँ अवध बिहगेस,
परेउ दुकाल बिपति बस, तब मैं गयउँ बिदेस- ७/१०४

गयउँ उजेनी सुनु उरगारी • दीन-मलीन-दरिद्र-दुखारी-
विप्र एक वैदिक सिव पूजा • करइ सदा तेहि काजु न दूजा-
तेहि सेवउँ मैं कपट समेता • द्विज दयाल अति नीति निकेता-
संभु मंत्र मोहि द्विजवर दीन्हा • सुभ उपदेस विविध विधि कीन्हा-
जयउँ मंत्र सिव मुंदिर जाई • हृदय दंभ अहमिति अधिकाई-
मानी.कुटिल.कुभाग्य.कुजाती • गुर कर द्रोह करउँ दिन राती-
जेहि ते नीच बड़ाई पावा • सो प्रथमहि हति ताहि नसावा-
रज मग परी निरादर रहई • सब कर पद प्रहार नित सहई-
मरुत उडाव प्रथम तेहि भरई • पुनि नृप नयन किरीटन्हि परई-
कवि कोविद गावहिं असि नीती • खल सन कलह न भल नहिं प्रीती- १०

दोहा : एक बार हरि मंदिर, जयत रहेउँ सिव नाम,
गुर आयउ अभिमान तें, उठि नहिं कीन्ह प्रनाम- ७/१०६

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ઉત્તરકાંડ

દોહા : ક્ષમજો મુજ અવિવેકને, પૂછું પ્રશ્ન સુ.સ્વામી,
કૃપાસિંધુ સાદર કહો, દાસ ગણી અજ્ઞાની- ૮/૧૩

જ્ઞાન-વિરતિ-વિજ્ઞાન નિકેતન • દાસ અમિત પ્રિય તમ રઘુનંદન-
કાયા કાગ તણી ક્યમ પામી • તાત કહો સૌ વાત વખાણી-
રામચરિત સર સુંદર સ્વામી • પામ્યા કેમ કહો નભગામી-
નાથ સાંભળ્યું શિવથી એવું • પ્રલયે પણ તવ નાશ ન તેવું-
અસત વચન કદીં શિવ ન ઉચારે • સંશય એ મન થાય વિચાર્યે-
ગરુડ ગિરા સુણી હરખી કાગે • કહ્યું ઉમા તેણે અનુરાગે-
સુણીને પ્રેમળ પ્રશ્ન તમારા • સ્મરણ થાય ગત જન્મો મારા-
રામભક્તિ હું આ તન પામ્યો • દેહ તેથી આ અતિ પ્રિય લાગ્યો-
જેથી કંઈ નિજ સ્વાર્થ સધાએ • મમતા તે પર સૌને થાએ-
વિવિધ કર્મ કરી જોયું ગુસાંઈ • મળ્યું ન સુખ આ તન શું ક્યાંઈ- ૧૦

દોહા : પ્રથમ જન્મનું ચરિત હું. કહું સુણો વિહગેશ,
રતિ પ્રભુપદ સુણી ઊપજી, મટશે જેથી કલેશ-
પૂર્વ કલ્પમાં એક યુગ, હતો કળિમળ મૂળ,
નર ને નારી અધર્મ રત, વર્તે શ્રુતિ પ્રતિકૂળ-
તે કળિકાળે વર્ષ બહુ, વસ્યો અવધ વિહગેશ,
પડ્યો એકદા કાળ બહુ, વિવશ ગયો પરદેશ- ૮/૧૪

જઈ ઉજ્જેન વસ્યો ઉરગારિ • દીન મલિન દુખિત મન ભારી-
વિપ્ર એક વૈદિક શિવ પૂજા • કરે નિત્ય નહિ ઉદ્યમ દૂજા-
કપટી મનથી તેને સેવું • દ્વિજ દયાળુ નયમય મન તેનું-
શંભુ મંત્ર ભૂદેવે દીધો • શુભ ઉપદેશ ઘણેરો કીધો-
જપું મંત્ર શિવ મંદિર જઈને • દંભ ઉરે અભિમાન ભરીને-
શઠ-અભાગી-અભિમાની-કુજાતિ • દ્રોહ કરું ગુરુનો દિન રાત્રી-
નીચ મહત્તા જેથી પામે • નાશ પ્રથમ તેનોજ કરાવે-
પથ પડી ધૂળ નિરાદર રહતી • ચરણ પ્રહાર પથિકના સહતી-
પવન ઉડાડયે પ્રથમ ભરીં તેને • જઈ બેસે નૃપ મુગટે નૈને-
કવિ-પંડિત કહેતા આ નીતિ • ભલો ન ખળથી કજિયો પ્રીતિ- ૧૦

દોહા : એકવાર હર મંદિરે, જપતો'તો શિવ નામ,
ઘમંડ વશ ગુરુ આવતાં, કર્યા ન ઊઠી પ્રણામ- ૮/૧૫

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

दोहा : सो दयाल नहिं कहेउ कछु, उर न रोष लवलेस,
अति अध गुर अपमानता, सहि नहिं सके महेस- ७/१०६

मंदिर माझ लइ नभवानी • रे हत भाग्य अग्य अभिमानी-
बैठि रहेसि अजगर इव पापी • सर्प होहि खल मल मति व्यापी-
महा विटप कोटर महुँ जाई • रहु अधमाधम अधगति पाई-

दोहा : • हाहाकार कीन्ह गुर, दारुन सुनि सिव साप,
कंपित मोहि बिलोकि अति, उर उपजा परिताप- ५
करि दंडवत सप्रेम द्विज, सिव सन्मुख कर जोरि,
बिनय करत गदगद स्वर, समुझि घोर गति मोरि- ७/१०७

भुजंगी: नमामीशमीशान निर्वाणरूपं, विभुं व्यापकं ब्रह्म वेद स्वरूपं,
निजं निगुणं निर्विकल्पं निरीहं, चिदाकाशमाकाश वासं भजे-
तुषारादि संकाश गौरं गभीरं, मनोभूत कोटि प्रभा श्री शरीरं-
स्फुरन्मौलि कल्लोलिनी चारुगंगा, लसदूभाल बालेन्दु कंठे भुजंगा-
त्रयः शूल निर्मूलनं शूलपाणिं, भजेऽहं भवानीपतिं भावगम्यं-
कलातीत कल्याण कल्पान्तकारी, सदा सज्जनानंददाता पुरारी-
चिदानंद संदोह मोहापहारी, प्रसीद प्रसीद प्रभो मन्मथारी-
जरा जन्म दुःखौघ तातप्यमानं, प्रभोपाहि आपन्नमामीश शंभो- ८

दोहा : संकर दीनदयाल अब, एहि पर होहु कृपाल,
साप अनुग्रह होइ जेहिं, नाथ थोरेहीं काल- ७/१०८

एहि कर होइ परम कल्याना • सोइ करहु अब कृपानिधाना-
विप्र गिरा सुनि परहित सानी • एवमस्तु इति भइ नभबानी-
मोर साप द्विज व्यर्थ न जाइहि • जन्म सहस अवस्य यह पाइहि-
तदपि तुम्हारि साधुता देखी • करिहउँ एहि पर कृपा बिसेषी-
जनमत मरत दुसह दुख होई • एहि स्वल्पउ नहिं व्यापिहि सोई-
कवनेउँ जन्म मिटिहि नहिं ग्याना • सुनहि सूद्र मम बचन प्रवाना- ९

दोहा : जोइ तनु धरउँ तजउँ पुनि, अनायास हरिजान,
जिमि नूतन पट पहिरइ, नर परिहरइ पुरान- ७/१०९

त्रिजग देव नर जोइ तनु धरऊँ • तहँ तहँ राम भजन अनुसरऊँ-
चरम देह द्विज कै मैं पाई • सुर दुर्लभ पुरान श्रुति गाई-
भए कालवस जब पितु माता • मैं वन गयउँ भजन जनत्राता-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ઉત્તરકાંડ

દોહા : તે દયાળુ બોલ્યા નહિ, રોષ ન ઉર લવલેશ,
ગુરુ અવગણના અધ અમિત, સહી ન શક્યા પ્રમથેશ- ૮/૧૬

મંદિરમાંજ થઈ નભવાણી • મૂઢ-અભાગી-અતિ અભિમાની-
રહ્યો બેસી અજગર શો પાપી • શા ખળ સર્પ મલિન મતિ વ્યાપી-
વૃક્ષ વિશાળ તણા કોટરમાં • રહેજે અધમ ગતિ લઈ તેમાં-
હાહાકાર ગુરુએ કીધો • સુણી જે શાપ મહેશે દીધો
ઉરે કાંપતો દેખી મુજને • વ્યાપ્યો અતિ પરિતાપ ગુરુને- ૫

દોહા : કરી પ્રણામ સપ્રેમ દ્વિજ, શિવ સન્મુખ કર જોડી,
સ્તુતિ ગદગદ વાણી કરી, ઘોર ગતિ ગણી મોરી- ૮/૧૭

ભુંજગી: નમું ઈશ ઈશાન નિર્વાણ રૂપા, વિભુ વ્યાપક બ્રહ્મ વેદ સ્વરૂપા,
નિજા-નિર્ગુણા-નિર્વિકલ્પા-નિરીહા-ચિદાકાશ આકાશવાસી ભજું હું-
તુષારાદ્રિ શા ગૌર ગોરા ગભીરા, રતિનાથ કોટિ પ્રભા શા પ્રભાળા,
વહે શીશથી નાચતી ચારુ ગંગા, લસે ભાલ બાલેન્દુ કંઠે ભુજંગા-
ત્રણે શૂળ કાપો તમે શૂલપાણિ, ભજું હું ભવાની પતિ ભાવગામી,
કલાતીત કલ્યાણ કલ્પાંતકારી, સદા સજ્જનાનંદ દાતા-પુરારિ-
ચિદાનંદ સંદોહ મોહાપહારી, દ્રવો હે મહાદેવ કંદર્પહારી,
જરા જન્મના દુઃખથી હું તપું છું, ઉગારો પ્રભુ આપ શરણે પડ્યો છું- ૮

દોહા : દીનદયાળ પુરારિ હવે, આ પર થાવ કૃપાળ,
શાપ અનુગ્રહ કરી પ્રભુ, ટૂંકાવો કંઈ કાળ- ૮/૧૮

થાય પરમ હિત આનું એવું • કરો હવે કરુણાકર તેવું-
સુણી પરગજુ દ્વિજની વાણી • 'અંવમસ્તુ' ત્યમ થઈ નભવાણી-
જાય શાપ દ્વિજ વ્યર્થ ન મારો • ભોગ્યે જન્મ સહસ્ત્રજ આરો-
તોય સાધુતા તારી દેખી • કરીશ અનુગ્રહ કરુણા રાખી-
જન્મ-મરણ દુખ અસહ કહાએ • તે નહિ આને વ્યાપે ક્યારે-
જ્ઞાન ન મટશે કોઈ જનમમાં • શૂદ્ર રાખ મમ વચન હૃદયમાં

દોહા : દેહ ધરું જે ત્યાગનું જે, સર્વ સહજ હરિયાન,
વસ્ત્ર નવાં જ્યમ ધારીને, દે નર તજી પુરાન- ૮/૧૯

ખગ-પશુ-સુર-નર જે તન ધારું • તોપણ રામ ભજન ન વિસારું-
ચર્મ દેહ હું દ્વિજનો પામ્યો • સૂર દુર્લભ-શ્રુતિ શાસ્ત્ર વખાણ્યો-
થયાં દેવ જ્યારે પિતુ માતા • ગયો વને ભજવા જનત્રાતા

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

जहँ जहँ विपिन मुनीस्वर पावउँ • आश्रम जाइ जाइ सिरु नावउँ-
बुझउँ तिन्हहि राम गुन गाहा • कहहिं सुनउँ हरषित खगनाहा-
जेहि पूँछउँ सोइ मुनि अस कहई • ईस्वर सर्व भूतमय अहई-
निर्गुन मत नहिं मोहि सोहाई • सगुन ब्रह्म रति उर अधिकाई- ७

दोहा : मेरु सिखर बट छायाँ, मुनि लोमस आसीन,
देखि चरन सिरु नायउँ, वचन कहेउँ अति दीन-
• सुनि मम वचन बिनीत मृदु, मुनि कृपाल खगराज,
मोहि सादर पूँछत भए, द्विज आयहु केहि काज-
• तब मैं कहा कृपानिधि, तुम्ह सर्वग्य सुजान,
सगुन ब्रह्म अवराधन, मोहि कहहु भगवान- ७/११०

तब मुनिस रघुपति गुनगाथा • कहे कछुक सादर खगनाथा-
लागे करन ब्रह्म उपदेसा • अज अद्वैत अगुन-हृदयेसा-
सो तैं ताहि तोहि नहिं भेदा • बारि बीचि ईव गावहिं वेदा- ७

विविध भाँति मोहि मुनि समुझावा • निर्गुन मत मम हृदयँ न आवा-
पुनि मैं कहेउँ नाइ पद सीसा • सगुन उपसान कहहु मुनीसा-
मुनि पुनि कहि हरि कथा अनूपा • खंडि सगुन मत अगुन निरूपा-
तब मैं निर्गुन मत कर दूरी • सगुन निरूपउँ करि हठ भूरी-
उत्तर प्रतिउत्तर मैं कीन्हा • मुनि तन भए क्रोधके चीन्हा-
अति संघरसन जौं कर कोई • अनल प्रगट चंदन ते होई-
पुनि पुनि सगुन पच्छ मैं रोपा • तब मुनि बोलेउ वचन सकोपा-
सत्य वचन विस्वास न करहीं • वायस इव सबहि ते डरहीं-
सठ स्वपच्छ तव हृदय बिसाला • सपदि होहि पच्छी चंडाला- ७

दोहा : तुरत भयउँ मैं काग तब, पुनि मुनिपद सिर नाइ,
सुमिरि राम रघुवंस मनि, हरषित चलेउँ उड़ाइ- ७/११२

सुनु खगस नहिं कछु रिषि दूषन • उर प्रेरक रघुवंस विभूषन-
मन-क्रम-वच मोहि निज जन जाना • मुनि मति पुनि फेरी भगवाना-
अति विसमय पुनिपुनि पछिताई • सादर मुनि मोहि लीन्ह बोलाई-
मम परितोष विविध विधि कीन्हा • हरषित राममंत्र तब दीन्हा-
मुनि मोहि कछुक काल तहँ राखा • रामचरित मानस तब भाषा-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

જ્યાં જ્યાં વન મુનિ આશ્રમ પામું • જઈ ત્યાંત્યાં મુનિપદ શિર નામું-
પૂછું તેને હરિગુણ ગાથા • કહ્યું સુણું પ્રેમે ખગનાથા-
પૂછું જે મુનિ આમજ કહેતા • બ્રહ્મરૂપ હરિ સૌ ઘટ રહેતા-
નિર્ગુણ મત નહિં મુજને ગમતો • સગુણ બ્રહ્મ મત ઉર બહુ રમતો- ૭

દોહા : 'સુમેરુ' શૃંગે વડ તળે, મુનિ 'લોમસ' આસીન,
દેખી-શીશ નમાવીને, બોલ્યો વચનો દીન- ૮/૨૦

સુણીને વિનીત મૃદુલ મુજ વાણી • મુનિવર પરમ કૃપાળુ જ્ઞાની-
પુછ્યું ખગપતિ સાદર તેણે • વિપ્ર બોલ આવ્યો તું શેણે-
કહયું ત્યારે મેં મુનિ વિજ્ઞાની • છો સર્વજ્ઞ ન વાત અજાણી-
સગુણ બ્રહ્મ સેવાવ્રત સ્વામી • સમજાવો સૌ વિગત વખાણી-
ત્યારે મુનિએ પ્રભુ ગુણગાથા • કહી કંઈક સાદર ખગનાથા-
બ્રહ્મબોધ સમજાવા લાગ્યા • એક-અગુણ-અજ-વ્યાપક ગાયા-
'તૂં પણ તેજ' નથી કંઈ ભેદો • કહે લહર જળ-જળ જ્યમ વેદો- ૭

દોહા : • કહ્યો મુનિએ બ્રહ્મમત, આપી વિવિધ પ્રમાણ,
જામ્યો નહિ-કહ્યું સગુણ મત, સમજાવો ભગવાન- ૮/૨૧

મુનિ ફરી કહી હરિકથા અનૂઠી • ખંડી સગુણ મત અગુણ નિરૂપી-
મેં નિર્ગુણ મત દૂર કરીને • સ્થાપ્યો સગુણ ફરી હઠ ધરીને-
ઉત્તર પ્રતિ ઉત્તર મેં કીધા • રોષ ચિહ્ન મુનિ તન પર દીઠા-
બહુ રગડે ચંદન પણ કોઈ • પ્રગટે અનલ શીતળતા ખોઈ-
સગુણ ભક્તિ મેં ફરીફરી રોપી • મુનિ બોલ્યા ત્યારે બહુ કોપી-
સત વચને વિશ્વાસ ન આણે • ઉરે સર્વથી વાયસ જાણે-
શઠ નિજ મત પર આગ્રહી ભારી • થા ચંડાળ તુરત ખગચારી- ૭

દોહા : થયો તુરત પછી કાગ હું , મુનિપદ નામી શીશ,
ઊડ્યો ગગન સ્મરી હૃદય, સીતાપતિ જગદીશ- ૮/૨૨

સુણો ખગેશ ન કંઈ મુનિ દૂષણ • ઉર પ્રેરક રઘુવંશ વિભૂષણ-
મન-વચ-કર્મ નિજનો જન જાણી • મુનિ મતિ ફરી ઠેકાણે આણી-
વિસ્મિત થઈ બહુબહુ પસ્તાઈ • લીધો ફરી સાદર બોલાવી-
તુષ્ટ વિવિધ વાતેથી કીધો • રામમંત્ર હરખીને દીધો-
કંઈક કાળ મુનિએ ત્યાં રાખી • રામચરિત સર ગાથા ભાખી-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

मुनि मोहि विविध भाँति समुझावा • मैं सप्रेम मुनि पद सिरु नावा-
निज कर कमल परसि मम सीसा • हरषित आसिष दीन्ह मुनीसा- ७

दोहा : सदा रामप्रिय होहु तुम्ह, सुभ गुन भवन अमान,
कामरूप इच्छामरन, ग्यान विराग निधान-
जेहिं आश्रम तुम्ह वसब पुनि, सुमिरत श्रीभगवंत,
व्यापिहि तहँ न अविद्या, जोजन एक प्रजंत- ७/११३

राम रहस्य ललित विधि नाना • गुप्त प्रगट इतिहास पुराना-
बिनु श्रम तुम्ह जानब सब सोऊ • नित नव नेह राम पद होऊ-
सुनि मुनि आसिष सुनु मतिधीरा • ब्रह्मगिरा भइ गगन गँभीरा-
एवमस्तु तव वच मुनि ग्यानी • यह मम भगत कर्म.मन.वानी-
करि विनती मुनि आयसु पाई • पद सरोज पुनिपुनि सिरु नाई-
हरष सहित एहिं आश्रम आयउँ • प्रभु प्रसाद दुर्लभ वर पायउँ-
कथा सकल मैं तुम्हहि सुनाई • काग देह जेहिं कारन पाई- ७

●

दोहा : भगति पच्छ हठ करि रहेउँ, दीन्हि महारिषि साप,
मुनि दुर्लभ वर पायउँ, देखहु भजन प्रताप- ७/११४

सुनि भुसुंडि के वचन भवानी • बोलेउ गरुड हरषि मृदुवानी-
ग्यानहि भक्तिहि अंतर केता • सकल कहहु प्रभु कृपानिकेता-
सुनि उरगारि वचन सुख माना • सादर बोलेउ काग सुजाना-
भगतिहि ग्यानहि नहिं कछु भेदा • उभय हरहिं भव संभव खेदा-
नाथ मुनीस कहहिं कछु अंतर • सावधान सोउ सुनु विहंगवर-
सुनहु तात यह अकथ कहानी • समुझत बनइ न जाइ बखानी-
ईस्वर अंस जीव अविनासी • चेतन अमल सहज सुखरासी-
सो मायावस भयउ गोसाईं • बँध्यो कीर.मरकट की नाइ-
जड़ चेतनहि ग्रंथि परि गई • जदपि मृषा छूटत कठिनई- ९
श्रुति पुरान बहु कहेउ उपाई • छूट न अधिक अधिक अरुझाई-
अस संजोग ईस जब करई • तबहुँ कदाचित सो निरुअरई-
सात्विक श्रद्धा धेनु सुहाई • जौं हरिकृपा हृदयँ बस आई-
जप-तप-व्रत-जम-नियम अपारा • जे श्रुति कह सुभ धर्म अचारा-
तेइ तृन हरित चरैं जब गाई • भाव वच्छ सिसु पाइ पेन्हाई-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ઉત્તરકાંડ

વિવિધ ભાંતિ મુનિએ સમજાવ્યું • મેં પ્રીતે મુનિપદ શિર નાંખ્યું-
મૂકી હસ્તકમળ મુજ શીશે • દીધી આશિષ હરખી મુનિશે- ૭

દોહા : સદા રામપ્રિય રહીશ તું, સુ.ગુણી નિર-અભિમાન,
ઈચ્છાતન-ઈચ્છા મરણ, વિરતિ-જ્ઞાનની ખાણ-
વસીશ જે આશ્રમ મહીં, સ્મરતો શ્રી ભગવંત-
માયા મોહ ન વ્યાપશે, જોજન ઈક પર્યંત- ૮/૨૩

રામ રહસ્ય વિવિધ મનભાવન • ગુપ્ત-પ્રગટ-ઈતિહાસ સુપાવન-
વિઘ્ન શ્રમ જાણીશ તે તું સરવે • નિત નવ પ્રેમ થશે પ્રભુ ચરણે-
મુનિ આશિષ સુણી મતિધીરા • બ્રહ્મગિરા થઈ ગગન ગભીરા-
ફળશે તવ વચનો મુનિ જ્ઞાની • આ મુજ ભક્ત કરમ-મન-વાણી-
કરી વિનતી મુનિ આજ્ઞા પામી • વારંવાર ચરણ શિર નામી-
આનંદિત આ આશ્રમ આવ્યો • પ્રભુ પ્રસાદ દુર્લભ વર પામ્યો-
કથા પ્રસંગ સકળ સમજાવ્યો • કાગ દેહ ક્યે કારણ પામ્યો- ૭

●

દોહા : ભક્તિ માર્ગે દઢ રહ્યો, દીધો મુનિએ શાપ,
મુનિ દુર્લભ વર પામિયો, ~~આ છે~~ ભજન પ્રતાપ- નિરખો ૮/૨૪

સુણી ભુશુંડિનાં વચન ભવાની • બોલ્યો હરખી ગરુડ મૃદુવાણી-
જ્ઞાન ભક્તિમાં અંતર કેવું • નાથ કહો વિસ્તારી વીનવું-
ખગપતિ વચન સુણી સુખ માની • બોલ્યો કાગભુશુંડિ જ્ઞાની-
જ્ઞાન ભક્તિમાં નહિ કઈ ભેદો • હરે બેઉ ભવ સંભવ ખેદો-
તોય કહે મુનિઓ કંઈ અંતર • સાવધાન સુણજો ખગઅંબર-
તાત સુણો આ અકથ કહાણી • જાય ન કહી સમજ્યે સમજાણી-
ઈશ અંશ આ જીવ અવિનાશી • ચેતન શુદ્ધ સહજ સુખરાશિ-
તે માયાવશ થઈ સપડાયો • સ્વયં કપિ-શુક સમ બંધાયો-
ગાંઠ પડી, જડ-ચેતન વચ્ચે • મિથ્યા પણ ના છૂટે સ્હેજે- ૯

દોહા : • ગ્રંથે શાસ્ત્ર ઉપાય બહુ, છૂટે ન વધુ ગુંચવાય,
યોગ કરે આવો પ્રભુ, તોજ ખુલે ખગરાય- ૮/૨૫

સાત્વિક શ્રદ્ધા ધેનુ સુંદર • જો હરિ કૃપે વસે ઉર અંદર-
જપ-તપ-વ્રત-યમ-નિયમ નિધાનો • વેદ કથિત શુભ ધર્મ વિધાનો-
તૃણ તેવું કોમળ ચરી ભાવે • ધર્મ નિષ્ઠ વછ જણી ધવરાવે-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

नोइ निवृत्ति पात्र विस्वासा • निर्मल मन अहीर निज दासा-
परम धर्ममय पय दुहि भाई • अवटै अनल अकाम बनाई-
तोष मरुत तब छमाँ जुड़ावै • धृति सम जावनु देइ जमावै-
मुदितौं मथै बिचार मथानी • दम अधार- रजु सत्य सुवानी-
तब मथि काढ़ि लेइ नवनीता • बिमल बिराग सुभग सुपुनीता- ८

दोहा : जोग अगिनि करि प्रगट तब, कर्म सुभासुभ लाइ,
बुद्धि सिरावै ग्यान धृत, ममता मल जरि जाइ-
तब विग्यान रूपिनि, बुद्धि बिसद घृत पाइ,
चित्त दिया भरि धरै दढ़, समता दिअटि बनाई-
तीनि अवस्था-तीनि गुन, तेहि कपास तें काढ़ि,
तूल तुरीय सँवारि पुनि, बाती करै सुगांढ़ि-

सोरठाः एहि विधि लसै दीप, तेज रासि विग्यानमय,
जातहिं जासु समीप, जरहिं मदादिक सलभ सब- ७/११७

सोहमस्मि इति वृत्ति अखंडा • दीप सिखा सोइ परम प्रचंडा-
आतम अनुभव सुख सुप्रकासा • तब भव मूल भेद भ्रम नासा-
तब सोई बुद्धि पाइ उँजिआरा • उर गृहँ बैठि ग्रंथि निरुआरा-
छोरत ग्रंथि जानि खगराया • विध्न अनेक करइ तब माया-
रिद्धि-सिद्धि प्रेरइ बहु भाई • बुद्धिहि लोभ दिखावहिं आई- ५

कल-बल-छल करि जहिं समीपा • अंचल बात बुझावहिं दीपा-
होइ बुद्धि जौं परम सयानी • तिन्ह तन चितव न अनहित जानी-

जौं तेहि विध्न बुद्धि नहिं बाधी • तौ बहोरि सुर करहिं उपाधी-
इन्द्री द्वार झरोखा नाना • तहँ तहँ सुर बैठे करि थाना-
आवत देखहिं विषय बयारी • ते हठि देहिं कपाट उघारी-
जब सो प्रभंजन उरगृहँ जाई • तबहिं दीप विग्यान बुझाई-
इन्द्रिन्ह सुरन्ह न ग्यान सोहाई • विषय भोग पर प्रीति सदाइ-
विषय समीर बुद्धि कृत भोरी • तेहि विधि दीप को बार बहोरी- ६

दोहा : तब फिरि जीव विविध विधि, पावइ संस्कृति कलेस,
हरिमाया अति दुस्तर, तरि न जाइ विहगेस- ७/११८

ग्यान पंथ कृपान कै धारा • परत खगेस होइ नहिं बारा-
जो निर्वध्न पंथ निर्बहई • सो कैवल्य परमपद लहई-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ઉત્તરકાંડ

અરતિ નોઈ બોધરણું આસ્થા • મન પાવન ગોવાળ સુ.દાસા-
પરમ ધર્મમય પય દોહાવી • કઢે અકામ અનલ પ્રગટાવી-
ક્ષમા-તોષ વાયુએ ઠારી • ધૈર્ય જામણે પછી જમાવી-
હર્ષ દોણી, સુવિચાર રવાઈ • દમ-આધાર, નેતર સત વાણી-
આનંદે મથી કાઢે માખણ • સુંદર વિમળ/સુપાવન- વિ.૨.૧૭ ૮

દોહા : કર્મ શુભાશુભ/કાષ્ઠ લઈ, યોગાગ્નિ પ્રગટાવી,
મમતા મળને બાળીને, શુદ્ધ બુદ્ધિથી ઠારી-
આ રીતે વિજ્ઞાનથી, વિમળ જ્ઞાન ઘૃત પામી,
ભરે કોડિયું ચિત તણું સમતા દીવડે સ્થાપી-
ત્રણ સ્થિતિઓ ને ત્રણ ગુણો, રૂપી કાલાં ફોલી,
તુરીય રૂને કાઢીને, વણે વાટ દઢ રૂડી,

સોરઠાઃ પ્રગટાવે ત્યમ દીપ, તેજપુંજ વિજ્ઞાનમય,
જાતાં વેંત સમીપ, બળે મદાદિ પતંગિયા- ૮/૨૬

'હું તે બ્રહ્મ' આ ભાવ નિરંતર • જ્ઞાન દીપની જ્યોતિ ભયંકર-
આત્મજ્ઞાન સુખ દીપ પ્રકાશે • ભ્રાંતિ-ભેદ ભવ ઘન તમ નાશે-
પામીં ઉજાશ ત્યારે તે બુદ્ધિ • બેસી ઉર ગૃહ ખોલે ગુથ્થિ-
ગાંઠ ઉકલતી જાણી માયા • વિઘ્નો બહુ નાખે ખગરાયા-
રિદ્ધિ-સિદ્ધિ પઠવે સમજાવી • બુદ્ધિ પ્રલોભે લોભ બતાવી- ૫

દોહા : • છળ-બળ કરી જઈ પાસ દે, દીપ પાલવે ઠારી,
હો જો બુદ્ધિ ચતુર અતિ, ગણી શત્રુ દે હાંકી- ૮/૨૭

જો માયા કૃત વિઘ્ન ન ફાવે • તો અડચણ સુરગણ સરજાવે-
ઉર ગૃહે ઈન્દ્રિય દ્વારો ઝાઝાં • બેઠા સુર ત્યાં નાખી થાણાં-
વિષય વાયુની લહર નિહારી • દે બળ જબરી દ્વાર ઉઘાડી-
પ્રબળ પવન ઉર મંદિર આવે • તુરત દીપ વિજ્ઞાન બુઝાવે-
ઈન્દ્રિય સુરને જ્ઞાન ન ગોઠે • પડ્યા વિષય ભોગો જે કોઠે-
બુદ્ધિ વિકળ થઈ વિષય હવાએ • દીપ ફરીથી કોણ જલાવે- ૬

દોહા : જ્ઞાનદીપ બુઝયે પછી, જીવ લહે ભવ કલેશ,
હરિમાયા દુસ્તર ઘણી, તરી ન જાય વિહગેશ- ૮/૨૮

જ્ઞાનમાર્ગ છે ધાર કટારી • ખરતાં વાર નહીં ઉરગારિ-
જો નિર્વિઘ્ન પંથ કપાએ • તો ગતિ પરમ અવશ્ય પમાએ-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

राम भजन सोइ मुकुति गोसाईं • अनईच्छित आवइ बरिआईं-
अस विचारि हरि भगत सयाने • मुक्ति निरादर भगति लुभाने-
भगति करत बिनु जतन प्रयासा • संसृति मूल अविद्या नासा-
असि हरि भगति सुगम सुखदाई • को अस मूढ न जाहि सोहाई- ६

दोहा : जो चेतन कहँ जड़ करइ, जड़हि करइ चैतन्य,
अस समर्थ रघुनाथकहि, भजहिं जीव ते धन्य- ७/११९

कहेउँ ग्यान सिद्धांत बुझाई • सुनहु भगति मनि कै प्रभुताई-
राम भगति चिंतामनि सुंदर • बसइ गरुड जाके उर अंतर-
परम प्रकास रूप दिन राती • नहिं कछु चहिअ- दिआ धृत बाती-
प्रबल अविद्या तम मिटि जाई • हारहिं सकल सलभ समुदाई-
खल-कामदि निकट नहिं जाहीं • बसइ भगति जाके उर माहीं-
व्यापहि मानस रोग न भारी • जिन्ह के वस सब जीव दुखारी-
चतुर सिरोमनि तेइ जगमांही • जे मनि लागि सुजतन कराहीं-
पावन पर्वत वेद-पुराना • राम कथा रुचिराकर नाना-
भाव सहित खोजइ जो प्रानी • पाव भगति मनि सब सुख खानी- ९

दोहा : ब्रह्म पयोनिधि मंदर, ग्यान संत सुर आहिं,
कथा सुधा मथि काढ़हिं, भगति मधुरता जाहिं-
विरति चर्म असि ग्यान-मद, लोभ-मोह रिपु मारि,
जय पाइअ सो हरि भगति, देखु खगेस विचारि- ७/१२०

●

पुनि सप्रेम बोलेउ खगराऊ • जौं कृपाल मोहि ऊपर भाऊ-
नाथ मोहि निज सेवक जानी • सप्त प्रस्न मम कहहु वखानी-
प्रथमहिं कहहु-कवन सुख भारी • सब ते दुर्लभ कवन सरीरा-
बड़ दुख कवन, कवन सुख भारी • सोउ संछेपहिं कहहु विचारी-
संत-असंत मरम तुम्ह जानहु • तिन्ह कर सहज सुभाव वखानहु-
कवन पुन्य श्रुति विहित विसाला • कहहु कवन अध परम कराला- ६

मानस रोग कहहु समुझाई • तुम्ह सर्वग्य कृपा अधिकाई-
तात सुनहु आदर अति प्रीति • मैं संछेप कहउं यह नीती-
नर तन सम नहिं कवनिउ देहि • जीव चराचर जायत तेही-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ઉત્તરકાંડ

રામ ભજ્યે તે મુક્તિ સ્વામી • વિણ ચાહ્યે પણ આવે સામી-
આમ વિચારી ભક્તો શાણા • મુક્તિ તજી ભક્તિ લલચાણા-
ભક્તિ કર્યે વિણ યત્ન પ્રયાસે • જન્મ મરણ ભવ ફેરા નાશે-
સુગમ સુખદ હરિભક્તિ આવી • મૂઢ કોણ જેને ના ભાવી- ૬

દોહા : જે ચેતનને જડ કરે, કરતા જડ ચૈતન્ય,
તેવા સમરથ રામને, ભજે જીવ તે ધન્ય- ૮/૨૯

કહ્યો જ્ઞાન મારગ સમજાવી • સુણો ભક્તિ પ્રભુતા મન લાવી-
રામ ભક્તિ ચિંતામણિ સુંદર • વસે ગરુડ જેના ઉર અંદર-
સ્વયં પ્રકાશે નિશિદિન એવો • ખપે ન કંઈ-ઘી-વાટ કે દીવો-
પ્રબળ અવિદ્યા તમને ટારે • પતંગિયાં થાકીને હારે-
કામાદિક ખળ નિકટ ના જાયે • જેને ઉર જઈ ભક્તિ સમાયે-
માનસ રોગ કદી ના વ્યાપે • જે જીવોને બહુ દુખ આપે-
ચતુર શિરોમણિ તે કહેવાયે • કરે યત્ન મણિ કાજ સદાયે-
પાવન-પર્વત વેદ પુરાણો • રામ કથા છે સુંદર ખાણો-
ભાવ સહિત જો શોધે પ્રાણી • પામે ભક્તિ મણિ હમિયાણી- ૯

દોહા : 'મંદર' જ્ઞાન પયોધિ બ્રહ્મ, સંત સમા ત્યાં સુર,
મથી કથામૃત કાઢતા, જેમાં ભક્તિ મધુર-
વિરતિ ઢાલ અસિ જ્ઞાન લઈ, મોહાદિક રિપુ મારી,
જય અપવે હરિ ભક્તને, જુઓ ખગેશ વિચારી- ૮/૩૦

●

ફરી સપ્રેમ બોલ્યો ઉરગારિ • જો મુજ પર હો પ્રીતિ તમારી-
નાથ-મને નિજ સેવક જાણી • સાત પ્રશ્ન મુજ કહો વખાણી-
પ્રથમ કહો મુજને તે જ્ઞાની • તન દુર્લભ સૌથી કયું સ્વામી-
દુખ મોટું કયું-સુખ કયું ભારી • તે સંક્ષિપ્તે કહો વિચારી-
સંત-અસંત મરમ તમ જાણો • તેના સહજ સ્વભાવ વખાણો-
પુણ્ય પરમ કર્યું શ્રુતિએ ગાયું • પાપ કરાળ કયું કહેવાયું- ૬

દોહા : • માનસ રોગ કહો મુનિ, તમ સર્વજ્ઞ કૃપાળ,
તાત કહું સંક્ષિપ્ત કરી, સાદર સુણો રસાળ- ૮/૩૧

કાયા નહિ નર તન શી કોઈ • યાચે સચરાચર સૌ કોઈ-

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

नरक-स्वर्ग-अपवर्ग निसेनी • ग्यान.विराग भगति सुभ देनी-
नहिं दरिद्र सम दुख जगमांही • संत मिलन सम सुख जग नाहीं-
संत सहहिं दुख परहित लागी • पर दुख हेतु असंत अभागी-
परम धर्म श्रुति विदित अहिंसा • पर निंदा सम अघ न गरीसा-
सुनहु तात अब मानस रोगा • जिन्ह ते दुख पावहिं सब लोगा-
मोह सकल व्याधिन्ह कर मूला • तिन्हते पुनि उपजहिं बहु सूला- ७

काम वात कफ लोभ अपारा • क्रोध पित्त, नित छाती जारा-
प्रीति करहिं जौं तीनिउ भाई • उपजई सन्यपात दुखदाई-
विषय मनोरथ दुर्गम नाना • ते सब सुल नाम को जाना-
ममता-दादु, कंडु इरषाई • हरष.विषाद.गरह बहुताई-
पर सुख देखि जरनि सोइ छई • कुष्ट दुष्टता मन कुटिलई-
अहंकार अति दुखद डमरूआ • दंभ कपट मद मान नेहरूआ-
तृस्ना उदर वृद्धि अति भारी • त्रिविध ईषाना तरुन तिजारी-
जुग विधि ज्वर मत्सर अविवेका • कहँ लगि कहौं कुरोग अनेका- ६

दोहा : एक व्याधि बस नर मरहिं, ए असाधि बहु व्याधि,
पीडहिं संतत जीव कहुँ, सो किमि लहै समाधि- ७/१२१

मानस रोग कछुक मैं गाए • हहिं सब कें लखि बिरलेन्ह पाए-
रामकृपाँ नासहिं सब रोगा • जौं एहि भाँति बनै संजोगा-
सदगुर बैद बचन विस्वासा • संजम यह न विषय कै आसा-
रघुपति भगति सजीवन मूरी • अनूपान श्रद्धा मति पूरी-
सुमति छुधा बाढइ नित नई • विषय आस दुर्बलता गई-
सब कर मत खगनायक एहा • करिअ राम पद पंकज नेहा-
तृषा जाइ बरु मृगजल पाना • बरु जामहिं सस सीस विषाना-
अंधकारु बरु रविहि नसावैं • राम विमुख न जीव सुख पावै- ८

दोहा : वारि मथें घृत होइ बरु, सिक्ता ते बरु तेल,
बिनु हरि भजन न भव तरिअ, यह सिद्धांत अपेल- ७/१२२
नाथ-जथामति भाषेउँ, राखेउँ नहि कछु गोइ,
चरित सिंधु रघुनायक, थाह कि पावइ कोइ- ७/१२३
सुनि भुसुंडिके वचन सुभ, देखि रामपद नेह,
बोलेउ प्रेम सहित गिरा, गरुड विगत संदेह- ७/१२४

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ઉત્તરકાંડ

નર્ક-સ્વર્ગ- નિર્વાણ નિસરણી • જ્ઞાન-વિરાગ ભક્તિપ્રદ વરણી-
નહિ દરિદ્ર સમ દુખ જગમાહીં • સંત સમાગમ સમ સુખ નાહીં-
પરહિત હેતુ સહે દુખ સંતો • પર પીડાર્થ અભાગી અસંતો-
ધર્મ અહિંસા સમ નહિ કોઈ • પરનિંદા સમ પાપ ન કોઈ-
તાત સુણો હવે માનસ રોગો • જેથી દુખ પામે સૌ લોકો-
મોહ સકળ વ્યાધિનાં મૂળો • તેથી ઉપજે દારુણ દુઃખો- ૨/૫૧ ૭

દોહા : • કામ-વાત, કફ-લોભ સમ, ક્રોધ પિત્ત છે તાત,
જો ત્રણ આ ભેગા મળે, થાય દુસહ સન્નિપાત- ૮/૩૨

વિષય મનોરથ દુર્ગમ નાના • જાણે નામો કોણ બધાના-
મમતા દાદર, ખુજલી ઈર્ષા • કંઠમાળ છે વિષાદ હર્ષા-
જલન પર સુખે તે ક્ષય જાણો • દુષ્ટ-કુટિલ મન કોઢ વખાણો-
અંધકાર જ્વર છે મહામારી • 'વાળો'- મદ અભિમાન વિષારી-
તૃષ્ણા રોગ જળોદર બળિયો • તાવ વિવિધ ઈચ્છા મુદતિયો-
જ્વર બે જાત મછર અવિવેકો • ક્યાં લગી વર્ણું રોગ અનેકો- ૯

દોહા : એક વ્યાધિએ નર મરે, અસાધ્ય આ સૌ વ્યાધિ,
પીડે સંતત જીવને, લે તે કેમ સમાધિ- ૮/૩૩

માનસ રોગો કંઈક વખાણ્યા • સૌ પીડિત પણ વિરલે જાણ્યા-
રામ કૃપાએ નાશે રોગો • જો થાએ એવા સંજોગો-
સદગુરુ વૈદ વચનમાં આસ્થા • વિષય ચરી પાળે કંઈ આશા-
રામ ભક્તિ સંજીવની બૂટી • અનુપાન છે શ્રદ્ધા અખૂટી-
સુમતિ ક્ષુધા નિત નૂતન વાધે • વિષય આશ દુર્બળતા જાએ-
સૌનો મત ખગનાયક એવો • રામ પદાંપુજ સ્નેહે સેવો-
મૃગવારિ છો તરસ છિપાવે • શશક શિરે છો શૃંગો આવે-
અંધકાર છો સૂર્ય નસાડે • જીવ ન રામ વિમુખ સુખ પામે- ૮

દોહા : વારિ વલોવ્યે ઘૃત મળે, પીલ્યે રેતી તેલ,
ભવ ન તરાએ ભજન વિણ, અચલ વાત આ એક-
કહ્યું યથામતિ નાથ મેં, નથી છુપાવ્યું કાંઈ,
રામચરિત છે સિન્ધુ સમ, થાહ કોણ લે સાંઈ-
સુણી વચન શુભ કાગનાં, જોઈ રામપદ નેહ,
બોલ્યો પ્રેમ સહિત ગરુડ, થઈ વિગત સંદેહ- ૮/૩૪

मैं कृतकृत्य भयउँ तव बानी • सुनि रघुवीर भगति रस सानी-
रामचरन नूतन रति भई • माया जनित बिपति सब गई-
मो पहिं होइ न प्रति उपकारा • बंदउँ तव पद बारहिं बारा- ३

दोहा : तासु चरन सिरु नाइ, करि, प्रेम सहित मतिधीर,,
गयउ गरूड बैकुंठ तब, हृदयँ राखि रघुवीर- ७/१२५

●

यह सुभ संभु उमा संवादा • सुख संपादन समन विषादा-
रघुपति कृपाँ जथामति गावा • मैं यह पावन चरित सुहावा-
एहिं कलिकाल न साधन दूजा • जोगजग्य-जप-तप-व्रत-पूजा-
ताहि भजहि मन तजि कुटलाई. राम भजें गति केहिं नहिं पाई- ४

छंदः पाई न केहि गति पतित पावन, राम भजि सुनु सठ मना,
गनिका अजामिल ब्याध गीध, गजादि खल तारे घना-
रघुबंस भूषन चरित यह नर कहहिं सुनहिं जे गावहीं,
कलिमल मनोमल धोइ बिनु श्रम, राम धाम सिधावही-
सुंदर सुजान कृपानिधान, अनाथ पर कर प्रीति जो,
सो एक राम अकाम हित, निरवानप्रद सम आन को-
जाकी कृपा लवलेस ते, मतिमंद तुलसी दासहूँ
पायो परम विश्रामु राम समान प्रभु नाहीं कहूँ-

दोहा : मो सम दीन न दीन हीत, तुम्ह समान रघुवीर, ८
अस विचारि रघुबंस मनि, हरहु विषम भवभीर-

शार्दूल : पुण्यं पापहरं सदा शिवकरं, विज्ञान भक्तिप्रदं,
मायामोहमलापहं सुविमलं, प्रेमाम्बुपूरं शुभम्।
श्रीमद्रामचरित्र मानसमिदं, भक्त्यावगाहन्ति ये,
ते संसार पतंग घोर किरणैर्दग्धन्ति नो मानवाः ॥ ७/१३०

●

- उत्तरकांड समाप्त -

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

ઉત્તરકાંડ

થયો કૃતારથ આજે સ્વામી • રામભક્તિ રસમય સુણી વાણી-
રામ પદે નૂતન રતિ જાગી • માયા જનિત વિપતિ સૌ ભાગી-
વાળું કેમ કરી ઉપકારો • વંદું લળીં લળીં- ઋણી તમારો- ૩

દોહા : કાગ ચરણ શિર નામીને, પ્રેમ સહિત મતિધીર,
ગયો ગરુડ વૈકુંઠ પછી, ઉર રાખી રઘુવીર- ૮/૩૫

●

ઉમા શુંભુના આ સંવાદો • સુખપ્રદ શામક સકળ વિષાદો-
રામ કૃપેજ યથામતિ ગાઈ • મેં આ પુનિત કથા સુખદાઈ-
સાધન અન્ય નહિ કળિકાળે • યોગ યજ્ઞ-જપ-તપ-પૂજાએ-
ભજ તેને મન તજી કુટિલાઈ • લભી ન ગતિ કોણે ભજી ભાઈ- ૪

છંદ: પામ્યો ન ગતિ કો પતિત પાવન, રામ ભજી સુણ શઠ મના-
ગણિકા અજામિલ વ્યાધ ગીધ, ગજાદિ તાર્યા ખળ ઘણા-
રઘુવંશ ભૂષણ ચરિત આ, કહે-સાંભળે નર ગાય જે,
કળિમળ મનોમળ ધોઈ શ્રમ વિણ, રામ ધામે જાય તે-
સુંદર સુજાણ કૃપાનિધાન, અનાથ જેને પ્રિય હો,
છે એક રામ અકામ હિતકર, મોક્ષપ્રદ સમ અન્ય કો-
જેની લગીર કૃપાથકી, મતિમંદ 'તુલસીદાસ'હું,
પામ્યો પરમ વિશ્રામ-રામ સમાન પ્રભુ ન કહીં કહું- ૮

દોહા : દીન ન કો મારા સમો, તમ સમ દીન દયાળ,
આમ ગણી રઘુવંશ મણિ, ભાંગો ભવ જંજાળ-

શાર્દૂલ: બાળી પાપ સદાય પાવન કરે, આપે સુવિજ્ઞાન જે,
માયા મોહ હરી હૃદે ભગતિ દે, પ્રેમાબ્બુથી પૂર્ણ જે-
આવા રામચરિત્ર માનસ સરે, ભાવે ભર્યા ન્હાય જે,
તે સંસાર પતંગ ઘોર કિરણે, દાઝે નહિ માનવો- ૮/૩૬

●

· ઉત્તરકાંડ સમાપ્ત -

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

मैं
राम
मो
दो

या
रह
ए
त
छं

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh.

Designed and Printed At GRAPHTEK, Maninagar, AHMEDABAD. ✆ 34 24 00